વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
નવેમ્બર - ૨૦૧૮
અંક : ૪૮૬

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૯૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## "કચ્છના સાહિત્ય સર્જકો"
## દીપોત્સવી વિશેષાંક

### શુભ દીપાવલી

### નૂતન વર્ષાભિનંદન



: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org

TOPClass

A NAVNEET® INITIATIVE




## Benefits to Teachers

- Saves time and energy
- Enhances Teaching
- Improves attention span of students
- Enhances teacher control in classroom

## Benefits to Schools

- Technologically equipped school
- Improves school results
- Better enrollment
- Preferred hence premium

12000+
Teachers Trained

50 On-roll
service Engineers
for troubleshooting

5 Years of content
support for
syllabus revision

150+
Team of Authors,
Illustrators & Animators

50,000
Minutes of syllabus
based 2D & 3D content

12,00,000+
Student Learning
through TOPClass

Toll Free Number : 1800 266 6676

/esenseTOPScorer

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

Shivam
Pain Management
Centre

# કમર, ગરદન, સાઈટિકાનો દુઃખાવો ઓપરેશન વગર સારવાર



લાંબા સમયનાં કોઈ પણ દુઃખાવા જેવાં કે
ખભાનો, હાથ-પગનો, નસોનો દુઃખાવો,
ટ્રાયજેમિનલ ન્યુરાલ્જીઆ વગેરેની
સારવાર ઓપરેશન વગર થઈ શકે છે

**ડૉ. હેમાક્ષી એચ. અંબાણી** (એમ.બી.એમ.ડી)
નિષ્ણાંત, ઈન્ટર્વેન્શનલ પેઈન મેનેજમેન્ટ
M : +91 9428 595301

- પૂર્વ મદદનીશ પ્રધ્યાપક, સિવિલ હોસ્પિટલ અને બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ
- ફેલો – કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ સેન્ટર, એટલાન્ટા, યુ.એસ.એ
- ફેલો – દિલ્હી પેઈન મેનેજમેન્ટ સેન્ટર, દિલ્હી

લેમિનર એરફ્લો ઓપરેશન થિયેટર,
હાઈફ્રીકવન્સી ઈમેજ ઈન્ટેસીફાયર,
ચેતાસ્થાન નિર્દેશક, આર.એફ. મશીન,
ઈન હાઉસ ફિઝીઓથેરાપી સેન્ટર,
ડીઝીટલ એક્સ-રે, ઈનહાઉસ ફાર્મસી

૨, ચૈતન્ય સોસાયટી, ઈસરો કોલોની પાસે, આઈ.આઈ.એમ. ન્યૂ ગેટની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫
વધુ માહિતી તથા એપોઈન્ટમેન્ટ : ૯૪૨૮૫ ૯૫ ૩૦૨, ૦૭૯-૨૬૩૦ ૧૯૮૬, ૨૬૩૦ ૮૯૭૬

E-mail : h_ambani@hotmail.com
www.shivampainmanagement.com

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## તંત્રી લેખ :

● વીતેલા વર્ષ દરમિયાનની આંતરિક તથા બાહ્ય ગતિવિધિનું એક અવલોકન ..... ૭
● આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૦

## લેખ વિભાગ

### પ્રાસંગિક

● દિવાળી અને રંગોળી ..... **ડૉ. મિહિર એમ. વોરા** .... ૧૧
● કાર્તિકી પૂર્ણિમા એટલે દેવોની દિવાળી ..... **ભરત 'કુમાર' પ્રા. ઠાકર** .... ૧૨

### YOUTH CLUB

● **Messages** ..... ૧૪

### દીપોત્સવી વિશેષ "પ્રતિભા"

● કચ્છના પ્રજાવત્સલ રાજવી : મહારાજા શ્રી મદનસિંહજી ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૬
● કચ્છી સાહિત્યના ભીષ્મ પિતામહ : દુલેરાય કારાણી ..... **ડૉ. કાંતિ ગોર 'કારણ'** .... ૧૮
● બહુઆયામી પારદર્શી વ્યક્તિમત્તા : ડૉ. જયંત ખત્રી ..... **ડૉ. દર્શના ધોળકિયા** .... ૨૨
● સાહિત્ય અને ઈતિહાસના અઠંગ અભ્યાસી : ઉમિયાશંકર અજાણી ..... **હરેશ ધોળકિયા** .... ૨૮
● 'તેજવાણી'ના કવિ "તેજ" ..... **ગૌતમ શાંતિલાલ જોશી** .... ૩૦
● વૈવિધ્યસભર સર્જક : ગૌતમ શર્મા ..... **નિરુપમ છાયા** .... ૩૨
● કચ્છની યશોકલગી : ડૉ. ધીરેન્દ્ર મહેતા ..... **ડૉ. પલ્લવી શાહ** .... ૩૪
● સાહિત્ય સર્જક : સરોજ પાઠક ..... **પૂજા કશ્યપ** .... ૩૫
● ગુજરાતી સાહિત્યના કચ્છી શહીદ :
કવિ જીવરામ અજરામર ગોર ..... **ઉમિયાશંકર અજાણી** .... ૩૮
● સાર્વજનિક જીવનની એક સજ્જન વ્યક્તિ :
રસિકલાલ જોષી ..... **ઉમિયાશંકર અજાણી** .... ૪૪
● મૂલ્યનિષ્ઠ જીવન જીવી જનાર એક માનવતાવાદી સર્જક :
ઠાકરશીભાઈ કંસારા ..... **ઉમિયાશંકર અજાણી** .... ૫૦

### ધારાવાહિક નવલકથા

● છોરાંવછોઇ – (૨૫)
સુધીરનાં લગ્ન ..... **હંસરાજ સાંખલા** .... ૫૩

### સંસ્કાર

● લગ્ન : એક સંસ્કાર ..... **હિરાભાઈ જે. કુબડિયા** .... ૫૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આરોગ્ય

● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૩)........... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**.... ૫૭
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક**
● "ની" (**Knee**) આર્થરાઈટિસ (ઘૂંટણનો ઘસારો)...... **ડૉ. વિવેક ઠક્કર,** M.S. (Ortho.) ........ ૫૯
● પલ્મોનરી ફાઈબ્રોસિસ ........................................ **ડૉ. વૈશલ શેઠ, પલ્મોનોલોજિસ્ટ**.... ૬૧

## લઘુકથા

● સ્વતંત્રતા અને સંસ્કૃતિ ........................................ **ડૉ. સુધીર ચી. મોદી**.... ૬૨

## વૈવિધ્ય

● અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૧ ................. **ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**.... ૬૩
● ફટાકડા અને પ્રદૂષણ ........................................ ૬૫
● માહિતી : નાની બચતના વ્યાજ દર ........................................ ૬૫
● માહિતી : અમદાવાદમાં કયા વિસ્તારમાં ક્યાં પાર્કિંગ ફ્રી છે અને કેટલા વાહનોની ક્ષમતા ધરાવે છે ........................................ ૬૬
● જોક્સ જંકશન ........................................ ૬૭

## મનોરમ્ય

● સુવર્ણ પ્રભાત ........................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**.... ૭૦
● ભરતકલા ........................................ **પ્રભુલાલ સિધ્ધપુરા**.... ૭૦
● અંજળ થઈએ ........................................ **દક્ષા બી. સંઘવી**.... ૭૦
● દીપાવલી ........................................ **મહાભાઈ આર. વોરા**.... ૭૦
● શિકાયત છે? ........................................ **એન. જે. ગોલીબાર**.... ૭૧
● જીવન ........................................ **દિલીપ આચાર્ય 'દિલકશ'**.... ૭૦
● સર્જન ● ...એ વિશ્રામ છે! ........................................ **બીના પીયૂષ ભણસાળી**.... ૭૧
● હાઈકુ - મુક્તક ........................................ **દિલીપ આચાર્ય 'દિલકશ'**.... ૭૧

## નિયમિત વિભાગો

● અન્ય સંસ્થાઓના સમાચાર ........................................ ૭૨
● આંજો કાગર ........................................ ૭૩
● બાલુડેં જ્યું ગાલિયું ........................................ **ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૭૪
● *Nano Nine* શબ્દ રમત-૧૪૬ ........................................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૫
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૩) ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૭
● જાણવા જેવું ........................................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૮
● વલોવતન ........................................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૭૯
● સમાજ દર્પણ ........................................ ૮૯
● સંસ્થા સમાચાર ........................................ ૯૦
● ઊડતી નજરે ........................................ ૮૩

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# વીતેલા વર્ષ દરમિયાનની આંતરિક તથા બાહ્ય ગતિવિધિનું એક અવલોકન

સામાન્ય મનુષ્ય વર્તમાન જીવનની રોજબરોજની સમસ્યાઓમાં એટલો બધો ગુંચવાયેલો રહે છે કે તેને બીજા કોઈ સત્કાર્યો કે સદ્‌વિચાર માટે સમય જ મળતો નથી. શહેરીકરણના આ યુગમાં જીવનની દોડધામ અત્યંત વધી ગઈ છે. આવા ચિંતાના ચક્કરમાંથી મનુષ્ય બહાર નીકળી શકે તે માટે જ્ઞાની પુરુષોએ પર્વો અને તહેવારોનું આયોજન કરીને, મનુષ્યની ચીલાચાલુ પ્રવૃત્તિઓમાંથી કંઈક નવીન, રસપ્રદ, આનંદમય અને કલ્યાણકારી મંજિલ તરફ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. આવા પર્વો, ઉત્સવો – તે આ ભારતભૂમિની ખાસ વિશિષ્ટતા છે. રક્ષાબંધન, દીપાવલી, મકર સંક્રાંતિ, હોળી વગેરે. દિવાળી એટલે દીવાનું પર્વ. દિવાળીનો પ્રસંગ શા કારણે ઉજવાય છે તે અન્વયે કથાઓ, દંત કથાઓમાં અલગ અલગ કારણો છે. પ્રતિવર્ષ દીપોત્સવ પવિત્રા અને આનંદનો શુભ સંદેશો લઇને આવે છે.

આપણે પોતાના માટે જ્યારે સુખ, મંગળ જીવન ઈચ્છતા હોઈએ ત્યારે સર્વેનું કલ્યાણ ઈચ્છીએ અને તે ત્યારે શક્ય બને જ્યારે કોઈના પ્રત્યે રાગ, દ્વેષ કે ઘૃણા રહે નહીં. **કોઇનું સારું કરવામાં - ભલું કરવામાં જ જીવનની સાર્થકતા છે. આટલી સાદી અને સરળ બાબત હૃદયમાં રાખીને નૂતન વર્ષની પ્રભાતે સૂર્યના પ્રથમ સોનેરી કિરણો સર્વેના જીવનમાં રંગીન બહાર લાવે તેવી મનોકામના સેવીએ.**

વિક્રમ સંવત ૨૦૭૪ના દીપોત્સવી પર્વની સૌને મુબારકબાદી તથા સંવત ૨૦૭૫ના શુભ આગમનના સમયે સૌને નૂતન વર્ષાભિનંદન.

દીપોત્સવ અવસરે આપણે દીપકની જ્યોતિની માફક જ્ઞાનપુંજનો દેદીપ્યમાન પ્રકાશ રેલાવીએ...

'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક જરા હટકે કહી શકાય તેવી 'થીમ' – "કચ્છના સાહિત્ય સર્જકો" સાથે પ્રકાશિત કરવામાં આવ્યો છે. સ્થળ સંકોચના કારણે ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં સર્જકો - પ્રતિભાઓના રેખાચિત્ર આ અંકમાં પ્રકાશિત થયા છે. બાકી રહેતા તજજ્ઞોની વિગત અન્ય કોઈ અવસરે પ્રકાશિત કરવા પ્રયાસ કરીશું.

પ્રથમ દૃષ્ટિએ દિવાળી એટલે વીતેલા સમગ્ર વર્ષનું અવલોકન...

દરેક સમાજને પોતાની વિશિષ્ટતા અને આગવી ઓળખ હોય છે અને તે મુજબ તેની પ્રગતિ થાય છે – તેનો વિકાસ થાય છે. તેને અનુલક્ષીને પ્રથમ આપણા સમાજની વર્ષ દરમિયાનની ગતિવિધિ તરફ એક દૃષ્ટિપાત કરીએ...

સમાજની દરેક સમિતિઓના નેજા હેઠળ બાળકો, યુવાવર્ગ, મહિલાઓ, વયસ્ક તથા તબીબી, શૈક્ષણિક, સામાજિક, સમાજના પરિવારો વગેરેને સંબંધિત સમગ્ર વર્ષ દરમિયાન કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું વ્યવસ્થિત રીતે આયોજન થયું છે. જેમાં વિવિધ સ્વરૂપના પ્રવાસ, સ્પર્ધા, મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ, મનોરંજન વગેરે સામેલ છે. તે પૈકી કેટલીક વિગત ટૂંકમાં જોઈએ.

- યુવાવર્ગને બહારની દુનિયા વિશે સમજ વધે અને જરૂરી જાણકારી પ્રાપ્ત થાય તે માટે ધોરણ-૧૦ના છાત્રો માટે કેરિયર કાઉન્સેલિંગ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપ.
- લાયન્સ ક્લબ ઑફ સરખેજ તથા સપ્તપદી મેરેજ બ્યુરોના ઉપક્રમે આપણા સમાજની મેરેજ બ્યુરો સમિતિએ સામેલ થઈને ટાઉન હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પોતાની પ્રવૃત્તિને વેગ આપવા પ્રયાસ કર્યો.

- ૧૫મી ઓગસ્ટ : સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કચ્છના સપૂત અને વૈજ્ઞાનિક દ્વારા પ્રેરણાદાયક પ્રવચન થયું અને રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ.
- વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ દરમિયાન સમાજના આધારસ્તંભ જેવા અગ્રિમ કાર્યકર્તા તથા અન્ય એક સામાજિક કાર્યકરનું ઉચિત સન્માન કરવામાં આવ્યું.
- નવલી નવરાત્રિ પ્રસંગે એક દિવસ રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન થયું.

આ સિવાય, આગામી દિવસોમાં કચ્છ - ભુજ ખાતે એક બિઝનેસ સમિટનું આયોજન પણ નક્કી કરેલ છે.

તે ઉપરાંત, વર્ષ દરમિયાનની અન્ય કેટલીક ઘટનાઓ પણ ટૂંકમાં જોઈએ...

- ચાલુ વર્ષે કચ્છમાં નહિવત્ જેવો વરસાદ થતાં, ત્યાં રાજ્ય સરકાર દ્વારા અછતની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. પાણી અને પશુધન માટે ઘાસચારાનો પ્રશ્ન કચ્છમાં વિકટ બન્યો છે. ભૂતકાળમાં સૌએ સાથે મળીને આ પ્રકારના પ્રશ્નને હલ કર્યો હતો તેમ વર્તમાન સ્થિતિમાં દરેક કચ્છી સમાજ, સંસ્થા, ઉદ્યોગગૃહો, વેપારી પ્રતિષ્ઠાનો, દરેક સ્થળના કચ્છી પરિવારજનો, જાહેર અને ખાનગી ક્ષેત્રના યુનિટો વગેરે બધા એક થઈને સરકારની કામગીરીમાં જરૂરી સાથ-સહકાર પ્રદાન કરીને સાંપ્રત સ્થિતિને સફળતાપૂર્વક હલ કરીએ.
- યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન - યુનેસ્કો દ્વારા અમદાવાદ સિટીને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરકે સ્વીકૃતિ મળી છે. જેનાં કારણે ટૂરિઝમને પ્રોત્સાહન મળશે.
- એશિયન ગેમ્સમાં ૧૩ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૨૯ બ્રોન્ઝ સાથે ૬૫ મેડલ્સ જીતીને મેડલ ટેબલમાં ભારત આઠમા ક્રમે રહ્યું. ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે રમાયેલ ગેમ્સમાં રીલે દોડ, ટેનિસ, ઈ-સ્પોર્ટ્સ (ભુજના ખેલાડીએ) જેવી સ્પર્ધાઓમાં ગુજરાતના ખેલાડીઓએ મેદાન મારીને મેડલ જીત્યા હતા.
- ભારતની સુપ્રીમ કોર્ટે એક સપ્તાહમાં નોંધપાત્ર કહી શકાય તેવા અનેક મહત્ત્વના ચુકાદાઓ આપીને નવો ઈતિહાસ રચ્યો.

વર્ષ દરમિયાન ઉપરોક્ત તેમજ તે પ્રકારની અન્ય મુખ્ય ઘટનાઓને નજર અંદાજ કરી શકાય નહીં તેવા એક અવલોકન બાદ....

નૂતન વર્ષે આ ધરતી પર સુખ, શાંતિ અને સમૃદ્ધિનો પ્રકાશ સર્વત્ર ફેલાય તેવી અભ્યર્થના સેવીએ.

---

***આ સાથે 'મંગલ મંદિર'ના ચાલુ માસના અંકના પ્રકાશનના સમયને સંબંધિત ભારતની કેટલીક મહાન વિભૂતિઓને પણ યાદ કરીએ.***

★ તા. ૨-૧૦-૨૦૧૮ : મહાત્મા ગાંધીજી તથા લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતી.

★ તા. ૩૧-૧૦-૨૦૧૮ : સરદાર પટેલ જયંતી તથા ઈન્દિરા ગાંધી નિર્વાણ દિન.

★ તા. ૧૪-૧૧-૨૦૧૮ : પંડિત જવાહરલાલ નેહરુ જન્મદિન એટલે 'બાળ દિન.'

---

અંતમાં, દીપોત્સવના ભવ્ય પ્રસંગે સૌ પરિવારજનોની ગતિ ઊર્ધ્વગામી પ્રકાશ તરફની બની રહો... તેવી હૃદયપૂર્વકની શુભ કામનાઓ સાથે નવા વર્ષની શુભેચ્છાઓ....

***આ વિશેષાંકનો વિષય નક્કી કરવા તથા તેના સંબંધી સલાહ સૂચન સાથે જરૂરી સાથ સહકાર આપવા માટે સાહિત્ય તજજ્ઞ શ્રી હરેશ ધોળકિયા - ભુજનો ખાસ આભાર માનીએ છીએ.***

## વિક્રમ સંવત ૨૦૭૪ અલવિદા....

## અને સુમંગલ પ્રભાતે સૂર્યના સોનેરી કિરણો ફેલાવતું આવી પહોંચ્યું...

## નૂતન વર્ષ – સુસ્વાગતમ્ !

## ઋણ સ્વીકાર

★ *સમાજના હિતેચ્છુ અને દાતાશ્રીઓ...*

★ *આ સમાજના મુખપત્રમાં વર્ષ દરમિયાન પોતાની વિજ્ઞાપન આપનાર સર્વે સૌજન્ય દાતાશ્રીઓ.*


★ *મુખપત્રમાં પ્રકાશન અર્થે લેખન સામગ્રી તથા કૃતિઓ મોકલનાર સર્વે તજજ્ઞ લેખકશ્રીઓ.*

★ *આ સમાજ અને સૌજન્ય દાતાશ્રીઓ વચ્ચે સેતુરૂપ બનીને સાથ-સહકાર આપનારનો*

*તથા....*

★ *સર્વે કાર્યકરો, સમાજના પરિવારજનો વગેરેનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*







શુભ દીપાવલીના પ્રસંગે આપ સૌ પરિવારજનોને હાર્દિક શુભ કામના....
તે સાથે નૂતન વર્ષ આ ધરતી પર
સુખ, શાંતિ અને સમૃદ્ધિની બહાર લાવે તેવી અભ્યર્થના સાથે
હાર્દિક અભિનંદન.

**ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**
**તથા 'મંગલ મંદિર' પરિવાર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## લેખકશ્રીઓને નમ્ર અનુરોધ

★ *મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા અર્થે માત્ર મૌલિક લેખન સામગ્રી જે - તે માસની ૧૫ તારીખ સુધી મોકલાવશો. ત્યાર પછી પ્રાપ્ત થતી સામગ્રીઓનો મુખપત્રના બીજા મહિનાના અંકમાં સમાવેશ થશે.*

★ *લેખન સામગ્રી સાથે લેખકશ્રીઓએ પોતાની પાસપોર્ટ સાઈઝની એક તસવીર પ્રથમ વખત અવશ્ય મોકલવી. કૃતિ સાથે નામ, સરનામું અને ફોન નંબર પણ લખવા જરૂરી છે.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● તા. ૧૬-૧૨-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮ થી ધોરણ-૧૨માં ભણતા બાળકો માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● તા. ૧૧-૧૨-૨૦૧૮થી તા. ૨૨-૧૨-૨૦૧૮ | શિખરજી, પંચતીર્થી ભાગલપુર, બનારસ | યુવા વિકાસ સમિતિ | સમેત શિખરજીની યાત્રાનું આયોજન. |
| ● તા. ૩૧-૧૨-૨૦૧૮ (નિબંધ મોકલાવવાની અંતિમ તારીખ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | બાળ કલ્યાણ સમિતિ | (૧) ઉંમર વર્ષ ૮ થી ૧૩.<br>(૨) ઉંમર વર્ષ ૧૪થી ૨૦<br>સમાજના સભ્ય પરિવારના બાળકો માટે ઈનામી નિબંધ સ્પર્ધા. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

## સમાજની વિવિધ સેવાકીય યોજનાઓમાં દાન / ભેટ મોકલાવવા અપીલ

★ *આપના પરિવારમાં અથવા આપના ધંધા - રોજગાર સંબંધી કોઈપણ પ્રકારના નાના-મોટા પ્રસંગોએ સમાજને યાદ કરીને ઉદાર દિલે દાન / ભેટ મોકલાવવાનું યાદ રાખશો.*

★ *પરિવારમાં સ્વર્ગસ્થજનોની સ્મૃતિમાં પણ સમાજને દાન / ભેટ આપી શકાય છે.*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**


| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

પ્રાસંગિક

# દિવાળી અને રંગોળી



ડૉ. મિહિર એમ. વોરા

સૌપ્રથમ સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. દીપોત્સવી ઘોંઘાટ - બુલંદ ધડાકા કે આંખો બાળી નાખે તેવા ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી. તે તો રંગોળી, શાંત તેજના દીવડા, અતિથિ પ્રેમ, સ્નેહમિલન અને ઉમંગભરી ઉજવણીનો ઉત્સવ છે. દીપોત્સવી એટલે 'આપણે સૌ સાથે સુખી થઈએ' એવી ભાવનાનો ઉત્સવ. સમયની સાથે બધું બદલાય છે. દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ — આ બધા દિવસોની ઉજવણી આજે પણ ઉત્સાહ અને ઉમંગપૂર્વક થાય છે.

દિવાળી દરમિયાન વિવિધ રંગોળી ડિઝાઇન ઘરના બારણે દોરવામાં આવે છે અને વિવિધ રંગો સાથે શણગારવામાં આવે છે. **રંગોળી શબ્દ એ 'રંગાવલી' સંસ્કૃત શબ્દ ઉપરથી આવેલો છે.** તે પવિત્ર તહેવાર, ધાર્મિક ઉત્સવ, લગ્ન જેવા શુભ કાર્ય, ધાર્મિક પૂજા વગેરે ઉપર દોરવામાં આવે છે. રંગોળી ચિત્ર સુંદરતા અને કલ્યાણ સંપદાની અસર પેદા કરે છે. આ રંગોળી દોરવામાં સાંકેતિક સ્વરૂપોનો ઉપયોગ કરવામાં આવે છે. એક વક્ર રેખા સીધી દોરવા કરતાં તેનો આકાર વધારે સુંદર અસર પેદા કરે છે. રંગોળી બનાવવા પાવડર એક ચપટી, આંગળી અને અંગુઠો ઉપયોગમાં લેવામાં આવે છે. આ રંગોળી બનાવવા માટે ખાસ નરમ સફેદ પાવડરને ચપટીમાંથી ધીમે ધીમે જમીન ઉપર નાખવામાં આવે છે અને તેમાંથી અવનવા આકારની રંગોળી બને છે. રંગોળીના બે મુખ્ય પ્રકારો છે : પ્રભાવી સ્વરૂપ છે : રંગોળીના આ પ્રકારમાં રેખાઓ, ચોરસ અને વર્તુળો તેના પ્રમાણમાં દોરવામાં આવે છે અને બીજો એક સુશોભન : રંગોળીના આ પ્રકારમાં ફૂલો, પાંદડા, વૃક્ષો, વેલ, પ્રાણીઓ અને પક્ષીઓને મહત્ત્વ આપવામાં આવે છે. આ રંગોળી તેના પ્રકાર કરતાં વધુ આકર્ષક છે. શંખ, સ્વસ્તિક, ચંદ્ર, સૂર્ય વગેરે રંગોળીમાં બે સમાંતર રેખાઓમાં દોરવામાં આવે છે. એક સાંકળ બનાવવા માટે. લીટીઓના મધ્યમાં બે વક્ર રેખાઓ દોરવામાં આવે છે. આ સાંકળ સર્પ દંપતિ રજૂ કરે છે. આમાં આઠ પાંદડીઓ આઠ દિશાઓ સાથે બ્રહ્માંડ સૂર્ય અને ભગવાન વિષ્ણુનું પ્રતિનિધિત્વ કરે છે. કમળ દેવી લક્ષ્મીના સાંકેતિક તેમજ પ્રજોત્પાદન માટે ઊર્જા છે. તેથી ભગવાન વિષ્ણુ પૂજાને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. એક બાજુ શુભ પ્રતીક સાથે રંગોળીઓ ઉપરાંત આઠ બાજુ સાનુકૂળ પ્રતીક અને પક્ષીઓને પણ ધાર્મિક રીતિ રિવાજ મુજબ દોરવામાં આવે છે. આ પ્રકારમાં એક ચોરસ નાના ચોરસમાં વિભાજીત થયેલ છે. નાના ચોરસ પછી ચોક્કસ રીતે ચળકતો રાતો રંગ (કુમકુમ) ભરવામાં આવે છે. રંગોળી અનેક બિંદુઓની મદદ સાથે દોરવામાં આવે છે. પ્રથમ બિંદુઓ જમીન પર કરવામાં આવે છે અને પછી ઊભી અને ત્રાંસી લાઈન્સ સાથે એક મોર, એક કાચબો, કમળ, એક લતા કે વિવિધ આકાર બનાવવા માટે રંગોળી દોરવામાં આવે છે.

રંગોળીના આધ્યાત્મિક મહત્ત્વ વિશે વિચારીએ તો હિંદુ ધર્મમાં રંગોળી દરેક શુભ પ્રસંગો દરમિયાન દોરવામાં આવે છે. આ દિવસો દરમિયાન ચોક્કસ દેવતાઓને નજરમાં રાખીને રંગોળી દોરવામાં આવે છે. તેમાં શબ્દ, સ્પર્શ, સ્વાદ, ગંધ અને તેની ઊર્જા સહઅસ્તિત્વ ધરાવે છે. જે નાના તફાવત સ્વરૂપે રંગોળીમાં વિવિધતાઓ સાથે જોવા મળે છે. તેના સ્પંદનો આધ્યાત્મિકતાના સિદ્ધાંત અનુસાર — દેવતાના પ્રતીક રૂપે રંગોને સજાવવામાં આવે છે. આમ રંગોળી કે સાથિયો — એ દરેકના જીવનમાં નવી ઉર્જા, શક્તિ અને પ્રાણ લાવે છે. તે ઉપરાંત તહેવારોમાં દરેક ઘરમાં અમન, પ્રેમ, સમૃધ્ધિ અને ખુશી લાવે છે. તેના દ્વારા ઘરમાંથી કલેશ, ક્રોધ, મોહ, માયા, લાલચ જેવી બીમારીઓ દૂર થાય છે.

તો આવો, આ વખતે આપણે સૌ આપણા ઘરમાં રંગોળી બનાવીને જીવનમાં નવા વિચારો, આચારો, આયામોને આગળ વધારીએ. મિત્રો, એક વસ્તુ ખાસ ધ્યાનમાં લેશો, પ્લાસ્ટિક રંગો કે પ્લાસ્ટિક પેપરની નહીં પણ હાથથી બનાવેલી અને ઈકો ફ્રેન્ડલી રંગોવાળી રંગોળી બનાવીએ.

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

પ્રાસંગિક

# કાર્તિકી પૂર્ણિમા એટલે દેવોની દિવાળી

ભરત'કુમાર' પ્રા. ઠાકર

આસો માસના કૃષ્ણ પક્ષના અંધારિયા દિવસોને ઉજાસ અને પ્રકાશમાં પલટાવતું 'દીપોત્સવી'નું મહાપર્વ આસો મહિનાની અમાવસ્યાએ ઉજવાય છે. તેના બરાબર એક પખવાડિયા બાદ કારતક માસના શુક્લ પક્ષની અજવાળી પૂનમનો દિવસ 'દેવદિવાળી' તરીકે મનાવાય છે. આ દિવસથી બધાં શુભ કાર્યો થાય છે.

## ● શુભ પ્રસંગોનો શુભગ સમન્વય!

કાર્તિકી પૂર્ણિમા, કાર્તિકેય જયંતી, ત્રિપુરી પૂર્ણિમા, કૃતિકા મહોત્સવ, નાનક જયંતી, તુલસી વિવાહ સમાપ્તિ, શિવ પૂર્ણિમા અને નિમ્બાર્કાચાર્ય જયંતી... એક સાથે આટલા બધા પ્રસંગોને આજના શુભ દિવસે સાંકળતો અને સુભગ સમન્વય સાધતો પુરાણોત્સવ એટલે જ 'દેવદિવાળી!' કાર્તિકી પૂનમે આવતો આ તહેવાર આપણે ત્યાં તો દિવાળીની નાની આવૃત્તિ માફક જ ઉજવાય છે. દિવસે લોકો વસ્ત્રાલંકાર પહેરી દેવદર્શને જાય છે અને રાત્રે દીવા પ્રગટાવી દારૂખાનું ફોડે છે.

ક્ષીર સાગરમાં શેષ શય્યા પર પોઢેલા ભગવાન વિષ્ણુ કારતક સુદની દેવઊઠી અગિયારસ (પ્રબોધિની એકાદશી)ના દિવસે જાગે છે. ત્યારે 'તુલસી વિવાહ'ના ઉત્સવનો પ્રારંભ થાય છે અને કાર્તિકી પૂનમના દિવસે તેની સમાપ્તિ થાય છે. એ શુભ દિવસ નિમિત્તે દેવદિવાળી ઉજવાય છે.

## ● ત્રિપુરાસુરનો ત્રાસ અને નાશ :

પુરાણમાં આ તહેવારની ઉત્પત્તિની કથા એવી છે કે પૂર્વે ત્રિપુર નામનો રાક્ષસ ઘણો ઉન્મત્ત થઈ દેવોને હેરાન કરવા લાગ્યો. દેવો પોતાના પર હુમલો ન કરે તે માટે ત્રિપુરે પોતાની રાજધાનીની ચોતરફ ત્રણ જબરદસ્ત દીવાલો બંધાવીને તેની પાછળ સુરક્ષિત થઈ બેઠો. મૂળે જ બળવાન એવા આ ત્રિપુરોના સરદારને દીવાલોનું રક્ષણ મળતાં તેનો ત્રાસ વધવા લાગ્યો.

ઇન્દ્રાદિ દેવોનું પણ તેની આગળ કાંઈ ચાલતું નહીં. આથી પોતાનું રક્ષણ કેવી રીતે કરવું એની ચિંતામાં પડેલા દેવોએ દેવર્ષિ નારદની સલાહ પૂછતાં નારદે તેમને શંકરના શરણે જવા સૂચવ્યું. દેવોએ ભગવાન શિવ પાસે જઈ પોતાને બચાવવા વીનવતાં શંકરે ત્રિપુરાસુરનો નાશ કરીને દેવોને ભયમુક્ત કર્યા. આમ, આ દૈત્યના નાશમાં શિવની મદદ મળવાથી આ દિવસ 'શિવ પૂર્ણિમા' (કે ત્રિપુરારિ પૂર્ણિમા) તરીકે પણ ઓળખાયો છે.

બીજી બાજુ, કારતક માસની પૂનમના દિવસે આ વિજય મળવાથી તે દિવસે દેવોએ મોટો ઓચ્છવ કર્યો અને દીપોત્સવ કરી આનંદ પ્રદર્શિત કર્યો. આથી જ આ તહેવાર 'દેવદિવાળી' (એટલે કે દેવોની દિવાળી) કહેવાય છે. તેનું બીજું નામ અસુરના નામ પરથી 'ત્રિપુરી પૂર્ણિમા' પણ છે.

## ● કૃતિકા મહોત્સવ પણ ખરો!

દક્ષિણ ભારતમાં તો આ દિવસે 'કૃતિકા મહોત્સવ' ખૂબ જ ઠાઠમાઠથી ઉજવવામાં આવે છે. શિવ પ્રીત્યર્થ ઉજવાતા આ તહેવારમાં રોશની, વરઘોડો અને મહાપૂજા ઉપરાંત મોટી આતશબાજી કરવામાં આવે છે. લગભગ વીસ હાથ ઊંચો થાંભલો દેવળ સામે ઊભો કરી કપુરાદિ જલ્દી સળગી ઉઠે એવી વસ્તુઓથી તેને સળગાવવામાં આવે છે.

જ્યાં ટેકરીઓ પર દેવાલયો હોય ત્યાં તો આખા કારતક મહિના દરમ્યાન ખડકો પર દીવા પ્રગટાવવામાં આવે છે. જેને લીધે આસપાસના પ્રદેશોમાં અવર્ણનીય શોભા વ્યાપી રહે છે. તામિલ લોકોમાં કહેવત છે કે 'કૃતિકોત્સવ પછી વરસાદ શાનો?' આથી એમ લાગે છે કે આ તહેવાર વર્ષા ઋતુની સમાપ્તિ સૂચવનારો હશે.

શાસ્ત્રમાં આ દિવસે પર્વ શિવાલયોમાં દીપોત્સવ કરી મૂર્તિનો વરઘોડો કાઢવાનું લખ્યું છે. સ્ત્રીઓ ત્યારે કોળું ને દીપનું દાન કરે છે. કેટલાક સ્થળે આ દિવસને શિવના પુત્ર કાર્તિકેયનો જન્મ દિન માની તેની મૂર્તિની પૂજા અને દીપોત્સવ કરવાનો રિવાજ છે.

## ● તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર :

પુરાણકથા પરથી પ્રચલિત થયેલા જણાતા આ તહેવારનો જો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો જણાય છે કે અસુર અને દેવ, ત્રિપુર અને શંકર વગેરે શબ્દો માત્ર લાક્ષણિક છે. અસુર એટલે કે ક્રોધ, લોભ, મોહાદિ બળવાન થઈને દેવોને એટલે કે ઇન્દ્રિયોને હેરાન કરવા લાગ્યા ત્યારે દેવો (ઇન્દ્રિયો)

શિવ (આત્મા)ને શરણે ગયા.

એટલે કે ઇન્દ્રિયો તેમાં લીન થઈ ગઈ. જીવ શિવને શરણે ગયો. આથી શિવે (આત્માએ) તરત જ ત્રિપુર (ત્રણ શરીર : સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ)માં રહેલા કામાદિ અસુરોનો નાશ કર્યો. આમ, આ તહેવારનો આદેશ તો કામ, ક્રોધાદિ જીતીને જિતેન્દ્રિય થાઓ એવો ઉદાત્ત છે.

આ જ દિવસે શીખોના મહાન ગુરુ તથા પરમ જ્ઞાની સંત નાનકદેવ મહારાજ (૧૪૬૯ - ૧૫૩૯)ની જયંતી પણ ધામધૂમથી ઉજવાય છે; તો દક્ષિણમાં અરુણાશ્રમમાં જન્મેલા દ્વૈતાદ્વૈત દર્શનના આચાર્ય અને વેદાન્તી નિમ્બાર્કાચાર્ય (૧૨મી-૧૩મી સદી)ની જયંતી પણ આ જ દિવસે આવે છે. કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે દેશમાં અનેક સ્થળોએ યોજાતા મેળાઓમાં ગુજરાતના પ્રભાસપાટણ (જિ. ગીર - સોમનાથ)નો ત્રિ-દિવસીય લોકમેળો પણ વિખ્યાત છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## જીવનસિધ્ધિની ચાવી

એકવાર અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન રસ્તે થઈને પસાર થતા હતા. શિયાળાના દિવસો હતા. ઠંડી કહે, મારું કામ. પવન પણ સુસવાટા કરતો વાઈ રહ્યો હતો.

એ વેળાએ અબ્રાહમ લિંકને જોયું કે એક નાનકડો છોડ જોરથી ફૂંકાતા પવનની સામે ઝઝુમી રહ્યો હતો. અને એ છોડ ઉપરના એક ફુલ ઉપર બેસીને મધમાખી રસ ચુસવાનો પ્રયત્ન કરતી હતી. સખત પવનના ઝપાટાથી પેલો છોડ વારે વારે નીચો ઝુકી જતો હતો અને પાછો ઊંચો થતો હતો. પરંતુ પેલી મધમાખી તો જળોની જેમ એ છોડ પરના ફુલને સખત રીતે વળગી રહી હતી અને રસ ચુસ્યા કરતી હતી.

આ દ્રશ્ય જોઈને અબ્રાહમ લિંકનને એક જીવન રહસ્યનું દર્શન થયું. એમને એમાંથી જીવનસિધ્ધિની ચાવી જડી ગઈ. આ પ્રસંગ જોયા પછી તેમણે જે કહ્યું તે ગાંઠે બાંધી લેવા જેવું છે.

"મને લાગે છે કે, જે લોકો મધમાખીની પેઠે ચીટકી રહે છે તેમને જ જીવનમધુ પ્રાપ્ત થાય છે. વિરોધના ગમે તેવા વાવંટોળિયાની વચ્ચે પણ હાથમાં લીધેલા કામને ખંતપૂર્વક, ચીવટપૂર્વક વળગી રહીને સખત પુરુષાર્થ કરતા રહેવાથી માણસને સિધ્ધિ અવશ્ય મળે છે."

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## કચ્છી દશા ઓસવાલ નાતજા ચમકેં કચ્છજા તેજસ્વી તારા

### કચ્છ અબડાસા ગામોમાં સરપંચ થયેલા મહાનુભાવો અને કાર્યકર્તાભાઈઓ

| | |
|---|---|
| સરપંચ | : કલ્યાણજી ખેતશી નાગડા - તેરા |
| સરપંચ | : શ્રી જ્યોતિ હેમંત વિકમશી રાણપર - ભુજ વર્ધમાન નગરમાં |
| સરપંચ | : લધાભાઈ દેવરાજ મુલજી પટેલ - સાંયરા |
| સરપંચ | : શાંતિલાલ (મગનભાઈ) લધાભાઈ પટેલ - સાંયરા |
| સરપંચ | : ખીમજી ત્રિકમજી નથુભાઈ ધરમશી - સુથરી |
| સરપંચ | : કુંવરજી ધારશી ધરમશી - સુથરી |
| સરપંચ | : વેલજી નાગશી ધરમશી - સુથરી |
| સરપંચ | : વિશનજી (વેલજી સરપંચ) રતનશી જેઠાભાઈ લોડાયા - સુથરી |
| સરપંચ | : ઝવેરચંદ કુંવરજી શિયાડ - જખૌ |
| સરપંચ | : હીરાચંદ ભવાનજી મોમાયા - જખૌ |
| સરપંચ | : વિજય હીરાચંદ ભવાનજી મોમાયા - જખૌ |
| સરપંચ | : રાજેશ્રી વિજય મોમાયા - જખૌ |
| સરપંચ | : શામજી પાશ્વીર લોડાયા (પટેલ) - સાંધવ |
| સરપંચ | : લાલજી શામજી લોડાયા (પટેલ) - સાંધવ |
| સરપંચ | : ઠાકરશી લાલજી શામજી લોડાયા પટેલ - સાંધવ |
| સરપંચ | : કુલીનકાંત નારાણજી શામજી મોમાયા - વરાડિયા |
| સરપંચ | : જીવરાજ આણંદજી લોડાયા - બાંઢિયા |
| સરપંચ | : રાયશી (વલ્લભજી) શામજી લોડાયા - બાંઢિયા |
| સરપંચ | : લક્ષ્મીચંદ દેવણાંધ પટેલ - બાંઢિયા |
| સરપંચ | : વેલજી શામજી ધરમશી - સાંધાણ |
| સરપંચ | : પદમશી હીરજી નાગડા (પટેલ) - પરજાઉ |
| સરપંચ | : મણિલાલ ખેતશી ખોના - વાંકુ |
| સરપંચ | : ડુંગરશી ખીંયશી મૈશેરી - લાલા |
| સરપંચ | : નરશી રતનશી મોતા - લાલા |
| સરપંચ | : રતિલાલ ઉમરશી મોતા - રાપરગઢવારી |
| સરપંચ | : મણિલાલ કુંવરજી દંડ - બાયઠ |
| સરપંચ | : આણંદજી નરશી પોલડિયા (પટેલ) - બાયઠ |
| સરપંચ | : કેશવજી રતનશી નાગડા - વારાપધ્ધર |
| સરપંચ | : શિવજી ટોકરશી લોડાયા - વારાપધ્ધર |
| ઉપસરપંચ | : અરવિંદ લાલજી લોડાયા - વારાપધ્ધર તથા અબડાસા તાલુકા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી |
| તલાટી | : લક્ષ્મીચંદ વિશનજી કુંવરજી છેડા - સુજાપુર/સુખપર |

★ શ્રી પદમશી લખમશી લાલકા - વારાપધ્ધરવાળા જે ગાંધીધામના પીઢ આગેવાન. આ જૈફ વયે પણ સેવામાં સતર્ક રહેનારને આપણી જ્ઞાતિના ભાઈઓને કામે લગાડનાર મુખ્ય. તથા ભદ્રેશ્વર તીર્થમાં છેલ્લા ૨૫ વરસથી મેનેજિંગ ટ્રસ્ટી અને ગાંધીધામ કે.ડી.ઓ. મહાજનના પ્રમુખપદે ૨૫ વર્ષ અને એકમના માનદ્ મંત્રી તરીકે ૩૫ વર્ષ રહ્યા હતા. જે એમની સેવાઓ વંદનીય, પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. ★ મધુકાંતભાઈ ઝવેરચંદ લોડાયા - કોઠારા/ગાંધીધામ જેઓ ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરીટી (જી.ડી.એ.)ના પૂર્વ ચેરમેન, ગાંધીધામ નગર પાલિકાના પૂર્વ નગરપતિ અને પૂર્વ પ્રમુખ ગાંધીધામ શહેર બીજેપીના રહ્યા હતા. ★ માનવસેવાના ભેખધારીને આજીવન સેવા સુત્ર બનાવનાર : પ્રબોધ હીરાચંદ મુનવર - કોઠારા/ભુજ ★ લબ્ધિ બી. મોમાયા - જખૌ/ગાંધીધામ સામાજિક કાર્યકર. ★ કિશોર જીવરાજ સાંયા - સુજાપુર/ભુજ. કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય કમિટીના ચેરમેનપદે રહ્યા હતા. ★ રમેશ નારાણજી દંડ - તેરા. જેઓ આશાપુરા માતાના મઢ જાગીર ટ્રસ્ટના શરૂઆતથી ટ્રસ્ટીપદે છે અને કચ્છ એકમના ૨૫ વર્ષથી પ્રમુખપદે રહ્યા છે.

<u>ગાંધીધામ આવાસ યોજનાના કાર્યકરો</u> : પદમશી લખમશી લાલકા - વારાપધ્ધર/આદિપુર, કલ્યાણજી શામજી મોમાયા - જખૌ/આદિપુર, પ્રવીણ નારાણજી દંડ - તેરા/આદિપુર, આણંદજી પાશ્વીર મોતા - રાપરગઢવારી / આદિપુર, સોમચંદ ધારશી નાગડા - નલીયા/ગાંધીધામ.

(અમને જેટલી માહિતી મળી છે એ મુજબ ઉપરની વિગત આપી છે.)

**સંકલનકર્તા : રશ્મિન ખોના (મુંબઈ) મો. ૮૮૭૯૩૨૯૪૦૪**

**છપાવનાર : એક સદ્ગૃહસ્થ - મુંબઈ**

# YOUTH CLUB : MESSAGES

Take control of your destiny.
Believe in yourself.
Ignore those who try to discourage you.
Avoid negative sources, peoples and habits.
Don't give up and don't give in!

Every struggle in your life has shaped you into the person you are today. Be thankful for the hard times; they can only make you stronger.

I may not always stay in touch but I care about you very much. I may not always stop by to say hi, but I hope to never have to say good bye. I may not prove to be the perfect family or friend but I hope the friendship we share never reaches an end.

***Six best doctors in the World :***

- Sunlight
- Rest
- Exercise
- Diet
- Self confidence
- and Friends.

*Heart is not a basket for keeping tension and sadness. It is a golden box for keeping roses of happiness and sweet memories.*

A nice person will always be in **Memory**
A better person will always be in **Dream**
But a sincere person will always be in **Heart**

***How come all the destructive words begin with the letter "D"??***
***Check this out...***

Disease, Destroy, Delete, Divorce, Disappointment, Death, Disaster, Debt, Disrupt, Demise, Dementia, Depression, Demons, Devil, Dubious, Diarrhea, Demolish, Doubt, Dangerous, Defeat, Desperate, Deform, Dispute, Detention, Drunkard, Dracula, Distress, Disable, Devour, Diabolic, Distrust, Distract, Diabetes, Disagree, Deficit, Difecate, Dismember, Dislocate, Disorganize.

We love ourselves even after making so many mistakes...

Then how can we hate others for their small mistake...??

Distribute your day into 8 + 8 + 8 hours to make a good balance sheet of your life.

8 hrs of honest hard work, 8 hrs of good sleep and 8 hrs should spent on (3Fs, 3Hs and 3S).

3 Fs are Family, friends and faith.
3 Hs are health, hygiene and hobby and
3 S are soul, service and smile!
***This can make a great balance sheet of your Life!!***

Health does not always come from medicine. Most of the time it comes from peace of mind, peace in the heart, peace of soul. It comes from laughter and love.

You don't need someone to complete you. You only need someone to accept you Completely.

When we educate our brain
we should not neglect to educate
our heart.
Because, World do not require only ideas,
but also require good souls.




***It's hard to be a teacher at times...***

Teacher : Construct a sentence using the word Sugar.
Pupil : I drank tea this morning.
Teacher : Where is the word 'Sugar'?
Pupil : It is already in the tea...!!

*જગતને થોડાં વીર સ્ત્રી-પુરુષોની જરૂર છે. એવી વીરતાનું આચરણ કરો, જે 'સત્ય'ને જાણવાનું સાહસ કરે, જીવનમાં તેને પ્રગટ કરવાની હિંમત દાખવે, જે મૃત્યુ સમક્ષ થરથર ધ્રૂજે નહીં, પણ તેનું અભિવાદન કરે અને મનુષ્યને પ્રતીતિ કરાવે કે એ પોતે અમર આત્મા છે અને સમગ્ર બ્રહ્માંડમાં કોઈ તેને હણી શકે નહીં, ત્યારે તમે મુક્ત થશો.* **– સ્વામી વિવેકાનંદ**


## શ્રી દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ

*વડીલશ્રી ઉપેન્દ્રભાઈને જય જિનેન્દ્ર.*

*દેવલાલી નાસિક નગરે અનેક કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. પણ આ વખતે પ્રથમવાર સંસ્થાએ સ્પીરીચ્યુઅલ આરોગ્ય શિબિરનું આયોજન કર્યું હતું.*

*આ આયોજન સંદર્ભમાં તમારી સાથે સંપર્ક થયો. શિબિરમાં ખૂબ જ સરળ શૈલીમાં તમે અત્યંત સહજપણે ટ્રીટમેન્ટ આપી. કલ્પનાથી વધારે પ્રતિસાદ મળ્યો. અનેક લોકોએ અનેરો અનુભવ લીધો. અસાધ્ય રોગોમાં હિલીંગ થેરાપીથી ખૂબ જ ફાયદો થયો.*

*સરળ શબ્દોમાં કહેવાનું કે તમે "મસીહા" બની અહીં પધાર્યા હતા.*

*સંસ્થા તથા લાભ લીધેલ બધા તરફથી તમારો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. શાંતિનાથ દાદાની કૃપા હશે તો આવી અન્ય ઘણી શિબિરો સાથે મળીને કરીશું.*

*શાંતિનાથ કૃપાથી, દેવલાલીના લીલા આંગણા*
*કાયમ રહેશે તમારી શૈલીના સંભારણા.*

**ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ એન.ડી.**
**મો. ૦૯૪૨૬૨ ૫૫૩૦૫**

# અરિહંત સારવાર કેન્દ્ર

**"દીપિકા", માણેકવાડી સ્ટેશન રોડ, હરીયાળા પ્લોટ નં.-૧૩૮-બી, ભાવનગર-૩૬૪ ૦૦૧.**

**સાદી સરળ પદ્ધતિ દ્વારા તીવ્ર-જીર્ણ-અસાધ્ય રોગની સારવાર**

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# કચ્છના પ્રજાવત્સલ રાજવી : મહારાવશ્રી મદનસિંહજી



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

**"સ્મરણ યાત્રા અને વતનની વાતો"** નામનું અતિ અદ્વિતીય પુસ્તક કચ્છના પ્રજાવત્સલ રાજવી મહારાવશ્રી મદનસિંહજી સાહેબ વિશે કચ્છના અગ્રગણ્ય સાક્ષર શ્રીમાન દુલેરાયભાઈ કારાણીજીના કુશળ સંપાદન દૃષ્ટિ હેઠળ પ્રગટ થયેલું છે.

કચ્છ રાજ્યના રાજ કવિ તથા વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય શ્રીમાન શંભુદાનજી ઈશ્વરદાનજી ગઢવીએ "કચ્છ દર્શન" નામના પુસ્તકમાં આ રાજવીના જીવનના અનેક આગવાં કાર્યો બિરદાવ્યા છે. કેટલાક પ્રસંગોને કાવ્યમય ઑપ આપ્યો છે. દાદાશ્રી મહારાવશ્રી મદનસિંહજી સાહેબના તેઓશ્રી અતિશય લાડકા પૌત્ર હતા. તેમનો ઉછેર દાદાશ્રીએ જ અતિ કાળજી લઈને કર્યો. તે સાથે, સુંદર સંસ્કાર પૌત્રમાં પડતા રહે તે અંગેની ખૂબ કાળજી રાખતા. શ્રી મદનસિંહજીની નાની વયે તેમના હજુરી શ્રી કાળાભાઈ જેઠી હતા. જેઓ પણ વૃધ્ધ હતા. ભોજન કરવા, હરવા ફરવા અને પોઢવાનું દાદાશ્રી ખેંગારજીનું આ લાડકા પૌત્ર સાથે થતું.

શ્રી મદનસિંહજીની બાલ્યાવસ્થાથી પ્રૌઢતાના સદ્‌ગુણોના બીજ તેઓશ્રીના અંતરમાં રોપાઈ ગયેલા. તેમના અંગ્રેજીના શિક્ષક સ્મિત સાહેબ પણ વયોવૃધ્ધ હતા. તેમને ઘોડેસવારી શીખવાડનાર શ્રી કાનજીભાઈ ઝાલા પણ વયોવૃધ્ધ, યુરોપિયન ઈતિહાસવિદ્ શ્રી રસબ્રુક વિલિયમ્સ કે જેઓ પ્રોફેસર હતા, તેઓ પણ વૃધ્ધ હતા, તેમની સાથે પણ સારો સંબંધ રાખતા.

જીવનની રહેણીકરણીમાં સાદગીનો પદાર્થપાઠ તેઓ દાદાશ્રી પાસેથી શીખ્યા. સામાન્ય રીતે રાજવીઓ એક વખત પહેરેલું વસ્ત્ર બીજી વખત હાથ ન ધરે તેવી પરંપરા મુજબ જ વર્તે. પરંતુ દાદાશ્રી ખેંગારજી પોતાના વસ્ત્રમાં ક્યાંય સાંધો મારવાનો હોય, બટન ટાંકવાનું હોય તો ખાનગી ખાતે કામ કરતા દરજીને બોલાવી આવું કાર્ય કરી આપવા જણાવે. એ સમયે ખાનગી ખાતે કામ કરતા દરજી રાજ્યના પગારદાર હતા. શ્રી મદનસિંહજી પણ આવી સાદગીથી વર્તતા. રાજ પરિવારમાં શુભ લગ્નોત્સવમાં માત્ર સોનાની એક જ માળા ધારણ કરતા.

આજની રાજનીતિનું શિક્ષણ તથા જૂના જમાનાની પરંપરાગત રાજનીતિનું શિક્ષણ માત્ર ૧૭-૧૮ વર્ષની વયે તેમણે મેળવી લીધેલું. કાગળો ટાઈપ કરવાનું પણ શીખ્યા. મહારાવશ્રી ખેંગારજીએ ડ્રાફ્ટ કરેલ કાગળો તેઓ ટાઈપ કરી આપતા. સં. ૧૯૮૯માં શ્રી મદનસિંહજીના લગ્ન તેમના દાદાશ્રીએ જૂની રાજરીતિ મુજબ પોતાની અંગત દેખરેખ તળે કર્યા. એ સમયે પાંચેક ફુલેકા રાત્રે પૂરી રોશનીઓ, ગવૈયાઓ, નૃત્યાંગનાઓ, ઢોલ શરણાઈઓ, બેન્ડવાજા અને ત્રાંસા - નગારા વાદ્યો સહિત શહેરમાં ફરતા. વિશેષતા એ હતી કે વરરાજા હાથી પરની અંબાડીમાં બિરાજે. પાછળ દિવાન ચામર ઢોળતા હોય. હાથી પરના બંને બાજુ ઝુલતા પાટિયાઓ પર મુખ્ય હજુરીઓ ઊભેલા હોય. અંબાડી પર બંને બાજુ નાણાં ભરેલી કોથળીઓમાંથી ખોબા ભરી, ગિરદી હોય ત્યાં નોચ્છાવર કરે. તવાયફાઓ, નૃત્યાંગનાઓ, પૈડાંવાળા વહાણોમાં નૃત્યો કરતી રહેતી, જે વહાણને રસ્સીઓથી ખેંચવામાં આવતા. દાંડિયા રાસો પણ મહેલના પ્રાંગણમાં રમાતા. વરરાજા પર થતી ગોરની રકમ લંઘા ભાઈઓને અપાતી. જેમાં તેમનો વર્ષભરનો નિભાવ થઈ જતો.

સંવત ૧૯૯૧-૧૯૯૨થી કાયમ માટે શ્રી મદનસિંહજી ભુજના શરદબાગ પેલેસે બિરાજવા લાગ્યા. નામદાર મહારાણી સાહેબા બાજુના કોટડી બાગ પેલેસે બિરાજતા. મહારાવશ્રી ખેંગારજી બાવાના સમયમાં છનુઆમાં સૂકો દુષ્કાળ પડ્યો. આ ભયંકર દુષ્કાળમાંથી પ્રજા તથા પશુ પક્ષીઓને બચાવવા તેઓએ એક કમિટી નિમી. જેનું ચેરમેનપદ પૌત્ર શ્રી મદનસિંહજીને સુપરત કર્યું. સમગ્ર કચ્છમાં બળદગાડાઓ, ઊંટગાડીઓ દ્વારા રાહત પહોંચાડવા તેઓએ કમર કસી. રાજ કવિ શંભુદાનજીએ લખ્યું કે —

*બિકટ બખત અવલોક બસુ, બિરદ બચાયો બેગ,*
*કચ્છ ધરા પર મેઈ, તું ભયો અષાઢી મેઘ.*

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે શ્રી મદનસિંહજીના પિતાશ્રી વિજયરાજજી પોતાની તબિયતની સારવાર અર્થે વિદેશમાં હતા, ત્યારે શ્રી મદનસિંહજી દિલ્હી હતા. તે દિવસે રાષ્ટ્રધ્વજ તથા કચ્છનો રાષ્ટ્રધ્વજ મ.કુ.શ્રી હિંમતસિંહજી સાહેબે (પૂર્વ સાંસદ) ફરકાવેલો. સને ૧૯૪૮ જાન્યુઆરીની ૩૦મી તારીખે જ્યારે મહાત્મા ગાંધીજીની હત્યા થઈ ત્યારે પણ તેઓશ્રી દિલ્હી

હતા. એ સમયે પૂજ્ય બાપુના અસ્થિ ચાર્ટર્ડ પ્લેન દ્વારા આચાર્ય કૃપલાની, ભાઈ પ્રતાપ દયાળદાસ આદિ મહાનુભાવો સાથે કચ્છમાં લાવ્યા. ગાંધીધામમાં એ અસ્થિ ભસ્મની પ્રતિષ્ઠા સાથે ત્યાં ગાંધી મંદિરની સ્થાપના કરવામાં આવી.

મા.શ્રી વિજયરાજજીના દેહવિલય બાદ સંવત ૨૦૦૪ના મહા વદ-૯, ગુરુવાર, તા. ૪-૩-૧૯૪૮ના રોજ શ્રી મદનસિંહજી સાહેબે સાદી વિધિથી તાજ ધારણ કર્યો. તેમણે તા. ૪-૩-૧૯૪૮થી તા. ૩૧-૫-૧૯૪૮ લગી – બે માસ ૨૭ દિવસ સુધી રાજગાદી ભોગવી.

મહારાવશ્રી મદનસિંહજી સાહેબ કુળદેવી મા આશાપુરાજીના પરમ ઉપાસક હતા. પ્રાતઃકાળે વહેલા ઉઠી જ જાય. ક્યારેક પોતાના અંગત કર્મચારીગણમાંનું કોઈ જાગ્યું ન હોય તો તેમને જગાડે નહીં. સ્નાનાદિક ક્રિયાઓ બાદ ધૂપ દીપ નૈવેદ્યથી માતાજીની પૂજા કરે. નિયમિત માળા ફેરવે. સાડા સાત કે આઠ વાગે ફરવા પધારે. નવ કે દસ વાગે પરત ફરી સ્નાન ક્રિયા કરે, છાપાઓ વાંચે, મુલાકાતીઓને મળે. બપોરે ૧૨ થી ૧૨.૩૦ વચ્ચે લંચ લેતા. આ સમયે પરિવારજનો, મહેમાનો સાથે ભોજન ગ્રહણ કરે. રાત્રે લગભગ ૧૦ વાગે પોઢી જાય.

ઈ.સ. ૧૯૫૧માં શ્રી મદનસિંહજી સાહેબને પ્રથમ ભારત સરકારની સર્વિસમાં ઈંગ્લેન્ડ ખાતે લંડનની હિંદી કચેરીમાં વરિષ્ઠ સ્થાન અપાયું. ઈ.સ. ૧૯૫૬માં નોર્વેમાં ભારત સરકારના એલચી તરીકે નિમાયા. ત્યાં તેમણે ચાર વર્ષ સેવા આપી. ત્યારબાદ તેમની નિમણૂંક અમેરિકામાં ચીલી ખાતે થવા પામી. ૧૯૬૧માં તેઓ ભારત સરકારની ફોરેન સર્વિસમાંથી છૂટા થયા. સને ૧૯૬૫માં જ્યારે કચ્છની સરહદે પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે તેમણે પોતાની સેવાની ઑફર ભારત સરકારને કરેલી. એ તેઓશ્રીનો શૂરવીરતા અંગેનો ગુણધર્મ દર્શાવે છે.

મહારાવશ્રી મદનસિંહજી સાહેબના રાજતિલક સમયે રાજકવિ શ્રી શંભુદાનજી ગઢવીએ રચેલું પદ :

***આસપુરા અખિલેશ્વરી, રૂદ્રાણી રવરાય,***
***યાદવ કુળ ભુજ ભાનુકી, મા રક્ષા કર મનમાય.***
***આપ સહારે આજ લગ, અણનમ જો કચ્છ ભૂપ,***
***જ્યાં રાખ્યા ત્યોં રાખ, તું મા રાવ મદનરો રૂપ.***

***લીમડા લેન, સંસ્કાર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## લગ્ન : એક સંસ્કાર

**(અનુ. : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

બળદોના મોઢા ઉપર સીંકુ બાંધવાની સલાહ અને મદદ કરેલી. બળદોએ ૪૦ નિસાસા નાખેલ. તેનું ગુણાકારી ફળ પરમાત્માને ૪૦૦ દિવસ સુધી વગર પચ્ચક્ખાણે ઉપવાસ કરવા પડેલ હતા. આપણે તો ભગવાન નથી. ડૂચો નીકળી જશે.

કેરળનું વાવાઝોડું - અતિવૃષ્ટિનો વિનાશ એનું સમષ્ટિનું પાપનું ફળ સ્વરૂપ તાજું ઉદાહરણ છે.

રૂકમણીએ પ્રદ્યુજન નામના પુત્રને જન્મ આપ્યો. ૧૬ વર્ષ સુધી પુત્રનું મુખ પણ રૂકમણિને જોવા મળેલ નહીં. આ છે ગુણાકારમાં મળેલું કર્મનું ફળ.

લગ્ન જ્યોતિષી પાસે જોવડાવીને જ હસ્ત મેળાપનો સમય મેળવાય છે. પણ અત્યારે ભાગ્યે જ આ વેળાને સાર્થક થતી જોવા મળે છે. જેથી પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપણે દિવસ - કલાક- મિનિટ - સેકન્ડ સાથે અચૂક સાચવીએ છીએ અને તે આપણને ફળે છે. તે જ રીતે આપણા લગ્નના કઢાવેલા મુહૂર્તો સચવાતા નથી.

સગપણ મનોમન માટે સમાજને આમંત્રણ આપવા પછી બે ત્રણ કલાક સુધીનો વિલંબ થાય છે. તેમાં આટલા બધા માનવ કલાકોનો વ્યય થાય છે. સમયનું શિસ્ત પણ જરૂરી છે.

આપણા સમાજમાં લગ્ન પહેલા બાલ બ્રહ્મચારી ૨૨મા તીર્થપતિ નેમિનાથ ભ.નો શલોકો સાંભળીને જાન જોડતા હતા. લગ્ન સંપન્ન થતાં નવકાર સાથે મોટી શાંતિ સાંભળવાનો રિવાજ હતો. લગ્ન પહેલા પણ સ્નાત્ર (સનાથ) ભણાવતા હતા. આ બધા સંસ્કારના સ્વરૂપો છે.

પ.પૂ.આ.ભ. શ્રી રત્નસુંદરસૂરિએ આ બાબતમાં દિલ્હીમાં મહેનત કરી અને સફળતા પ્રાપ્ત કરી. આપણા સમુદાયના પૂ. આચાર્ય ભગવંતોએ પણ આ દિશામાં આપણા સમાજના લગ્નો અને સંમેલનોમાં રાત્રિ ભોજન ન થાય તે માટે પ્રયત્નો કર્યા પણ આપણા સમાજના જ આગળ પડતા શ્રીમંતો અને મોટા શહેરોના રહીશોએ જાણી જોઈને આ અભિયાનને સફળ ન જ થવા દીધું અને રાત્રી ભોજન - લીલોતરી ઉપર ઊભા રહીને ફોટા પડાવીને શરણાઈઓના સૂર સાથે મજેથી મોટા સમૂહ સાથે આ સમૂહનું પાપ ચાલુ જ છે.

ઉપરોક્ત રીતે થતાં લગ્નો અને સગપણોનું પરિણામ વર્તમાનકાળમાં જલ્દીથી મનોમન થયા પછી સગપણ થયા પછી લગ્ન થયા પછી તૂટવાના સમાચારો સાંભળવા મળે છે જે આગળના સમયમાં જોવા મળતા ન હતા.

સંસ્કારને સંસ્કારિત કરી સમષ્ટિના પાપોમાંથી જેટલું બચાય, રાત્રી ભોજન ઓછામાં ઓછું નાછુટકે કચવાતા મને, દુઃખતા દિલે થાય તો જ લગ્નો- સંબંધો ટકશે, સમાજ ઊંચો આવશે. નહિંતર પતન નજીક છે.

***જૈન વિધિકાર, અમદાવાદ***

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# કચ્છી સાહિત્યનાં ભીષ્મ પિતામહ : દુલેરાય કારાણી

ડૉ. કાંતિ ગોર 'કારણ'

કચ્છમાં વણલખ્યા લોકસાહિત્યને એકત્રિત કરવાનો ભગીરથ પ્રયત્ન કરનાર કવિવર કારાણીએ કાવ્યો, નવલકથાઓ, નાટકો ઇત્યાદિ સાહિત્ય સ્વરૂપોમાં વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે.

એમનો જન્મ કચ્છના મુંદ્રા બંદરમાં, શાલેય શિક્ષણ ઉપરાંત એ ફારસી, ઉર્દુ, સિંધી ભાષા શીખ્યા. મુંદ્રા અને ગુંદિયાળી ગામમાં શિક્ષક તરીકે કામ કર્યું. પછી એમની નિમણૂંક કચ્છનાં કેળવણી ખાતામાં ડેપ્યુટી ઇન્સ્પેક્ટર તરીકે કરવામાં આવી. એ રીતે એમને કચ્છ આખામાં ફરવાનું થયું. પરિણામે કચ્છના સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાનો એમને વ્યાપક પરિચય થયો અને એમણે એ ક્ષેત્રે અવિસ્મરણીય પ્રદાન કર્યું. 'કચ્છના રસઝરણા' અને 'કચ્છી કહેવતો'ના નામે થયેલા એમના શરૂઆતનાં બે પ્રકાશનોએ એમને કચ્છ અને બૃહદ્ કચ્છમાં ખૂબ જ નામના અપાવી.

કચ્છી ભાષાની પ્રથમ પોથી 'પાપા પગલી' અને 'કચ્છનાં કલાધરો યાને ચંદ્રવંશ ચરિત્ર' નામક એમના ઐતિહાસિક સર્જનથી કચ્છના ઉમદા લેખક તરીકે એમણે આગવું સ્થાન જમાવ્યું.

એમના ઉત્તરોત્તર પ્રગટ થયેલા પુસ્તકોનો માત્ર નામોલ્લેખ : 'કારાણી કાવ્યકુંજ' ૧થી ૫ ભાગ, 'કચ્છી કિસ્સા બાવની', કચ્છનાં વિસ્મૃતિની ગર્તામાં ધકેલાઈ રહેલા અનેક સંતો અને કવિઓને પ્રકાશમાં લાવતું એમનું સર્જન 'કચ્છનાં સંતો અને કવિઓ' ભાગ : ૧-૨, કચ્છનાં લોક સાહિત્યની સાચી દિશા બતાવતું એમનું પુસ્તક 'કચ્છનું લોકસાહિત્ય', 'જામચનેસર', 'જામ રાવળ', 'લક્ષરાજ' જેવી ઐતિહાસિક નવલકથાઓ, મેકણ દાદાની વિગતો મેળવીને 'મેકણદાદા' નામનો સરસ ગ્રંથ એમણે આપ્યો. ધર્મપત્ની શાંતાબાનાં વિયોગમાં એમણે 'સોનલ બાવની' આપી. એ ઉપરાંત 'કચ્છી બાવની', 'ગાંધી બાવની', 'દયાનંદ બાવની' અને 'કલ્યાણ બાવની' – એમ પાંચ બાવનીઓ આપી. ગાંધી બાવની અને દયાનંદ બાવની તો હિંદીમાં છે. 'જાડેજા વીર ખેંગાર', 'જગડુ દાતાર', 'ઝારેજો યુદ્ધ' અને 'જામ અબડો' એ ચાર કચ્છી નાટકો આપ્યા.

કવિ કારાણી પાસે પ્રતિભા હતી. પ્રતિભા એટલે શું? કલ્પના શક્તિ, સર્ગશક્તિ, શબ્દશક્તિ અને સંવેદનાની શક્તિ. કારાણી આ બધી બાબતોના જાણકાર અને અભ્યાસુ હતા. કારાણીજીના મનમાં માનવજાત માટે સંવેદના, લાગણી હતી. એમના વિશાળ અનુભવો અને અનેક લોકોને મળીને કરેલા અભ્યાસપૂર્ણ નિરીક્ષણને બળે, લોકજીવનનાં અભ્યાસની ફળશ્રુતિ અને કુદરતી પ્રતિભાનાં કારણે એમની કવિતાઓ લોકભોગ્ય બની છે.

ભગવાને એમને લાંબી આવરદા આપેલી અને જિંદગીના અંત સુધી એ લખતા રહેલા. એમનું કેટલુંક સાહિત્ય હજુ પણ અપ્રગટ છે, એવું જાણવા મળ્યું છે. એમના સાહિત્યની વિશદ્ ચર્ચા આ લેખમાં શક્ય નથી, પણ એમની કેટલીક કાવ્ય પંક્તિઓનો આસ્વાદ માણીએ.

આપણા આ નામી કવિ કવિતાને સંબોધીને વાત કરે છે :

*વયતી વોંધલ પાણીમેં નેં ઝરણેંમેં તી ઝવે કવિતા,*
*માતાજી છાતીમેં ઉછરે ખિર થઈને ખિરે કવિતા,*
*નોંય રસોમેં રસબસ થઈને નચે નાચતી કરે કવિતા,*
*કારાણી નિત કચ્છી વાણીમેં હકલું કરે કવિતા.*

***(કચ્છ કલામ, જૂન-૧૯૭૭)***

વ્યક્તિ જાય ત્યારે કવિનું દુઃખ સમષ્ટિનું દુઃખ થઈ જાય છે. કવિની આ અનુભૂતિ વ્યક્ત કરતી પંક્તિ જોઈએ :

*અબોલા આમેજા વન કુછેં કુરો કારાણી ચેં,*
*નિમ થ્યા નિમાણા, ને વડલા વાટ નેરીએંતા.*

***(સોનલ બાવની, ૯, ૧૯૬૫)***

વ્યક્તિની ચાહત એની લાગણીની ઉત્કૃષ્ટતાથી મપાય છે, સંપત્તિથી નહીં.

*આરસ જે પાણે સેં બંધાણું તાજમહાલ તડેં,*
*આંસુડેં જે પાણી સેં બંધાણી મુંજી બાવની.*

***(સોનલ બાવની, ૭૯)***

કવિનું કામ વિષમ સંયોગોમાંથી બહાર કેમ નીકળવું તે દર્શાવવાનું છે. દુઃખમાંથી બહાર આવવાની એમની પ્રેરક પંક્તિઓ :

*કારાણી તોરણ હાણે આંસુડેંજા તોડ હાણે,*
*રૂંધલ તાં કમાણીમેં રૂંગા જ પાએતો*
*રૂંધો હુંધો સે સદા, હેકલો જ રૂંધો રોંધો*
*ખિલેતો સે ખિલીને ખલક કે ખિલાએતો.*

**(સોનલ બાવની, ૪૮)**

દુઃખદ ઘટનાઓથી કવિ દુઃખી થાય છે તો પણ અંતે તો એના સાહિત્યનો અર્ક માનવજાતને ઉપકારી એવું અમૃત આપે છે. જીવનની ફિલસુફી ઉત્તમ સર્જકની રચનાઓમાં સહજતાથી નિષ્પન્ન થતી હોય છે.

*કારાણી કરાલ ચક્કરજી ઈ જ ચાલ,*
*ઉગે સેં તાં આથમે ને, જનમે સે તાં મરેતો*

**(સોનલ બાવની, ૬૬)**

તો કવિએ માત્ર અનિષ્ટનું નિરૂપણ કરવાનું નથી પણ અયોગ્ય બાબતોનું પરિણામ સમાજને માટે વર્તમાન અને ભવિષ્ય માટે પણ અયોગ્ય છે તે દર્શાવવાનું છે. આપણા કવિ પણ આર્ષદૃષ્ટા છે.

*હિકડી છાય હલઈ તડેં, હલેઆ ઘીને ખીર,*
*પંચામૃત પુઠિયા હલ્યા, સેંઠા સબર શરીર,*
*હુમ્ભ હલઈને હેત વ્યા, વ્યા હિયેંજા હીર,*
*ચાય અચી ચુસે ગિડે નરવરેંજા નીર,*
*ખોરો કેં ખમીર,*
*કારાણી ચેં કચ્છ જો.*

**('ચાય નેં છાય' સંઘરની અંતિમ પંક્તિઓ)**

કવિ માનવમાં રહેલ સંવિત્તનો પ્રતિનિધિ છે. એ માનવ માનવ પ્રત્યે સદ્‌ભાવનાની વાત કરે એ સ્વાભાવિક છે.

*સેવા ન થિઈ સનેંજી, સારો ન થેઓ હથા,*
*કારાણી સંસારમેં કેડો લા ને સા*

**('કેડો લા ને સા' કાવ્યની અંતિમ પંક્તિઓ)**

તો આ કવિ કોઈ પણ સ્થિતિમાં હસતાં રહેવાની વાત આ રીતે કરે છે :

*કડેક કોસા વાયરા, કડેક થધી હલકાર*
*કારાણી હર હાલમેં ખિલી કરે ખીંકાર*

**(કચ્છ કલામ, ડિસેમ્બર ૧૯૭૩)**

કવિનું સંવેદન તો માનવ માત્ર માટે સમાન છે એ તો બધામાં પરમાત્માનું દર્શન કરે છે. સર્વ વ્યાપક પરમાત્માનો સ્વીકાર કરે છે.

*સુખેમેં તું ને ડુખેમેં તું, જિડાં ન્યારિયાં તિડાં તું તું*
*તું તનતનમેં, તું મનમનમેં, અજનજનમેં, પવન-વનમેં*

**('જગત વ્યાપક' ગઝલનો અંતિમ શેર)**

આપણને તો દિવસ રાતનું આગમન એક રોજિંદી ક્રિયા છે પણ જબરદસ્ત સર્ગશક્તિ ધરાવતા કવિ આ ઘટનાને કઈ રીતે નિરૂપે છે તે જોઈએ.

*ડીં નિત નિત ઉકંઢ્યો અચે, રખી રાતજી તાત*
*હથ તોડી ડિઈ ભજે, હથમેં અચે ન રાત.*

**(કચ્છ કલામ, નવેમ્બર ૧૯૭૩)**

તો આપણે રોજ અનુભવીએ છીએ તે દિવસને કવિની નજર અલગ રીતે જુએ છે.

*કડેં ઠરેતો ઉકરેતો, પણ પલપલમેં પલટેતો ડી,*
*કારાણી તાં અવરો સવરો અખિયેં મથે રખેતો ડી.*

**(કચ્છ કલામ, ઓક્ટોબર ૧૯૭૪)**

**આપણે આજે નર્મદાની વાત કરીએ છીએ પણ કારાણીજીએ તો ઠેઠ ૧૯૭૪માં દેવી નર્મદાને કચ્છ પર મહેર કરવા વિનંતી કરેલી.**

*તુ જ નિર આધાર જો આધાર, માતા નર્મદા,*
*કર કૃપા, કચ્છડે કુરા પ ન્યાર માતા નર્મદા.*

**(કચ્છ કલામ, એપ્રિલ, ૧૯૭૪)**

કારાણીજીની કવિતાની વિશેષતા એ છે કે તેઓ પરંપરાગત કવિતાનું પ્રતિનિધિત્વ કરે છે તો આધુનિક પ્રતીકોનો ઉપયોગ કરીને પણ લખે છે. એક રચના જોઈએ :

*નજર કરે તુ જરાક ન્યાર ઝુંપડી,*
*કેં કઈ તૈયાર તું વિચાર ઝુંપડી,*
*ઈ જ આય મિણી જાચે આધાર ઝુંપડી*
*ઈન કે શણગાર નેં સંભાર ઝુંપડી*
*ડો ડો ધરવાજા મું ડિઠા ઝુંપડીમેં*
*સૂરજ નેં ચંધર મું ડિઠા ઝુંપડીમેં*
*પવનને પાણી પણ સુઠા ઝુંપડીમેં*
*કોયલ જા ટૌકા પણ મિઠા ઝુંપડીમેં*
*તોજી જ નાંય ઈ આય ઉધાર ઝુંપડી*
*તું સાફ સુફ રખીને સુધાર ઝુંપડી.*

**(કચ્છ કલામ, સપ્ટેમ્બર ૧૯૭૬)**

આ ઝુંપડી તો વેદાંતનો સાર વ્યક્ત કરી દે છે.

તો સંવેગોને અનુભવતા કવિ મનને આ રીતે વ્યક્ત કરે છે :

*માડુજો મન કડેં કોડ મિંજા કુડે વિઠો,*
*ઉચેં ઉડે વિઠો કડેં માડુજો મન,*
*માડુજો મન કડેં પટકાજે પટ મથે,*
*ઉપડે ને બુડે વિઠો માડુજો મન*

**(કચ્છ કલામ, ફેબ્રુઆરી, ૧૯૭૭)**

કોયલનો ટહુકો તો બધા સાંભળે છે પણ આવી પંક્તિઓ તો કારાણીજીને જ સ્ફુરે :

*વસંતમેં બોલેતો કેર કોયલડીજે કંઠ કે?*
*કો જાણા છોડેતો કેર ગલે બંધેલી ગંઠ કે?*

***(કચ્છ કલામ, માર્ચ ૧૯૭૯)***

ચકલીને જોઈને કવિને સ્ફુરેલી આ પંક્તિઓ :

*માંક જેડી માંક પણ ધોખો કરે,*
*ચુંજ ઈ ડુબાય વિઠી જિરકલી.*

***(કચ્છ કલામ, માર્ચ ૧૯૮૨)***

આ કવિ રાતને વર્ણવતા નારીના કેટલાય સ્વરૂપોને વર્ણવે છે. આ એમની અદ્ભુત રચના છે.

*કડેક ભગવા ભેખ ધરેન જોગણ વેશ વજેતી રાત,*
*કડેં ગેરુએ રતે રંગસે અંગ ભભૂત ભરેતી રાત,*
*કડેક લાલ સુહાગણ જા, સોરો શણગાર સજેતી રાત,*
*કડેક કારા કપડાં પેરે વિધવા ભની વિનેતી રાત.*

કાગડાનું બોલવું અનેક પ્રકારના નિર્દેશ કરી જાય છે પણ કારાણીને કાગડો ક્યાં બોલતો સંભળાય છે અને તે પણ કેવા સંદર્ભમાં તે સમજવા જેવું છે.

*કાગડો બોલેતો કબ્રસ્તાનમેં*
*નગરી ખામોશીજી, ન્યાર જરા નજર કરે,*
*ખાસે ખામોશ જે મકાનમેં,*
*રાજાને રંક વિચ્ચ, નાંય જરા ફેર હિતે,*
*ફેર નાંય જૈફનેં જવાનમેં.*
*હિતે સુતી આય વસ્તી વેરાનમેં.*
*તસબીનેં મારાજી નાંય તકરાર,*
*તકરાર નાંય ધરમ - ઈમાનમેં,*
*તુલસીનેં મરવા પણ મિલી હલેં હિતે,*
*ભેદ નાંય રામનેં રહેમાનમેં,*
*હિતે નિંધર જડેલ આય જાનમેં.*
*કાગડો બોલેતો કબ્રસ્તાનમેં.*

અને આ કવિની હવે પછીની પંક્તિઓ મોતની સત્તાનું સૌને ભાન કરાવે છે.

*સંસાર સજેમેં જેંજી સતા નતે સામાણી સે,*
*સત્તા કે સંકેલે કરે, સમૂરા સિધાયે વ્યા.*

***(સિધાયે વ્યા)***

કચ્છ અને કચ્છી પર પોતાનો જિંદગીભર પ્રેમ વરસાવનાર આ કવિની અનેક રચનાઓમાંથી બાબાણી બોલીને મલાવતી એક રચના નમુનારૂપે યાદ કરીએ.

*ધીંગી ધરા, ધીંગા ધોરી, ધીંગા બોલ, ધીંગી બોલી*
*મિઠી મધ જેડી, મું તાં ડિઠી કચ્છી બોલી તેંજી*
*જનમો જનમ આંઉ આરતી ઉતારીયાં,*
*કચ્છી પાણી વારી, વીર વાણી કે તાં કારાણી ચેં,*
*મિણીનું વડેરી, મહારાણી કરે વ્યારીયા,*
*એડી કચ્છી બોલી, અમી જેડી ઈ અમોલી, મુંજી*
*બાબાણી બોલીજી આંઉ, ડોલી શણગારીયાં*

કારાણીજીનો વતન પ્રેમ સુખ્યાત છે. એમની કચ્છની ધરણીને વર્ણવતી એક ગુજરાતી રચનાનો એક અંશ માણીએ.

*વિકટ વન ડુંગરા, વિકટ રણ વાટ જ્યાં,*
*વિકટ ભુજ કોટ વંકો ભુજંગી,*
*વિકટ પથરાળ, રેતાળ રસ્તા અને,*
*વિકટ રણવીર વીરત્વ રંગી,*
*શૂર સતીઓ તથા શૌર્યથી સોહતી,*
*પ્રેમ પીયૂષના પાન કરણી,*
*ભારતી માતના ખોળલે ખેલતી,*
*ધન્ય હો, ધન્ય હો, કચ્છ ધરણી.*

કારાણીજીની કલમ ગુજરાતી ઉપરાંત હિંદીમાં પણ વિહરી છે.

*ઈન્દ્ર ન હોતા તો નાહિ સૃષ્ટિ પે સુવૃષ્ટિ હોતી,*
*શેષ ન હોતા તો શિશ ધરણી ધરત કૌન?*
*રામ ન હોતા તો રાજ રાવન રોરત કૌન?*
*કૃષ્ણ ન હોતા તો ધ્વંસ કંસ કો કરત કૌન?*
*ન હોતા નીડર નરવીર મનમોહન તો,*
*સત્ય અહિંસા સે, માં કો મુક્ત કરત કૌન?*

***(ગાંધી બાવની)***

*ટંકારે કા બંકા, તેરે મંત્રોને બજાયા ડંકા,*
*પાખંડોં કી લંકા જલાને મેં હનુમાન સા,*
*ધન્ન માત ભારતી, હજાર બાર ધન્ન ધન્ન*
*લેટા તેરી ગોદ બીચ બેટા દયાનંદ સા.*

***(દયાનંદ બાવની)***

અને છેલ્લે કાવ્યો સાંભળીને કદાચ કંટાળેલા સૌને લાગુ પડતી આ પંક્તિઓ :

*નિંધરેં જે નિયાંપે અચેતી ઉબાકી,*
*પથારી મથે ઈ પચેતી ઉબાકી,*
*અને ચેપ ચોટે ઉબાકી જો એડો,*
*ઉબાકી ડિસીને અચેતી ઉબાકી,*
*કલમ કારાણી જી જડેંતી થકી પે*
*તડેં પણ ઉઠીને અચેતી ઉબાકી.*

***(કચ્છ કલામ, જાન્યુઆરી, ૧૯૭૭)***

કારાણી શીઘ્ર કવિ હતા. એમણે દલપતરામની શૈલીની સભારંજની રચનાઓ પણ આપી છે. તો અનેક પ્રતીકોથી ભરપૂર અને અભિધા અને લક્ષણાને અતિક્રમી જતી વ્યંજની સુધી પહોંચતી કવિતાઓ પણ આપી છે. એમણે સંઘર અને કટાવ કે લાવણી જેવા પરંપરાગત છંદો પણ પ્રયોજ્યા છે, તો છંદોબદ્ધ રચનાઓ પણ આપી છે તો ગઝલને પણ છેડી છે.

આમ, કારાણીજીના કાવ્યોના ક્ષેત્રનો વ્યાપ વિશાળ છે તો એમનો કવિતાનો ફાલ પણ વિસ્તૃત છે. આજે પણ એમની રચનાઓ લોકજીભે રમે છે. એમની ઘણી જાણીતી રચનાઓનો ઉલ્લેખ અહીં નથી કર્યો પણ એમની 'કક્કલજી કુરબાની', 'ભુજિયો બોલેતો', 'ચાય ને છાય', 'ખેડૂત અને સુવર', 'ઝારેજો જંગ', 'જોધેંજા જંગ' વગેરે દીર્ઘ લોકજીભે રમે છે. આ રચનાઓની નાટ્યાત્મકતા અને રસસિદ્ધિ કાબિલેદાદ છે.

એમના અવસાનને બે દાયકાથી વધારે સમય થઈ ગયો છતાં એમના કાવ્યો જેટલી લોકપ્રિયતા કોઈ કવિને મળી નથી અને આજે પણ સરેરાશ દસમાંથી સાત કવિઓ કાવ્ય રચનાની શરૂઆત કારાણીજીના પ્રભાવમાં કરે છે. કમ સે કમ કારાણી યુગનો પ્રભાવ હજુ ઓસર્યો નથી જે કારાણીજીના પ્રભાવની દ્યોતક છે. તો કચ્છી કવિતા માટે ચિંતાનો વિષય છે. અલબત્ત થોડા સમર્થ કવિઓ એમાં જરૂર અપવાદ છે પણ કચ્છી કવિતાને ઘર ઘરમાં પહોંચાડનાર કવિવર કારાણીનું નામ કચ્છીભાષાના સાહિત્ય આકાશમાં ધ્રુવતારાની જેમ ચમકતું રહેશે તે પણ નિર્વિવાદ હકીકત છે.

*"સુદર્શન", ૯૨, શ્રીજી નગર,*
*એન.આર.આઈ. કોલોની, આર.ટી.ઓ. રિલોકેશન સાઇટ,*
*માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦. મો. ૯૪૨૬૨ ૩૮૭૨૭*

**Goodwill towards all beings are the true religion.**

***– Buddha***

ભગવાન બુદ્ધે સરસ વાત કરી છે. ***પ્રાણીમાત્ર પ્રત્યે સદ્‌ભાવ એ જ સાચો ધર્મ છે.***

સહેલી વાત નથી. પોતાની જાત પ્રત્યે સદ્‌ભાવ કેળવવો પણ સહેલો નથી. પોતાના કુટુંબીજનો પ્રત્યે પણ હંમેશાં સદ્‌ભાવ કેળવી શકાતો નથી કારણકે આપણે આપણી માન્યતાઓ અને પૂર્વગ્રહોથી પીડાઈએ છીએ, ત્યારે સમગ્ર માનવજાત પ્રત્યે શુભેચ્છા, સદ્‌ભાવના પ્રગટાવવી એ સહેલું કામ નથી. પરંતુ ભગવાન બુદ્ધે એને માત્ર ધર્મ જ કહ્યો નથી, સાચો ધર્મ કહ્યો છે.

રામાનુજાચાર્યની એક વાત બહુ જાણીતી છે. એમના ગુરુએ એમની પર પ્રસન્ન થઈ એમને એક મંત્ર આપ્યો. ગુરુએ કહ્યું, 'આ મંત્રથી તને મોક્ષ મળશે. પરંતુ મારી શરત એ છે કે આ મંત્ર તારે ગુપ્ત રાખવો. કોઈને કહેવો નહીં.'

રામાનુજાચાર્ય તો નીકળી પડ્યા. મંદિરમાં ગયા, પર્વતો પર ગયા, શહેરોમાં ગયા. જ્યાં જ્યાં લોકો મળ્યા ત્યાં ત્યાં મોક્ષના આ મંત્રને સમજાવી દીધો. તેમનું મન પ્રસન્નતાથી ઊભરાઈ ગયું.

કોઈકે કહ્યું, 'તમે ગુરુની આજ્ઞાનો ભંગ કર્યો છે. ગુરુ તમને શાપ આપશે. તમને નર્કમાં મોકલશે.' રામાનુજાચાર્યે કહ્યું, 'જે મંત્ર મારું કલ્યાણ કરે અને લોકોનું ભલું ન કરે તે મંત્ર શા કામનો? જો હજારો-લાખો લોકોનું કલ્યાણ થતું હોય તો મને નર્કની સજા મળે તે કબૂલ છે.'

ગુરુએ આ ભાવના જાણી. ગુરુએ રામાનુજાચાર્યને શાપ ન આપ્યો, આશીર્વાદ આપ્યા.

પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા રાખવી, તેમનું કલ્યાણ થાય તેવું વિચારવું અને તેવાં કૃત્યો કરવાં તે પ્રભુની સાચી ભક્તિ છે. તે જ સાચો ધર્મ છે.

***સૌજન્ય : "ચિંતન"***

***Keep your head and heart in the right direction, and you will never have to worry about your feet.***

***તમારાં બુદ્ધિ અને હૃદય તમને સાચી દિશામાં લઈ જાય, તો પછી તમારા પગની ચિંતા કરશો નહીં.***

સૌથી પ્રથમ તો લેખક કહે છે, Keep your head in the right direction. બુદ્ધિથી થયેલા તમારા નિર્ણયો સાચી દિશાના હોવા જોઈએ. સૌપ્રથમ તો મનુષ્ય બુદ્ધિનો આશરો લે છે. તેની બુદ્ધિ, તેની હોશિયારી, તેની આવડત તેને જે નિર્ણયો લેવડાવે, તે નિર્ણય તે લે છે. ઘણીવાર માણસ કહે છે કે મારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. મને અવળું સુઝાડ્યું. મેં ખોટો નિર્ણય લીધો. ઘણી વાર સ્વાર્થ માટે, ઘણી વાર ક્ષણિક આનંદ માટે, ઘણી વાર દ્વેષ કે ઈર્ષ્યાને કારણે આપણને બુદ્ધિ અવળા માર્ગે દોરે છે. તેથી લેખક કહે છે, હંમેશાં સાચી દિશા તરફ પ્રયાણ કરો.

પરંતુ તે head સાથે heartનો ઉપયોગ કરવાનું પણ કહે છે. તે કહે છે કે હૃદયના નિર્ણયો પણ સાચી દિશાનાં હોવા જોઈએ. હૃદયના નિર્ણય લેવા માટે હૃદયને સજ્જ કરવું પડશે. હૃદયને નિર્મળ બનાવવું પડશે, કરુણાસભર બનાવવું પડશે. તો હૃદયમાંથી ઉઠતા નિર્ણયો સાચી દિશાના નિર્ણયો બની રહેશે.

જો બુદ્ધિ અને હૃદયથી સાચા નિર્ણયો લીધા હશે, તો તમારે તમારા પગની ચિંતા કરવાની રહેશે નહીં. તમારું હરેક કદમ સાચી દિશામાં પડશે. તમે કોઈ ખોટું પગલું ભરી શકશો નહીં. તમારું દરેક કાર્ય યોગ્ય કાર્ય હશે. માટે પગલું ભરતાં પહેલાં વિચાર કરો – બુદ્ધિથી વિચાર કરો, હૃદયથી વિચાર કરો – આ પગલું યોગ્ય છે? જો જવાબ હા હોય, તો નિશ્ચિંત થઈને કદમ આગળ ધપાવો.

ચાલો, સાચી દિશામાં દોડવા લાગીએ.

***સૌજન્ય : "ચિંતન"***

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# બહુઆયામી, પારદર્શી વ્યક્તિમત્તા : ડૉ. જયંત ખત્રી

ડૉ. દર્શના ધોળકિયા

કચ્છની ભૂમિ પર પ્રખ્યાત ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્મા, વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી, પ્રખર સમાજવાદી યુસુફ મહેરઅલી, પ્રો. કે.ટી. શાહ અને રાષ્ટ્રકવિ નિરંજન થયા એ જ ભૂમિ પર કચ્છ રાજ્યના સરકારી તબીબ ડૉ. હીરજી હંસરાજ ઘેલા (ખત્રી)ને ત્યાં ૧૯૦૯ની સપ્ટેમ્બર ૨૪ના રોજ મુંદ્રા મુકામે જયંત ખત્રીએ જીવનનો પ્રથમ શ્વાસ લીધો.

જયંતના પિતા માનવતાવાદી લોકપ્રિય તબીબ હતા. એમની હોસ્પિટલ ઉપર જ એમનું રહેઠાણ હોવાથી જયંતને ઉગતી વયે જ માનવદેહની યાતનાઓનો પરિચય થયો. માતા જમનાબેન ધાર્મિક વૃત્તિના. રામાયણનું ઘરમાં રોજ પઠન થાય. બાળક જયંત પર એનો ખૂબ પ્રભાવ પડ્યો. છેવટ સુધી રામાયણ એમના પ્રિય ગ્રંથોમાં મુખ્ય રહ્યું.

પિતાની બદલી મુંદ્રાથી નલિયા થઈ. પણ કુટુંબ મુંદ્રામાં જ રહ્યું. એ પછી તરત જ પિતાનું હૃદયરોગથી અવસાન થયું. આઠ વર્ષના જયંત અને કુટુંબની તમામ જવાબદારી મોટા ભાઈ શિવજીભાઈને ખભે આવી પડી. માતા જમનાબહેન બંને પુત્રો અને ત્રણ પુત્રીઓને લઈને પોતાના ભાઈ ખીમજીભાઈને ત્યાં ભુજ રહેવા આવ્યા. મામાએ પિતાની લાગણીથી બાળકોના જતનનું કાર્ય ઉપાડી લીધું.

ખત્રી કુટુંબનો વ્યવસાય રંગકામનો. રંગકામ કરનાર લોકોની વચ્ચે ખત્રી ઉછરતા રહ્યા. એમની સાથે રહેતા રહેતા જયંતને આર્થિક ભીંસમાં સબડતા મહેનતકશ લોકોનાં બાળકો સાથે મૈત્રી જામી. એક બાજુ બાંધણીના કસબની કલાત્મકતા તેમને આકર્ષતી રહી, તો બીજી બાજુ કારીગરોના રોજબરોજના જીવનનો પરિચય પણ તેમને સાંપડતો રહ્યો. બાળપણના આ પરિવેશમાં નીચલા સ્તરના જનસમૂહ તરફથી સહાનુભૂતિ અને સમાજવ્યવસ્થા તરફની કડવાશનાં બીજ બાળક જયંતમાં અંકુરિત થયા.

પછીથી ગુજરાતી સાહિત્યમાં, મિત્ર વર્તુળમાં ને સમાજમાં ચિંતનશીલ ને કંઈક અન્યમનસ્ક વ્યક્તિત્વ ધરાવનાર તરીકે જાણીતા થયેલા ખત્રીની આ વિલક્ષણતાઓ એમનામાં બાળપણથી જ પડેલી હતી. સ્વભાવ નાનપણથી જ અલગારી ને ધૂની. અંતરપટમાં સતત ચિંતન ચાલ્યા કરે. ઘરની શેરીઓમાં રમવાને બદલે શહેરની બહાર કાંટાળા બાવળ, આકડા અને ખેર-બેરની ઝાડી વચ્ચે, ખરા બપોરના તડકાની પરવા કર્યા વિના પથ્થરો ખૂંદવાનું ને ટેકરીઓ વચ્ચે રઝળવાનું તેમને ગમતું. એ હોલા, એ તેતર, એ ઊડતી ધૂળ, કેડી પર દોડ્યે જતા ઊંટો, એ લૂખી-સૂકી ધરતીમાંથી સાંત્વન અને ચેતન મેળવી ધૂળથી ખરડાવામાં તેમને મજા આવતી.

યુવાનીમાં સંયોગોની કેટલીક અનુકૂળતાઓ હોવા છતાં તેમણે ઓછામાં ઓછા પ્રવાસો ખેડ્યા. મુંબઈ જતાં-આવતાં સહજ રીતે પૂના-માથેરાનનું ભ્રમણ થતાં થતાં થઈ ગયું તે જ. તેમનો લગાવ વિવિધ કાર્યપ્રવૃત્તિઓમાં જ સ્થિર થતો રહ્યો. એક વાર નાવિકોના કાર્ય અર્થે દિલ્હી જવાનું થયું ત્યારે પણ જોવા જેવાં સ્થળો જોયા વિના જ તેઓ પાછા ફરેલા. મુંબઈમાં એમને એક અંગ્રેજ યુવાન એરિસ્ટોટલ સાથે દોસ્તી થયેલી. ખત્રી જ્યારે એમની સાથે મુંબઈની આસપાસના પ્રદેશોમાં પ્રવાસ કરતા ત્યારે વહેતાં ઝરણાં શોધી, કલાકો સુધી એમાં પગ પલાળતા બેસી રહેવાનું પસંદ કરતા.

ખત્રીના વડીલબંધુ શિવજીભાઈએ વ્યવસાય માટે મુંબઈ વસવાટ કર્યો. મુંબઈની કાપડ મિલમાં રહીને તેઓ વિવિંગ માસ્તર બનેલા. ૧૯૨૩માં જયંતે પણ મુંબઈ જઈને સપરિવાર વસવાટ આરંભ્યો. મુંબઈમાં જયંતે મિલોમાં પડતી હડતાળોને નિકટતાથી જોઈ-જાણી. કામદારોની વચ્ચે મોટા ભાઈને નિર્ભયતાથી ભમતા, રહેતા જોયા. ઉદ્યોગપતિઓ ને કામદારો વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવતા મોટા ભાઈનો ખત્રી પર પ્રભાવ પડ્યો. આવી એક હડતાળ પ્રસંગે ખત્રીએ શોષણખોરી વિરુધ્ધ **'હિંદુસ્તાન પ્રજામિત્ર' અઠવાડિકનું મુખચિત્ર દોરેલું,** જે સરકારે જપ્ત કરેલું. આમ, ચૌદ વર્ષની કિશોરવયે જ ખત્રીની લોકાભિમુખતા, કહો કે લોક પ્રત્યેની નિસ્બત સહજ રીતે આરંભાઈ, જે અવિરત રીતે વર્ધમાન થતી રહી.

ખત્રીનું પ્રાથમિક શિક્ષણ મુંદ્રામાં અને પછીથી ભુજની પાટવાડી સ્કૂલમાં થયું. માધ્યમિક શિક્ષણ મુંબઈની ન્યુ ભરડા હાઈસ્કૂલમાં. બકુલેશ પણ એ જ શાળામાં. બંનેની મૈત્રી અહીં જ આરંભાઈ. બકુલેશના ખુમારીસભર વ્યક્તિત્વના સાન્નિધ્યમાં જયંત ખત્રીનું સત્ત્વ સવિશેષ ખીલતું ગયું.

૧૯૨૮માં ખત્રી મેટ્રિક થયા. કૉલેજનું પ્રથમ વર્ષ પસાર કરી ઈજનેરી કૉલેજમાં એડમિશન લેવાની તેમની ઈચ્છા હતી. પણ એમાં મોડા પડવાથી નેશનલ મેડિકલ કૉલેજમાં દાખલ થઈ, ૧૯૩૫માં એલ.પી.સી.એસ. પાસ થયા.

કૉલેજકાળ દરમિયાન જ વ્યાખ્યાન દરમિયાન પોતાના અધ્યાપકો અને મિત્રોના ખત્રીએ દોરેલા સ્કેચ પરથી ભવિષ્યમાં થનાર રેખાંકનકારની શક્યતાઓ સૌને વરતાયેલી.

યુવાન ખત્રીમાં એક બાજુ માનવતાવાદી ડૉક્ટર પાંગરતો જતો હતો તો બીજી બાજુ ચિત્રકાર તરીકેની તેમની પ્રતિભા પણ વિકસતી જતી હતી. 'હિન્દુસ્તાન', 'પ્રજામિત્ર', 'નવચેતન' વગેરેમાં એમણે શોભનચિત્રો અંકિત કરવા માંડ્યાં. મોટા ભાઈની આર્થિક સંકડામણભરી સ્થિતિની વચાળે દિવાળી અંકોમાં દોરાયેલાં ચિત્રો ખત્રી માટે આશીર્વાદરૂપ બની રહ્યાં. પરીક્ષાઓના સમયગાળાની વચ્ચે પણ અમૃતા શેરગીલ કે અન્ય કોઈ પણ મોટા ચિત્રકારોનાં ચિત્ર પ્રદર્શનોમાં ખત્રી અચૂક ઉપસ્થિત રહેતા.

**ડૉ. મનુભાઈ પાંધી** નોંધે છે તેમ, હિન્દુસ્તાન-પ્રજામિત્ર એ ત્યારના સમયમાં પ્રગતિશીલોનો અડ્ડો. બકુલેશ અને જયંતને એ જગામાં ઉદ્દામવાદી સાહિત્યની સોબત મળી. માર્ક્સ અને ફ્રોઇડનું વાંચન થયું અને એમની રુચિ સંકોરાઈ. ખત્રી પોતે જ કહે છે તેમ, એ ત્યારથી 'સમજણા' થયા. બંડખોર માનસને વ્યક્ત કરવા મથતા જયંતે ઉદ્દામવાદી જૂથની સાથે ભૂગર્ભમાં રહીને એક ગોરા અફસરની **મોટર ગૅરેજમાંથી જ આઝાદીની પ્રેરણા આપતી પત્રિકાઓનું પ્રકાશન કરેલું.**

કચ્છના મોરજર ગામમાં બચુબહેન સાથે એમનું પ્રથમ લગ્ન થયેલું. પત્ની સાથે તેમને ખૂબ લગાવ હતો. કાન્તકૃત 'ચક્રવાર મિથુન'ની યાદ અપાવે એવો એક પત્ર ખત્રીએ પત્નીને લખેલો. પત્ની પ્રત્યેનો અનર્ગળ પ્રેમ વ્યક્ત કરતાં ખત્રીએ જણાવેલું : 'જ્યાં વિયોગ ન હોય, હતાશ હૃદયના ઊના નિઃશ્વાસ ન હોય ત્યાં હું અને તું ચાલ્યા જઈએ. જ્યાં નભ અને ભૂ નું દિવ્ય, પવિત્ર, અમર મિલન જામતું હોય ત્યાં...'

ખત્રી જેમને અનહદ ચાહતા હતા એ પત્નીનું મૃત્યુ થતાં મૃત્યુન્મુખ પત્નીની અંતિમ ઈચ્છા પ્રમાણે ખત્રીએ એમની નાની બહેન ઝવેર સાથે બીજું લગ્ન કર્યું. પ્રથમ પત્નીના વિયોગનું પારાવાર દુઃખ ખત્રીની નોંધપોથીના ટાંચણોમાં અભિવ્યક્તિ પામ્યું છે. ખત્રીના મિત્રોનું માનવું હતું કે ખત્રી કોઈ ક્રાંતિકારી લગ્ન કરશે. પણ ખત્રીએ તેવું ન કરતાં પત્નીની બહેનને પસંદ કરવાનું કારણ એ જ હતું કે ઝવેરમાં મોટી બહેન બચુના ઘણા અંશો ખત્રીએ જોયા. પત્ની પ્રત્યેના સૂક્ષ્મ લગાવે જ જયંતને પત્નીને આ પ્રકારની અંજલિ અર્પવા પ્રેર્યા.

કૉલેજકાળ દરમિયાન ખત્રીએ કાવ્યો પણ લખેલાં. એમાંનું એક કાવ્ય એમણે બળવંતરાય ઠાકોરને જોવા આપેલું. ઠાકોરે એ એટલું તો સુધાર્યું કે મૂળ કાવ્ય શોધ્યું ન જડે. ત્યારથી એમણે કાવ્યો લખવાના બંધ કર્યા. એ ગાળામાં મુંબઈમાં વાર્તાવર્તુળની બેઠક થતી. ખત્રી એમાં ઉપસ્થિત રહેલા. ત્યારે કોઈએ 'આ બેઠક વાર્તાકારો માટે છે' એવી ટકોર કરી. ખત્રીએ આ પડકાર ઝીલી લઈને **'વર્ષાની વાદળી' નામક વાર્તા રચીને વાર્તાકાર તરીકે પોતાનો પ્રથમ પરિચય કરાવ્યો.**

ખત્રીના જીવનમાં આવો જ એક બીજો સીમાચિહ્નરૂપ બનાવ બનેલો. કોઈ એક પત્રકારે સુપ્રસિદ્ધ સંગીતકાર બડે ગુલામ અલી ખાં સાથે મુલાકાત માટે સમય લીધેલો. પણ સંયોગવશાત એમનાથી મુલાકાત લેવા જઈ ન શકાયું. આથી આ ભાર ખત્રી પર નાખવામાં આવ્યો. ખત્રીએ રાત જાગીને આવા વિખ્યાત સંગીતકારની મુલાકાત લેવા તૈયારી આદરી. ને મુલાકાત થઈ પણ ખરી. પણ તેનું સુપરિણામ એ આવ્યું કે ખત્રીને સંગીતમાં ખરેખર રસ જાગ્યો. સંગીતનો વિધિવત્ અભ્યાસ પણ તેમણે આદરી લીધો ને દિલરૂબાને પ્રિય વાજિંત્ર તરીકે તેમણે અપનાવ્યું.

ડૉ. મનુભાઈએ નોંધેલી વિગત મુજબ, ખત્રીના મુંબઈ વસવાટ દરમિયાન એમને લેખકો, કલાકારો અને રાજકીય પુરુષોનો સારો સમાગમ થયો. પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન, ફિલ્મ જર્નાલિસ્ટ એસોસિએશનના સભ્ય તરીકે બકુલેશ અને ખત્રી બુદ્ધિજીવીઓમાં ખ્યાતિ પામ્યા.

ખત્રીએ મુંબઈમાં બે દવાખાના ચલાવ્યા. કરી રોડ પર નટેસિંગની સાથે અને માટુંગામાં ડૉ. સ્માર્ત સાથે. તેમની પ્રેક્ટિસ એકંદરે જામી ગયેલી. પણ તેમનું મન કચ્છ ભણી લાગ્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ આ સંદર્ભે ઉચિત રીતે નોંધ્યું છે તેમ, 'આ કહેવાતા સુધારેલા સમાજમાં એ પોતાની જાતને સંડોવી શક્યા નહીં... દરિયા કિનારાના ખુલ્લા એકાંતમાં એમને પોતાનું જગત દૂરથી દેખાયા કરતું – ક્યારેક સ્મૃતિમાં, ક્યારેક કલ્પનામાં. એ માત્ર મનોરાજ્ય ન હતું. રચનાવૃત્તિની ઉત્સુકતા પણ એમાં હતી. વતનની તપ્ત ભૂમિ પર સુખી અને સ્વસ્થ સમાજનું એમને દર્શન કરવું હતું. ઉપરાંત, ડૉ. ખત્રી કુદરતી થવા માંગતા હતા. નિસર્ગના નિર્ભેળ સાન્નિધ્યમાં જ આત્મધ્વનિ વિશ્વધ્વનિ બની શકશે એવું એમના મનમાં ઠસી ગયું હતું. તેથી મુંબઈ છોડીને તેમણે કચ્છ આવવાનું નક્કી કર્યું.

રઘુવીરનાં વિધાનને ટેકો આપતું ખત્રીનું આવું ટાંચણ પણ મળે જ છે : 'મને બહુ મોડું ભાન થયું કે મારું સ્થાન આ કહેવાતા સુધરેલા જગતમાં નથી. હું કુદરતનો બાળ છું.

સંધ્યાના એકાંતમાં તેજ ઢળતા હોય, લાલ-લાલ મોતીમાં તૂટી પડતા સાગરના મોતી માતૃભૂમિના જાણે પાપ ધોઈ રહ્યાં હોય ત્યારે પશ્ચિમમાં અંધાર ઘેરાય છે. ગહનતા, ઊંડાણ, શાંતિ વધારે ગંભીર બને છે ત્યારે જાણે મારો આત્માનો ધ્વનિ એ વિશ્વધ્વનિ સાથે ડોલન કરતો, તાલ કરતો લાગે છે. એક પડખે પડ્યો પડ્યો હું મારા આત્મનિમજ્જનમાં અનુભવું છું કે નક્કી આ જ મારું પુણ્યધામ હોય જ્યાં મારા હૃદયની દીવડી ઉલ્લાસ પાથરતી મારી બાજુમાં જ મારા માર્ગને પ્રકાશિત કરતી હોય!' (તા. ૨૪-૧૦-૧૯૩૧ની નોંધ)

૧૯૪૨માં ખત્રી ફરીથી માંડવી આવ્યા અને બાકીની જિંદગી તેમણે માંડવીને અર્પણ કરી. વિવિધક્ષેત્રે માંડવીની સેવા કરી.

ડૉક્ટર તરીકે તેમણે ખૂબ નામના મેળવી. કચ્છમાં મેલેરિયાનો ઉપદ્રવ થયો ત્યારે મુશ્કેલીમાં મૂકાયેલા લોકોની તેમણે આગેવાની લીધેલી. અંજારના ધરતીકંપ વખતે પણ સૌથી પહેલી તબીબ ટુકડી ખત્રીની પહોંચેલી. માંડવીમાં ક્ષયની સારવાર અર્થે ક્ષય-નિવારણ સંઘની સ્થાપના કરવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવેલી. એ સંસ્થામાં તેમણે માનદ્ સેવાઓ પણ આપેલી. **સંસ્થા માટે ફાળો એકઠો કરવા એમણે 'મંગલ પાંડે' નાટક લખ્યું,** જે સફળ રીતે ભજવાયું.

ડૉક્ટરની જિંદગીને અનુભવીને તે સમજી ચૂકેલા ડૉ. ખત્રીએ એકવાર મિત્રોમાં કહેલું, 'કોઈ ડૉક્ટર, રાત્રે દસ-અગિયાર વાગે ઘેર નિરાંતનો શ્વાસ લઈને જમવા બેસે છે ત્યારે અથવા રાત્રે ભરઊંઘમાં હોય ત્યારે ટેલિફોનની ઘંટડી સાંભળીને ધ્રુજી ઊઠે છે... એના દર્દીઓ એના પર લાગણી પાથરતા હોય, કોઈ સભામાં એનાં ભારોભાર વખાણ થતા હોય ત્યારે એના ઘેર સતત અસંતોષમાં જીવતી એની પત્નીનાં કડવાં વેણ સહેવા એને પ્રયત્નપૂર્વક પોતાના મિજાજને કાબૂમાં રાખવો પડતો હોય છે.

વ્યવસાયની આવી મુશ્કેલીઓની વચ્ચે પણ ખત્રીએ હંમેશાં વ્યવસાયને પરમ સ્વધર્મ માન્યો. વર્ષોના વ્યવસાયિક અનુભવને એક મિશન તરીકે રજૂ કરતાં ખત્રીએ પોતાની નોંધપોથીમાં લખ્યું : 'દર્દીઓ અને દર્દની વચ્ચે રહેતી વ્યથામાં અનેક પરિસ્થિતિઓ ડોકિયાં કરતી હોય છે. વ્યક્તિ જ્યારે રોગગ્રસ્ત બને છે ત્યારે એની સહનશક્તિ અને ધીરજ કસોટીએ ચઢે છે. ત્યારે એની સારવાર કરતાં ડૉક્ટર એના બધાં સંબંધીઓથીય નજીક પહોંચી શકે છે. એ ક્ષણે બંને વચ્ચેના ધંધાદારી સંબંધો નાશ પામે છે અને માનવીય સંબંધો બંધાય છે, જે ચિરંજીવ રહે છે.'

તબીબ તરીકે પોતાની કારકિર્દીની જમાવટ કર્યા પછી ખત્રીએ **રાજકીય ક્ષેત્રે ઝંપલાવ્યું.** ૧૯૪૮ના કચ્છી પ્રજાકીય પરિષદના વિલીનીકરણ અધિવેશનમાં એ ઝળક્યા. ૧૯૫૧માં માંડવી મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં જ્વલંત વિજય મેળવ્યો. વિરોધપક્ષની સ્થાપના કરીને એના નેતા બન્યા. રાજકારણને કારકિર્દીનું સાધન બનાવ્યા સિવાય એમણે ધંધાદારી રાજકારણ સામે પ્રજાકારણનું વ્યાપક બળ ઊભું કર્યું. ૧૯૫૨માં ભારતની પ્રથમ ચૂંટણીમાં એમણે ભારતના સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને **કચ્છના વિશ્વવિખ્યાત સપૂત પ્રો. કે.ટી. શાહ**ને કચ્છમાંથી ચૂંટણી લડવા માટે સમજાવ્યા. કચ્છને લોકશાહીનું સમર્થ શિક્ષણ પ્રો. કે.ટી. શાહે આપ્યું અને શ્રી ખત્રી જનતાના સન્માનનીય નેતા બન્યા. ૧૯૫૪થી ૧૯૬૦ સુધી તેમણે માંડવી નગરપાલિકાનું ઉપપ્રમુખપદ સંભાળ્યું. તેમણે સામંતશાહી અને પુંજીવાદના પ્રખર વિરોધી તરીકે નામના મેળવી.

કોઈપણ પ્રકારની ચૂંટણી હોય, ખત્રીએ એ દરેકમાં પ્રજાને સ્વસ્થ નેતૃત્વ પૂરું પાડ્યું. એમની વાણીમાં રહેલી સચ્ચાઇ સૌને અપીલ કરી શકતી. સંગઠન શક્તિના બળે એમણે વિરોધપક્ષને સંગઠિત રાખ્યો.

ખલાસીઓના પ્રશ્નોમાં એ ખૂબ જ ઊંડા ઊતરેલા. શ્રી ચંદ્રશંકર બુચ 'સુકાની' સાથે એને લીધે જ એમની મુલાકાત મૈત્રીમાં પરિણમી. શ્રી બુચે માંડવીની મુલાકાત લીધા પછી ખત્રીને ખલાસીઓનું મંડળ સ્થાપવાની ઇચ્છા જાગી. મામદ માલમ અને કરશન માલમે આ પ્રવૃત્તિ ઉપાડી. ખાબવો, ભડાલા અને વાઘેર કોમના ખારવાઓને તેમણે એકઠા કર્યા. કન્વીનર્સ નિમી, સભા બોલાવી. સભામાં ત્રણસો વ્યક્તિ હાજર રહી. એ સભામાં જ કચ્છ નાવિક મંડળ સ્થાપવાનો બંધારણ કમિટી અને ઍડહોક કારોબારી નીમવાનો નિર્ણય લેવાયો.

આ પ્રવૃત્તિને રાજકીય રંગ ન મળે એ માટે ખત્રીએ છાપામાં જાહેરખબર ન આપી. ઉચિત રીતે એનો પ્રચાર થાય એમાં જ ખત્રીને રસ હતો. વિશ્વયુદ્ધમાં ડૂબેલાં વહાણોની ઝીણી માહિતી એકઠી કરી એમાં ડૂબી ગયેલા કે નુકસાની પામેલા ખલાસીઓને વળતર આપવા અંગે તેઓ ખૂબ યત્નશીલ રહેલા. શ્રી 'સુકાની'એ સરકારી અફસર તરીકે પહેલીવાર નિકટનો લોકસંપર્ક સાધ્યો તે બદલ ખત્રીએ તેમના પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા પ્રગટ કરેલી.

**ખત્રીમાં બે વ્યક્તિત્વની હંમેશાં સહોપસ્થિતિ રહી. વ્યક્તિ ખત્રી અને સર્જક ખત્રી.** બંને વ્યક્તિત્વોની ઊંચાઈની જાણે સમાંતરે હોડ ચાલતી રહી. સર્જક ખત્રીને લાગુ પડતાં કેટલાંક લક્ષણો વ્યક્તિ ખત્રીનાં તેમનાં પાસાંને પણ સતત ઉજાગર કરતા રહ્યા.

આરંભે ચિત્રકાર તરીકે અભિવ્યક્ત થતા રહેલા ખત્રીને

પછીથી એક વાર શ્રી અમૃતલાલ યાજ્ઞિકે પૂછેલું, 'ચિત્રકારમાંથી વાર્તાકાર તરીકે તમારું રૂપાંતર કેમ થયું?' ખત્રીનો ઉત્તર હતો, 'હું તો ચિત્રકાર હતો. વાર્તાકાર થઈશ એવું કલ્પ્યું પણ નહોતું. મારામાં એવી શક્તિ હોવા વિશે પણ મને શંકા હતી. 'બકુલેશ' મને અવારનવાર એ અંગે ઢંઢોળતા રહેતા. પણ હું માનતો નહોતો. એકવાર 'બકુલેશે' મને મોપાંસાની વાર્તાઓનો સંગ્રહ આપ્યો ને એ વાંચીને મારામાં વાર્તાકારની વૃત્તિ જાગૃત થઈ. વાર્તાનું શિલ્પ મને મોપાંસાએ પૂરું પાડ્યું.'

'બકુલેશ' પ્રત્યેનું આ અંગેનું ઋણ ખત્રીએ એક વિશેષ પ્રસંગે અદા કર્યું. આઈ.પી. નામની મુંબઈની એક પ્રકાશન સંસ્થાએ ગુજરાતી શ્રેષ્ઠ વાર્તાઓનો સંગ્રહ કરવાનું ઠરાવ્યું. તેનું સંપાદનકાર્ય શ્રી ગુલાબદાસ બ્રોકરને સોંપાયું. જેમનું પુસ્તક હજુ પ્રગટ થયું નહોતું એવા ખત્રીની વાર્તા આ સંગ્રહ માટે પસંદ કરવામાં આવી. 'બકુલેશે' આ પસંદગી સાથે વાંધો લીધો. આ વિશે બ્રોકરનો અભિપ્રાય પૂછવામાં આવતાં તેમણે કહ્યું, 'મને ખત્રીના વાર્તા નવપ્રસ્થાન કરતી વાર્તાઓમાં અનોખી ભાત પાડતી લાગી હોઈ, તેમની વાર્તા પસંદ કરી છે. તેમની સંમતિ પણ મળી ગઈ છે.' 'બકુલેશે' તાર કરીને ખત્રીને બધી વિગત જણાવતાં ખત્રીએ તરત જ વાર્તા પાછી ખેંચી લીધી. પછીથી અમૃતલાલ યાજ્ઞિકને આ અંગે મોકળા મનથી પ્રતિભાવ આપતાં કહેલું, : 'વાર્તાક્ષેત્રમાં મને પ્રવેશ કરાવનાર 'બકુલેશ' હતા. તેથી મારી વાર્તાના પ્રકાશનથી તેમને દુઃખ થતું હોય તો મારે માટે એ મિત્ર ખાતર સાહિત્ય પ્રતિષ્ઠા જતી કરવી જોઈએ એમ મને લાગ્યું. એમની મૈત્રીને અતિક્રમવાની મારી તૈયારી નહોતી. સાહિત્યિક પ્રતિષ્ઠા કરતાં મારે મન મિત્રતાનું મૂલ્ય વધારે છે. મિત્ર તરીકે તેમણે મને એટલો ચાહ્યો છે કે હું એ જીવનભર ન ભૂલી શકું.'

ખત્રીના શીલને ઉજાગર કરતો આવો જ એક બીજો પ્રસંગ પણ નોંધપાત્ર છે. એકવાર ખત્રીના એક મિત્રે સુરેશ જોશી કૃત 'ગૃહપ્રવેશ' પ્રગટ થયા પછી ખત્રીને પૂછેલું : 'સુરેશ જોશીએ તમારી વાર્તા 'કૃષ્ણજન્મ' વાંચી છે?' ખત્રીએ પોતાને એ વાતનો ખ્યાલ ન હોવાનું જણાવ્યું. ખત્રીએ કહ્યું, 'પણ તેનું શું છે?' મિત્રે કહ્યું : 'જો સુરેશભાઈની વાર્તા તમારી વાર્તા પછી લખાઈ હોય તો એમણે તમારો ઋણસ્વીકાર કરવો જ રહ્યો. અને ધારો કે એ માત્ર યોગાનુયોગ હોય તો એમણે ગુજરાતી વાર્તા વિશે અભિપ્રાય આપવાનો અધિકાર નથી.' મિત્રની આ વાત સાંભળીને ગરમ થઈને ખત્રીએ કહેલું : 'મને ન વાંચ્યો હોય તેમને કશું બોલવાનો અધિકાર નથી એવું માનવા જેટલો હું ઘમંડી નથી જ. સાહિત્યમાં મારું પ્રદાન કેટલું અલ્પ છે?' જોઈ શકાય છે કે સાહિત્ય જગતમાં ઉપરના આસનના અધિકારી હોવા છતાં ખત્રી એનાથી કેટલા અસ્પૃશ્ય હતા.

ચિત્રકાર, વાર્તાકાર, તબીબ, રાજનીતિજ્ઞ એવા ખત્રીમાં મૂળેથી તો એક ચિંતક, કહો કે શોધક શ્વસતો હતો. આ અંગે ખત્રીએ પોતે નોંધ્યું છે તેમ, 'હું સમજણો થયો એટલે કે મારી જાતને વત્તે-ઓછે અંશે હું સમજવા લાગ્યો ત્યારથી જ મને ઊંડે ઊંડે થયા કરતું કે એક ચોક્કસ પ્રકારનો વિષાદ મારા વ્યક્તિત્વનાં અનેક પાસાંઓમાંનું એક પાસું હતું. અને હવે દૃષ્ટિ જ્યારે બદલાઈ હતી — અને બદલવાની ક્રિયાનું સાતત્ય જ્યારે જળવાઈ રહ્યું છે - ત્યારે આ વિષાદને ચોક્કસ આકારમાં જોઈ શકતો હતો. જેમ આ હાથપગને મારા તરીકે ઓળખી શકું એમ આ વિષાદને મારા તરીકે હવે હું પારખી શકતો હતો.'

આ વિષાદ તેમના જીવનનો 'સા' હતો. પણ જોઈ શકાય છે કે એ વિષાદ કોઈ સ્થુળ વિષાદ ન હતો. એની પછવાડે કોઈ અનામ તત્ત્વને પામવાની ઝંખના હતી. આ ઝંખનામાંથી જ તેમનું ચિંતન પ્રગટતું - પ્રસરતું રહ્યું. ૧૯૩૧ના એક પત્રમાં તેમણે લખ્યું : 'મહિનાઓ નહીં, પણ કેટલાક વર્ષો થયાં. ક્યારેક ક્યારેક એકાંતમાં એ અવાજ સચોટ અને શુદ્ધ સંભળાય છે. આત્માની એ ધગશ ઘણી વખત ઇન્દ્રિયોની અસર ભેદી, બળવો ઉઠાવે છે અને આ દુનિયાના વાતાવરણથી પર એવું દર્શન થઈ જાય છે.'

આ દર્શનના ઝબકારમાં ખત્રીનું વૈચારિક વ્યક્તિત્વ વિકસતું રહ્યું. તેમની વિચારસરણીમાં પણ સતત એનું પ્રતિબિંબ પડતું રહ્યું. પ્રગતિશીલતાની ખત્રીની વ્યાખ્યા જોતાં એનો પરિચય થાય છે. ખત્રી નોંધે છે : 'વર્ષોથી સડો પામતો ધર્મ, સામાજિક રૂઢીઓ, માન્યતાઓ, વિચારો અને પૂર્વગ્રહના ઉકરડા પરથી ઊઠતા અને ધૂંધવતા ધૂમ્રના પરદાને માનવીની નજર ભેદી શકતી નથી. એનાથી દૂર કુમળા પ્રભાતનાં બાળકિરણોને જે જોઈ શકે એ પ્રગતિશીલ દૃષ્ટિ. જે માનવીને માનવ તરીકે જોવા મથે ને એનું વાસ્તવિક મૂલ્યાંકન કરે તે પ્રગતિશીલ.' આ સંદર્ભે શ્રી રમણિકલાલ દેસાઈકૃત નવલકથા 'પૂર્ણિમા'નું ઉદાહરણ ટાંકતાં ખત્રીએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહેલું તેમ, અહીં આલેખાયેલ નારીને વેશ્યા કહી ન શકાય. કોઈ સાહિત્યકારે વેશ્યાને આલેખવી હોય તો એને નફ્ફટ ચીતરવી પડે. પણ એ વાસ્તવિક્તાની લગોલગ એના દિલમાં પડેલી ઉદારતાને, કોમળ લાગણીઓને એ પિછાને તો એ પ્રગતિશીલ સર્જક ગણાય.

બીજા એક પત્રમાં ખત્રીએ પોતાના ચિંતનશીલ વ્યક્તિત્વનો પરિચય આપતાં નોંધ્યું છે : 'હાલના ચિંતનમાં અસ્તિત્વ મેળવતી ક્ષણનું મહત્ત્વ વધી ગયું છે. ભૂતકાળના વારસાને અને ભવિષ્યના આયોજનને કોઈ લક્ષમાં લેવા તૈયાર

નથી. હું આ ચિંતન સાથે સંમત નથી. હું માનું છું કે વર્તમાન ક્ષણનું કોઈ અસ્તિત્વ જ નથી. અથવા, જ્યાં ભૂતકાળનો અનુભવ પૂરો થાય છે, ત્યાં તે જ બિંદુ પર ભવિષ્યનું આયોજન શરૂ થાય છે. એ વર્તમાન ક્ષણ ભૂત અને ભવિષ્ય પર અવલંબિત છે. વર્તમાનનું જીવન એવું પરાવલંબી છે. હું વર્તમાનને મહત્ત્વ આપતો નથી.'

ખત્રીના લગભગ નિકટના સમયના બંગાળના સમર્થ સર્જક શ્રી વિભૂતિભૂષણ બંદોપાધ્યાયે શ્રી દિલીપકુમાર રોય પરના એક પત્રમાં લખેલું, 'હું નાના કસબાઓમાં વિશેષ રહ્યો છું. ત્યાંના રહેવાસ દરમિયાન મેં જોયું છે કે જીવનનું પૂર્ણ સત્ય કહેવાતા મોટા લોકોને બદલે નાના લોકોને વિશેષપણે પ્રાપ્ત થાય છે. નાના વોંકળાનું પાણી સમુદ્રને મળે એવી રીતે.' શ્રી વિભૂતિભૂષણએ આ વિચારધારાને અનુલક્ષીને 'આદર્શ હિન્દુ હોટલ' નવલનું સર્જન કર્યું છે. ડૉ. ખત્રીએ પણ આ જ વિચારને અનુમોદતાં નોંધ્યું છે, 'હું નાના લોકો વચ્ચે મોટો થયો છું. એમની પાસેથી બિરાદરી અને ઝિંદાદિલી મળી છે એવી હજી મને બીજેથી મળી નથી. જુઓ, મેં મારા જીવનમાં ચિંતન અને વર્તન વચ્ચે ઓછામાં ઓછું ઘર્ષણ થવા દીધું છે. એટલે જ કોઈક વિશિષ્ટ અને અણિશુદ્ધ દૃષ્ટિ જાળવી શક્યો છું. એ ખાસિયત મેં ઘણા નાના લોકો પાસેથી મેળવી છે. રુક્ષ, નિષ્પ્રાણ જીવનની આરપાર હું જીવનસત્ત્વ - સૌંદર્યનું દર્શન પામવા મથતો રહું છું. આ બધું, નાના લોકોની વચ્ચે રહીને મેળવ્યું છે.'

જોઈ શકાય છે કે તબીબ તરીકે, સર્જક તરીકે, નેતા તરીકે સતત કાર્યરત રહેલા ખત્રીનું આંતરજગત સાવ નિરાળું છે.આ આગવાપણાએ કરીને જ કૅન્સર જેવા રોગથી ગ્રસ્ત થવા છતાં ખત્રી અંદરથી સ્વસ્થ રહ્યા છે. આવા રોગની એક તબીબ તરીકે તરત જ તેમને જાણ થઈ ત્યારે પણ તેઓએ મૃત્યુને સત્કારવાનો આરંભ કરી દીધો. વૃદ્ધિ પામતા જતા રોગની વચ્ચે પણ તેઓ મિત્રો સાથે મધરાત સુધી જાગીને સાહિત્યચર્ચા કરતા, અવિરત પત્રો લખતા, એ ગાળામાં પણ ક્યારેય તેમણે આંસુ સાર્યા નહીં, ઈશ્વરને યાદ કર્યો નહીં, જીવન માટે વલખાં માર્યા નહીં. તેમના પરમ મિત્ર અને સાહિત્યકાર ડૉ. મનુભાઈ પાંધી નોંધે છે તેમ, ખત્રીની માંદગી વિશે જાણીને કોઈ ખબર પૂછવા આવે તો ખત્રી એને જોઇને સામેથી જ પૂછે, 'આવો કેમ છો?' ને આવનાર ડઘાઈ જાય. એમણે અંતિમ દિવસોમાં પોતાના પુત્રો જિતેન્દ્ર અને કીર્તિને પાસે બેસાડીને કહેલું, 'Cowards are die many times before their death, my son!'

છેલ્લા દિવસોમાં તેમણે અમૃતલાલ યાજ્ઞિકને પણ કહેલું, 'ચાર-પાંચ મહિના જીવવાનું હોય તો આ સમય દરમિયાન મારે માટે તેમજ કુટુંબ માટે પ્રફુલ્લિત શા માટે ન રહેવું? રડવાથી કે દુઃખ પામવાથી જીવનની આયુષ્યદોરી થોડી વધારે ટકવાની છે? મારે હસતા-હસતા જ આ રીતે જીવવું છે.'

કૅન્સર જેવા રોગની વચાળે, જીવનદીપ ઓલવાઈ રહ્યો હતો ત્યારે પણ એમણે સંયુક્ત સમાજવાદી નેતા ફર્નાન્ડિસ સાથે મુલાકાત ગોઠવેલી. ઉઠાતું પણ નહોતું છતાં માંડવીથી દૂર એક પુલ પાસેની અર્ધરાત્રિની મુલાકાત પછી તેઓ ઝાઝું ન જીવ્યા.

**વાર્તાકાર ખત્રી પાસેથી ગુજરાતને કુલ એકતાળીસ વાર્તાઓ સાંપડી છે.** 'ફોરાં', 'વહેતા ઝરણાં' અને 'ખરા બપોર' નામના સંગ્રહોમાં સચવાઈ છે. જુદાજુદા સામાયિકોમાં પ્રગટ થઈ ગયેલી પરંતુ ગ્રંથસ્થ નહીં થયેલી એવી આઠ જેટલી વાર્તાઓ પણ હવે પછી ગ્રંથસ્થ થવામાં છે.

વાર્તા ઉપરાંત ચૌદ પ્રકરણોમાં અપૂર્ણ રહેલી નવલકથા 'ચમારચાલ', એક એકાંકી, એક એકોક્તિ, એકાદ-બે રેડિયો વાર્તાલાપો, થોડા પત્રો, બે-ત્રણ લેખો, એક ઇન્ટરવ્યૂ પણ ખત્રીએ આપેલાં છે. અલબત્ત, એમની વાર્તાઓ સિવાયની લેખનપ્રવૃત્તિ કોઈ ને કોઈ નિમિત્તે થઈ છે, નહીં કે આંતરિક જરૂરિયાતથી પ્રેરાઇને. ગુજરાતી સાહિત્યમાં ખત્રી ઓળખાયા તો છે વાર્તાકાર તરીકે જ.

ખત્રીની વાર્તાઓ એના કથયિતવ્ય, એના અભિગમ, એમાં નિરૂપાયેલાં પાત્રો, એમનો જૈવિક આવેગ, સામાન્ય માણસનું થતું શોષણ જેવા ઘટકતત્ત્વોથી આગવી મુદ્રા ધારણ કરે છે. ખત્રીની વાર્તાઓમાં ઊડીને આંખે વળગે તેવું તત્ત્વ છે વતન કચ્છનો પરિવેશ. વતનને અનહદ ચાહતા ખત્રીએ કવિ મિત્ર 'સ્વપ્નસ્થ'ને લખ્યું છે :

'હું મુંબઈ નહીં આવું — આ સ્થળ છોડીને ક્યાંય નહીં જાઉં. આ ધરતીના ટુકડા સાથે મને લગાવ છે. એ માટીના ખોળામાંથી મારું ઘડતર થયું છે. એ જ્યાંથી મને મળ્યા છે ત્યાં જ મારે પરત કરવા છે, જેથી કશી બાદબાકી ન થાય. માત્ર સ્મૃતિનું સાહિત્ય જળવાઈ રહે.' જીવનમાં પોતાના પ્રદેશને આટલું ચાહતા ખત્રીએ વાર્તામાં પણ એનું એટલું જ મૂલ્ય કર્યું. એમણે અન્યત્ર લખ્યું છે : 'I am terribly attached to my place and my people, as well I can say : 'people of this place are terribly attached with Jayant Khatri.'

વાર્તાકાર જયંત ખત્રીના વાર્તાસર્જનને અહીં ઉલ્લેખેલ સંદર્ભોથી જોતાં ઉચિત રીતે જ ડૉ. ધીરેન્દ્ર મહેતાએ એમને 'વાર્તાલેખક તરીકે ધૂમકેતુ કરતાં સુન્દરમ્ - ઉમાશંકરની વિશેષ નજીક' ગણ્યા છે ને ઉમેર્યું છે : ડૉ. ખત્રીનો વાર્તાકાર તરીકે

થવો જોઈતો સ્વીકાર મોડો થયો એનું કારણ એની કૃતિઓમાં નક્કી થયેલા દૃષ્ટિકોણમાં રહેલી આ પ્રકારની અભિનવતા પણ છે.'

આવા વિરલ પ્રતિભાશાળી સર્જકે ૧૯૬૮ની ૨૪મી જૂને સાંજે અંતિમ વિદાય લીધી. તેમને ઉચિત અંજલિ આપતાં રસિક ઝવેરીએ નોંધ્યું : 'ખત્રી જેવા આપ્તરંગી માણસો જીવનમાં મેં બહુ ઓછા જોયા - અનુભવ્યા છે. જાણે એ આ દુનિયાનો આદમી જ નહિ. એની ક્ષિતિજ, સાગર અને આસમાન સાથે મળતી દુન્વયી રેખા કરતાંય જાણે જોજનો વિશાળ હતી.'

સમગ્ર જીવન દરમિયાન ખત્રીએ સૌને એકસરખા ચાહ્યા. મોટા ભાઈ, પત્ની, કુટુંબ, મિત્રો, દર્દીઓ, નાવિકો, સૌને. આ અર્થમાં ખત્રી જીવનનિષ્ઠ, ગીતાકથિત સ્વધર્માચરણરત મનુષ્ય સાબિત થયા. ૧૯૩૧માં ૨૩ વર્ષની ઉંમરે એમણે કુદરતનો અવાજ સાંભળેલો. એ પછી છેક જીવનના અંત ભાગમાં એમણે અરવિંદ ફોફલિયાને લખ્યું :

'હું આત્મા, પરમાત્મા, આ ભવ, પરભવમાં ન પણ માનતો હોઉં, તોય હું વર્તુ કેમ છું — 'મને મૃત્યુનો ભય નથી; એટલું જ માત્ર નહીં, એને એક સાહજિક ક્રિયા તરીકે હું આવરી રહ્યો છું. હું સંપૂર્ણપણે સ્વસ્થ છું. મેં મારી જાતને નહીં, પરને ચાહ્યા છે. **આ સંચાલનના ભેદ જાણવા માટે મેં હાડમાંસ નિચોવ્યાં છે. એને તું આત્માની શોધ કહે તો મને વાંધો નથી. મેં મને ઓળખવા સત્યની શોધ કરી છે** અને અંતે જે ધર્મ મારફત પામવાની ઇચ્છા કરો છો, ઉપદેશ કરો છો તે અંશતઃ હું પામી શક્યો છું.' ભારતીય દર્શન જેને 'સમાધાન' તરીકે ઓળખે છે તે તત્ત્વ ખત્રી જીવન જીવતાં-જીવતાં પામી શક્યાનું આ વિધાન પરથી પામી શકાય છે.

ડૉ. ધીરેન્દ્ર મહેતાએ ખત્રીનું અંતિમ મૂલ્યાંકન કરતાં યથાર્થ રીતે નોંધ્યું તેમ, 'જીવનને તેના સમગ્ર સ્વરૂપે (પરંતુ નિશ્ચિત દૃષ્ટિબિંદુએથી) ખત્રીએ જોયું અને તેના વિશે પોતાના વિચારોને વ્યવહારથી અળગા ન રાખ્યા. સફળતા - નિષ્ફળતાને ક્ષુલ્લક ગણી, કોઈ પ્રલોભનને દિશાચૂક ન કરવા દીધી.'

આવા સમર્થ વ્યક્તિત્વની અક્ષરતાને સ્વીકારતાં ખત્રીના સમર્થ ઉત્તરાધિકારી વનુભાઈ પાંધીએ લખ્યું :

'પીપળા પર પાનખરના વાન ગોગના પીળા રંગના ફલક પર વસંતની નવજાત કૂંપળો દોરનાર ડૉ. ખત્રીના અવસાનની નહીં પણ જન્મની ગુજરાતે નોંધ લેવી ઘટે.'

*પેરિસ બેકની પાસેનું એપાર્ટમેન્ટ,*
*ન્યુ મિન્ટ રોડ, નાગર ચકલા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૦૯૯૦ ૧૭૫૫૯*

## છિદ્ર વિનાની નાવ જ તારે છે

રાણી મદાલસા સૌરાષ્ટ્રમાં એક સંત અને પૂજનીય વ્યક્તિત્વ હતા. એમનું આધ્યાત્મિક જ્ઞાન ઉચ્ચ સ્તરનું હતું — અંતે તેઓ 'સતી મદાલસા' તરીકે ઇતિહાસમાં નોંધનીય સ્થાન પામ્યાં છે...

રાણી મદાલસાને ત્રણ પુત્રો હતા. પ્રથમ અને બીજા નંબરના બે ભક્ત હતા અને રાજમહેલમાં રહેતા હતા પણ તપ - વ્રત - ઉપવાસ - દેવદર્શન વગેરે દ્વારા સંત જેવું જ જીવન જીવતા હતા.

એકવાર રાણી મદાલસાએ ત્રણે પુત્રોને બોલાવ્યા. પહેલા અને બીજાને રાજમહેલ છોડી વનમાં કઠોર તપ માટે મોકલી દીધા અને ત્રીજા નાનાને રાજ્ય કારભારની તાલીમ માટે પડોશના રાજાના સચિવ તરીકે રવાના કર્યા... નાના પુત્રને આ સમજાયું નહીં. એણે આવું કરવાનું કારણ પૂછ્યું - મોટા ભાઈઓ મહેલમાં પણ તપસ્વી જીવન જ જીવતા હતા અને હું કારભારમાં વ્યસ્ત જ હતો છતાં...

રાણી કહે, 'નદી તરવી હોય તો તમે છિદ્રવાળી નાવ પસંદ કરો કે છિદ્ર વિનાની?'

પુત્ર કહે, 'દેખીતું જ છે. છિદ્ર વિનાની...'

મદાલસા કહે, મહેલમાં રહી સાધના શક્ય નથી. અહીં લોભ-મોહ-માયા - કામવાસનાનાં ઘણાં છિદ્ર છે. વનમાં એવું કાંઈ જ નથી. એટલે એ છિદ્ર વિનાની નાવ કહેવાય. જ્યારે તારે શીખવાનું છે. હંમેશાં પારકી મા જ નિર્ભય અને નિર્દય રીતે નાના બાળકના કાન વ્યવસ્થિત રીતે વીંધી શકે — એટલે તને તાલીમમાં મોકલ્યો...

પુત્રને માતાના આદેશોથી સંતોષ થયો...

*સાભાર : "શ્રીપર્ણી" (પુષ્પ-૨૩૩)*

## પરિવારની પ્રાર્થના

હે પ્રભુ! તેં મને આપેલી અસંખ્ય સોગાદોમાં સૌથી અમૂલ્ય છે અમારો પરિવાર.

અમને જન્મ આપવા માટે તેં આ સુંદર પરિવાર પસંદ કર્યો. ત્યાં અમે જન્મ્યાં; પોંખાયા, પોષાયાં, જતનપૂર્વક જળવાયાં, માતા-પિતાનો અનહદ પ્રેમ પામ્યા.

હે પ્રભુ! એમનો પ્રેમાળ નાજુક સ્પર્શ અને વહાલભર્યા આલિંગન અકબંધ રાખજે. અમારામાં પ્રેમ, પ્રામાણિકતા, પરિશ્રમ અને જવાબદારીની ભાવના જગાડજે. માતા-પિતા, વડીલો અને ભાઈ-ભાંડુ પ્રત્યેના પ્રેમ અને આદરનું ઝરણું કદી સૂકાય કે ક્ષીણ ના થાય તેવા આશીર્વાદ આપજે. ઉન્નત મસ્તકે જીવી શકીએ એવા સંસ્કાર આપજે અને પરિવારનું નામ રોશન કરીએ એવું કાર્યક્ષેત્ર આપજે.

હે પ્રભુ! અમારા સમગ્ર પરિવાર ઉપર તારી અમીદૃષ્ટિ રાખજે.

*સૌજન્ય : "સમજણના સૂર"*

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# સાહિત્ય અને ઇતિહાસના અઠંગ અભ્યાસી : ઉમિયાશંકર અજાણી



હરેશ ધોળકિયા

ગુજરાતના અન્ય પ્રદેશોની જેમ કચ્છ પણ સાહિત્ય ક્ષેત્રે સતત સક્રિય રહ્યું છે. કચ્છે પણ અનેક પ્રખ્યાત સાહિત્યકારો આપ્યા છે જેમણે ગુજરાત ક્ષેત્રે નામના મેળવી છે. આવા સાહિત્યકારો સાથે સમાંતરે, કચ્છમાં બીજા પણ એવા સાહિત્યકારો થયા છે જેમણે પણ ઉત્તમ સાહિત્યકૃતિઓ આપી છે. પણ, કદાચ, તેઓ બધા જેટલા પ્રસિધ્ધ નથી થયા પણ તેમનું સર્જન તો ધ્યાન ખેંચતું જ રહ્યું છે.

આવા ઉત્તમ સાહિત્યકારોમાં શ્રી ઉમિયાશંકરભાઈ અજાણી આવે છે. તેમની વિશિષ્ટતા એ છે કે **તે માત્ર સાહિત્યકાર જ નથી, સાથે ઇતિહાસજ્ઞ પણ છે, એક ઉત્તમ સંશોધક પણ છે.** કદાચ એમ કહી શકાય કે ઇતિહાસના સંશોધનના કારણે જ, આડપેદાશ તરીકે, સાહિત્યકાર બન્યા છે. પણ બંનેની સમાંતરે સાધના કરતા રહ્યા છે. આજ સુધી, ખૂબ જ શરમાળ હોવાથી ક્યારેય જાહેરમાં આવવાનું પસંદ કરતા નથી. કેવળ ઇતિહાસના સંશોધન સંમેલનોમાં જ તેમને સાંભળવાનો મોકો મળે છે.

શ્રી ઉમિયાશંકરભાઈનો જન્મ ૧૯૩૪ની ૨૦ નવેમ્બરના રોજ ભુજમાં થયો હતો. કૉલેજમાં એક વર્ષ જ અભ્યાસ કરી શક્યા. પછી તરત નોકરીમાં જોડાઈ ગયા. વર્ષો સુધી મહેસુલ ખાતામાં નિષ્ઠાપૂર્વક નોકરી કરી. કચ્છ અને કચ્છ બહાર વિવિધ પદોએ કામ કર્યું. વ્યવસાય કરતા હતા તે દરમ્યાન જ લેખન કામ શરૂ કર્યું. નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ લખી. સાથે કચ્છના ઇતિહાસ પર ઊંડું સંશોધન કર્યું. તેના પેપર્સ અને પુસ્તકો પ્રકાશિત પણ કર્યા. આજે તો તે આઠમા દાયકામાં નિવૃત્ત જીવન ગાળે છે, પણ **આજે પણ સમયનો મહત્તમ ઉપયોગ કરી કચ્છ પર તેમનું સંશોધન અવિરત ચાલુ જ છે.**

પ્રથમ તેમનો સાહિત્યકાર તરીકેનો પરિચય જોઈએ.

બાળપણમાં તેમને ઘરમાંથી જ સાહિત્ય પ્રત્યેનો પ્રેમ મળે છે. શાળામાં શિક્ષક પણ સાહિત્યપ્રેમી મળે છે. તે તેમના નિબંધોને વખાણે છે. આ દરમિયાન ઉમિયાશંકરભાઈ પણ ખૂબ વાંચે છે. કારાણી, મેઘાણી, મુનશી, ગુણવંતરાય આચાર્ય બધાને વાંચે છે. ૧૯૪૮થી તે પણ લખવાનું શરૂ કરે છે.

ઉમિયાશંકરભાઈએ આ સાત નવલકથાઓ લખી છે : 'રખોપું' (મૂળરાજ રૂપારેલ સાથે), 'વીતી વેરણ રાત ૧-૨', 'મહેરામણને ખોળે' (મૂળરાજ સાથે), 'સૂરજ દીસે સોનલવરણો', 'મોનો ખેલાડી' અને 'જુમલો ગંઢ.' તેમાં 'રખોપું' મૂળ ટૂંકી વાર્તા હતી. પછી તેમના મિત્ર મુળરાજ રૂપારેલે તેની નવલકથા બનાવવાનું સૂચન કરતાં બંનેએ સાથે મળી લખી. 'મહેરામણના ખોળે' દરિયાઇ કથા છે. તેમાં ગુલામોની વાત છે. 'વીતી વેરણ રાત' કચ્છના રાવ રાયધણની કથા છે. 'સૂરજ દીસે સોનલવરણો' પણ તેના જ અનુસંધાને લખેલ વાર્તા છે. તે પણ ઐતિહાસિક નવલ છે. **તેમાં જમાદાર ફતેહમામદ મુખ્ય પાત્ર છે. 'મોનો ખેલાડી' કચ્છના એક જાદુગર એવા મોનો ખેલાડીની વાર્તા છે.** 'જુમલો ગંઢ' એક બહારવટિયાની કથા છે. તે અન્યાય સામે લડે છે.

પણ આ દરેકે દરેક નવલકથા ખૂબ જ રસિક છે. ઐતિહાસિક હોય કે દરિયાઈ કે જાદુગરની, ઉમિયાશંકરભાઈએ દરેકમાં ખૂબ જ ઉત્તમ રીતે વર્ણનો કર્યા છે અને પાત્રોને રસપ્રદ બનાવ્યા છે.

શ્રી ઉમિયાશંકરભાઈએ બે નવલિકા સંગ્રહો આપ્યા છે : **"કચ્છડો ખેલે ખલકમેં" અને "ધરતીના વખ."** મોટાભાગે બધી નવલકથાઓ ઇતિહાસ સંબંધી છે.

આ ઉપરાંત તેમણે અન્ય કૃતિઓ પણ સર્જી છે જેમાં 'કોયલ ચાલી સાસરે', 'સંત ત્રિકમ સાહેબનાં પદો', 'શ્રી ચાવડા ચરિત્ર'નો સમાવેશ થાય છે.

તેમના સમગ્ર સાહિત્યનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે **શ્રી અજાણી કચ્છી બોલીના શબ્દોનો પ્રચૂર ઉપયોગ કરે છે.** તેમની પાસે અદ્‌ભુત વર્ણન કળા છે. થોડા શબ્દોના લસરકાથી તે આખું ચિત્ર ઉપજાવે છે.

આમ, ડૉ. ખત્રી પછી કચ્છનો માહોલ શ્રી અજાણીએ વિપુલ માત્રામાં આલેખ્યો છે.

શ્રી અજાણી એક અચ્છા ઇતિહાસજ્ઞ પણ છે. તેમનું ઐતિહાસિક બાબતોનું સંશોધન પણ ધ્યાન ખેંચે છે. મુખ્યત્વે તેમણે કચ્છના ઇતિહાસ પર જ સંશોધન કેન્દ્રિત કરેલ છે. તેમનાં આ સંશોધન પુસ્તકો છે :

- **'ધીણોધર : કચ્છમાં નાથ સંપ્રદાય** : કચ્છમાં નાથ સંપ્રદાય એક મહત્ત્વનો સંપ્રદાય છે. તેના વિશે ઉમિયાશંકરભાઈએ ખૂબ જહેમત લઈ આ પુસ્તકમાં સંશોધન કરેલ છે. અનેક આધાર પુરાવાઓ સાથે તેની વિગતો ચર્ચી છે. આ સાથે ધીણોધર જાગીરની વ્યવસ્થા, સંચાલન, સદાવ્રત, કચ્છ રાજ્યનો અંકુશ વગેરેની પણ વિસ્તૃત ચર્ચા કરી છે.
- **ભુજની શાક માર્કેટ : ૨૦૦૧ના ભૂકંપ પછી જૂની શાક માર્કેટના શિલાલેખની વિગતો વાંચી આપવા તેમને વિનંતી થયેલ.** ત્યારથી તેમણે તેના પર કામ શરૂ કરેલ. પ્રથમવાર તેમણે વ્યવસ્થિત રીતે આ બાબતે સંશોધન કરેલ છે. તેના પરિપાકરૂપે આ પુસ્તક થયેલ છે.
- **કચ્છ : અતીતના આરે** : આ પુસ્તક એક લેખ સંગ્રહ છે. તેમાં ઈતિહાસના પુનર્લેખન સંબંધે પણ લેખો લખ્યા છે.
- **કચ્છનું વહાણવટું** : આ પુસ્તકમાં કચ્છનું દરિયાઈ ક્ષેત્રે ભૌગોલિક સ્થાન અને પ્રાચીન બંદરોનો ઋગ્વેદથી અભ્યાસ શરૂઆત કરી વર્તમાન બંદરો સુધીનો ઈતિહાસ આલેખ્યો છે. આ સાથે ગ્રીક લેખકો, ચીની મુસાફરો, આરબો સાથેનો વેપાર વગેરેની પણ ચર્ચા કરેલ છે. સમગ્ર પુસ્તક વાંચતાં લાગે છે કે લેખકે કચ્છનાં ભવ્ય વહાણવટાનું ચિત્રણ કરેલ છે.
- **કચ્છ અને આભીર જાતિ** : મહાભારત અને ભાગવતથી કચ્છની ભૂમિ પર વસેલ એક જાતિની તેમણે ચર્ચા કરેલ છે. આ આભીરો જ આહીરો છે કે કેમ તેનો અભ્યાસ તેમણે કરેલ છે.
- **સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રારંભે કચ્છનું લોકજીવન** : અઢારમી સદીમાં કચ્છ કેવી રાજકીય વિટંબણાઓમાંથી પસાર થતું હતું અને ત્યારે **સહજાનંદ સ્વામીએ** કચ્છમાં પગ મૂક્યો હતો તેની ચર્ચા કરી છે. તે સાત વર્ષ કચ્છમાં રહ્યા હતા. તેમણે લોકકલ્યાણનાં કામ કર્યા હતા. આ લેખ કહે છે કે ત્યારે અશાંત સ્થિતિમાં જીવતી કચ્છની પ્રજાને શાંતિ આપવાનું કામ સ્વામિનારાયણ સંપ્રદાયે કર્યું હતું.
- **કચ્છમાં ક્ષત્રપોનું શાસન** : કચ્છના આધોઈમાં મળેલ ક્ષત્રપ શિલાલેખ પરથી આ લેખ લખવાની પ્રેરણા થઈ હતી. એક ઉત્તમ સંશોધન પત્ર છે.
- **વૈદિક સરસ્વતી : સાંસ્કૃતિક અભિયાનની દિશા** : ઋગ્વેદમાં સરસ્વતીનો ઉલ્લેખ છે. તેના નામે અનેક કથાઓ છે. ચાર સરસ્વતી મનાય છે. લેખકે અહીં આ બધાનો અભ્યાસ કર્યો છે. વિવિધ સંશોધનોની માહિતી આપી છે. અંતમાં કહે છે કે **આ સરસ્વતી કચ્છમાંથી થઈ વહેતી હતી.**
- **કચ્છ પરિસંવાદના પ્રાંગણમાં** : આમાં કચ્છ વિષય વિવિધ લેખો આપે છે જેવા કે કચ્છનું ઐતિહાસિક સાહિત્ય, ઓઢો- હોથલ, વ્રજ પાઠશાળા વગેરે.
- **ઉઘડે દ્વાર અતીતનાં** : આમાં પણ થોડા ઐતિહાસિક લેખોનો સંગ્રહ છે. કચ્છના રસ્તાઓ, વિમાની સેવા, કચ્છની નદીઓ વગેરે.

આ બધા ગ્રંથો પર નજર કરીએ છીએ તો તરત ખ્યાલ આવી જાય છે કે શ્રી ઉમિયાશંકરભાઈ અજાણી એક ઊંડા અભ્યાસી છે. જે પણ વિષય હાથમાં લે છે, તેમાં આરપાર નીકળી જાય છે અને સત્યને ખોજે છે. **તેમની લેખનશૈલી આડંબર વિનાની અને કેવળ સત્ય કહેવાની જ છે.** પણ તેમની પૃથક્કરણ શક્તિ, અવલોકન શક્તિ, દસ્તાવેજોની આધારભૂતતા, વિશ્વસનીયતા વગેરે જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેમની પાસે એક વિશિષ્ટ ઐતિહાસિક સૂઝ છે.

આમ છેલ્લા આઠ દાયકાથી શ્રી ઉમિયાશંકરભાઈ અજાણી કચ્છની એક અનન્ય અને વિશિષ્ટ સેવા કરી રહ્યા છે. કચ્છના ઈતિહાસમાં જ્યાં પણ માહિતીનો અભાવ છે, ત્યાં તે માહિતી પૂરી પાડવાનો પૂરો પ્રયાસ કરે છે. **કચ્છના ઇતિહાસને બદલાતા સમયની દૃષ્ટિએ જોવાનો પણ પ્રયાસ કરે છે.** ભારતીય ઈતિહાસના સંદર્ભમાં પણ તેને તપાસવાનો પૂરો પ્રયાસ કરે છે. આ માટે, આજે પણ, તે સતત નવું નવું વાંચન કરે છે, વિચારે છે, નોંધે છે, પછી જ લખે છે. તે નવી પેઢી માટે એક પ્રેરણાદાયી વ્યક્તિત્વ છે એમ નિઃશંક કહી શકાય. તેમની સાહિત્યિક અને ઈતિહાસની સેવાને કચ્છ વંદન કરે છે.

*પેરિસ બેકરી પાસે, ન્યુમિન્ટ રોડ, નાગર ચકલા,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧*
*મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪*

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# 'તેજવાણી'ના કવિ "તેજ"

ગૌતમ શાંતિલાલ જોશી

કચ્છ ધરા અને કચ્છ ધરાના સાહિત્યકારોની વાત કરવી હોય તો નલિયાનાં તેજપાલ ધારશી નાગડા "તેજ"ને કેમ ભૂલાય? કચ્છી સાહિત્યમાં લોક સાહિત્યને દુલેરાય કારાણીએ જીવંત કર્યો તેમ કચ્છી કવિતાને તેજપાલ ધારશી "તેજ"એ જીવંત રાખી છે.

આજે ૮૩મા વર્ષે પણ કચ્છી સાહિત્યના લેખન પ્રકાશનમાં વ્યસ્ત કવિ "તેજ" પોતાની ૪૦મી "કિતાબ" માંડવી - કચ્છ ખાતે છપાવી રહ્યા છે.

કવિ "તેજ" સાહિત્યપ્રેમી તો છે જ, સાથે પ્રકૃતિ પ્રેમી, વનસ્પતિ શાસ્ત્રી અને પક્ષીવિદ્ પણ છે. ઓછું સાંભળતા કવિ ઈશ્વરની નજદીક રહે છે. સતત પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા કવિ 'તેજ' વિશે 'તેજવાણી' ગ્રંથમાં વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવોએ જુદા જુદા એંગલથી "તેજ"ને નિહાળ્યા છે ત્યારે આવો 'તેજવાણી'ના સથવારે આજે તેજનો આછેરો પરિચય આપણે પણ માણીએ.... સર્જકોને સથવારે...

★

કવિ તેજ કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન - નલિયામાં મહેતાજી તરીકે નોકરી કરે. તે સતત ૩૪ વર્ષ સુધી આ સંસ્થામાં નોકરી કરી. ૧૯૮૫માં મુંબઈ મહાજન અને અન્ય ચાહકો દ્વારા તેઓનું ભવ્ય સત્કાર મુંબઈ ખાતે થયું અને પ્રથમવાર એક લાખ રૂપિયાની થેલી કચ્છી સાહિત્યને અર્પણ કરવામાં આવી. પરંતુ જ્યારે મહાજન તરફથી પત્ર મળ્યો ત્યારે એ પત્ર અમને અને અન્ય મિત્રોને બતાવેલ ત્યારે અમે પૂછેલું – "શું તમે મુંબઈ સન્માન લેવા જશો?" ત્યારે 'તેજ' કવિએ કહેલું, "ના... નહીં સ્વીકારું!!!"

નલિયાનાં મિત્રોએ કવિ 'તેજ'ને સમજાવ્યું, "સમાજનું સન્માન છે, બધા જ ભાઈઓનું સન્માન છે, વળી તમારી આર્થિક સ્થિતિ...!!!" માંડ માંડ કવિ તેજ મુંબઈ ગયા અને ૮ જૂન, ૧૯૮૫ના સમારંભ યોજાયો જેમાં કવિ "તેજ"ને એક લાખ રૂપિયા અર્પણ થયા.

*– લહેરીલાલ રામદાસ જોશી, નલિયા*

★

વિચાર તો કરો, કચ્છી સાહિત્યનાં ભેખધારી કવિની સ્થિતિ સારી ન હોવા છતાંય પુરસ્કાર સ્વીકારવા તૈયાર ન હતા. તેઓમાં જે ખુમારી તે સમયે ચમકતી હતી તે આજે પણ એટલી જ તાજગીસભર કચ્છીયત ઝળકે છે. તેઓ આજે પણ એટલી જ સ્વસ્થતાથી જૂની યાદો ઠાવકાઈથી કહે છે ત્યારે સાંભળનારા પણ 'વાહ! તેજ' કહી જાય છે.

કવિ 'તેજ' વિશે એવું કહી શકાય છે કે, તેઓ ઉપવનના નહીં, પરંતુ વનના કવિ છે. વનની ધરતી પર દરેક જાતના બીજ પોતપાતોની રીતે પાંગરે. બગીચાનું શિસ્ત વનના વૃક્ષોને ન પાલવે. એ તો પોતાની મસ્તીમાં જ મહાલે. **એ જ રીતે આ કવિની કલમ પણ અનેક વિષયોમાં એકધારી વિહાર કરતી રહે છે.** નાનકડા છોડ કે મહાકાય વૃક્ષો, પુષ્પોચલિત વલ્લરી કે કાંટાળા થોર, વનમાં એ બધા પોતાની રીતે વિલસે. આપણું ઉપવન એમાંથીઆપણે પોતે જ રચી લેવાનું. "વૃક્ષ ચલે નિજ લીલા"ની જેમ આ કવિની લીલા પણ ન્યારી. તેઓ કહે છે :

*કવિ નિત કવિ ને વે, પલ વૅ કાં પોર;*
*પોય તૅડો લિખે કાવ, જેડૉ વૅ તોર.*

કવિ 'તેજ' તો નિત્ય કવિ, તંતોતંત કવિ, પણ કવિતા લખે પોતાના તૉર પ્રમાણે અને પોતે પાડેલા પ્રત્યેક અક્ષર એમને પોતાને તો પાછો અઢળક વહાલો. આ મસ્ત મૌલા આદમીને મન કવિતા એટલે કોઠાસૂઝની કળા."

*– રમણિક સોમેશ્વર, અંજાર*

★

'વૃક્ષ ચલે નિજ લીલા'ની વાત કરી આપણાં રમણિક સોમેશ્વરે કવિને પોંખ્યાં. હવે કવિની પ્રકૃતિ તરફની ભાવના કેવી છે તે પણ જાણીએ. દરેક કવિ પ્રકૃતિપ્રેમી હોય છે એવું નથી. પ્રકૃતિપ્રેમી તો આ વાત ઉપરથી પ્રતીત થાય છે કે નખશીખ પ્રકૃતિ પ્રેમી કવિ છે.

કવિ 'તેજ' પર કચ્છી ભાષાના કચ્છી કાવ્યનાં માતા સરસ્વતી દેવીનાં ચાર હાથ છે. **કવિ 'તેજ' કચ્છી સાહિત્યનાં આભૂષણ મોરપીંછ છે.** ઘણી વખત કવિ 'તેજ'ને કવિ સંમેલનમાં જાહેર / નિમંત્રિત કાર્યક્રમ આપવા બહારગામ કે શહેરમાં જવાનું આમંત્રણ મળે ત્યારે તે વાતને ટાળે. એ અંગે અમે કવિને પૂછ્યું. જવાબ હૃદયમાં નોંધી લેવા જેવો કિંમતી છે. હું તો જવાબ સાંભળી 'સડક' થઈ ગયો. પ્રસન્નતાથી ને પ્રસાદિકતાથી કવિ 'તેજ' પ્રત્યુત્તર આપે છે, "મને મેવાડામાં બેસી અડધી રાત ઉપર બેસવું સરળ લાગે, જ્યારે કવિ સંમેલનમાં રાત્રિ કાઢવી અઘરી લાગે. મને બોલવા માટેનો

પણ ભય નથી. તમને તો ખબર છે, આકોલા કરતાં હવે મને બંને કાને બહેરાશ બહુ છે. પરંતુ પ્રભુ પારસનાથે કાંઈક એવી શક્તિ આપી છે કે સામેવાળી વ્યક્તિ બોલતી હોય તો તેના હોઠના ફફડાટ પરથી હું સમજી જાઉં છું કે તે વ્યક્તિ કયો શબ્દ ઉચ્ચારે છે / બોલે છે. તે આખું વાક્ય સમજી જાઉં અને ન કરે નારાયણ ને જો ચાલુ કાર્યક્રમમાં લાઇટ ગુલ થઈ જાય તો મારા માટે મીંડું!!! કાનની બહેરાશને લીધે રાત્રિના તેમજ નલિયા બહારના જાહેર કાર્યક્રમો ટાળું છું. વળી નલિયા મધ્યે મારી નોકરી નિમિત્તે જે તે સંસ્થાઓ, જૈન ભોજનશાળા, આયંબીલ શાળા, સાધુ - સાધ્વીજીના ઉપાશ્રય, છાશ કેન્દ્ર આદિ કામગીરી / જવાબદારી મારા પર હોય તો નલિયા મૂકી (પેઢી છોડી) દૂર મારાથી અંગત સ્વાર્થ માટે મારાથી કેમ જવાય?

***– દોલતસિંહ (છોટાલાલ) જાડેજા, નલિયા***

★

રમણિકભાઈ, લહેરીભાઈ અને દોલતસિંહને વાંચ્યા બાદ કવિ 'તેજ'ની બચપણ સાથેની યાદો જોઈએ. ડૉ. ગુલાબ દેઢિયાના શબ્દોમાં...

કવિ પોતાના બચપણને યાદ કરતા કહે છે : મારું આખું બાળપણ કોઈ યાદગાર ઘટના જેવું છે. શું કહું ને શું ના કહું. નલિયા ગામની ગોકુળદાસ તેજપાળની નિશાળમાં મસ્તી-તોફાન કરતાં અમે બે મિત્રો હું અને બીજો માણેકજી સાંગણ, દિવસો મોજમાં વિતાવતા હતા. એક દિવસ બંને મિત્રોને સ્કૂલના પટાવાળાએ વિજ્ઞાનના સાધનો રાખવાના રૂમમાં પૂરી દીધા. એક કબાટમાં પડેલા બેરોમીટરને ઉપાડતાં તૂટી પડ્યું અને અંદરનો પારો ઢોળાયો જે ભેગો કરવા અમે ઘણી મહેનત કરી પણ કેમેય કરી ભેગો ન થયો તે ન જ થયો. એ પારો અમે બાળસહજ કૌતુકથી જોઈ રહ્યા હતા. જેને ઝાડુથી ખૂણામાં છુપાવ્યો. પણ તે દિવસ મને આજે પણ યાદ છે. પણ લલકારવાની રૂચિ તો સુધબુધ આવી ત્યારની છે. મારી પહેલી રચના ઇ.સ. ૧૯૬૬માં "દશા ઓસવાળ જૈન સમાજનાં સામાયિક 'પ્રકાશ સમીક્ષા'માં પ્રગટ થઈ ત્યારે તેના તંત્રીશ્રી સનત શાહે પત્ર લખી મને પ્રોત્સાહિત કર્યો હતો. શરૂઆતમાં હું પ્રતિકાવ્યો રચતો. 'રામ રાખે તેમ રહીએ ઓધવજી.' તો હું મારા મિત્રને કહેતો 'રામ રાખે તેમ રહીએ ગોવિંદજી.' આવું આવું ભીંતો પર પણ કોલસાથી લખતો.

***– ગુલાબ દેઢિયા, મુંબઈ***

કવિ તેજપાલ ધારશી નાગડા 'તેજ'ના સમગ્ર સાહિત્યનું સંચય 'તેજવાણી' નામે ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજની પ્રેરણાથી પ્રભાશંકરભાઈ ફડકે દ્વારા ૨૦૦૮માં પ્રકાશિત થયું છે. જેમાં કવિ 'તેજ' લિખિત ૧૯૬૪થી ૨૦૦૮ સુધીની સમગ્ર સાહિત્ય પ્રસાદીને ખૂબ જ કાળજીપૂર્વક સંગ્રહિત કરવામાં આવી છે. આવો, આ સાહિત્ય સંદર્ભમાં તેજવાણીના સંપાદક આદરણીય શ્રી પ્રભાશંકરભાઈ ફડકે શું લખે છે તે પણ વાંચીએ.

સંપાદન પાછળની દૃષ્ટિ જણાવીએ; જો કવિની તમામ રચનાઓ જેમની તેમ આમાં નથી લેવાઇ, તો એમનું કડક ચયન પણ અહીં નથી કરાયું. ફક્ત નબળી કે કેવળ પ્રાસંગિક એવી થોડીએક રચનાઓ જ પડતી મૂકાઈ છે. કાવ્યોના ચયનમાં એક માત્ર કવિત્વનો જ ચુસ્ત માપદંડ નથી રખાયો, પણ ઉત્તમ રચનાઓની સાથે, હવે પરિવર્તન પામવા જતી કચ્છીવટ (કચ્છીયત)ની ભાવિ પેઢીઓ માટે જાળવણી કરે એવી તેમજ કવિના વ્યક્તિત્વ તથા મિજાજને પ્રતિબિંબિત કરે તેવી રચનાઓ પણ સમાવી લેવાનું ઉચિત લેખાયું છે. કચ્છી માડુનાં સુખ-દુઃખ, એના હરખ-શોક, સબળતા - નિર્બળતા, એના સાચુ - કાચુ, રખ-રખાવટ 'માનાવટ'ને વટ વહેવારની વશેકાઇ, એનાં હામ, હેતને 'હિંયારી' એનાં ખેલ, ખુશી ને 'ખેટા' ક્યાંક એની અકોણાઈ, એનાં કૌવત ને કાટ, ને વ્યંગ, ખમીર, ખુમારી ને ખસલતો, એની કિલકારી, તેમ કવિચિત્ ક્રન્દન, એનું ગૌરવ તેમ ક્યાંક નાદાની, એની ઋજુતા તો ક્યાંક વક્રતા, એની માણસાઇને મુણસાઇ, એની કઠોરતા ને કુમાશ, આ બધાં સાથે જેણે આટલું તાદાત્મ્ય સાધ્યું હોય, માણસ તો માણસ, **કચ્છ ધરાનાં પશુ-પંખી અને વનસ્પતિ સૃષ્ટિ સાથે આટલી એકરૂપતા ને આવો નેહનાતો ધરાવતો હોય એવો બીજો કવિ 'ન ભૂતો ન ભવિષ્યતિ'** એમના એક આજીવન દોસ્તે પ્રકૃતિના પૂજારી કહ્યા છે. એ બિલકુલ યથાર્થ છે. પ્રકૃતિ સૌંદર્ય એમણે આકંઠ પીધું છે અને એટલે જ ઉમાશંકર જોશીની પેલી અમર પંક્તિ "સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે" આ કવિ 'તેજ'ને બરાબર સાર્થક કરી છે.

કવિ 'તેજ'ના બચપણ, શોખ અને કવિત્વ અંગે જાણ્યું, હવે 'તેજવાણી'ના પ્રાગટ્ય સમયે આદરણીય મહારાજશ્રી ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજના શબ્દો જોઈએ :

*ધન કચ્છીભાસા કે – જેં વટ હેડા કવિ અંઇ! ધન કવિ કે જુકો કવિતા કઈંધે કવિતાનું પ ઈગિંયા નિકરી વેઆ અંઇ.*

*ધન કવિજે મિત્રેંકે જેની હિન ગ્રંથ પોઆ ખાસો ડાખડો કેઓ અંયો.*

*ધન કવિજે પ્રેમી કચ્છી માડુએંકે જિની કવિ જો માન વધારેઓં અંયો.*

**'મંગલ મંદિર' દ્વારા કચ્છનાં પનોતા પુત્ર કચ્છીયતથી છલોછલ કવિ 'તેજ'ની આછેરી છાયા ઉભી કરવાની મને જે તક આપી તે બદલ 'મંગલ મંદિર'નો આભાર** સાથે 'તેજવાણી'ના વંદનીય 'તેજ' પ્રેમીઓનાં ઋણ સાથે 'તેજ'ના શબ્દોમાં વિરમું છું.

*સેવા સેં સંબંધ 'તેજ' રખજે એંડો*
*જેડો ટપાલી જો સંબંધ સિરનામેં સે હોય.*

*૪૩૦, જૂની રાવલવાડી, વ્યાયામ શાળા પાછળ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૨ ૨૦૩૪૦*

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# વૈવિધ્યસભર સર્જક : ગૌતમ શર્મા

નિરુપમ છાયા

મરુ, મેરુ અને મેરામણથી રસાયેલો કચ્છડો એક અનોખી સુગંધ, કર્મઠ મિજાજ અને ભાતીગળ રંગો પ્રસરાવી રહે છે. એથી જ, અહીંના માડુ પણ એટલા જ નિરાળા છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં તેમનું નિરાળાપણું પ્રગટ થયા વિના રહેતું નથી. પછી એ સાહિત્ય સર્જનનું ક્ષેત્ર પણ કેમ ન હોય!

જાણીતા સર્જક, વિવેચક, અભ્યાસુ શ્રી રઘુવીર ચૌધરી આધુનિક ગુજરાતી નવલિકાના સંચયનના સંપાદકીયમાં લખે છે કે ગુજરાતી નવલિકામાં આધુનિકતા લાવનાર ગણ્યાગાંઠ્યા સર્જકોમાં જયંત ખત્રી પણ એક છે. આપણે માટે ગૌરવની વાત છે કે આ જયંત ખત્રી કચ્છના છે. ગુજરાતી સાહિત્યની જેમ જ, કચ્છના સાહિત્યકારોમાં પણ જાણે અજાણે શ્રી ખત્રીનો પ્રભાવ રહ્યો અને સર્જનશીલતાનો એક પ્રવાહ વહી નીકળ્યો. આ સર્જકોએ પણ કચ્છની સરહદ વળોટીને ગુજરાતી સાહિત્યમાં સ્વત્વ અને સત્ત્વશીલ સર્જન સાથે વિશિષ્ટ સ્થાન ઊભું કર્યું છે. આધુનિક પ્રવાહો સાથે જ, તેમનાં સર્જનમાં ઉપસતી કચ્છની ભાતીગળતાએ સાહિત્યકારો, સર્જકો અને સાહિત્ય પ્રેમીઓમાં કચ્છની વિશિષ્ટ છબી પ્રગટ કરી છે. એક જીજ્ઞાસા પણ જન્માવી છે.

આવા સર્જકોમાં શ્રી ગૌતમ શર્માનું વિશિષ્ટ સ્થાન છે કારણકે સાહિત્યના વિશિષ્ટ પ્રકાર રહસ્ય અને થ્રીલર્સ નવલકથાઓનું સર્જન કર્યું. શ્રી ગૌતમભાઈનું મૂળ વતન ભુજ - કચ્છ, પણ સરકારી નોકરીમાં જોડાયા હોવાના કારણે સમગ્ર ગુજરાતમાં તેઓને વસવાટ કરવાનું થયું. પણ તેઓ કહે છે કે, "ભુજ, જેની રજમાં રજો ગયો, સમજણો થયો, એના સંસ્કારોની હવા મારા ફેફસામાં વહેતી થઈ – " અને એથી જ, **એક યા બીજી રીતે કચ્છ એમની નવલકથાઓમાં સતત ધબકતું રહ્યું છે.**

એવું જાણવા મળે છે કે એમણે સર્જનનો આરંભ કાવ્યોથી કર્યો. પછી એમની સર્જનશીલતા અનેક પ્રવાહોમાં વહેતી રહી. એવું પણ કહી શકાય કે, સર્જનશીલતાની એક કેડીમાંથી અનેક કેડીઓ રચાતી રહી અને રાજમાર્ગ પણ સરજી રહી. કાવ્યો બાદ તેમણે રહસ્ય નવલકથાઓ લખવાનો પ્રારંભ કર્યો. એવું માની શકાય કે, રહસ્ય અને થ્રીલર અંગ્રેજી કથાઓ તરફ એમનો વાંચનરસ રહ્યો હોય અને એના કારણે તેઓ આ પ્રકારની નવલકથાનાં લેખન માટે પ્રેરાયા હોય. આ પ્રકારના સાહિત્યનું તેમનું વાંચન વિશાળ અને ઊંડું પણ ખરું. વાંચ્યું હોય એને એ રીતે આત્મસાત્ કરે કે, પોતાની કલ્પના શક્તિ, નિરીક્ષણ શક્તિની ઝીણવટથી એને તાદશ કરી શકે. તેમની પ્રથમ નવલકથા હતી "પાણીનું પાર્સલ". તે સમયે આ પ્રકારની 'ડિટેક્ટિવ' ગણાતી નવલકથાનું પોકેટ બુક સ્વરૂપે પ્રકાશન થતું અને એનો એક વિશાળ, નિશ્ચિત વાચક વર્ગ હતો. તેમાં ગૌતમભાઈ પ્રવેશ્યા અને આ પ્રકારનાં લેખન માટે આવશ્યક કૌશલ્ય થકી તેઓ પ્રથમ નવલકથાથી જ વાચકોની પસંદગીના લેખક બની રહ્યા. વાચકો તેમની નવી કૃતિની ઉત્કંઠાપૂર્વક રાહ જોતા. આમ, ૧૯૫૬થી આરંભાયેલ એમની સર્જનયાત્રા સતત વિકસતી અને રહસ્ય ઉપરાંત વિવિધ પ્રકારોમાં વિસ્તરતી રહી.

રહસ્યકથા એટલે એક ખૂન થાય કે કોઈ એવો ગુનો બને અને ગુન્હાશોધક (ડિટેક્ટિવ) એનું રહસ્ય ઉકેલી આપે એવી એક માન્યતા. પણ ગૌતમભાઈએ આ માન્યતાને સદંતર ભૂંસી નાખી અને ડ્રગ, આતંકવાદ, દાણચોરી, ભ્રષ્ટાચાર, શસ્ત્રદોટ અને શસ્ત્ર ઉત્પાદન, પરમાણું ધડાકા, માફિયા સામ્રાજ્ય વગેરે જેવા અનેકવિધ વિષયોને પોતાની નવલકથામાં યથાતથ, તથ્યો જ લાગે એ જ રીતે રસપૂર્ણ વૈવિધ્યસભર ઘટનાઓ સાથે નિરૂપ્યા કે એ કાલ્પનિક ઘટનાઓએ ક્યાંક કંઈક અંશે વાસ્તવિક્તાનું રૂપ પણ ધારણ કર્યું. ત્યારે તેઓ એક અંશે આર્ષદૃષ્ટા પણ લાગે. અરે, વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ઘટનાને કેન્દ્રમાં રાખીને પણ એમણે એક નવલકથા આપી છે. તેમની નવલકથાઓ પર પેરિમેસન, જેમ્સ બોન્ડ, એલિસ્ટર મેકલિન વગેરે લેખકોની, ઉપરાંત અન્ય આધુનિક લેખકોની પ્રેરણા ખરી. પણ નવલકથાનાં બધા પાસાંમાં તેમની મૌલિક, સ્વતંત્ર સર્જનશીલતા જ સર્વોપરી જણાય. તેમના એક પ્રશંસક વાચકને તેમણે એક અંગ્રેજી રહસ્ય નવલકથા આપી, એને વાંચવા કહ્યું. અને તે સાથે એના પરથી પોતે લખેલી નવલકથા પણ આપી. પણ પેલા વાચક તો દંગ રહી ગયા કે તેમની નવલકથામાં ફક્ત આછી પાતળી રેખાઓ જ પેલી અંગ્રેજી નવલકથાની જણાય, બાકી બીજું બધું જ વર્ણનો, ઘટનાઓ, પાત્રો તદ્દન મૌલિક. અનુસર્જન પણ ન કહેવાય એટલી હદે મૌલિક સર્જન.

**વસ્તુ કે વિચાર ઝીલે પણ પ્રાગટ્ય તો મૌલિક જ બને એ એમના લેખનનું એક અદ્ભુત કૌશલ્ય હતું.**

અગાઉ કહ્યું તેમ, એમનું સર્જન એક જ કેડીએ નથી ચાલ્યું. અનેક દિશાઓ ભણી વિહર્યું છે. સમાજના વિવિધ પાસાં, સમસ્યાઓ, સંઘર્ષો, પરિસ્થિતિ વગેરેને કેન્દ્રમાં રાખી એમણે સામાજિક નવલકથાઓ પણ આપી. એ જ રીતે હૃદયને સ્પર્શી જતી, પ્રાણવાન ટૂંકી વાર્તાઓનું પણ એમણે સર્જન કર્યું. તેઓ તેમના નવલિકા સંગ્રહની પ્રસ્તાવનામાં પ્રામાણિકપણે સ્વીકારે છે કે, "મને નવલિકાની પ્રેરણા મારા બાળગોઠિયા અને સિદ્ધ વાર્તાકાર વનુ પાંધી પાસેથી મળી છે. તેમના પ્રેમાગ્રહથી જ હું નવલિકા લેખન તરફ વળ્યો."

એમનાં સર્જન વૈવિધ્યનો વિસ્તાર કરતાં શ્રી ગૌતમભાઈએ પૌરાણિક નવલકથાઓ પણ આપી. આ માટે તેમણે એ અમર પ્રાચીન સાહિત્યનું વ્યાપક વાંચન કરવાની સાથે ગહન અધ્યયન પણ કર્યું, જે આપણે તેમની રામાયણ, મહાભારત ગ્રંથાવલિના વાંચન દ્વારા જાણી શકીએ છીએ. એટલું જ નહીં, એની પ્રતીતિ મૂર્ધન્ય વિદ્વાનો શ્રી કે. કા. શાસ્ત્રી, ઉપેન્દ્રરાય સાંડેસરા ઉપરાંત ઈતિહાસવિદ ડૉ. રમણલાલ જોશી, પુષ્કરભાઈ ગોકાણીએ એમના સર્જનને જે રીતે મૂલવ્યા અને હૃદયપૂર્વક વધાવ્યા છે એ પરથી પણ થાય છે. જાણીતા સર્જક, વિવેચક, રઘુવીર ચૌધરીએ તો તેમને મુનશીના સ્તરના લેખક તરીકે મૂલવ્યા છે.

શ્રી ગૌતમભાઈ શર્માના સર્જનો પર દૃષ્ટિપાત કરીએ ત્યારે કેટલીક બાબતો તરત જ ઉડીને આંખે વળગે છે. એટલે બહુ ઉંડાણમાં ન જતાં આ બાબતોને જ જાણીએ.

સર્વપ્રથમ તો વર્તાઇ આવે છે કચ્છપ્રેમ. તેમની રહસ્ય કથાઓમાં સર્જેલું શ્યામસુંદરનું પાત્ર મૂળ કચ્છનું વતની છે. અને સ્થળે સ્થળે એક કચ્છી તરીકેનું કૌશલ્ય પ્રગટ થાય છે એ એનો મોટો પુરાવો છે. એના ચરિત્ર ચિત્રણમાં કચ્છ પ્રદેશની વ્યક્તિની વિશિષ્ટ રેખાઓ એમણે ઉપસાવી છે. એ જ રીતે કચ્છને કેન્દ્રમાં રાખીને નવલકથાઓ સર્જી. રણકાંધાના માનવી માલધારીઓનાં જીવનનું નિરૂપણ કરતી 'થોરીઓ ટીંબો', મહાત્મા મેકણનાં જીવન પર આધારિત 'રણનું પારિજાત', રહસ્યકથા 'વિસ્ફોટ', ૧૯૪૫ પછી કચ્છમાં થયેલ પરિવર્તનો, સત્તા, શાસન, સમાજ વગેરેને કેન્દ્રમાં રાખી અને હપ્તાવાર પ્રસિદ્ધ થતી હતી તે દરમિયાન જ થયેલ ધરતીકંપની ઘટના અને તેના પ્રભાવને સમાવતી 'નષ્ટ નગર', ગાંધી વિચાર અને પ્રવૃત્તિથી ધમધમતી 'રસનવાડી'નો દસ્તાવેજી આલેખ, કચ્છનાં પ્રસિધ્ધ પાત્ર જગડુશા પર નવલકથા અને નાટક, કચ્છમાં આતંકવાદને પ્રસરાવવાના નિષ્ફળ રહેલા પ્રયત્નોને કેન્દ્રમાં રાખી સર્જાયેલી નવલકથા 'બિંબ'. જે, એ પણ ઈંગિત કરે છે કે આ સરહદી પ્રદેશના લોકોનાં લોહીમાં એવું કંઈક વિશિષ્ટ તત્ત્વ છે જે દેશના શત્રુઓના લાખ પ્રયત્નો છતાં આતંકવાદ પગદંડો જમાવી શકતો નથી. કચ્છની એક અનુકરણીય વિશિષ્ટતા, સૌહાર્દ, જન્મભૂમિ પ્રેમનો મહિમા તેમણે ગાયો છે. ગુજરાતની પ્રજાને કચ્છનું નિકટ દર્શન કરાવવા માટેનો તેમનો પ્રયાસ સફળ થતો જણાય છે.

રહસ્યકથા માટે મુશ્કેલ એવી રહસ્યકથા ગૂંથણી, તેનો ઉકેલ અને આ બધામાં તર્કબદ્ધતા, લય, એની જરૂર પડે. જે ગૌતમભાઈ પૂરા અભ્યાસપૂર્વક જાળવી શક્યા છે. તેમની શૈલી એટલી રસાળ છે કે વાચકને એનાં વાતાવરણ સાથે બાંધી રાખે છે. સ્થળ અને પરિસ્થિતિનાં વર્ણનો પરની તેમની હથોટી વાચકને પૂરો જકડી રાખે છે. આજે 'હની ટ્રેપ' શબ્દ બહુ જાણીતો છે. જાસુસી અને નાપાક કાર્યો પાર પાડવા સ્ત્રીઓને કામ સોંપાય. આ પરિસ્થિતિમાં સ્ત્રીના આકર્ષણને વ્યક્ત કરવા જે રસિકતા જોઈએ એમાં ગૌતમભાઈ પૂરી રીતે સફળ રહે છે.

શ્રી ગૌતમભાઈનાં સર્જનોમાં પ્રગટ થતી મૌલિકતા પણ તેમને અગ્રિમ પંક્તિમાં મૂકે છે. રામાયણ ગ્રંથાવલિમાં સુમિત્રાનાં પાત્રનું ચિત્રણ એક અલગ દૃષ્ટિથી જ એમણે કર્યું છે. એ જ રીતે, 'રણનું પારિજાત' નવલકથામાં મેકણ દાદાનું ચરિત્ર, ચમત્કારોથી પર રહીને એવી રીતે આલેખ્યું છે કે એક માનવના મહામાનવ બનવાની મહાન ઘટના જ પ્રગટ થાય. જેથી પરિવર્તનનો આ મહાપ્રયાસ અવતારી પુરુષ દર્શાવવાના ઉત્સાહમાં ધૂંધળો ન બની જાય.

શ્રી ગૌતમભાઈ ચીલાચાલુ ઘરેડમાં લખતા નથી રહ્યા પણ હંમેશાં પ્રયોગશીલ રહ્યા છે. ઉદાહરણો ઘણાં મળે છે પણ એમાંથી એક-બે જ અહીં જોઈએ. શહેરના લોકોની લાગણીહીનતા અને લાલચુપણા સામે આદિવાસી લોકોનાં સરળ નિર્દોષ જીવનને મૂકીને સમાજને એક દૃષ્ટિ આપવાનો પ્રયાસ 'પ્રતિબિંબ' નવલકથા દ્વારા અલગ જ ભાત પાડે છે. એ જ રીતે તેમની 'વિમુક્ત' નવલકથા બહુ જ સરળ રીતે ક્યાંય ભારેખમ બન્યા વિના, દર્શન અને તત્ત્વચિંતન તરફ વાચકને દોરી જાય છે. સામાન્ય રીતે તેમની નવલકથામાં સી.બી.આઈ. અને ગુરુબક્ષસિંહ, શ્યામસુંદર, રણવીર, બીના વગેરે પાત્રો હોય છે. પણ 'યુધ્ધ' નવલકથામાં લોખંડી શક્તિ, દ્રઢ મનોબળ, ચકોર દૃષ્ટિ ધરાવતા એક પાત્ર નોર્મન ગિલ્બર્ટ દ્વારા અન્ય વિદેશી પાત્રો સાથે એવું જ વિદેશી વાતાવરણ, આંતરરાષ્ટ્રીય ષડયંત્ર જોવા મળે છે. નોર્મન ગિલ્બર્ટ એટલા અજબ આત્મવિશ્વાસથી ભરપૂર છે કે દુશ્મનોને તે આવે છે એની અગાઉથી જાણ કરી દેવાની છુટ છે. એવું જ મનમાં વસી જતું પ્રયોગશીલતાનું એક વધુ ઉદાહરણ એટલે ઈંદિરા ગાંધીની હત્યા પછી, દેશના દુશ્મનોનાં કાવતરાનો પર્દાફાસ

(અનુ. : જુઓ પાના નં.-૪૯ ઉપર)

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# કચ્છની યશોકલગી : ડૉ. ધીરેન્દ્ર મહેતા



ડૉ. પલ્લવી શાહ
પ્રિન્સિપાલ

*વેણુબેન શીખે કક્કો બારાખડી*
*અક્ષરો તો પાટી ઉપર*
*કરતા અથડાઅથડી.*

★

*ખભે લાકડી લઈને આવ્યો આ બાજુથી 'ક'*
*લાકડી ઝૂંટવી લીધી તો બની ગયો એ 'ડ'*

આવું બાળ સહજ ગીત ગણગણતી વખતે કલ્પના પણ ન આવે કે આવું સહજ ગીત રચનાર કવિ એક ધુરંધર સાહિત્યકાર હશે. પણ જેની કલમે મા સરસ્વતીનો વાસ હોય તેના માટે કાંઈ પણ લખવું સહજ હોય. હા, મારે વાત કરવી છે, કચ્છને જેણે ગુજરાત અને ભારત કક્ષાએ યશોકલગી અપાવી છે એવા સાહિત્યકાર શ્રી ધીરેન્દ્રભાઈ મહેતાની.

ધીરેન્દ્રભાઈનો જન્મ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૪ના રોજ અમદાવાદમાં થયો હતો. ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ૧૯૬૧માં મેટ્રિક કર્યા પછી તેમણે ૧૯૬૬માં ગુજરાતી વિષય સાથે બી.એ.ની પદવી મેળવી. ૧૯૬૮માં ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદમાંથી એમ.એ. અને ૧૯૭૬માં 'ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી અભ્યાસ' વિષય પર પીએચ.ડી.ની પદવીઓ મેળવી. ૧૯૭૦થી ૧૯૭૬ સુધી ગુજરાત કૉલેજ - અમદાવાદમાં અને પછીથી આર.આર. લાલન કૉલેજ - ભુજમાં ગુજરાતી ભાષા સાહિત્યનું અધ્યાપન કાર્ય કર્યું.

આ સર્જકને ખ્યાતિ અપાવનાર એમની કૃતિઓની વાત કરીએ તો ધીરેન્દ્રભાઈ માનવ મનને સમજનાર, વાંચી લેનાર અને તેનું વિશ્લેષણ કરનાર લેખક છે. એમની રચનામાં ક્યાંક પ્રણયના ભાવો છે તો ક્યાંક એકલતા અને હતાશા છે. એટલે કે ક્યાંક જીવન ઝગમગે છે તો ક્યાંક મૃત્યુને પણ સ્થાન છે. જેમાં માનવ મનના વિવિધ ભાવોને શબ્દ દેહ આપતી તેમની કૃતિઓ છે 'વલય' (૧૯૭૧), 'ચિહ્ન' (૧૯૭૮), 'દિશાંતર' (૧૯૮૩), 'આપણે લોકો' (૧૯૮૭), 'ધારણા' (૧૯૯૦), જીવન અને મૃત્યુને પ્રકાશિત કરતી 'ઘર' (૧૯૯૫), 'ખોવાઈ ગયેલી વસ્તુ' (૨૦૦૧), 'ભંડારી ભવન' અને 'છાવણી' (૨૦૦૬) જેવી નવલકથાઓ; નાટ્યકૃતિ પરથી રૂપાંતરિત નવલકથા 'અદૃશ્ય' (૧૯૮૦), 'કાવેરી' અને 'દર્પણલોક'માં બે લઘુ નવલો (૧૯૮૮) ઉપરાંત 'સન્મુખ', છવ્વીસ વાર્તાઓનો સંગ્રહ (૧૯૮૫), 'આટલું બધું સુખ' અને 'હું એને જોઉં એ પહેલા' વાર્તા સંગ્રહો, 'પવનના વેશમાં' (૧૯૯૫) તથા 'પ્રત્યન્યાનો કંપ' કવિતા સંગ્રહો. આ ઉપરાંત લઘુપ્રબંધ 'ડૉ. જયંત ખત્રી' (૧૯૭૭), મહાનિબંધ 'નંદશંકરથી ઉમાશંકર' (૧૯૮૪), 'નિસ્બત' (૧૯૯૦), 'મોરચંગના સૂર' (૧૯૯૫) તથા 'ગુજરાતી કવિતા ચયન' જેવા વિવેચનો (૨૦૦૩), બાળકાવ્યોનો સંગ્રહ 'ભૂસકાની ઉજાણી' વગેરે પણ એમણે આપ્યા છે (૧૯૮૬). 'રણની આંખમાં દરિયો' એમનું કચ્છી વાર્તાઓનું સંપાદન છે (૧૯૮૫) તેમજ 'મહેતાજી તમે એવા શું?' જેવી કૃતિઓનો સમાવેશ થાય છે.

તેમના આ સર્જનની નવાજેશ, જુદી સંસ્થા અને જુદા જુદા ખ્યાતનામ પુરસ્કારોથી કરવામાં આવી છે. ૧૯૯૪માં તેમને આર.વી. દેસાઈ પુરસ્કાર, ૧૯૮૫માં વિવેચક પુરસ્કાર, સાલ ૨૦૦૦માં જયંત ખત્રી - બકુલેશ પુરસ્કાર, ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક, ક.મા. મુનશી ચંદ્રક, ૨૦૦૩માં દર્શક પુરસ્કાર અને ૧૨મો ધૂમકેતુ નવલિકા પુરસ્કાર મલ્યા છે. આ ઉપરાંત ૨૦૧૦માં ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીનાં પુરસ્કાર પ્રાપ્ત થયાં છે. ગુજરાતી ભાષા માટે તેમને નવલકથા છાવણી માટે પ્રખ્યાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર ૨૦૧૧માં પ્રાપ્ત થયો. રણજીતરામ સુવર્ણ ચંદ્રક દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું.

એક બાજુથી કુદરતની અવકૃપા થાય તો તેનાથી હારીને નહીં પણ તેને પોતાનું બળ બનાવી નૂતનબહેન જેવાં જીવન સંગિની અને વેણું તથા શાલ્મલી જેવી બે મીઠડી દીકરીઓના સાથથી જીવન જીવ્યાનો સંતોષ કેમ મેળવાય. એટલું જ નહીં પણ **એક ઉચ્ચ કોટીના સર્જક પણ થઈ શકાય તેની પ્રેરણા આપણે મહેતા સાહેબના જીવન પરથી મળે છે.** શ્રી મહેતા સાહેબ સ્વસ્થ અને દીર્ઘાયુ મેળવી મા ગૂર્જરીની અવિરત સેવા કરતા રહે તેવી અભ્યર્થના.

*મા આશાપુરા કૉલેજ ઑફ એજ્યુકેશન, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*

*'પુષ્પક', ચારણ સમાજ વાડી પાસે,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# સાહિત્ય સર્જક : સરોજ પાઠક

પૂજા કશ્યપ

સર્જન માત્ર પ્રસુતિની પીડા જેવું હોય છે. તે જ્યારે શબ્દદેહે અવતરે ત્યારે જ સર્જકને શાતા વળે છે. એમાં પણ સંવેદનશીલ સર્જકો તો કોઈ જુદી જ દુનિયામાં વિહાર કરવા નીકળી પડે છે. કોઇ યૌગિક અવસ્થા જેવી જ આ અવસ્થા છે. ને એટલે જ, આવી જ કોઈ અવસ્થાના ફળસ્વરૂપે ઉપજેલા શબ્દો, ભાવક મન પર દીર્ઘકાલીન છાપ છોડી જતા હોય છે. **અંદરનો સળવળાટ, બહારનો ધબકાર બની સર્જાય ત્યારે કેટલાક અમર સર્જનો સાહિત્યને સાંપડે છે.**

આવા કેટલાક યાદગાર શબ્દ સર્જનોના રચયિતા સરોજ પાઠકના સર્જકત્વ વિશે આજે વાત કરવી છે.

વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર સરોજ નારણદાસ ઉદ્દેશીનો જન્મ કચ્છ જિલ્લાના જખૌમાં થયો હતો. તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષમ મુંબઈમાં થયું. ૧૯૪૭માં મેટ્રિક થયા. ૧૯૬૧માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. અને ૧૯૬૪માં એમ.એ. થયા. ૧૯૫૦માં **જાણીતા હાસ્ય લેખક રમણલાલ પાઠક સાથે** લગ્નગ્રંથિએ જોડાયા. ૧૯૫૬-૫૭થી આકાશવાણી સાથે પણ સંલગ્ન થયેલા. ૧૯૫૭-૫૮માં સોવિયેટ ઈન્ફોર્મેશન સર્વિસ સાથે પણ જોડાયા. ૧૯૬૪થી બારડોલીની કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત થયા.

સર્જનના પડકારને સક્ષમ રીતે ત્યારે જ ઝીલી શકાય જ્યારે તે માટે સાચી દિશામાં યોગ્ય વ્યાયામ કરવામાં આવે. સરોજ પાઠકને પણ આવી ચોક્કસ દિશાનું સાચું માર્ગદર્શન મળ્યું પતિ રમણ પાઠક પાસેથી. સાથે પ્રશિષ્ટ અને ઉત્તમ નીવડેલી વાર્તાઓનું વાંચન પણ પ્રેરણારૂપ બન્યું. વ્યક્તિના જીવનની મૂંઝવણો, વિષમતાભરી પરિસ્થિતિ, કરૂણતાભરી દશા, અભાવગ્રસ્તતા વગેરેને નજીકથી જોવા - જાણવાનો મહાવરો પણ સરોજ પાઠકની વાર્તાઓમાં ઝીલાયો. જીવનની તમામ એકલતાભરી પરિસ્થિતિઓને તેમણે વાર્તા સર્જનથી ભરી દીધી.

સરોજ પાઠકના સાત વાર્તાસંગ્રહો સાહિત્યને મળ્યા છે. જેમાં અનુક્રમે 'પ્રેમઘટા ઝુક આઈ' (૧૯૫૯), 'પ્રીત બંધાણી' (૧૯૬૧), 'મારો અસબાબ મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૯૬), 'તથાસ્તુ' (૧૯૭૨), 'હુકમનો એક્કો' (૧૯૮૭), 'હું જીવું છું' (૧૯૯૦)નો સમાવેશ થાય છે.

તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝુક આઈ'માં ૧૫ વાર્તાઓ છે. જેમાં પરંપરાગત પુરુષ પ્રધાનની રૂઢીગત વિચારશીલતા, એ બંધનોમાં ફસાઈને જીવન જીવતી સ્ત્રીઓની કરુણ દશાનું, દાંપત્ય જીવનના સંઘર્ષને લીધે ઊભા થતા લગ્નેતર સંબંધોનું, અકળ ભયમાંથી ઊભી થતી વિચિત્ર મનોદશાઓનું અને માનસિક સંઘર્ષોનું કલાત્મક નિરૂપણ સરોજ પાઠકે આ વાર્તાઓમાં કર્યું છે.

આ સંગ્રહની વાર્તા 'સારિકા પીંજરસ્થા' સરોજ પાઠકની નોંધપાત્ર વાર્તાઓમાંની એક છે. બાળપણથી જ સ્વતંત્રતા ઇચ્છતી સારિકાને તમામ પરિસ્થિતિમાં મરજીથી વિરુધ્ધ જ વર્તવું પડે છે. શિક્ષણથી લઈ લગ્નજીવન સુધી. તેની ઈચ્છા વિરુધ્ધના નિર્ણયો જ તેના પર થોપી દેવામાં આવે છે. લગ્નજીવન બંધનગ્રસ્ત બને છે. ટૂંકી માંદગી બાદ પતિનું અવસાન થતાં વૈધવ્યને વરેલી સારિકાને પણ સમાજની કડવી વાણીનો સામનો કરવો પડે છે **"આ સ્ત્રી છે કે પથ્થર? એની આંખો કેવી કોરીધાકોર છે?"** એવું સાંભળીને સારિકા આઘાત પામે છે. આ સ્થિતિ તેને હોસ્પિટલગ્રસ્ત બનાવે છે. બીમારીમાં અસંબધ્ધ પ્રલાપો કરતી, ઉત્પાત મચાવતી સારિકાની અસહાય સ્થિતિનું કરુણ નિરૂપણ સરોજ પાઠકની કલમે થયું છે. સારિકાની આ સ્થિતિને કાબૂમાં લેવા માટે તેના પલંગ પર પીંજરું ગોઠવવામાં આવે છે. આ કેદી અવસ્થામાં જકડાયેલી સારિકાની કરુણતાની પરાકાષ્ટા છે. તે વાર્તા અહીં પૂરી થાય છે. સમગ્ર વાર્તામાં પીંજરું એક ભાવક્ષમ પ્રતીક બની રહે છે. જે દ્વારા સરોજ પાઠક રૂઢીવાદી પુરુષપ્રધાન સમાજનાં અનેક બંધનો અને રીતરિવાજોનાં કેદખાનામાં કેદ થયેલી સ્ત્રીઓની કરુણ દશાના સત્યને સૂચવે છે.

આ સંગ્રહની બીજી એક વાર્તા 'સુરમા' પણ સ્ત્રીની વૈચારિક સૃષ્ટિનો સૂચિતાર્થ કરતી વાર્તા છે. ગુજરાતનાં ગામડાંમાં જન્મીને ઉછરેલી સુરમા પરણીને દિલ્હી સ્થાયી થાય છે. મોટા શહેરની ઝાકઝમાળભરી જિંદગીને ઉપરી ચમકમાં સુરમા પર ધીમે ધીમે ગરક થતી જાય છે ને એક દિવસ તે ભવ્ય નાઈટ ક્લબમાં જતાં પોતાની જાતને રોકી શકતી નથી. શરાબ અને સુંદરીઓના વાતાવરણમાં તેને અચાનક જ દાદીમા પાસેથી મળેલા સંસ્કારો યાદ આવી જાય છે ને તે નાઈટ ક્લબમાંથી બહાર નીકળી જાય છે.

**એક તરફ બાહરી ઝાકઝમાળ ને બીજી તરફ આંતરિક સંસ્કારિતા. આ બંને વચ્ચે જીત સંસ્કારિતાની થાય છે** એવું આ વાર્તામાં સરોજ પાઠક દ્વારા દર્શાવાયું છે. આ સંગ્રહની અન્ય એક વાર્તા 'રાધાનો દીકરો પણ સ્ત્રી સ્વભાવનું નિરૂપણ કરતી વાર્તા છે. ઔચિત્યપૂર્ણ અંતને કારણે આ વાર્તા હૃદયસ્પર્શી બની શકી છે. 'રૂપેરી પડદો' વાર્તામાં રંગીન દુનિયાના સ્વપ્નોમાં ખોવાઈ જતી યુવતીની વાત છે. પણ અંતમાં જીવનની કઠોર વાસ્તવિક્તાનો ખ્યાલ આવતા તે યુવતી આ આઘાતમાંથી બહાર આવે છે. 'કરાલ દર્શન' વાર્તામાં પરીણિત વાર્તાનાયક જિતેન્દ્રની પત્ની લક્ષ્મીની ગેરહાજરીમાં પ્રેમિકાને મળવાની ઉત્સાહભરી અને પત્ની અણધારી પાછી આવવાથી પ્રેમિકાને મળવાની નક્કી કરેલી યોજના સંદર્ભે દ્વિધાભરી મનઃસ્થિતિ આલેખન પામી છે.

'પ્રીત બાંધણી' વાર્તા સંગ્રહમાંની 'મારી પત્ની' વાર્તામાં અણસમજુ પત્નીને લગ્ન જીવનમાં ઊભી થતી વિટંબણાઓનું ચિત્રણ થયું છે. વાર્તા નાયકના અનેક પ્રયાસો છતાં પત્નીના વર્તનમાં કોઈ જ પરિવર્તન ન આવતું હોવાથી વાર્તા અનિશ્ચિતતા સાથે જ પૂરી થાય છે.

આ વાર્તા સંગ્રહની અન્ય વાર્તા 'ચાંદલો'માં પણ કથક વાર્તા નાયક છે. આર્થિક સ્થિતિની કથળતી હાલતને કારણે આત્મહત્યાના વિચારો કરતો નાયક જ્યારે પત્નીના 'ચાંદલા'ને જુએ છે ત્યારે પોતાની ભૂલ તેને સમજાય છે ને કોઈપણ પરિસ્થિતિમાં નવી નોકરી શોધી પરિવારનું ભરણપોષણ કરવાનો તે નિર્ણય કરે છે.

આ જ સંગ્રહની 'બબુનો પ્રશ્ન' પણ એક રસપ્રદ વાર્તા છે. તો અન્ય એક વાર્તા 'આડવેર'માં પણ અનૈતિક સંબંધોમાંથી ઊભી થતી સંઘર્ષમય પરિસ્થિતિનું આલેખન થયું છે. કોઈપણ ભોગે પતિનો ખોટો અન્યાય સહન ન કરનારી, જાગૃત અને સ્વમાની, નવા જમાનાની આબોહવાને શ્વસતી વિલક્ષણ નારીનું દર્શન આ વાર્તામાં મળે છે.

'વિરાટ ટપકું' સરોજ પાઠકનો ૧૯૬૬માં પ્રકાશિત થયેલો વાર્તા સંગ્રહ છે. અગાઉના વાર્તા સંગ્રહ કરતાં વિષયની માવજત, ઘટનાની માંડણી અને ભાષાની દૃષ્ટિએ આ સંગ્રહ વધુ સક્ષમ જણાય છે. આ સંદર્ભે ડૉ. સુહાસ એ ડાભી નોંધે છે : 'વિરાટ ટપકું' વાર્તા સંગ્રહમાં પ્રેમ-સેક્સ, અવૈધ સંબંધો, નારીનું પુરુષો દ્વારા અને પુરુષોનું નારી દ્વારા થતું શોષણ, સ્ત્રીનું સ્ત્રી દ્વારા થતું શોષણ, નારી સ્વાતંત્ર્ય, ફિલ્મોનો બાળમાનસ ઉપર પડતો પ્રભાવ, અસ્તિત્વ ટકાવવાની મથામણ, નોકરી કરતી સ્ત્રીઓના માનસિક તાણ - તનાવ, વિવિધ પ્રકારના માનસિક ભય, નારીનો પુરુષ તરફ, પુરુષનો નારી તરફનો એકપક્ષીય પ્રેમ જેવી સમસ્યાઓને વિષય બનાવતી વાર્તાઓ જોવા મળે છે.

આ સંગ્રહની એક પ્રસિધ્ધ વાર્તા 'ન કૌંસમાં ન કૌંસ બહાર' પ્રણય નિષ્ફળતાનું કેન્દ્રસ્થાન ધરાવતી વાર્તા છે. એક જ વ્યક્તિનાં પરસ્પર વિરોધી બે વ્યક્તિત્વરૂપો વચ્ચેનો સંઘર્ષ અહીં નિરૂપાયો છે.

આ વાર્તા સંગ્રહની બીજી એક વાર્તા 'નંદુ' પુરુષ પ્રત્યે જાતીય ભાવાવેગ અનુભવતી કાચી વયની કુંવારી યુવતીની કામુકતાભરી મનોદશા વર્ણવતી વાર્તા છે. આખીયે વાર્તાનું આલેખન નાટ્યાત્મક રીતે થયેલું છે.

સરોજ પાઠકના અન્ય એક વાર્તાસંગ્રહ 'તથાસ્તુ'ની વાર્તા 'રાતાપીલીવાનીજા'નું શીર્ષક જ રસપ્રદ છે. મેઘધનુષ્યના સાતેય રંગોના નામનો પ્રથમ અક્ષર લઈને તે રચાયેલું છે. અહીં સરોજ પાઠકે રંગોની દુનિયાના લાંબા વર્ણનો કરવા કરતા માનવમનના સૂક્ષ્મ વ્યાપારોનો પરિચય કરાવ્યો છે.

'મારો અસબાબ મારો રાગ'માંની 'પ્રાયશ્ચિત' વાર્તામાં ખંડિત થતા દાંપત્ય જીવનને ઉગારી લેતી કથા છે. તો 'હુકમનો એક્કો'માંની વાર્તા 'હથેળીમાં આકાશ'માં ત્રીસ વર્ષની ઉંમરે અંધ અને બધિર થઈ જતા જેક્સનના સંવેદનશીલ ભાવ જગતને રજૂ કરવામાં આવ્યું છે.

'હું જીવું છું'ની વાર્તા 'વિલપાવર'માં નોકરિયાત વાર્તાનાયિકા વૈખરીની અકસ્માત મૃત્યુ અંગેની ભયભીત માનસિકતાને અસરકારક વાચા આપવામાં આવી છે. વૈખરીના મનોજગતને હકારાત્મક પરિવર્તન તરફ વાળવાનો પ્રયત્ન અહીં કરાયો છે.

પાત્રચિત્રની સંકુલ ભાવ સ્થિતિઓ એને વશવર્તીને એની આંતરબાહ્ય ક્રિયાઓ - કાર્યો દ્વારા સર્જાતી આડી-અવળી ઘટનાઓ, રહસ્યગોપન વિષયના સ્વરૂપ સાથે સુસંગત રહીને આલેખાતો સ્થળ અને એની આસપાસનો પરિવેશ — આવી અનેક પ્રયુક્તિઓ દ્વારા સરોજ પાઠક એમની મોટાભાગની વાર્તાઓને આધુનિકતાના આકાર આપવાનો પ્રયત્ન કરે છે. જેને લીધે એમની મોટાભાગની વાર્તાઓનું રચનાવિધાન પરંપરાગત પ્રણાલીથી વિશિષ્ટ બની રહે છે. સલમા ધોલેરિયા આ સંદર્ભે નોંધે છે : "વિષયવસ્તુની દૃષ્ટિએ ક્યારેક પરંપરાગત વાર્તાશૈલીને અનુસરતા હોવા છતાં પ્રયોગ દિશા તરફની અભિમુખતા તેમની પાસે નવા નવા કલારૂપો સજાવે છે. રચનાકલા અને સંવિધાનની આગવી રીતિ ઉપજાવી આરંભ, મધ્ય, અંત ઘટનાનું તર્કબધ્ધ આલેખન વાચકને હલબલાવી નાખે તેવી ચોટ, રહસ્ય આદિ રૂઢ થયેલા વલણોથી તેમની વાર્તાઓ જુદી છે. સીધી રીતે કહેવાને બદલે ઘટનાના તાંતણાઓ છિન્નભિન્ન કરી, એમાંની સુશ્લિષ્ઠ આકારસૌષ્ઠવ નિપજાવવા મથે છે."

સરોજ પાઠકે નવલકથા સ્વરૂપમાં પણ નોંધપાત્ર સિધ્ધિ મેળવી છે. ઇ.સ. ૧૯૬૯માં પ્રગટ થયેલી તેમની પહેલી

નવલકથા 'નાઈટમેર' અસ્તિત્વની સમસ્યાને વિશિષ્ટ નિરૂપણ રીતિથી દર્શાવતી કથા છે. લઘુનવલ 'નિઃશેષ' (૧૯૭૯) અને 'પ્રિય પૂનમ' (૧૯૮૦) તેમની અન્ય નવલકથાઓ છે. ૧૯૮૭માં પ્રગટ થયેલી તેમની છઠ્ઠી નવલકથા 'ટાઈમ બોમ્બ' છૂટાછેડાની ધાર પર તોળાઈ રહેલા યુગલની દાંપત્ય વિષયક સમસ્યાઓ સાથે મુકાબલો કરે છે. કૃતિનો આરંભ નાટ્યાત્મક છે પણ અપ્રતીતિકર નથી. જ્યારે અંત અમુક અંશે એવો લાગે છે. ૧૯૮૮માં પ્રગટ થયેલી 'લિખિતંગ' ચાર મુખ્ય પાત્રોને ફોકસ કરતા ચાર પ્રકરણોમાં વહેંચાયેલી સમાજનાં કચડાયેલા, ઉપેક્ષિત, વ્યથિત પાત્રોના જીવનમાં ડોકિયું કરતી એક વિલક્ષણ હેતુલક્ષી નવલકથા છે. નવલકથાના ચાર પ્રકરણોમાં ચાર પાત્રોને ધ્યાનમાં રાખી લેખિકાએ તેમના જીવનની વાત મુખ્યત્વે તેમની સ્મૃતિઓ રૂપે વર્ણવી છે. ચોથા પ્રકરણના અંત ભાગમાં લેખિકાએ ચારે પ્રકરણોના અલગ અલગ તાણાવાણાને પરસ્પર ગૂંથ્યા છે અને કથાના તંતુઓ સાંધી આપ્યા છે. એક ભાવનાવાહી અભિગમ સાથે નવલકથા પૂરી થાય છે. અલબત્ત, લેખિકાનો આરોપિત ભાવનાવાદ નવલકથાના વાસ્તવાભિમુખ વાતાવરણમાં બંધબેસતો નથી અને તેથી કલાકીય ભૂમિકા પર નવલકથા નબળી પડતી જણાય છે. નવલકથામાં બાહ્ય ઘટનાઓ અલ્પ છે. પાત્રોમાં માનસિક સંચાલનોનું નિરૂપણ વધું છે. તેથી તેને મનોવૈજ્ઞાનિક અભિગમવાળી નવલકથા કહી શકાય.

'ઉપનાયક' (૧૯૮૬) અને 'મન નામે મહાસાગર' – આ બંને નવલકથાઓ પણ સરોજ પાઠકની કલમે સર્જાયેલી આધુનિક શૈલીથી ભરપૂર નવલકથાઓ છે.

સરોજ પાઠકે 'ગુજરાત મિત્ર'ની 'નારી સંસાર' કોલમમાં લખેલા સ્ત્રી વિષયક લેખોના બે સંગ્રહો 'સંસારિકા' (૧૯૬૭) અને 'અર્વાચીના' (૧૯૭૬) પણ આપ્યા છે. 'પ્રતિપદા' (૧૯૬૨) એમનું અનુવાદનું પુસ્તક છે.

- **પાત્ર ચિત્રણ :**

સરોજ પાઠકની તમામ વાર્તાઓ તેમજ નવલકથાઓમાં સૌથી ધ્યાનાકર્ષક બાબત તેમનું પાત્ર વૈવિધ્ય છે. આ બધા જ પાત્રો સમાજના જુદા જુદા સ્તરેથી આવે છે. ઉંમરમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. ઊગીને ઊભા થતાં શારીરિક કે માનસિક નબળાઈથી પીડાતા બાળકો પણ છે, તો શારીરિક નબળાઈને કારણે પરવશ થઈને કુટુંબમાં ઉપેક્ષિત થઈ પડતાં વૃધ્ધ પાત્રો પણ છે. જાતીય શોષણનો ભોગ બનનારી સ્ત્રીઓ પણ છે, વિષમતાભરી પરિસ્થિતિમાં આંતરિક તેમજ બાહ્ય બંને પ્રકારે સંઘર્ષ કરતા પાત્રો સરોજ પાઠકની કલમની વિશેષતા છે. કેટલાક પાત્રો હતાશ થઈ આઘાત પણ અનુભવે છે તો કેટલાક વિષમતાઓ સામે લડીને નવું જ મનોબળ પણ પ્રાપ્ત કરે છે. જોકે સ્ત્રી પાત્રો કરતાં પુરુષ પાત્રો ઓછા પ્રભાવક જણાય છે, જે સરોજ પાઠકના પાત્ર ચિત્રણની એક મર્યાદા ગણાવી શકાય.

- **ભાષા શૈલી :**

સ્વાભાવિક રીતે જ ટૂંકી વાર્તામાં ભાષાનો વિનિયોગ સંયમ અને ઔચિત્યવિવેક માંગી લે છે કારણકે અહીં ટૂંકાણ અનિવાર્ય છે. સરોજ પાઠક એમની મોટાભાગની વાર્તાઓમાં આ પ્રકારની સભાનતા દાખવીને ભાષાનો વિનિયોગ કરી શક્યા છે. સરળ પ્રવાહિતાવાળી ભાષા, એ સરોજ પાઠકની ખૂબી છે.

**સરોજ પાઠક સ્વાનુભવ બળે સતત વ્યાયામ દ્વારા જાણે ભાષા વિકાસ સાધતા હોય અને તેમાં પોતાની પૂરી શક્તિ કામે લગાડતા હોય તેવી પ્રતીતિ તેમની વાર્તાઓ અને નવલકથાઓમાં થાય છે.** પાત્રોની એકબીજા પ્રત્યેની શારીરિક ક્રિયાઓ, પ્રતિક્રિયાઓ એને અસર કરતાં કે તેને જન્માવતા પરિબળ તરીકે પાત્રોની આસપાસનો પરિવેશ, પાત્રચિતના સૂક્ષ્મ વ્યાપારો વગેરેમાંથી જન્મતી ઘટનાઓ, પ્રસંગોની ગૂંથણી વગેરે પરસ્પર સાથે સંકળાઈ એકરસ થઈ વક્તવ્યને સચોટ કરવા ભાષા મહત્ત્વનો ભાગ ભજવે છે, ને સરોજ પાઠકે તેનો યથોચિત પ્રયોગ કર્યો છે.

- **નારીવાદી દૃષ્ટિકોણ :**

**સમાજમાં શ્વસતી નારીઓની વિવિધ સમસ્યાઓ એ સરોજ પાઠકની મોટાભાગની વાર્તાઓનું કેન્દ્રબિંદુ છે.** કેટલીક વાર્તાઓમાં વિષમ પરિસ્થિતિઓ સામે લગ્નજીવનને ટકાવી રાખવા સમાધાન કરતી નારીની વિવશતા રજૂ કરીને સરોજ પાઠક પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીના જીવનની કઠોર વાસ્તવિક્તા વર્ણવે છે. જ્યારે કેટલીક વાર્તાઓમાં સ્વવિકાસ માટે સ્વાતંત્ર્ય ઝંખતી અને એ માટે સંઘર્ષ કરતી નારીસ્વમાન તેમજ આત્મગૌરવના ભોગે જરાય સમાધાન ન કરતી જાગૃત નારીનું વિદ્રોહી માનસ પણ છતું થતું જણાય છે.

વાર્તાની જેમ નવલકથાઓમાં પણ નારી જીવનની વિવિધ અવસ્થાઓ, એમના સુખદુઃખ, સ્ત્રી જીવનની વિષમતાઓ, સમસ્યાઓ સામેની સંઘર્ષ ગાથાઓમાંથી ઉપસતા નારી વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો સુપેરે પરિચય મળે છે. સરોજ પાઠકના કલમનું કેન્દ્રસ્થાન જ સ્ત્રીસંવેદના અને સ્ત્રી સમસ્યા છે.

- **મનોવૈજ્ઞાનિક અભિગમ :**

આધુનિક ગુજરાતી સાહિત્યમાં પાત્રોની આંતરચેતનાના સંકુલ પ્રવાહોનું નિરૂપણ કરવાનો પ્રયાસ ઘણા સર્જકોએ કર્યો છે. સરોજ પાઠકની ખાસ કરીને વાર્તાઓમાં મોટાભાગના પાત્રોનું અનુભવ જગત સુયોજિત કથનરીતિ અને વિવિધ રચના પ્રયુક્તિઓ દ્વારા કલાત્મક રીતે તેમના મનોસંચાલનોને મૂર્તમંત કરીને ઉઘડે છે. જેને કારણે ઘટના સૂક્ષ્મ બને છે અને મનોસંચાલનો સૂક્ષ્મ.

(અનુ. : જુઓ પાના નં.-૪૩ ઉપર)

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# ગુજરાતી સાહિત્યના કચ્છી શહીદ
# કવિ જીવરામ અજરામર ગોર



ઉમિયાશંકર અજાણી

*કચ્છના સાહિત્યકારો, સર્જકો અને સાહિત્ય પ્રેમીઓમાં શ્રી ઉમિયાશંકરભાઈ અજાણીનું વિશિષ્ટ સ્થાન છે. જેમણે કચ્છ જેવા સૂકા મુલકમાં સંસ્કાર અને સંસ્કૃતિની સમૃધ્ધિ માટે સાહિત્યના સિંચન કર્યા છે. સાહિત્ય માત્રનો ઉદ્દેશ માનવ જીવનનું નિરૂપણ છે. શ્રી અજાણી સાહેબે તેમના પુસ્તક 'કચ્છના મહામૂલા માનવરત્નો'માં કચ્છની કેટલીક પ્રતિભાઓના વ્યક્તિત્વનું દર્શન કરાવીને સાહિત્ય ક્ષેત્રે અથવા બહુજન હિતાય કંઈક નોંધપાત્ર પ્રદાન કરીને ધૂપસળીની જેમ સુવાસ પ્રગટાવી હોય તેવા રેખાચિત્રો અંકિત કર્યા છે. જેમાંથી (૧) શ્રી રસિકલાલ જોશી, (૨) કવિ જીવરામ અજરામર ગોર અને (૩) શ્રી ઠાકરશીભાઈ કંસારાની વિગતો અત્રે પ્રસ્તુત કરીએ છીએ.*

*– તંત્રી*

ગુજરાતી સાહિત્યના બે કચ્છી શહીદો એમ કહીને ગુજરાતે જેમની મૂલવણી કરી છે એ બે કચ્છી શહીદો હતા : કવિ જીવરામ અજરામર ગોર અને બીજા હતા હાજી મહમદ અલારખિયા શિવજી. કવિ જીવરામ અજરામર ગોરનો જન્મ ભુજમાં સંવત ૧૯૧૭માં થયેલ. તેમના માતાજીનું નામ જસુબાઈ હતું. ધર્મનિષ્ઠ માતા-પિતાની છત્રછાયા તળે રહીને જીવનની પાવન કેડીએ ડગ માંડતાં-માંડતાં ગુજરાતી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ ભુજમાં કર્યો. એમની પ્રખર બુદ્ધિમતાને કારણે કેળવણી ખાતાએ એમને વિશેષ અભ્યાસ અર્થે અમદાવાદની ટ્રેનિંગ કૉલેજમાં મોકલાવ્યા. ત્યાં અભ્યાસ પૂરો કરી સંવત ૧૯૪૨માં પાછા આવતાં કચ્છ રાજ્ય તરફથી તેમને માસિક કોરી ૪૦ના પગારથી શિક્ષક તરીકે લખપતમાં નીમવામાં આવ્યા. ત્યાંની તેમની સારી કામગીરીને ધ્યાને લઈ સંવત ૧૯૪૪માં બઢતી આપી માસિક કોરી ૬૦ના પગારથી મુંદ્રા તાલુકાના ગામ ભુજપરમાં મુખ્ય શિક્ષક તરીકે બદલવામાં આવ્યા. ભુજપર ગામે તે સંવત ૧૯૫૦ સુધી એટલે કે ૬ વર્ષ સુધી ત્યાં રહ્યા. એ સમય દરમિયાન તેમણે માત્ર વિદ્યાર્થીઓનું જ નહીં, વાલીઓનું પણ પ્રેમ સંપાદન કર્યું. આ ગાળા દરમિયાન તેમણે મુંદ્રાના ગૌરક્ષક સંસ્થામાં પણ સેવા આપી. **સાથે સાથે સાહિત્ય ક્ષેત્રે પણ પોતાની લેખન પ્રવૃત્તિ ચાલુ રાખી.** તેમની ઉત્તમ પ્રકારની શાળાકીય કામગીરીની કદર કરીને રાજ્ય તરફથી તેમને બઢતી આપીને માસિક ૮૦ કોરીના પગારથી ભુજની શાળા નંબર ૧ માં કસરત માસ્તર તરીકે બદલી કરી. ભુજપરથી વિદાય લેતી વખતે તેમના માટે એક શાનદાર વિદાય સમારંભ મુંદ્રા ગૌરક્ષક મંડળ તરફથી યોજવામાં આવ્યું તેમાં તેમનું જાહેર સન્માન કરી અને 'કવિ'ની પદવી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ પણ સુવર્ણ ચંદ્રક અને સન્માનપત્ર આપી તેમના પ્રત્યેની પોતાની ગુરુ ભક્તિ દાખવી.

જીવરામે ('જીવન') અભ્યાસકાળ દરમિયાન **અગિયારમા વર્ષે પહેલી કવિતા રચી હતી.** અમદાવાદની ટ્રેનિંગ કૉલેજમાં તે અભ્યાસ કરતા હતા ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓને કાવ્યશાસ્ત્ર શીખવવા માટે ગુજરાતના જાણીતા કવિ શ્રી દલપતરામ ડાહ્યાભાઈ આવતા હતા. એક પ્રસંગે જીવરામ અજરામરે કાવ્યશાસ્ત્ર વિશે ગદ્ય-પદ્યાત્મક શૈલીમાં એક સુંદર વ્યાખ્યાન આપેલ. જેનાથી દલપતરામ ભારે પ્રભાવિત થયા હતા. આમ જીવરામ દલપતરામની વધુ નજીક આવ્યા હતા. આવી નજદીકીના કારણે બંને વચ્ચે ઉંમરનો તફાવત પણ અવરોધરૂપ બની શક્યો નહોતો. દલપતરામ સાથેના પરિચયના કારણે 'જીવન' દલપતરામના સંગે કવિતાના રંગે રંગાયા. દલપતરામે તેમને પિંગળ તથા રસાલંકારનો વિશેષ અભ્યાસ કરાવી અને કાવ્યશાસ્ત્રના ગહન તત્ત્વો સમજાવ્યા. તેથી આ વિષયમાં તેમની રૂચિ દ્રઢ થઈ. દલપતરામે તેમનામાં રહેલી પ્રતિભાને પારખીને પોતાની એક ઈચ્છા પ્રગટ કરતાં કહેલ કે હું ઈચ્છું છું કે મારી હયાતી પછી મારું જીવનવૃત્તાંત તમે લખો.

અમદાવાદમાં રહ્યા તે દરમિયાન અન્ય કેટલાક વિદ્વાનોના પરિચયમાં આવવાના કારણે તેમની સાહિત્ય વિશેની સમજણ શક્તિ વિકસી. તેથી કચ્છના લોક સાહિત્ય તરફ તેમનું ધ્યાન ખેંચાયું. કચ્છના ભાતીગળ ભૂતકાળની કેટલીક ભવ્ય લોકકથાઓ તેમના મનમાં રમવા લાગી. અને તેનું પરિણામ

પણ એવું સુંદર આવ્યું કે એમણે લોક સાહિત્યના ક્ષેત્રે પદાર્પણ કરી માત્ર કચ્છને નહીં, ગુજરાતને પણ કચ્છના લોક સાહિત્યનું રસ દર્શન કરાવ્યું. નરસિંહરાવ ભોળાનાથ અને અન્ય કેટલાક વિદ્વાનો કચ્છી ભાષા પ્રત્યે સુગ ધરાવતા હતા અને કહેતા હતા કે કચ્છી જેવી અમુક જાતિઓને ભાષા છે પણ સાહિત્ય નથી. તેમની પાસે જૂજ કંઠસ્થ સાહિત્ય છે પણ તેને સાચા અર્થમાં સાહિત્ય ગણાવાનો અધિકાર નથી, કેમકે સાહિત્યનું અસ્તિત્વ તો સંસ્કારિતાના અસ્તિત્વની અપેક્ષા રાખે છે. ગુજરાતના વિદ્વાનોની આવી માન્યતાને નિરાધાર કરવાની કમર કસી જીવરામ અજરામરે, અને એમાં સફળતાને વર્યા એ એમની સિધ્ધિ નાની સુની ન ગણાય.

કવિ જીવરામની પ્રતિભા જેમ જેમ વધતી ગઈ તેમ તેમ એમના કાવ્યો અને લેખો પોતાને મળે તે માટે સમયના 'સૌરાષ્ટ્ર દર્પણ, 'વિજ્ઞાન વિલાસ', 'બુદ્ધિ પ્રકાશ', 'કાવ્ય કમળાકર', 'માસિક સાર સંગ્રહ', 'ચન્દ્ર', 'માસિક મજાહ' જેવા સામયિકો અને 'ગુજરાતી', 'હિન્દુસ્તાન' અને 'પ્રજાપતિ' જેવા સાપ્તાહિકો માટે સતત પ્રયાસો કરવા લાગ્યા અને મળતા તે કાવ્યો અને લેખો પ્રસિધ્ધ કરવા માંડ્યા.

કવિનું સમગ્ર જીવન સાહિત્યમય બની ગયું. ઇ.સ. ૧૯૦૦માં કચ્છી નવા વર્ષે તેમણે 'સરસ્વતી શૃંગાર' નામનું માસિક શરૂ કરી એમના હૈયે બિરાજેલા સરસ્વતીના આસનને વધુ સુદ્રઢ કર્યું. માસિકમાં કચ્છ તેમજ ગુજરાતના સાહિત્યકારો અને કવિઓએ પોતાની રચનાઓ મોકલવા માંડી. કવિ જીવરામના જીવનનું સરસ્વતી શૃંગાર એક યશસ્વી કાર્ય બની ગયું. તેમાં કાવ્યશાસ્ત્રની છણાવટની સાથે સાથે કચ્છ અને ગુજરાતનું ઘણું અપ્રગટ લોકસાહિત્ય બહાર આવ્યું. આ માસિક માત્ર ગુજરાતી ભાષા પૂરતું મર્યાદિત ન બની રહેતાં તેમાં હિંદીને પણ સ્થાન આપી રાષ્ટ્રીય ભાવનાને પણ ચેતનવંતી કરવાનું કામ કર્યું. ટાંચા સાધનો અને આર્થિક પરિસ્થિતિના કારણે સરસ્વતી શૃંગારનું આયુષ્ય ભલે ત્રણ કે ચાર વર્ષનું અલ્પજીવી રહ્યું, પણ એ ત્રણ-ચાર વર્ષનો ગાળો અક્ષરના આરાધકો માટે મહત્ત્વનો બની રહ્યો. એમના સાહિત્યિક ઘડતરમાં એ ખૂબ જ મહત્ત્વનો બની ગયો. **સાહિત્ય ક્ષેત્રે જીવરામની આ સેવા ખૂબ જ ઉમદા ગણી શકાય.**

ગુજરાતી, હિંદી, વ્રજ તેમજ કચ્છી ભાષા પર કવિશ્રી જીવરામભાઈનું પ્રભુત્વ હતું. કવિતાઓની સાથે સાથે તેમણે લોક સાહિત્યના ક્ષેત્રે પણ સારું ખેડાણ કર્યું છે. તેમના આ કાર્યની નોંધ લેતાં શ્રી ઝવેરચંદ મેઘાણી કહે છે કે, 'આ બધા વર્ષો દરમિયાન આવી વાર્તાઓ કચ્છ, કાઠિયાવાડ અને રાજસ્થાનની માત્ર વાર્તાઓ જ નહીં, લોક ભજનો, ચારણી કાવ્યો, કહાણીઓ, કહેવતો મતલબ કે લોકવાણીનો પ્રકાર પ્રાપ્ત થયો તે તમામને તે તે લેખના લેખકની વિવેચના, ટીપ્પણી, અર્થ અને વિવરણ સહિત 'ગુજરાતી'ના દિવાળી અંકોને આભારી છે.' કૃષ્ણલાલ ઝવેરીએ પણ એમના **ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક** અને વધુ માર્ગસૂચક સ્તંભમાં જીવરામ અજરામર ગોરને કચ્છના કંઠસ્થ સાહિત્યના બીજા સંગ્રાહક તરીકે બિરદાવ્યા છે.

કચ્છી તેમની માતૃભાષા હોવાથી કચ્છી પર તો તેમનો કાબૂ હોય જ, કચ્છમાં વહીવટની ભાષા ગુજરાતી હોવાના કારણે ગુજરાતી ભાષા પર પણ તેમનો કાબૂ હોય તે સ્વાભાવિક ગણાય પણ વ્રજભાષાના તથા હિંદી પર પણ તેમનો કાબૂ ઘણો સારો હતો. દાદાભાઈની જયંતી પ્રસંગે યોજાયેલ એક કાર્યક્રમમાં, જેનાં પ્રમુખ સ્થાને એક યુરોપિયન સદ્ગૃહસ્થ હતા તે કાર્યક્રમમાં શેઠ શ્રી દામોદર સુખડવાળાની ઈચ્છાથી કવિએ હિંદી ભાષામાં રચેલ એક કાવ્ય સંભળાવ્યું હતું. એ કાવ્ય 'ગુજરાતી'માં પ્રસિધ્ધ થયું, 'ભારતમિત્ર' (હિંદીભાષા)ના તંત્રીને તે કવિતા એટલી બધી ગમી ગઈ કે તેમણે એ કવિતા અક્ષરસઃ ભારતમિત્રમાં છાપી અને તેના માટે તંત્રી લેખ લખતાં લખ્યું કે, 'યદી યહ કવિતા બંબઇ કે ગુજરાતી અખબારમેં ગુજરાતી હરફોંમેં છપી ન હોતી તો હમ તો ક્યા, મગર કોઈ હિંદી કાવ્યજ્ઞાતા બડા વિદ્વાન ભી યહ એક ગુજરાતી કવિ મહારથી કી બનાઇ હુઈ હય ઐસા નહીં કહ શકતા થા.' ઇ.સ. ૧૯૦૯થી ઇચ્છારામ દેસાઇએ 'ગુજરાતી'ના દિવાળી અંક પ્રગટ કરવાનું શરૂ કર્યું. ગુજરાતીના અંકમાં કવિ જીવરામની કૃતિ તો હોય જ. એમની કૃતિ વિના અંક અધૂરો ગણાતો — એવી મોહિની એમની લેખીનીએ વાચકોમાં જગાડી હતી. એમની લોકસાહિત્યની કથાઓ ગુજરાતીના દિવાળી અંકોમાં સને ૧૯૧૦ના અંકથી પ્રગટ થવી શરૂ થઈ હતી. ઇ.સ. ૧૯૧૦માં મારઇ અને ઉમર, ૧૯૧૧માં સુણી અને મેઆર, ૧૯૧૩માં જામ પુંઅરો અને જખ દેવતા, ૧૯૧૪માં નાગવાળો અને નાગમતી, ૧૯૧૫માં મારૂઢોલા, ૧૯૧૬માં માનસિંહ અને કવિ હરનાથ જેવી સરસ લોકકથાઓ આપી. સાથે સાથે તેમના પુસ્તકો પણ પ્રગટ થવા માંડ્યા હતા. કેટલાક વિદ્વાનો જેને સાહિત્યની કક્ષામાં ગણવા પણ તૈયાર નહોતા તેવા સમયે લોકજીવનને સ્પર્શતા એ સાહિત્યનું સર્જન અને પ્રાગટ્યનું મહત્ત્વનું કામ કર્યું હતું. સને ૧૯૧૧ના ગુજરાતીના દિવાળી અંકમાં તેમના દ્વારા 'લખપત શૃંગાર'નો કેટલોક ભાગ પ્રસિધ્ધ થતાં **વાચકો તેનાથી પ્રભાવિત થયા હતા.** લખપત શૃંગાર એ કચ્છના મહારાવશ્રી લખપતજીએ રચેલ પ્રસિધ્ધ ગ્રંથ છે.

લગભગ વીસેક વર્ષ સુધી કેળવણી ખાતામાં નોકરી કર્યા પછી કેટલાક સમયથી તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી તેમજ ઉપરી અમલદારો તરફથી પણ વારંવાર કરાતી અડચણોથી

ત્રાસીને તેમણે નોકરી છોડી દીધી. નોકરી છોડીને સને ૧૯૦૫માં મુંબઈ ગયા. તા. ૮-૬-૧૯૧૭ના સાંજ વર્તમાનમાં પ્રસિધ્ધ થયેલા એક અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે, 'વિદ્યાભાસ્કર પંડિતશ્રી કાર્તાતિકે જણાવ્યું હતું કે — આખા હિંદુસ્તાનના વેદધર્મ તથા સંસ્કૃત અને વેદ ભાષાના સર્વોપરી આચાર્ય શ્રીમન્ આદિ શંકરાચાર્યની આદિ પીઠ (મુખ્ય ગાદી) મૈસુર સ્ટેટમાંના શૃંગેરીના કૈલાસવાસી સદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રીમન્ સચ્ચિદાનન્દ શિવાભિનવ નૃસિંહભારતી સ્વામિએ કવિરાજશ્રીના 'શ્રી શંકરયશમાલિકા' નામે ઉત્તમ હિંદી કાવ્યગ્રંથનું કેટલાક દિવસો સુધી પોતાના વિદ્વાન શાસ્ત્રી મંડળની સભામાં શ્રવણ કરી તેના પર પ્રસન્ન થઈને (તૂટેલ છે) પારિતોષિક સાથે "કવિરાજશ્રી"નો ઇલ્કાબ (મહોર છાપ સાથેની સનંદથી) સત્કાર્યા છે. આવો રીતસરનો ઇલ્કાબ બીજા કોઈ કચ્છી કે ગુજરાતી કવિને મળ્યાનું મારી જાણમાં નથી.'

મુંબઈમાં કેટલાક સમયથી તેમની તબિયત સારી રહેતી નહોતી. તેમના કેટલાક મિત્રોએ તેમને ગઢશીશા પાસે આવેલા બિલેશ્વર મહાદેવની જગ્યામાં ચાલતા 'કાર્તાતિક વેદોધ્ધાર ગુરુકુળ'ની સંસ્થાની વ્યવસ્થા સંભાળવા આગ્રહ કરતાં તે ગઢશીશા આવ્યા. અહીં બે વર્ષ સુધી વ્યવસ્થાપક તરીકે સંસ્થાનું સફળ સંચાલન કર્યું. અહીં પણ તેમની તબિયતમાં કાંઈ સુધારો દેખાયો નહીં. તેથી પોતાને મુક્ત કરવા માંગણી કરી. સંસ્થા તેમને છોડવા રાજી તો નહોતી પણ તેમની શારીરિક હાલત જોતાં સંસ્થાએ તેમને છૂટા કર્યા. અહીંથી છૂટા થઈ તે ભુજ પાછા આવ્યા.

ભુજ આવ્યા પછી તે ભુજથી ઉત્તરે આશરે ચારેક માઇલના અંતરે આવેલ પોતાના જાગીરી ગામ રામેશ્વરપુર (ધોંસા) આવ્યા. કવિના વડવાઓને કચ્છ રાજ્ય તરફથી એ ગામ ઇનામમાં મળ્યું હતું. કવિ ગામના જાગીરદાર હતા. નાની મોટી ટેકરીઓની હારમાળા વચ્ચે આવેલ રામેશ્વરપુર - ધોંસા ગામ આસપાસની લીલી ઝાડીના કારણે રમણિય લાગતું હતું. ટેકરી પર રામેશ્વર મહાદેવનું મંદિર હતું. ત્યાં પોતાના માટે એક નાનકડી મઢુલી બંધાવી હતી. તેનું નામ રાખ્યું હતું જીવનાલય. નીચે રામ સરોવર નામે એક સુંદર મોટું તળાવ હતું. આજુબાજુમાં પાંગરેલી વનસ્પતિના કારણે સમગ્ર વિસ્તાર ભારે રળિયામણું ભાસતું હતું. કવિ બહાર વસતા હતા ત્યારે પણ અવારનવાર અહીં આવતા. પ્રકૃતિના સાનિધ્યમાં એમની સાહિત્યિક પ્રવૃત્તિ માટે આ સ્થળ એમને ખૂબ જ પ્રિય હતું.

બિલેશ્વરથી પાછા ફર્યા પછી તેઓ હવે આ રમણીય વાતાવરણમાં રહીને તેમની સાહિત્યિક પ્રવૃત્તિ આગળ ધપાવવા માંગતા હતા. પણ જીવન નિર્વાહના ટાંચા સાધનો અને યુવાન વયના આશાસ્પદ પુત્ર ઇશ્વરલાલ જે છ મહિના પહેલાં જ પરણ્યા હતા તેનું અકાળે નિધન થતાં એમનો જીવ અહીં ઠર્યો નહીં. કહેવા માટે રામેશ્વરપુર (ધોંસા) જાગીર હતી અને પોતે એ જાગીરના જાગીરદાર હતા પણ આવક વગરની આ જાગીરનો જાગીરદાર ફકીરી જીવન વિતાવતો હતો. મનોરથ ઘણા મોટા હતા અને આદર્શ પણ ઊંચા હતા કે હવે બધું જ છોડીને માત્ર સાહિત્યની આરાધના કરવી. પણ એવું કરી શક્યા નહીં.

પિંગળ-શાસ્ત્રમાં એ પ્રવીણ હતા. એમના 'ભગવત પિંગળ' વિશે કવિશ્રી દલપતરામે નોંધ્યું છે કે, 'ટીકા વિદ્વતા ભરેલી ઉત્તમ છે. દરેક સિધ્ધાંતને સમજાવવા માટે તેમણે ઉત્તમ કોશિશ કરેલી છે. પિંગળના વિષય સંબંધે કેટલીક જાણવાજોગ નવી બાબતોનો સંતોષકારક રીતે સમાવેશ કરેલ છે.' કવિશ્રી દલપતરામના આવા નિરીક્ષણના કારણે ગુજરાતી પ્રેસના માલિકે કવિશ્રી દયારામ રચિત પિંગળ સારના હિંદી પુસ્તકને સવિસ્તર ટીકા સાથે તૈયાર કરી આપવાનું કામ કવિ જીવરામને સોંપ્યું હતું.

ભગવતપિંગળ અંગે માસિક મજાહના પુ.-૮ના અંક ૫-૬-૭ના પાના ૨૫૦ પર તારપોળવાળાએ જણાવેલ છે કે, 'ભગવત પિંગળ' નામના એક જૂના ગ્રંથની ટીકા રા. જીવરામ ગોરએ પ્રસિધ્ધ કરી ગુજરાતી ભાષાના કવિઓની કેવી ઉત્તમ સેવા બજાવી છે તે કાવ્યાભિલાષી જનો જ જાણશે. ગુજરાતીમાં આવી વિદ્વતા ભરેલી ઉત્તમ ટીકાવાળું પુસ્તક જવલ્લે જ બહાર પડ્યું હશે. નામદાર કચ્છ દરબારના મહાદાશ્રયથી બીજા પણ કેટલાક પુસ્તકો કવિએ બહાર પાડેલા છે. એવા એક પંડિત પુરુષ માટે કચ્છ દેશ મગરૂર થાય તો તે મગરૂરી માન ભરેલી છે.

ત્યાર પછી પણ માસિક મજાહે તેના પુસ્તક ૮ ના અંક ૧૧ના પાના ૪૯૪ પર આ પુસ્તક અંગે વિશેષમાં જણાવેલ છે કે, કવિ જીવરામ અજરામર ગોર તરફથી અમને ભેટ મળેલો આ અમૂલ્ય ગ્રંથ કવિતા કરનારાઓને કિંમતી છે. કચ્છ - ખાખરના સ્વર્ગવાસી કવિ જાડેજા શ્રી ઉન્નડજી કૃત આ મૂળ ગ્રંથને મૂળ વિષયે તથા તેની ગુજરાતી ટીકા સંપૂર્ણ વિસ્તાર સહિત બહાર પાડીને કવિ જીવરામે પોતાના સતત કાવ્યાભ્યાસનો પાકો પુરાવો આપ્યો છે. વાંચનારને માટે એમાં નોંધવા જેવું કશું નથી, પણ કવિઓને માટે 'અમૂલ્ય' હીરાની ખાણ છે, એટલું જ કહેવું પૂરતું ગણાશે.

મને લાગે છે કે 'ભગવત પિંગળ' જેવું સંપૂર્ણ પિંગળ (હાલ) બીજું કોઈ નથી. આ મત ઉચ્ચારતી વેળા હું ભૂલી નથી ગયો કે બીજા અનેક સંસ્કૃત કવિઓએ પિંગળ લખેલા છે, પણ મારી નજર સામેનું આ પિંગળ તેના પાના ઉથલાવ્યા વિના તેમાં વપરાયેલા અસાધારણ બુદ્ધિબળનો ખ્યાલ આવવાનું નથી. મેં આ ગ્રંથની રચના અદ્‌ભુત જોઈ છે અને કાવ્યાભિલાષીઓને પણ આ પુસ્તકનો અભ્યાસ કરવાને અરજ કરું છું. મૂળ ગ્રંથ સમજવો લગાર કઠિન છે, પણ કવિ જીવરામે વિસ્તારવાળી ટીકા લખીને તે કાર્ય દર્પણમાં મોં દેખ્યા જેવું સહેલું કરી આપ્યું છે.

જીવનાલયની મઢુલીમાં બેસીને હવે માત્ર સાહિત્યની સાધના કરવાનું કવિ જીવનનું સ્વપ્નું સાકાર થઈ શક્યું નહીં. જીવન નિર્વાહ માટે ફરીથી મુંબઈ તરફ પ્રયાણ કરવું પડ્યું. સાહિત્ય જગતમાં એમની ધજા ફરકતી થઈ ગઈ હતી. વિદુરનીતિ, વાર્તા વિનોદ, ભગવત પિંગળ, પ્રેમ પંચોતરી, કાવ્ય કળાધર કળા પહેલી, મોજદીન મહેતાબ, ખુશબો કુમારી, હિકાયતે લતીફ, ઉઢો અને હોથલ, મેઘાડંબર, દાદાભાઈ સ્તોત્ર જેવા મનનીય ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા હોવાના કારણે તે ઠીક ઠીક જાણીતા થયા હતા.

તબિયત દુરસ્ત હોય કે નાદુરસ્ત, કામ ધંધા સાથે સાહિત્યની ઉપાસના અટકી નહીં. આમ વધારે પડતા શ્રમના કારણે તેમનું શરીર નંખાઈ ગયું હતું. વ્રજ ભાષામાં રચાયેલી તેમની કાવ્યકૃતિઓ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થતી રહેતી હતી. વ્રજભાષામાં રચાયેલી તેમની કવિતાઓ વાંચીને 'પાટલી પુત્ર'ના તંત્રી શ્રી જયસ્વાલ ભારે પ્રભાવિત થયા. તેમણે 'ગુજરાતમેં વ્રજભાષા' એ શિર્ષક તળે બે ખાસ અગ્રલેખો દ્વારા કવિ જીવરામની **ઉત્તમ કવિત્વ શક્તિ અને વિદ્વતાને બિરદાવીને એમના કાવ્યો પાટલીપુત્ર (હિન્દી)માં પુનઃ મુદ્રિત કર્યા.**

એ સમયના સાહિત્ય જગતમાં કવિ જીવરામની સાહિત્યકાર તરીકેની ગણના થવા લાગી હતી. સ્વભાવે શાંત, ચહેરો સૌમ્ય, મધુર વાણી, ભવ્ય લલાટ, લાંબો કોટ, વહાલ વરસાવતા ચક્ષુ, માથામાં કચ્છી પાઘડી, ખભે ખેસ, સહેજ લાંબો પણ પાતળો દેહ અને હોઠે અટકી ગયેલું મુખ મલકાટ. એવા પ્રભાવશાળી ભાસતા ધોંસા જાગીરના નિર્ધન જાગીરદાર મટીને એક સારા કવિ તરીકે લોકોમાં જાણીતા થયા હતા. રાષ્ટ્રપ્રેમી આ કવિએ એમના અંતરમાં નીતરેલા રાષ્ટ્રપ્રેમને 'વિક્રમાર્કનૂતન વર્ષાભિનંદન' અને 'કચ્છ દેશનું રાષ્ટ્ર ગીત' દ્વારા વ્યક્ત કર્યો છે.

કવિનો બહોળો ચાહક વર્ગ હતો. તેમના તરફથી ગુજરાતી સાહિત્યના એ કચ્છી શહીદ માટે થેલી અર્પણ કરવા માટે ફંડ એકત્ર કરવાનું નક્કી કરવામાં આવેલ. આ સંબંધમાં સત્કા યોજનાના પર્સફંડ બાબતની એક સભા મુંબઈ મધ્યે હીરાબાગમાં તા. ૧૭-૫-૧૯૧૭ના શેઠ ખીમજી હીરજી કાયાણી જે.પી.ના પ્રમુખપદે મળી હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણાને અંગેના અહેવાલો તત્સમયના જાણીતા વર્તમાનપત્રોમાં વિસ્તૃત રીતે પ્રગટ થયા હતા. આવા વર્તમાનપત્રોમાં મુખ્યત્વે 'ગુજરાતી' પુસ્તક ૩૭, અંક ૨૨, તા. ૩-૬-૧૯૧૭ના પાના ૧૫૫ ૫૨, 'વીસમી સદી' માસિક, માસ જૂન ૧૯૧૭ના અંકમાં, 'સાંજ વર્તમાન' (દૈનિક) પુસ્તક ૧૬ અંક ૩૪, તા. ૮-૬-૧૯૧૭ના અંકમાં તથા વર્તમાન પત્રોમાં સૌથી જૂના એવા ૯૮ વર્ષથી પ્રસિધ્ધ થતા 'મુંબઈ સમાચાર'ના પુસ્તક ૯૮, અંક ૧૩૨માં તા. ૫-૬-૧૯૧૭ના અંકમાં પ્રસિધ્ધ થયેલ. આ બધા જ વર્તમાન પત્રો કે સામયિકમાં આ સમાચાર માત્ર બે-ચાર લીટીમાં નહીં પણ કવિના કાર્યને અજવાળતી અને તેમને બિરદાવતી વિગતો સવિસ્તર રીતે દર્શાવી ત્રણ-ચાર કે તેથી પણ વિશેષ કોલમો ભરીને પ્રસિધ્ધિ આપવામાં આવેલ. કવિની સત્કાર યોજનાના પર્સફંડની એ બેઠકમાં બહુમતે ઠરાવ પસાર કરવામાં આવેલ કે 'કવિરાજશ્રીની દેશસેવા માત્ર કચ્છ દેશ, અને કચ્છી લોકોને માટે જ માનીયે, તો પણ તેમણે પોતાના વાર્તા વિનોદ, ભગવત પિંગળ, કાવ્ય કળાધર, સસઇ અને પુનુ, ઉઢો અને હોથલ વગેરે સંખ્યાબંધ ગ્રંથો લખીને તથા ગુજરાતી તેમજ મુંબઈ સમાચાર જેવા ગુજરાતી વાંચક વૃન્દમાં મહાન ફેલાવો પામેલા પત્રોના દિવાળીના ખાસ અંકોમાં આપેલી પ્રાચીન લોકકથાઓ વડે અને વર્ષો સુધી પ્રગટ કરેલાં સરસ્વતી શૃંગાર માસિક દ્વારા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત તેમજ દેશાવરોમાં વસતી તમામ ગુજરાતી વાંચનારી આલમની લગભગ ૩૦ વરસથી અગત્યની સેવા તો સર્વ સામાન્ય... સરખી રીતે જ કરી છે. માટે આ પર્સફંડ માટે ગુજરાતી વાંચનાર... મુસલમાન કે પારસી, કચ્છી કાઠિયાવાડી કે ગુજરાતી લાયક શ્રીમંતો જેઓ... પ્રેમી અને કદરદાન હોય તેમને કમિટીએ વિનંતી કરવી અને તેઓ જે રકમ... ફંડમાં આપે તે ઉપકાર સાથે સ્વીકારવી.' પરંતુ કવિને આ બહુમાન મળે એ કદાચ નિયતિને મંજૂર નહોતું.

બીજી વખતનું તેમનું મુંબઈનું આગમન લાભદાયી નીવડ્યું નહી. એમના ચાહકો તરફથી શિવ અને માટુંગામાં તેમના આરામ અને સ્વાસ્થ્ય માટે બધી જ સગવડો કરવામાં આવી હતી પણ એ કારગત નીવડી નહીં. એમની શક્તિ ક્ષીણ થતી જતી હતી. આવી અવસ્થામાં પણ તે શિવના બગીચામાં બેસીને પોતાના મિત્રો સાથે રસ ભરી ચર્ચા અને વાતો કરતા. સાહિત્યના સર્જન તરફની એમની પ્રીતિમાં જરા પણ ઓટ આવવા દીધી નહોતી. કવિશ્રી દલપતરામે પોતાના જીવન ચરિત્રના લેખન માટે જીવરામ પર પસંદગી ઉતારી હતી. કવિ જીવરામે એના માટેની તૈયારી પણ કરી હતી પણ એ કામ આગળ વધી શક્યું નહોતું. તેથી જ્યારે તેમને જાણવા મળ્યું કે દલપતરામનું જીવન ચરિત્ર તેમના પુત્ર ન્હાનાલાલ લખી રહ્યા છે ત્યારે તેમણે એ વિશે પોતાની ખુશી વ્યક્ત કરતો એક પત્ર તા. ૧૧-૬-૧૯૧૭ના રા.હરગોવિંદ કાનજી ભટ્ટને લખતા જણાવ્યું કે, કવિ ન્હાનાલાલ કવિશ્વરનું (કવિ દલપતરામનું) જીવન ચરિત્ર લખે છે અને તે લગભગ પૂર્ણ થવા આવ્યું છે આ વાત સત્ય હોય તો અમો અને અમારા મતને પ્રતિપાદન કરનારા અત્યંત ખુશ થઈશું. મને ભરોસો છે કે વિદ્વાન પિતાના વિદ્વાન પુત્રની કસાયેલી કલમથી લખાયેલ એ જીવનચરિત્ર

પ્રસિધ્ધિમાં આવશે તો પ્રજા તેને માનપૂર્વક આવકાર આપશે અને તેમના પુત્રરત્ન લાંબેકાળે પણ ઋણમુક્ત થશે.

કવિ પ્રત્યે લોક લાગણી કેવી હતી તેનો ખ્યાલ 'સાંજ વર્તમાન'ના તા. ૮-૬-૧૯૧૭ના અહેવાલનો આ ફકરો જોવાથી ખ્યાલ આવી શકે છેઃ 'આ પ્રમાણે મુંબઈ જેવા મહાન પ્રવૃત્તિમાન શહેરમાં વસતા સુજ્ઞ શ્રીમાન અને કદરદાન સાહિત્યવિલાસી સદ્‌ગૃહસ્થોએ કોઇ વિદ્વાન કિંવા લેખક કવિની આવા ઉત્સાહભેર કદર કરી હોયતો આ દાખલો પહેલો જ ગણાશે અને તેથી સ્પષ્ટ સમજાય છે કે ગુર્જર વાંચકવૃંદ તેમાં પણ વેપારી પ્રજા તરીકે ભારે સાહસિક ગણાવા છતાં જાહેર હિલચાલોમાં પછાત કચ્છી શ્રીમંતો પણ હવે વિદ્યા અને વિદ્વાનોની સુઝબુઝ જાણી શકવા જેટલા સાહિત્ય પ્રેમના માર્ગમાં આગળ વધ્યા છે. કવિરાજની તબિયત જોઈએ તેવી ન હોવાથી હાલ તેઓ શેઠ ખીમજીભાઈ આસર વીરજીના બંગલામાં શિવ - સાયન રોડ (પોસ્ટ ધરાવી) ખાતે રહે છે. સ્ટેશન દૂર પડતું હોવાથી હાલ માટુંગા (મુંબઈ પોસ્ટ નં. ૨૦)માં સ્ટેશન પાસે દેવરામ કેશવજીના બંગલામાં રહે છે. ત્યાંથી તે જો સભામાં હાજર થવાના સમયથી ૧ કલાક મોડા મુશ્કેલીથી આવી શક્યા હતા. આ સભામાં તેમણે 'કચ્છી જન કથાઓનું કંઠસ્થ સાહિત્ય' એ વિષય પર વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું હતું. તેમના આવવા પહેલાં સભાનું કામ લગભગ સંપૂર્ણ થયું હતું. પ્રમુખ મહાશય અને બીજાઓએ તેમને ઉભા રહી બોલવાની તસ્દી ન લેવા આગ્રહ કર્યો છતાં પણ તેઓ પૂર્ણ ઉત્સાહથી ૩૦ મિનિટ સુધી ઠરાવેલા વિષય પર બોલ્યા હતા. હાલ તબિયત ઘણા સારા સુધારા પર છે. અને આ સત્કાર યોજનાના કારણસર તેમને હજી એક માસ અત્રે રોકાવાનું થશે. દરમ્યાન તેઓ 'કચ્છ અને કેળવણી' (તેનો ૬૦ વર્ષનો આંકડાઓ સાથેનો ઇતિહાસ), કવિતા સાથે ઇતિહાસનો સંબંધ, 'શિવાજી મહારાજ અને રાજકવિ ભુખણ' અને 'ગુજરાતી ભાષામાં કાવ્યશાસ્ત્રના ગ્રંથો' એ ચાર વિષયો પર જાહેર વ્યાખ્યાનો આપશે.' પરંતુ તેમ થઈ શક્યું નહોતું. કવિને તબિયતના કારણે વિદાય લેવાનું થયું.

મુંબઈથી વિદાય લેતા કવિશ્રી જીવરામના માનમાં તેમને સન્માનવાનો એક કાર્યક્રમ મુંબઈ મધ્યે માધવ બાગમાં શ્રી ગોકળદાસ કહાનદાસ પારેખના અધ્યક્ષ પદે તા. ૫-૮-૧૯૧૭ના રાખવામાં આવેલ. એ માનપત્ર દ્વારા એમની જે પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે માનપત્રમાંના કેટલાક અંશો આ પ્રમાણે છેઃ '....આપના ઉક્ત ગુણોથી પ્રસન્ન થઇને આગળ પણ એક પ્રતિષ્ઠિત ગોરક્ષક મંડળે આપને સોનાના ચાંદ સહિત 'કવિ'નું પદ આપેલું છે.

મળેલું ઉત્તમ માન ભોગવવાને દીર્ઘાયુષ્ય અર્પે એમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ. (તથાસ્તુ) આ માનપત્રમાં સભાના મંત્રી તરીકે વૈદ્ય મહીધર પુરુષોત્તમની તથા પ્રમુખ તરીકે ગોકળદાસ કહાનદાસ પારેખની સહી છે. માનપત્રની અંગ્રેજી તા. ૫-૮-૧૯૧૭ અને દેશી તારીખમાં શ્રાવણ વદી ૧ રવિ, સં. ૧૯૬૨ દર્શાવેલ છે. આ દેશી તિથિ દર્શાવવામાં કાંઈક ભૂલ જણાય છે. સંવત ૧૯૬૨ના બદલે તે ૧૯૭૩ હોવા જોઈએ. વળી શ્રાવણ વદી-૧ના રવિવાર નહીં પણ શનિવાર આવે છે અને ઓગસ્ટ મહિનાની ૪થી તારીખ આવે છે. વાર અને તિથિના આ ફેરફારનું કારણ સંભવતઃ બીજનો ક્ષય હોવાના કારણે હશે.

મુંબઈથી પાછા આવ્યા ત્યારે કવિ સાવ જ નંખાઈ ગયા હતા. કવિની આવી હાલત જોઈને તેમના કવિયત્રી પત્ની સુંદરબાઈ રોઇ પડ્યા પણ તેમને આશ્વાસન આપતાં કવિએ કહ્યું કે હવે અગાઉ કરતાં તો પોતાનું સ્વાસ્થ્ય ઘણું જ સુધારા પર છે. પરંતુ સુંદરબાઈ માટે એ આશ્વાસન સાચું પડ્યું નહીં. ફકીરીમાં પણ મસ્તી માણનારા કવિને આર્થિક સંકડામણ અને એમના યુવાન વયના આશાસ્પદ પુત્રના અકાળે અવસાને તેમને સાવ જ ભાંગી નાખ્યા હતા. એ ગુણીયલ પુત્રની યાદ આવતાં એમની આંખો આંસુથી છલકાઈ ઉઠતી હતી. એમની નિર્ધનતા એમના સંવેદનશીલ હૈયાને હચમચાવી નાખતી હતી અને મનમાં ને મનમાં નિસાસો નાખીને કહી ઉઠતા કે મારા જેવા નિર્ધનને ત્યાં જન્મીને એ કાંઈ સુખ જ ન પામ્યો.

૧૧ વર્ષની નાની વયે પ્રથમ કાવ્ય લખીને ૪૫ વર્ષ સુધી સરસ્વતીની સાધના કરનાર આ સારસ્વત સંવત ૧૯૭૩ના ભાદરવા સુદ ૧૧, મંગળવાર તા. ૨૮-૮-૧૯૧૭ના સવારે ૮ વાગે આ ફાની દુનિયા છોડવા માટે સંસાર સાગર પાર કરાવનાર માછીડાને સ્મરીને પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે,

*માછીડા, હોડી હલકાર! મન હરિ મળવાનું,*
*મારે જાવું છે પેલે પાર, મન હરિ મળવાનું.*

એવી ઇચ્છા સાથે હરિને મળવા માટે ઉતાવળા થયેલા એ 'જીવન' સદાને માટે આ ફાની દુનિયા છોડીને હરિની વાટે હાલ્યો. સ્વર્ગવાસી થયા. શ્રી કારાણીજીએ કવિશ્રી જીવરામના નિધનની દેશી મહિનાની તિથિ સંવત ૧૯૭૩ના અધિક ભાદરવા સુદી ૧૧ શુક્રવાર દર્શાવેલ છે પરંતુ સંવત ૧૯૭૩માં અધિક માસ ભાદરવો નહીં, પણ આસો હતો. વળી તે ભાદરવા સુદ ૧૧ના શુક્રવાનો ઉલ્લેખ કરે છે તો તે દિવસે શુક્રવાર નહીં પણ મંગળવાર આવે છે. એટલે શ્રી કારાણીએ નિર્દેશેલ શુક્રવાર તથા અધિક માસ તરીકે ભાદરવો નિર્દેશવામાં તેમની ચૂક થઈ છે. અંગ્રેજી તારીખ બરાબર છે. ગુજરાતી સાહિત્ય કોશ ખંડ-૨માં પણ અવસાન તારીખ ૨૮-૮-૧૯૧૭ દર્શાવી છે.

કવિશ્રી માટે સત્કાર યોજનાનું 'પર્સફંડ' એ નામની એક પુસ્તિકા પ્રગટ થયેલ છે. તેમાં દર્શાવ્યા પ્રમાણે તેમના પ્રસિધ્ધ થયેલા પુસ્તકો નીચે મુજબ દર્શાવ્યા છે : (૧) વિદુરનીતિનું

(કવિતારૂપ ભાષાંતર), (૨) વાર્તા વિનોદ પ્રથમ દર્શન, (૩) ભગવત પિંગળ, (૪) લગ્ન (અંગ્રેજીનું ભા.), (૫) માધવી કંકણ (નોવેલ) બાબુ રમેશ કૃત, (૬) સાત ખૂન (ડિટેક્ટીવ બંગાળી નોવેલ), (૭) પ્રેમ પંચોતરી (બીજી આવૃત્તિ), (૮) કાવ્ય કળાધર કળા ૧લી, (૯) મોજદીન મેહેતાબ (બીજી આવૃત્તિ), (૧૦) ખુશ્બો કુમારી (બીજી આવૃત્તિ), (૧૧) હિકાયતે લતીફ (નાની વાર્તાઓ), (૧૨) ઉઢો અને હોથલ 'સસઇ અને પુનુ' અને ઉમર તથા મારઇ ત્રણ જનકથા, (૧૩) દાદાભાઈ સ્તોત્ર અને વિરહવિલાપ, (૧૪) સરસ્વતી શૃંગાર પુસ્તક-૧લું, (૧૫) સરસ્વતી શૃંગાર પુસ્તક-૨જું.

આ ઉપરાંત તેમણે કવિ ઉન્નડજી કૃત મેઘાડંબરનું સંપાદન કરેલ છે. તેમના નીચેના પુસ્તકો તેમના નિધન પછી પ્રસિધ્ધ થયેલ છે : (૧) કચ્છની રસધાર (સને ૧૯૫૨મા), (૨) કચ્છ દેશની જૂની વાર્તાઓ (ઐતિહાસિક લોકકથાઓ).

આ ઉપરાંત કચ્છ ભૂપતિ તથા કાન્તાર કન્યા એ બે ગ્રંથોનો ઉલ્લેખ પ્રિયકાન્ત પરીખે તેમના પુસ્તક 'ઓગણીસમી સદીનું સંપાદિત ગ્રંથસ્થ ગુજરાતી લોકકથા સાહિત્ય'માં કરેલ છે. તે ઉપરાંત શંકરયશમાલિકા જેની પરથી શૃંગેરી મઠના શ્રી નૃંસિહ ભારતી સ્વામીએ તેમને કવિરાજશ્રીની સનદ આપેલ તે સહિત તેમના વીસ પુસ્તકોના નામ મળે છે પણ એ બધા પુસ્તકો સહેલાઇથી ઉપલબ્ધ થઈ આવ્યા નથી.

"શંકર યશકાલિકા" નામનું એક પુસ્તક કોટડા (રોહાના) લાલજી જયેષ્ઠારામ રાજગુરૂએ પણ રચેલ છે. જે પછીથી તેમના જ પુત્ર જટાશંકર લાલજી રાજગુરૂએ વિક્રમ સંવત ૨૦૦૮માં પ્રગટ કરેલ છે. પુસ્તકની પ્રસ્તાવનામાં પુસ્તકની રચના સંવત ૧૯૬૨માં કર્યાનો અને એ જ વર્ષની શિવરાત્રિને દિવસે પૂર્ણ કર્યાનું જણાવેલ છે. આ લાલજીભાઈ શૃંગેરી મઠના ગાદીપતિ શ્રી નૃસિંહ ભારતીના શિષ્ય હતા. શંકર યશમાલિકામાં તેમણે પોતાના ગુરૂ નરસિંહ રૂપી શંકરના ગુણગાન કરેલ છે. લાલજી જયેષ્ઠારામના પુસ્તકની પ્રસ્તાવનામાં તેની રચના સાલ સંવત ૧૯૬૨ દર્શાવી છે તે પરથી જણાય છે કે બંને વિદ્વાનોએ 'શંકર યશમાલિકા' એક જ સમયે એટલે સંવત ૧૯૬૨માં રચેલ જણાય છે.

કવિશ્રી જીવરામને અંજલિ આપતાં હરગોવિન્દ કાનજી ભટ્ટે કહ્યું હતું કે, 'આવા એક સરસ્વતી પ્રાસાદિત કાવ્ય શક્તિવાળા, કાવ્યશાસ્ત્રનું વિસ્તૃત જ્ઞાન ધરાવનારા, ઐતિહાસિક જનકથા લખવામાં ઊંચી સંવિધાન કળા દર્શાવનારા અને પ્રાચીન ઉત્તમ કવિઓના કાવ્ય ગ્રંથો સંશોધન કરવામાં પ્રવીણતા ધરાવનાર કવિરાજના અકાળ મૃત્યુથી ગુજરાતી, કચ્છી, કાઠિયાવાડી સાથે અન્ય પ્રજા ઉપર એક પ્રકારની આપત્તિ આવી પડી ગણી શકાય. કચ્છી રાજા અને કચ્છી પ્રજાને તો ખોટ ગઈ છે પરંતુ ગુજરાતી પ્રજાને તાત્કાલિક ન પૂરાય તેવી ખોટ પડી છે. સિવાય તેમના કુટુંબ અને સ્નેહી મિત્રોને જે ખોટ પડી છે તે તો શબ્દોમાં પણ દર્શાવી શકાય તેમ નથી. તે નિમિત્તે અનેક પ્રકારે સમભાવ દર્શાવી વિદેહ આત્માની સદ્‌ગતિ ચાહવાની સૌની ફરજ છે.

*(નોંધ : લેખમાં કેટલાક સ્થાને માહિતી પ્રાપ્ત નથી.)*

---

## સાહિત્ય સર્જક : સરોજ પાઠક

**(અનુ. : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

સ્ત્રી જીવનના મનોસંઘર્ષોની રજૂઆત કરવા વિવિધ પુસ્તકો અને કલ્પનાનો આધાર પણ સરોજ પાઠક લે છે.

- **નિષ્કર્ષ :**

પોતાની સર્જન પ્રક્રિયા વિશે વાત કરતા સરોજ પાઠકે એક જગ્યાએ નોંધ્યું છે : "મારા ચિત્તમાં વાર્તા પ્રગટે છે ત્યારે વસ્તુ અને રીતિ બંને 'યુગપત્' જેવા જ આકાર ધારણ કરીને પ્રગટવા મથે છે. અર્થાત્ વસ્તુને અનુરૂપ ટેકનિક બહુધા આપોઆપ ગોઠવાઈ જાય છે. શક્ય છે કે હું વાર્તાસાહિત્ય વિપુલ પ્રમાણમાં વાંચતી રહું છું એ કારણ હોય. પરિણામે ભાતભાતની રચનારીતિઓ મનમાં સંઘરાયેલી પડી હોય જેમાંની આવશ્યક યા અનુરૂપ એવી અનાયાસ અથવા અલ્પ પ્રયત્ને મારી મદદે દોડી આવે."

સમગ્ર સાહિત્યને આકાર નિર્માણની જ પ્રક્રિયા માનનારા સરોજ પાઠક લખવા માટે કદી સભાન પ્રયત્ન કરતા જ નથી. તે સ્વયં પ્રેરણાથી સર્જન કરવામાં જ માને છે. તેમના મતે 'સભાન અભાનતા' કરતા 'અભાન સભાનતા' વધુ શ્રેયષ્કર છે. એમની સર્જન પ્રક્રિયા એ પ્રકારની છે કે અંદરથી એક ઉદ્વેગ તીવ્ર રીતે પ્રગટે છે અને એ જ તેમને લખવા માટે પ્રેરે છે. મોટાભાગની કૃતિઓ તેમણે 'એકી બેઠકે લગભગ અભાન અવસ્થા'માં જ લખી છે.

કચ્છના પ્રમુખ નારી સર્જકોમાં સરોજ પાઠકનું નામ આજે પણ મોખરે છે. આધુનિકતાના પ્રયોગ દ્વારા ન માત્ર કચ્છમાં પણ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં તેમનું યશસ્વી પ્રદાન રહ્યું છે. ૧૯૮૯માં તેમણે વિદાય લીધી છતાં શબ્દદેહે તેઓ આજે પણ આપણી વચ્ચે છે.

નારી સંવેદનાની વાત જ્યારે જ્યારે છેડાશે ત્યારે ત્યારે સરોજ પાઠકના સર્જનોને યાદ કરાશે જ...

*અલંકાર જ્વેલર્સ,*
*૩૩-એ/બી, રિલાયન્સ મોલની બાજુમાં,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૬૮ ૧૯૬૬૩*

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# સાર્વજનિક જીવનની એક સજ્જન વ્યક્તિ શ્રી રસિકલાલ જોષી



ઉમિયાશંકર અજાણી

રસિકલાલ જમનાદાસ જોષી સાર્વજનિક જીવનની એક એવી વિરલ વ્યક્તિ હતા કે જેમનું સમગ્ર જીવન ગાંધીજીના સિધ્ધાંતોથી રસાયેલું હતું. સ્વાતંત્ર્ય અને લોકતંત્રના તે એક નિષ્ઠાવાન લોકસેવક હતા. દેશી રાજ્યોમાં સ્વાતંત્ર્યની ચળવળ કરવાનું અને લોકસેવાના પંથ પર ચાલવાનું કામ સરળ નહોતું. પગલે પગલે મુશ્કેલીઓ હતી અને ગાંધીજીના સિધ્ધાંતોમાં હિંસાને સ્થાન નહોતું. પણ રાજ્ય તરફથી પ્રજા જીવનને છિન્નભિન્ન કરી નાખવાની જે નીતિ અપનાવાઈ રહી હતી તેથી યુવા વર્ગ ઉકળી ઉઠ્યો હતો. સમગ્ર ભારત વ્યાપી આ લડતના સમાચારો કચ્છી પ્રજાકીય પરિષદને મળતા હતા તે પ્રમાણે કેટલાય રાજ્યોમાં રાજાઓની આપખુદી અને અન્યાયને નિવારવા માટે ત્યાંનો યુવા વર્ગ સીધા પગલા ભરવા તરફ વળી રહ્યો હતો.

કચ્છના યુવાનોએ પણ એ માર્ગે આગળ વધવાનું નક્કી કરી લીધું હતું **અને તેની આગેવાની લીધી હતી રસિકલાલ જોષીએ.** ૧૯૨૫માં ગાંધીજી અસ્પૃશ્યતા નિવારણના પ્રચારાર્થે ભારતના પ્રવાસે નીકળ્યા હતા ત્યારે તા. ૨૫-૧૦-૧૯૨૫થી તા. ૪-૧૧-૧૯૨૫ સુધી કચ્છમાં રહ્યા હતા. તેમના આ પ્રવાસના કારણે કચ્છની પ્રજામાં પણ સ્વાતંત્ર્યની લડત પ્રત્યે જાગૃતિનો સંચાર થયો. સને ૧૯૨૬માં મુંબઈમાં કચ્છી પ્રજાકીય પરિષદની સ્થાપના થઇ. એ સમયે રસિકલાલની ઉંમર ૧૮ વર્ષની હતી અને ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તે અભ્યાસ કરતા હતા. પરંતુ ગાંધીજીના આગમનથી સ્વતંત્રતાની જે હવા ઊભી થઈ હતી તેનાથી એ અલિપ્ત રહી શક્યા નહીં. ગાંધીજીના આદર્શોને અનુસરવાનું એમણે નક્કી કરી લીધું. એટલું જ નહીં, એ પ્રમાણે અમલ પણ કરવા માંડ્યું. સને ૧૯૨૮માં મેટ્રિક પાસ કરી. એમના પિતાજી દરબારી નોકરીમાં હતા તેથી રસિકલાલને દરબારી નોકરી સહેલાઈથી મળી જાય તેમ હતી પણ દરબારી કે સરકારી નોકરી નહીં કરવાનું એમણે નક્કી કરી લીધું હતું તેને તે વળગી રહ્યા.

સને ૧૯૨૯માં લોહાણા કેળવણી ખાતામાં જોડાયા. ૧૯૩૦માં તે દક્ષિણામૂર્તિ ભાવનગરમાં મોન્ટેસરી પધ્ધતિના અભ્યાસ માટે ગયા. અભ્યાસ દરમિયાન તેઓ ગિજુભાઈ બધેકા, તારાબેન મોડક, નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી તથા ગોપાળ વિદ્વાંસના પરિચયમાં આવ્યા. આ સંબંધમાં તે કહે છે કે, 'અમે ભાવનગર દક્ષિણામૂર્તિમાં અભઅયાસ કરવા ગયા હતા ત્યારે ગિજુભાઈએ પ્રેમજીભાઈની સામુદ્રિક મુદ્રા અને મસ્તકનો અભ્યાસ કરીને એમને અને મને કહ્યું હતું કે 'તમે મોન્ટેસરી પધ્ધતિના અભ્યાસ માટે ભલે આવ્યા, પણ મારી સામુદ્રિક વિદ્યા કહે છે કે, તમે કચ્છના રાજકારણમાં પડશો. અને બન્યું પણ તેમ જ. પ્રેમજીભાઈએ તો કચ્છના રાજકારણમાં સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે બાઉન્ડ્રીઓ ફટકારી સદી નોંધાવી. મને એનો ખૂબ ઉમંગ છે. પરંતુ હું તો રાજકારણમાં દસ બાર રન્સ નોંધાવી શક્યો.'

આ બધા મહાનુભાવોના પરિચયના કારણે તેમના મનમાં અંકુરીત થયેલા ગાંધીજીના સિધ્ધાંતો સુદ્રઢ થયા. લોકસેવક કેવા હોવા જોઈએ તેનો પ્રત્યક્ષ ખ્યાલ આવ્યો. ગોપાળભાઈ વિદ્વાંસના પરિચયથી **સાહિત્ય સર્જનના બીજ રોપાયા અને તેનું પરિણામ પણ તરત જ જોવા મળ્યું.** સાહિત્ય ક્ષેત્રે એમનો પ્રવેશ કચ્છના બાળકો માટે **'માતૃભૂમિ કચ્છ'** નામના બાળ સાહિત્યના પુસ્તક સાથે થયું. તેની પ્રસ્તાવના ગિજુભાઈ બધેકાએ લખી આપી હતી. ત્યાર પછીના એમના પુસ્તક **'કચ્છનો કુળ દીપક'** જેમાં કચ્છના રાજવી રાવ ખેંગારજી પહેલાનો ઈતિહાસ આલેખવામાં આવેલ છે તેના વિશે પણ ગિજુભાઈ બધેકાએ તા. ૧૫-૧૨-૧૯૩૩ના આશીર્વાદ આપતાં લખે છે કે, 'આ વાર્તા હું એકી બેઠકે વાંચી ગયો. કચ્છની ભૂમિકા પર આલેખેલી આ વાર્તામાં જે કચ્છીપણું છે, તે મને ગમ્યું છે. કચ્છ કાઠિયાવાડની શૌર્ય-પ્રેમભરી વાર્તાઓમાં શૌર્ય, સ્વામીનિષ્ઠા અને સાહસની વાર્તા તરીકે આ કથા ઉમેરો કરશે. કચ્છની વાર્તાની ભૂમિ હજી પૂરેપૂરી ખેડાયેલી નથી. ભાઈ રસિકલાલે આ ખેડ ઉપાડી છે, એ હર્ષની વાત છે. ધીરે ધીરે ભાઈ મેઘાણીના પગલે તેઓ શૈલીને ખીલવીને ચાલશે તો કચ્છના સાહિત્યની બહુ મૂલ્યવાન સેવા તેમની કલમથી થશે. તેમની નવી ઘડાતી કલમને હું આશીર્વાદ આપું છું.'

કચ્છના રાજકારણમાં રસિકલાલભાઈનો પ્રવેશ ભુજ પરિષદ વખતે સને ૧૯૩૪માં તેમને સભ્ય તરીકે લેવાયા ત્યારથી થયો. પણ આ પછી સને ૧૯૩૭માં અધિવેશન ભરાયું ત્યાં સુધી પરિષદની સ્વાતંત્ર્યની ચળવળ લગભગ સાવ જ

નિષ્ક્રિય થઈ ગઈ. પરિષદના અધિવેશનમાં થતી ચર્ચા વિચારણા પછી રાજ્યને જે ઠરાવો મોકલવામાં આવતા હતા તે બધા વિનંતીના સ્વરૂપમાં મોકલવામાં આવતા હતા. જેની કોઈ જ નોંધ રાજ્ય તરફથી લેવાતી નહોતી. પરિષદના આગેવાનોની 'ગાદી' પ્રત્યેની વફાદારીથી યુવા વર્ગ અકળાયો હતો અને તેથી તે ઉગ્ર મિજાજ ધરાવતો થયો હતો. આ યુવા વર્ગની સંખ્યા ભલે ઓછી હતી તો પણ તેમણે 'નવયુવાન કાર્યકર સંઘ'ની સ્થાપના કરી. આ સંઘના મંત્રી તરીકે રસિકલાલ જોષી પસંદ થયા અને તેમણે ભચાઉ પરિષદના પહેલા જ દિવસે જાહેર કર્યું કે પરિષદના આગેવાનો દ્વારા કરાતા 'ગાદી' પ્રત્યેની વફાદારીવાળા અને રાજ્ય નિષ્ક્રિયતા જાળવી રાખે તે માટે વિનંતીના સૂરવાળા ઠરાવો તેમને મંજૂર નથી. આના કારણે પરિષદના આગેવાનોને તેમની વિચારસરણી બદલવી પડી. આ અધિવેશનમાં ચિત્તા-સુવરના ત્રાસનો પ્રશ્ન ઉગ્ર બન્યો. પરિષદના વિનિત વિચારસરણી ધરાવતા આગેવાનો અને જહાલ વિચારસરણી ધરાવતા આ યુવા વર્ગ વચ્ચે ઘર્ષણ થયું.

કચ્છમાં ચિત્તા અને સુવરોનો ખૂબ જ ત્રાસ હોવા છતાં તેમને મારવાની રાજ્યની મનાઇ હતી. ખેડૂતોના ઉભા પાકનો સોથ વળી જતો હતો. હિંસક પશુઓના હુમલાથી લોકો મોતના મોંમાં ધકેલાતા હતા ને ઘાયલ થાય તો પીડા સહ્યા કરતા હતા. પરિષદે આ ત્રાસને નિવારવા માટે રાજ્યને અનેક વખત વિનંતીઓ કરી હતી પણ રાજ્ય તરફથી કોઈ જ કાર્યવાહી થતી નહોતી.તેથી પરિષદનો જહાલ યુવા વર્ગ અકળાયો હતો. નવયુવક સંઘના મંત્રી રસિકભાઈ જોષીએ પરિષદના પ્રમુખને સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું કે સંઘ આ પરિસ્થિતિનો અંત લાવવા માંગે છે. લોકોના જાનમાલને સતત નુકસાન થઈ રહ્યું છે ત્યારે અમે હાથ જોડીને બેસી રહીશું નહીં. આ પરિસ્થિતિને નિવારવા સંઘ સીધો સામનો કરશે.

રાજ્યના હિંસક જાનવરોથી રક્ષણ પામવા 'શિકાર ધારા'ના અવિચારી કાયદાના કારણે સને ૧૯૩૪થી ૧૯૩૭ સુધીના સમયગાળામાં ચિત્તાના ત્રાસના કારણે જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં ૩૪ જણા ઘવાયા હતા અને ૨૨ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. તેવી જ રીતે ૩૬ જણા સુવરથી ઈજા પામ્યા હતા અને ૨ જણાના મરણ નીપજ્યા હતા. રાજ્ય તરફથી કહેવામાં આવતું હતું કે પોતાના બચાવમાં શિકારીને જાનવર મારી નાખવાની તો છૂટ જ છે. પરંતુ કાયદામાં જે જોગવાઈ હતી તેમાં કહેવામાં આવ્યું હતું કે, 'જે કોઈ શખ્સ પરવાનગી વગર નીચે લખ્યા કોઈ પણ પ્રાણીનો શિકાર કરશે તો તેનો ૪૦૦ કોરી સુધી દંડ અને તે ન આપે તો તેને ૬ માસની કેદની સજા થશે. આ કાયદામાં દીપડા-ચિત્તા, કાળીયાર, સુવર, બસ્ટાર્ડ જેવા પ્રાણીઓનો સમાવેશ થતો હતો. આવા માનવીય સંવેદન વિનાના કાયદા સામે સત્યાગ્રહ કરવાનું નક્કી કરાયું.

સત્યાગ્રહનો પાયો અહિંસા પર રચાયો છે પણ કચ્છમાં આ સત્યાગ્રહ હિંસા માટે થઈ રહ્યો હતો! નવયુવક સંઘે રાજ્યને ચેતવણી આપી કે કાં તો રાજ્ય આવો ત્રાસદાયક કાયદો રદ કરે અને નહીં તો સીધા સામના માટે તે તૈયાર રહે. આનો પ્રચાર સંઘે પોતાના લીથો સાપ્તાહિક 'કચ્છ સંદેશ' દ્વારા પણ કરવા માંડ્યું. સંઘના મંત્રી રસિકલાલ આટલી વાત કહીને અટક્યા નહીં.

એમણે એવી પણ જાહેરાત કરી દીધી કે આજથી ચાર દિવસ પછી ભુજથી ત્રણ માઈલ દૂર ટપકેશ્વરી રસ્તે આવેલા હામત્રા તળાવ પાસે દરરોજ સાંજે ૪.૪૦થી ૫.૩૦ સુધી ચિત્તા-સુવરને કેમ મારવા તે માટે દરેકને તાલીમ આપવામાં આવશે. સંઘની આવી ચેતવણી પછી ખોટા આરોપો મૂકીને સંઘના કાર્યકરોને પકડીને જેલમાં ધકેલી દેવાની યોજના રાજ્યના પોલીસ તંત્રે તૈયાર કરી લીધી. પરંતુ તંત્રની એ યોજના બર ન આવી. સત્યાગ્રહ માટે માંડવી તાલુકાને નક્કી કરવામાં આવ્યું. રાજ્ય તંત્ર તરફથી ચિત્તા-સુવરના ત્રાસ અંગે રાજ્યની નીતિ પ્રમાણે નવયુવક સંઘની રજૂઆત પ્રત્યે કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નહીં. તેથી આખરે સંઘના મંત્રી રસિકલાલ જોષીએ કચ્છના મહારાવને તા. ૭-૭-૧૯૩૮ના પત્રથી જણાવ્યું કે સંઘે ચિત્તા અને સુવરોના ત્રાસ અંગે કરેલ ઠરાવ આપને દોઢ માસ પહેલાં મોકલાવેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણેની મુદત અષાઢી ચૌદસના (તા. ૧૧-૭-૧૯૩૮) પૂરી થાય છે. મુદતમાં રાજ્ય તરફથી આ ત્રાસ અટકાવવા કશા પ્રયાસ કરવામાં નહીં આવે તો સવિનય કાનૂન ભંગની લડત ઉપાડવા સિવાય બીજો કોઈ માર્ગ અમારા સંઘ પાસે રહેશે નહીં.

કાનૂન ભંગની સંઘની ધમકી પછી પરિષદના આગેવાનો પણ જાગ્યા અને રાજ્યને પણ કાંઈક કરવાનો વિચાર આવ્યો. **પરિષદના પ્રમુખ બિહારીલાલ અંતાણી** દીવાનને મળ્યા. દીવાને તેમને કચ્છના મહારાવની ઇચ્છા મુજબ જણાવતા કહ્યું કે પરિષદના ૨૩ નંબરના ઠરાવ સંબંધે રાજ્ય તરફથી સહાનુભૂતિ પૂર્વક વિચારણા થઈ રહી છે અને આ સંબંધમાં તરત જ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યના આવા આશ્વાસન પરથી પરિષદના પ્રમુખે નવયુવક સંઘને લડત હાલના તબક્કે મોકૂફ રાખવા વિનંતી કરતાં સીધા સામનાની લડત મોકૂફ રખાઈ. ત્યાર પછી રાજ્યે એક હુકમ બહાર પાડ્યો અને તેમાં એવું જણાવવામાં આવ્યું કે મોટા ગામડાઓમાં જ્યાં સુવરોથી પાકને વધારે નુકસાન થતું હોય તો તેવા સુવરોને મારવા માટે ગામવાળા વાઇપો

રાખે તેને રાજ્ય પરવાનગી આપશે. તેઓને ગેઈમ ખાતા તરફથી પરવાનો આપવામાં આવશે અને તે પરવાનામાં જણાવ્યા પ્રમાણે તે વ્યક્તિ પાકના રક્ષણ માટે ઘટિત કરી શકશે. આ હુકમમાં ચિત્તા વિશે તો કોઈ ઉલ્લેખ પણ નહોતો.

નવયુવક સંઘની લડતને નિષ્ફળ બનાવવા માટે આવો હુકમ કરવાની સાથે સાથે પ્રજાની મુશ્કેલી વધે અને સંઘ તેમાં અટવાય તેવા હેતુથી રાજ્યે એક નવી જ ચાલ ચાલી. ભુજ શહેરની આજુબાજુની તમામ ગૌચરની જમીનો રખાલમાં ભેળવી દેવાઈ હતી તેનો અમલ રાજ્યે સખ્તાઈથી કરવા માંડતા લોકોની મુશ્કેલીઓ વધી. ચરિયાણના અભાવે જાનવરો ભૂખે મરવા લાગ્યા. લોકો દોડવા લાગ્યા. સને ૧૯૩૪થી રાજ્ય પાસે પડતર રહેલા આ પ્રશ્ને રાજ્યે કોઈ કાર્યવાહી કરી નહોતી.

રાજ્યની આ નિષ્ક્રિયતાના કારણે સંઘ સમક્ષ પશુઓની ચરિયાણનો આ વિકટ પ્રશ્ન આવી પડ્યો. પશુઓને બચાવવા રખાલમાંથી ગૌચરને મુક્ત કરાવવાનું જરૂરી બન્યું અને તે માટે રખાલ સત્યાગ્રહ કરવાનું નક્કી થયું. રાજ્યની ચાલ સફળ થઈ. ચિત્તા-સુવરના ત્રાસમાંથી પ્રજાને બચાવવા માટે કરાયેલ સત્યાગ્રહ નિષ્ફળ ગયું.

રખાલ સત્યાગ્રહ માટે પ્રજામત કેળવવા ભુજના ભીડના આઝાદ ચોકમાં તા. ૧૭-૩-૧૯૩૮ના રાત્રે સભા બોલાવવામાં આવી હતી. આ સભા મળે તે પહેલાં કચ્છના તે સમયના દીવાન જદુરામ ભટ્ટે પરિષદના આગેવાનો તથા સંઘના મંત્રી રસિકલાલ જોષીને સાંજે પાંચ વાગે પોતાના બંગલે બોલાવ્યા. લાંબી ચર્ચાના અંતે દીવાને કહ્યું કે રાજ્ય તમારી માંગણી અંગે વિચારણા કરી રહેલ છે. માટે ચાર દિવસ સુધી રાહ જુઓ. પરંતુ સંઘ આ માટે તૈયાર ન થતાં મંત્રણા ભાંગી પડી. રાતના બોલાવાયેલી બેઠક મળી, તેમાં નક્કી કરાયેલ તા. ૧૮-૩-૧૯૩૮ના આ સ્થળેથી સવારના ભાગમાં સવિનય કાનૂન ભંગ માટે કૂચ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તે પ્રમાણે બીજે દિવસે સત્યાગ્રહીઓ એકત્ર થયા. મેદાનમાં પોલીસોની મોટી ફોજ ખડકી દેવામાં આવી હતી. કૂચના પ્રારંભે કવિ અબ્દે ‘કડવાજીની વાણી’ લલકારી :

*અન્યાયની જુલ્માટની સત્તા ટકે ક્ષણવારની,*
*સાંખે કદી ના‘અબ્દ!’ ઈશ્વર આણ અત્યાચારની,*
*રાજા જમાનો વહી ગયો, સત્તા પ્રજા સરકારની,*
*ભૂપાળ ખોલો આંખડી, છે ચાંદની દિન ચારની,*
*શિર ટેકના કાજે કપાયા, વર્ણવે ઈતિહાસ છે,*
*માલિક રૈયત રાજ્યની, રાજા પ્રજાનો દાસ છે.*

ત્યાર પછી આઝાદ ચોકમાંથી ગાયોના ધણ સાથે વિશાળ સરઘસ આગળ વધ્યું. આ સરઘસ હાલના બહુમાળી મકાન પાસે (જે તે સમયે ત્યાં ‘કચ્છ ડેરી’ હતી) પહોંચતા જ રાજ્ય તરફથી સંદેશો મળ્યો કે બાવા મળવા માંગે છે. સંઘના મંત્રી રસિકલાલ જોષી તથા થોડાક અન્ય આગેવાનો ઉમેદ ભુવનમાં ગયા. **યુવરાજશ્રી વિજયરાજજી**એ સંઘના મંત્રી તથા પરિષદના આગેવાનો સાથે ઔપચારિક ચર્ચા કરી અને તરત પૂરતી સંઘની ૬૦ ટકા જેટલી માંગણી માન્ય રાખી અને બાકી અંગે પણ રાજ્ય સહાનુભૂતિપૂર્વક વિચારણા કરશે તેવી ખાત્રી યુવરાજશ્રીએ આપતાં તથા જાનવરોના ચરિયાણ માટે કેટલોક વિસ્તાર તાત્કાલિક મુક્ત કરી આપવામાં આવતાં આ લડત સમેટી લેવામાં આવી. પાછળથી રાજ્ય તરફથી વસ્તીની અરજીનો સંદર્ભ દર્શાવીને ‘ભુજ શહેરના ચોપાને મારવા માટે’ ચરિયાણ મુક્ત વિસ્તાર નિર્દેશતો ઠરાવ રે.જા.ના. ૨૬૬૧ તા. ૨૩-૯-૧૯૩૮ વાળો બહાર પાડવામાં આવ્યો. આ વિજયથી કચ્છની પ્રજામાં ઉત્સાહ વધ્યો, કર્તવ્યનિષ્ઠ નેતાઓ પ્રત્યે શ્રધ્ધા વધી અને ઉજ્જવળ ભાવિની આશા પ્રગટી.

પરિષદનું છઠ્ઠું અધિવેશન યુસુફ મહેરઅલીના અધ્યક્ષપદે તા. ૨૬, ૨૭ તથા ૨૮મી ડિસેમ્બર, ૧૯૩૮ના મુંદ્રા ખાતે મળ્યું. આ અધિવેશન અત્યાર સુધીના મળેલા અધિવેશનોથી અનેક રીતે નિરાળું હતું. **યુસુફ મહેરઅલી**એ ઘોષણા કરી કે બધા જ અનિષ્ટોનું મૂળ વહીવટી તંત્ર છે. એ અનિષ્ટને દૂર કરવાનો એકમાત્ર ઉપાય જવાબદાર રાજતંત્ર છે. કચ્છમાં પ્રજાકીય અવાજ દાખલ કરવા જવાબદાર રાજતંત્રનો એક જ ઠરાવ બસ છે. હજારોની મેદનીએ યુસુફ મહેરઅલીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો.

આ અધિવેશનમાં કચ્છ માટે સમસ્યા બનેલા અનેક પ્રશ્નો ચર્ચાયા હતા અને તેના ઉકેલ માટે પરિષદે પ્રજાને બાંહેધરી આપી કે પ્રજાની તમામ મુશ્કેલીઓ પરિષદ દૂર કરશે જ. તા. ૨૭-૧૨-૧૯૩૮ના માત્ર એક જ ઠરાવ અને તે ‘જવાબદાર રાજતંત્ર’નો મૂકાયો. ઉપસ્થિત વિશાળ મેદનીએ તેનું સમર્થન કરતાં ઠરાવ પસાર થયાનું જાહેર કરવામાં આવ્યું. રાજ્યને પણ આ ઠરાવની ગંભીરતા સમજાઈ. આ ઠરાવ રાજ્યની સ્થિરતા માટે જોખમરૂપ હતો. તેથી લોકોના જુસ્સાને તથા ગુસ્સાને શાંત પાડવા માટે મહારાવશ્રીએ તા. ૧૦-૧-૧૯૩૯ના માંડવી મહેલાતના સ્થળે લોકોને એકત્ર કરીને પ્રવચન કર્યું. તેમાં લોકહિત માટે રાજ્ય તરફથી લેવાયેલા પગલાની જાણકારી આપી તથા હજી લોકહિત માટે શું કરવા માંગે છે તેની પણ વાત કરતા કહ્યું કે, ‘આ ઉપરાંત બીજા પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ કરવા માટે અમોએ જે જે શબ્દો કહ્યા છે, અને જે જે રાહતો આપી છે તેનાથી અમારી પ્રજાને સંતોષ થશે. અને હાલે જે ચળવળ ઉપડી છે તે બંધ થશે. એવી ચળવળમાં અમારી વફાદાર પ્રજા ભાગ લેશે નહીં.

આટલી અમારા તરફની ખાત્રી મળ્યા છતાં પણ જો આ ચળવળ ચાલુ રહેશે તો અમારી પ્રજા અને દેશને થતી હાનિ અટકાવવાની અમને ફરજ બજાવવા માટે જો કંઈ સખત પગલાં લેવા પડે તો તેમ કરવામાં અમારા દિલને ઘણી કોચવણ થશે છતાં પણ જરૂર પડશે તેવા પગલાં લેવા વગર ચાલશે નહીં.' આવી ટકોર પણ કરી. મહારાવશ્રીનું આ પ્રવચન સને ૧૯૩૯ના ગેઝેટના તા. ૨૩-૧-૧૯૩૯ના વિશેષ અંકમાં પાના ૧થી ૪ પર પ્રસિધ્ધ થયેલ છે. મુંદ્રા અધિવેશનના આ એક જ ઠરાવે કચ્છ રાજયના પાયા ડગમગતા કરી દીધા અને દસ વર્ષની અંદર જ કચ્છ રાજ્ય ભારતીય સંઘમાં વિલીન થઈ ગયું.

મુંદ્રા અધિવેશનના કારણે પ્રજામાં અભૂતપૂર્વ ઉત્સાહ જાગ્યો. રાજતંત્રને નાબૂદ કરવાની લડત મજબૂત બની. જવાબદાર રાજતંત્ર માટે રાજયને તા. ૩૧-૩-૧૯૩૯નો સમય આપવામાં આવ્યો. તા. ૧-૪-૧૯૩૯ના સવિનય કાનૂન ભંગના મંડાણ કરવાનું નક્કી થયું હતું. તેથી સમગ્ર કચ્છની પ્રજામાં ખૂબ જ ઉત્સાહ વર્તાતો હતો. પણ ત્યાં તો મહાત્મા ગાંધીજીએ તા. ૨૨-૩-૧૯૩૯ના નિવેદનથી હિંદના તમામ દેશી રાજ્યોની લડતોની મોકૂફી સૂચવી દીધી. આ સુચનામાંથી કચ્છને બાકાત રાખવા માટે વિનંતી કરવાની ચર્ચા કરવા **મૂળરાજ કરશનદાસ**ને ગાંધીજી પાસે દિલ્હી મોકલવામાં આવ્યા પણ તેમની રજૂઆત માન્ય ન રહેતાં લડત મોકૂફ રાખવામાં આવી. યુવા વર્ગ આવા અણધાર્યા નિર્ણયથી નારાજ તો થયો પણ ગાંધીજી તથા મહેરઅલીના સિધ્ધાંતો અને કાર્ય પધ્ધતિમાં શ્રધ્ધા ધરાવતો હોવાના કારણે મહાત્માજીના નિવેદનને માથે ચડાવ્યું.

અત્યાર સુધી રસિકભાઈ દેશસેવાના કામ પાછળ એવા તો લીન થઈ ગયા હતા કે તે એના સિવાય બીજું કાંઈ વિચારતા જ નહોતા. ૧૯૩૫માં તેમના યુવાન વયના ભાઈ હરસુખનું અવસાન થયું તેનું ખૂબ જ દુઃખ થયું પણ એને ભૂલવા માટે એ પોતાના કાર્યમાં વધુને વધુ પ્રવૃત્ત થતા રહ્યા. ઘરની આર્થિક પરિસ્થિતિ તો પ્રથમથી જ સારી નહોતી. **કુંદનભાઈ ધોળકિયા**એ તેમના પુસ્તક 'કચ્છની શ્રુતિ અને સ્મૃતિ' (ત્રીજી આવૃત્તિ, ૨૦૦૫, પાના ૨૮૯)માં નોંધ્યું છે કે 'રસિકભાઈના પિતા ગુજરી ગયા ત્યારે તેમના ઘરમાં માત્ર એક જ પાંચીયું (માત્ર બે રૂપિયાની) જ મૂડી હતી.' ઘર કેમ ચાલતું હતું તેની પણ ચિંતા તેમણે ક્યારે કરી નહોતી. પણ હવે જ્યારે લડત સમેટાઇ અને પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થયા ત્યારે જ ખ્યાલ આવ્યો કે ઘરમાં તો ઘણું બધું ખૂટતું હતું અને જ્યારે જાણ્યું કે આ સ્થિતિમાં તેમની પત્ની મોતીબેન અને છોકરાઓને ક્યારેક ભૂખ્યા સૂઈ રહેવું પડ્યું હતું.

ઘરની આવી આર્થિક પરિસ્થિતિ છતાં પત્નીએ આદર્શ ઘેલા પતિને એની અણસાર આવવા દીધી નહોતી. આવી પરિસ્થિતિ વચ્ચે પણ મોતીબેન પતિના પડખે ઊભા રહીને કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની લડત માટે પ્રોત્સાહન આપતા હતા. આ બધું જાણતાં જ રસિકભાઈનું હૈયું હચમચી ઊઠ્યું. અને એ જ વખતે એમણે કામધંધા માટે મુંબઈ જવાનું નક્કી કરી લીધું. સને ૧૯૩૯માં મુંબઈ તરફ જવા પ્રયાણ કર્યું.

**મુંબઈમાં યુગાન્તર, વન્દે માતરમ્, જન્મભૂમિ તથા હિન્દુસ્તાન જેવા મોટા ગજાના વર્તમાનપત્રના તંત્રી વિભાગમાં જોડાયા. ૧૯૫૦માં 'કચ્છમિત્ર' પૂર્ણ કદનું બનતાં તેનું તંત્રીપદ રસિકલાલ જોષીએ સંભાળ્યું.** પણ થોડા સમય પછી પાછા હિન્દુસ્તાન દૈનિકમાં જતા રહ્યા. આમ બારેક વર્ષ સુધી મુંબઈમાં રહ્યા અને પછી દસેક વર્ષ સુધી તેમાં કામ કર્યા પછી ૧૯૫૨માં તે કચ્છ પાછા આવ્યા. **પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશ્યા પછી સાહિત્ય ક્ષેત્રે પણ એમણે ઝડપી પ્રગતિ કરવા માંડી. તેમની સામાજિક નવલકથાઓ રશ્મિ, રાધેશ્યામ, નયના, અધિકારીજી અને શીલા લોકપ્રિય નીવડી.** આ નવલકથાઓ થકી તે ગુજરાતના સાહિત્ય જગતમાં પણ જાણીતા થયા.

ભુજ પાછા આવ્યા પછી રાજકારણમાં પાછા સક્રિય થયા. ૧૯૫૪માં ભુજ નગરપાલિકાની ચૂંટણીમાં નગરસેવક તરીકે ચૂંટાયા. ૧૯૫૫માં કચ્છમિત્ર સાપ્તાહિક સ્વરૂપે પણ પ્રગટ થવા માંડતાં તેના તંત્રીપદે તે નિમાયા. નગરસેવક તરીકેની મુદત ૧૯૫૭માં પૂરી થતાં કચ્છ ડેવલપમેન્ટ બોર્ડ અને જિલ્લા તંત્રની ઈતિહાસ સમિતિના સભ્ય બન્યા. તે ગાળામાં પંડિત સુંદરલાલ રચિત 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' વાંચતાં વિચાર આવ્યો કે કચ્છ પાસે પણ પ્રજા જાગૃતિનો આવો ઈતિહાસ છે. જો તેનું લેખન કર્યું હોય તો કચ્છના ઈતિહાસ માટે તે મહત્ત્વનો દસ્તાવેજ બની રહે અને ભાવિ પેઢી માટે તે ખૂબ ઉપયોગી થઈ પડે.

એ રીતે કચ્છની પ્રજા જાગૃતિના ઈતિહાસના પાના (ઈ.સ. ૧૭૮૪થી ઈ.સ. ૧૯૪૦ સુધી)નું સર્જન થયું. અને તે કચ્છમિત્રમાં હપ્તાવાર પ્રગટ થવા માંડ્યું ત્યારે તે ખૂબ જ લોકપ્રય થઈ પડ્યું. સને ૧૯૬૬માં તે પુસ્તક આકારે પ્રગટ થયું. કચ્છ બેનીવોલન્ટ ફંડ તરફથી નીમાયેલી સમિતિએ **આ પુસ્તકને પહેલું ઇનામ આપ્યું.**

**કચ્છમાં સાહિત્યના વિકાસ માટે તેમણે ૧૯૫૭માં ભુજમાં કલમ મંડળની સ્થાપના કરી.** આ સંસ્થાના પ્રમુખ તરીકે તેમણે ગુજરાતના પ્રતિષ્ઠિત સાહિત્યકારોને ગોષ્ઠિ માટે અવારનવાર બોલાવી સાહિત્યકારોમાં ઉત્સાહ જગાડેલ. ધનસુખ અજાણીના પુસ્તક 'ઝેર બન્યું અમૃત'ની તા. ૧-૬-૧૯૮૦ની પ્રસ્તાવનામાં તે કહે છે કે, 'કલમ મંડળની સ્થાપનાને તો વર્ષો વહી ગયા.

થોડા સમય પછી કલમ મંડળની સ્થાપનાના મુખ્ય યોજકો એવા મને, જયંતભાઈ, પ્રીતમલાલ વગેરેને વિચાર આવ્યો કે કલમ મંડળ જો પોતાની પ્રકાશન સંસ્થા ઊભી કરી શકે તો કચ્છના લેખકોને આગળ લાવવામાં એ પ્રકાશન સંસ્થા જરૂર ઉપયોગી થાય. આ માટે વીસેક હજાર રૂપિયાની જરૂર પડે. આ માટે છગનબાપા સમક્ષ વાત મૂકતાં તેઓ આ માટે સહમત થયા, પરંતુ થોડા જ સમયમાં તેમનું અવસાન થતાં કલમ મંડળનું સપનું સાકાર થયું નહીં. પણ ત્યાર પછી ભુજના સાહિત્યપ્રેમી સજ્જન ગોવિંદજીભાઈ બુધ્ધભટ્ટીએ એટલી રકમ આપવા માટે તત્પરતા દર્શાવી.

**આ કાર્યમાં તેમના પુત્રી વેલુબેને પણ રસ લેતાં** 'હરખબેન કલમ પ્રકાશન ટ્રસ્ટ'ની સ્થાપના કરાઈ અને તે ભંડોળમાંથી ધનસુખ અજાણી લિખિત પુસ્તક 'ઝેર બન્યું અમૃત' આજે પ્રસિધ્ધ થઈ રહેલ છે.

કચ્છના નવોદિત લેખકોને પ્રોત્સાહિત કરવા 'નૂતન યુગ' નામનું સાહિત્યિક માસિક શરૂ કરેલ. રંગીન મુખપૃષ્ઠવાળા એ સામયિકમાં કચ્છના નવોદિત લેખકોની નવલિકા, કાવ્યો, ઈતિહાસ તેમજ શિલ્પ સ્થાપત્યને લગતા લેખો પ્રસિધ્ધ થવા લાગ્યા. આ માસિકના પ્રકાશન પાછળ તેઓ આર્થિક બોજા તળે આવી ગયા. આ લેણું તેમણે પોતાની માતાના ઘરેણા વેચીને ચૂકવી આપ્યું હતું.

**કચ્છના સાહિત્યના વિકાસ માટે ભેખધારી રસિકભાઈના ૧૭ પુસ્તકો પ્રસિધ્ધ થયાની વિગતો તેમના સને ૧૯૮૫માં પ્રગટ થયેલા પુસ્તક 'મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી'માં દર્શાવેલ છે. તે મુજબ તેમના નીચેની પુસ્તકો પ્રગટ થયા છે** : (૧) માતૃભૂમિ કચ્છ, (૨) વતનની વાતો, (૩) ગરવી ગુજરાત, (૪) કચ્છનો કુળદીપક, (૫) રશ્મિ, (૬) રાધેશ્યામ, (૭) નયના, (૮) અધિકારીજી, (૯) શીલા, (૧૦) નંદવાયેલા હૈયા, (૧૧) ઝારાનો સંગ્રામ, (૧૨) અગન કિનારા, (૧૩) સમર્પણ, (૧૪) મહાપ્રભુજી વલ્લભાચાર્યજી, (૧૫) સંતના સંભારણા, (૧૬) કચ્છની પ્રજા જાગૃતિના ઈતિહાસના પાના, (૧૭) મંદિર અને મિનારા. આ ઉપરાંત તેમના નીચેના પુસ્તકો પણ પ્રગટ થયાનું બતાવવામાં આવે છે પણ તે ખરેખર પ્રગટ થયા છે કે કેમ તે સ્પષ્ટ થતું નથી. (૧૮) શોણિત ક્યારો, (૧૯) લાખાધિરાજ, (૨૦) કેર અને નિગામરી, (૨૧) બે આંસુ, (૨૨) વિશાખા, (૨૩) તર્પણ, (૨૪) પ્રીતના ઈંધન – એમ ૨૪ જેટલા પુસ્તકો તેમના નામે દર્શાવવામાં આવે છે.

**સાહિત્ય ક્ષેત્રે તેમણે મેળવેલી સિધ્ધિને બિરદાવવા કચ્છના જાણીતા ધારાશાસ્ત્રી વાલજીભાઈ કરશનજી ઠક્કરના પ્રમુખપદે રચાયેલી સન્માન સમિતિએ ભુજમાં તેમનો સન્માન કરેલ.** રસિકભાઈના આટલી મોટી સંખ્યામાં પુસ્તકો પ્રગટ થયા છે અને તેમાંય તેમની સામાજિક નવલકથાના પાંચેય પુસ્તકો લોકપ્રિય બન્યા હોવા છતાં ગુજરાતના લેખકોએ તો ઠીક પણ કચ્છના લેખકોએ પણ તેમના આ માતબર સાહિત્ય પ્રદાનની નોંધ લીધી નથી તેને અજ્ઞાનતા સમજવી કે ઇરાદો?

સને ૧૯૬૨માં કચ્છમિત્રના તંત્રીપદેથી ઝુમખલાલ મહેતાએ નિવૃત્તિ લેતાં તે જગ્યાએ તંત્રી તરીકે રસિકલાલ નીમાયા. ૧૯૬૬ સુધી તંત્રી તરીકેની જવાબદારી સંભાળી અને વર્ષોના અનુભવના આધારે તે સમયની કટોકટીભરી પરિસ્થિતિમાં પોતાની ફરજો સારી રીતે પાર પણ પાડી હતી. પત્રકાર અને સાહિત્યકારની સાથે સાથે રાજકારણમાં પણ એટલા જ ગળાડૂબ હતા. ચાર વર્ષ સુધી કોંગ્રેસના મંત્રી તરીકે સેવા આપ્યા પછી ૧૯૬૩થી ૧૯૬૬ સુધી પ્રમુખ તરીકેની કામગીરી પણ સંભાળી હતી. આ સમયગાળામાં જ ૧૯૬૫નું પાકિસ્તાન સાથેનું યુધ્ધ ખેલાયુ. તા. ૭-૩-૧૯૬૫ના કંડલા મુક્ત વ્યાપાર ક્ષેત્રનું વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના હાથે ઉદ્ઘાટન થયું. એપ્રિલ ૧૯૬૫માં કચ્છના છાડબેટ પર પાકિસતાને આક્રમણ કર્યું અને તા. ૧૯-૯-૧૯૬૫ના પાકિસ્તાનના વિમાની હુમલામાં ગુજરાતના મુખ્યપ્રધાન બળવંતરાય મહેતા, તેમના પત્ની, ગુજરાત સમાચારના પ્રતિનિધિ કે.પી. શાહ, મુખ્ય પ્રધાનના અંગત સચિવ પરેશ, પાઈલોટ તથા એક ઈજનેર એમ કુલ્લે ૬ જણા કચ્છના અબડાસા તાલુકાના સુથરી ગામના સીમાડે શહીદ થયા. આ સમયે કચ્છમિત્રના તંત્રી તરીકે તથા કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે મર્યાદિત સગવડો છતાં અસરકારક ફરજ બજાવી હતી. ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ કંડલા મુક્ત વ્યાપાર ક્ષેત્રનું ઉદ્ઘાટન કર્યું તે સમારંભના પ્રમુખસ્થાને રસિકભાઈ જોષી હતા.

કચ્છમિત્રના તા. ૧૪-૨-૧૯૯૧ના અંકમાં તંત્રીલેખથી રસિકભાઈને શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ છે. તેમાં તેમની સામાજિક નવલકથા 'રશ્મિ'ને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળ્યાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે વિગતમાં ભૂલ થયેલી છે. રસિકભાઈને આવું સુવર્ણ ચંદ્રક મળેલ નથી. તેવી જ રીતે ભાસ્કરભાઈ પંડ્યાએ રસિકભાઈની નવમી પુણ્યતિથિ પ્રસંગે તેમને સ્મરણાંજલિ આપતાં કચ્છમિત્રના તા. ૪-૩-૨૦૦૦ના અંકમાં લખે છે કે '૧૯૩૫માં રસિકભાઈના યુવાન નાના ભાઈ હરસુખના અવસાન પછી તેની યાદમાં રસિકભાઈએ તેમની પહેલી જ નવલકથા 'રશ્મિ' લખી. એ યુગ કનૈયાલાલ મુનશી, રમણલાલ વ. દેસાઈ, ધૂમકેતુ, મેઘાણી વગેરેના સાહિત્ય વાંચનથી ધમધમતો યુગ હતો. રસિકભાઈની 'રશ્મિ' નવલકથામાં રમણલાલ દેસાઈની શૈલીની છાપ ઉપસે છે.

'કવિ નર્મદ શતાબ્દીની ઇનામી નવલકથા તરીકે સાહિત્ય સભા દ્વારા શ્રેષ્ઠ નવલકથા તરીકે જાહેર કરી રસિકભાઈને રૂ.

૫૦૦/-નું પારિતોષિક અપાયું હતું. નિર્ણાયક તરીકે કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઇ, કેશવપ્રસાદ દેસાઇ વગેરે હતા.' એ ઉલ્લેખને હકીકત સાથે મેળ પડતો નથી. નર્મદ શતાબ્દીની ઉજવણી સને ૧૯૩૩માં હતી. ભાસ્કરભાઈ પંડ્યા કહે છે તે પ્રમાણે 'રશ્મિ' નવલકથા રસિકભાઈના નાના ભાઈ હરસુખ જે ૧૯૩૫માં અવસાન પામ્યા તેના પછી તેની યાદમાં લખાયેલી હતી. ગુજરાતી સાહિત્ય કોષ, ખંડ-૨ (અર્વાચીન કાળ) ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સને ૧૯૯૦માં પ્રગટ થયેલ છે તેમાં આ નવલકથા સને ૧૯૩૯માં પ્રગટ થયાનો ઉલ્લેખ છે. નર્મદ શતાબ્દી ઉજવણીની સાલ ૧૯૩૩, જેની સ્મૃતિમાં આ નવલકથા લખાયેલ હોવાનું કહેવામાં આવ્યું છે તેની અવસાનની સાલ ૧૯૩૫ અને નવલકથા પ્રસિધ્ધ થયાની સાલ ૧૯૩૯ અને સાહિત્ય કોષમાં તેને પારિતોષિક પ્રાપ્ત થયાનો કોઈ ઉલ્લેખ નહીં, તે બધી હકીકતોને જોતાં ભાસ્કરભાઈએ કરેલ ઉલ્લેખ તેમજ કચ્છમિત્રના તા. ૧૩-૨-૧૯૯૧, તા. ૨૬-૨-૨૦૦૬ અને તા. ૪-૧૨-૨૦૦૮ના અંકમાં આ નવલકથા કવિ નર્મદ શતાબ્દીની ઇનામી નવલકથા તરીકે પ્રગટ થયાનો ઉલ્લેખ વિશેષ સ્પષ્ટતા માંગે છે.

રસિકભાઈના સવા આઠ દાયકાના પ્રલંબ જીવનકાળના વિવિધ પાસાઓ પર નજર નાખીએ છીએ અને એમના સાર્વજનિક જીવનના પાના વાંચીએ છીએ ત્યારે એક વસ્તુ બહુ જ સ્પષ્ટ દેખાય છે કે એમણે જીવનભર આર્થિક તંગી અને ગરીબાઈનું દુઃખ વેઠ્યું છે છતાં ક્યારે પણ પ્રામાણિકતા અને સત્યના માર્ગેથી વિચલિત થયા નથી. અભાવમાં વીતેલા એ દિવસોની નારાજગી પણ એમના ચહારે પર ક્યાયે જોવા મળી નહોતી. એ વિનમ્ર વ્યક્તિની વિનમ્રતા એમના સમગ્ર જીવનમાં જળવાઈ રહી હતી. સ્વેચ્છાએ ગરીબાઈ વેઠનાર આ વ્યક્તિએ રાજકારણના ઓઠા હેઠળ કોઈ અનુચિત લાભ મેળવવાનો વિચાર ક્યારે પણ કર્યો નહોતો. સ્વાતંત્ર્ય સેનાનીનું પેન્શન પણ લેવાની ના પાડી.

એમની હયાતીમાં જ યુવાન વયના પુત્ર અને પત્નીના અવસાનનો આઘાત એ જીરવી ગયા. આઝાદી પછી ભારતમાં જે નિરાશાજનક પરિસ્થિતિનું નિર્માણ થતું રહ્યું તે જોઈને એ ભારે વેદના અનુભવતા હતા પણ જીવન સંધ્યાની આ પળે હવે એ જોમ ક્યાંથી લાવે કે પથારીમાંથી ઉઠીને આ પરિસ્થિતિ સામે બાથ ભીડવા દોડી જાય? એવા એ તેજસ્વી સારસ્વત, નિરાભિમાની રાજકારણી, મૂલ્યનિષ્ઠ પત્રકાર અને સજ્જન લોકસેવક ૮૩ વર્ષની પાકટ વયે તા. ૧૨-૨-૧૯૯૧ના રોજ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. સમગ્ર કચ્છે એનું દુઃખ અનુભવ્યું. મને તો હજીય લાગ્યા કરે છે કે સમાજમાં મોટા માણસો કરતાં પણ થોડાક આવા સારા માણસો મળે તો કેવું સારું? ■

## વૈવિધ્યસભર સર્જક : ગૌતમ શર્મા

**(અનુ. : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)**

કરવા દેશની વિવિધ જાસુસી સંસ્થાઓના સમન્વયથી રચાતા, જેનું ચિહ્ન 'મોર' દર્શાવ્યું છે, એવા 'HCASSO' (હેક્સો) અર્થાત્ 'હાર્ડકોર એસોસિએશન ઓફ સિક્રેટ સર્વિસ' ઓર્ગેનાઇઝેશનની કલ્પનાને ગણાવી શકાય.

તેમના સર્જનોમાંથી પસાર થઈએ ત્યારે આ અને આવી અનેક બીજી ઝીણી મોટી વિશેષતાઓ આપણે નોંધી શકીએ જે એમણે સિધ્ધહસ્ત લેખકોની શ્રેણીમાં મૂકી આપે છે. તેમની ઘણી નવલકથાઓની એક કરતાં વધારે આવૃત્તિઓ થઈ છે. દરેક વખતે નવા વિષય, નવી વાર્તાગૂંથણી સાથે વિપુલ સર્જન કર્યું અને વાચકોનો સતત પ્રેમ મેળવ્યો. તેમણે જાણીતા લેખક અર્નેસ્ટ હેમિંગ્વેના એ વાક્યને અવારનવાર ટાંક્યું છે કે, '**સારું લખવું એ સારી બાબત છે પણ સતત લખતા રહેવું એ વધારે સારી બાબત છે.** એટલે જ, તેઓ કહે છે કે મેં ૨૬ વર્ષોમાં ૭૨ જેટલી રહસ્યકથાઓ આપી છે, પણ ગુજરાત હજુ ધરાયું નથી — જે પ્યાસને, ભૂખને હું સંતોષતો જ રહીશ.' વૈવિધ્યતા અને રસસભર સર્જનો માટે આટલી કટિબધ્ધતા ગૌતમભાઈએ વ્યક્ત કરી છે. એમને સાહિત્યિક અને અન્ય સંસ્થાઓના પારિતોષિકો અનેક મળ્યા છે પણ એમને પોતાને આશ્ચર્ય થયું એવી ઘટના (લગભગ ૧૯૮૩ના વર્ષ આસપાસ) બની. રાજકોટની લોંગ લાઇબ્રેરી દ્વારા સૌથી વધુ વંચાતા અને પ્રિય લેખકો માટેનો સર્વે થયો તેમાં અનુક્રમે પ્રથમ હરકિશન મહેતા, ગુલશન નંદા અને વિઠ્ઠલ પંડ્યા પછી **તરતના ક્રમે શ્રી ગૌતમભાઈને સ્થાન મળ્યું. કચ્છી તરીકે આપણને ગૌરવ થાય જ.**

**તેમણે એક અંદાજ પ્રમાણે ૧૩૦થી વધારે કૃતિઓનું સર્જન કર્યું છે.** ક્યારેક તો એવું પણ બન્યું છે કે મહિનાની ત્રણને હિસાબે તેમણે નવલકથાઓ લખી છે.

એક સમર્થ સર્જકનો આ એક અધૂરો અને માત્ર પરિચયાત્મક આલેખ છે. ઘણા પ્રશ્નો થયા અને પ્રયત્નો છતાં ઉત્તરો પ્રાપ્ત ન થયા. આશા રાખીએ કે એમના પરિવારજનો, સ્નેહીઓ, શુભેચ્છકો, વાચકો એમની પ્રાપ્ય વિગતો આપે તેની સાથે તેમનાં સર્જનોનો સર્વગ્રાહી અભ્યાસ થાય તો જ આ પ્રતિભા વિશદપણે પ્રગટ થશે. કારણકે એમણે જે શબ્દોમાં સર્જન માટેની ધગશ પ્રગટ કરી છે એ એમની પ્રતિભાનું ઉપર ઉપરથી દર્શન કરાવે છે. “જ્યાં સુધી હાથમાં શક્તિ હશે, જ્યાં સુધી મગજમાં ક્ષમતા હશે, જ્યાં સુધી પ્રકાશકો છાપતા રહેશે ત્યાં સુધી વાચકોની ઉત્તરોત્તર માંગને હું પૂર્ણ કરવા પ્રયત્ન કરતો રહીશ.”

*૮૧/એ, મારૂતિ પ્લોટ, નવી સ્વામિનારાયણ સ્કૂલ પાસે,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨ ૩૫૧૮૯*

દીપોત્સવી વિશેષ : "પ્રતિભા"

# મૂલ્યનિષ્ઠ જીવન જીવી જનાર એક માનવતાવાદી સર્જક
# ઠાકરશીભાઈ કંસારા



ઉમિયાશંકર અજાણી

કચ્છમાં પધ્ધતિસરના પ્રાથમિક શિક્ષણની શરૂઆત સને ૧૮૫૦થી થઈ તે પહેલાં ધૂળી નિશાળોના માધ્યમથી શિક્ષણ અપાતું હતું. ત્યાર પછી સાત વર્ષે સને ૧૮૫૭થી ઍંગ્લો વર્નાક્યુલર અંગ્રેજી શાળાની શરૂઆત થઈ. માધ્યમિક શિક્ષણની સવલત તો એથીય પછી ૧૩ વર્ષે સને ૧૮૭૦માં મળી. એ વર્ષે (સંવત ૧૯૨૭માં) મુંબઈમાં મહારાવશ્રી પ્રાગમલજી (બીજા) મહારાણી વિક્ટોરીયાના શાહજાદા ડ્યુક ઑફ એડિનબરો (પ્રિન્સ ઑલ્ફ્રેડ)ની મુંબઈમાં મુલાકાત કરી આવ્યા તેની યાદગીરીમાં રૂપિયા દોઢ લાખના ખર્ચે માંડવીમાં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કરી. આ શાળા સને ૧૮૭૨માં ભુજમાં પાટવાડીના નાકે જ્યાં પાટવાડી શાળા હતી ત્યાં ખસેડાઇ અને ત્યાંથી સને ૧૮૮૫માં મહાદેવના નાકા બહાર આવેલ ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના નામે ઓળખાતા સ્થળે ખસેડાઈ. આનાથી આગળ અભ્યાસ કરવો હોય તો કચ્છમાં રહીને અભ્યાસ કરવાની સુલભતા આઝાદી પ્રાપ્ત થઈ ત્યાં સુધી નહોતી. **આ સગવડ સૌ પ્રથમ સને ૧૯૫૩માં ભુજમાં આર.આર. લાલન કોલેજની સ્થાપના થતાં પ્રાપ્ત થઈ. ૧૯૫૩ સુધી મેટ્રિકની પરીક્ષા આપવા પણ કચ્છ બહાર જવું પડતું હતું** અને મેટ્રિક પાસ થયા પછી જો આગળ અભ્યાસ કરવો હોય તો કચ્છ બહાર નજર દોડાવવી પડતી હતી. વળી મેટ્રિક સુધી પણ ભણતરનો વ્યાપ એટલો બધો નહોતો. ૧૮૭૦થી ૧૯૦૦ સુધીના સમયગાળામાં મેટ્રિક પાસ કરનારની સંખ્યા માત્ર ૧૨૦ની જ હતી અને ૧૯૩૨ સુધીના સમયગાળામાં એટલે ૬૨ વર્ષે આ સંખ્યા માત્ર ૨૮૨ સુધી પહોંચી હતી!

મારે જેમની અહીં વાત કરવી છે તે શ્રી ઠાકરસીભાઈ પુરુષોત્તમ કંસારા સને ૧૯૨૬માં મેટ્રિક થયા. કચ્છમાં જ વસવાટ કરતા કચ્છીઓની આર્થિક સ્થિતિ નજરે મેટ્રિક થનારને જો આગળ અભ્યાસ કરવો હોય તો આર્થિક સ્થિતિનો પ્રથમ વિચાર કરવો પડે. આઝાદી પહેલા સિંધ, ગુજરાત, પશ્ચિમ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટક સુધીના પ્રદેશો મુંબઈ પ્રાંતમાં આવતા હતા અને આ બધા પ્રદેશોની સઘળી કૉલેજો મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી. આ કૉલેજો પૈકી ૧૫ જેટલી કૉલેજો ગુજરાત - સૌરાષ્ટ્રમાં આવેલ હતી. ગુજરાત - સૌરાષ્ટ્રની આ કૉલેજો પૈકી ભાવનગરની શામળદાસ કૉલેજ અભ્યાસ માટે આર્થિક દૃષ્ટિએ પોષાય તેવી હતી. તેથી ઠાકરસીભાઈએ આગળ અભ્યાસ માટે ભાવનગરની કૉલેજમાં જવાનું નક્કી કર્યું. તેમના જ શબ્દોમાં જોઈએ તો : 'સને ૧૯૨૬માં મેટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ વધુ અભ્યાસ માટે કચ્છમાં કૉલેજની સગવડ ન હોવાથી અને તે વખતે ભાવનગરની સામળદાસ કૉલેજમાં ઘણા ઓછા ખર્ચે અભ્યાસ થઈ શકે તેમ હોવાથી મેં ભાવનગર જવા વિચાર્યું. મારી સાથે કચ્છના બીજા એક વિદ્યાર્થી ભાઈ પણ સાથે આવ્યા હતા. તેઓ કચ્છના છેક ઈશાન ખૂણે રણને કાંઠે આવેલ લોદ્રાણી ગામના વતની ચારણ જ્ઞાતિના હતા અને ભુજમાં તે વખતે વ્રજભાષા પાઠશાળા ચાલતી તેના કુલપતિ શ્રી હમીરજી બારોટના આશ્રયે રહીને મેટ્રિકનો અભ્યાસ કરી શક્યા હતા.'

ભાવનગરમાં ચાર વર્ષ સુધી કૉલેજમાં અભ્યાસ કરીને બી.એ.ની પરીક્ષા આપવા અમદાવાદ તથા મુંબઈ ગયા હતા. ત્યાર પછી એલ.એલ.બી.નો અભ્યાસ જુદે જુદે સ્થળે કરી ૧૯૩૨માં પૂરો કરી કચ્છમાં ઍડવોકેટ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી. **ત્યાર પછી કચ્છ રાજ્યમાં ન્યાયાધીશ તરીકે જોડાયા.** કચ્છના જાણીતા સાહિત્યકાર શ્રી રામસિંહજીભાઈ રાઠોડ જે વન ખાતામાં અધિકારી તરીકે હતા તે કોઈ કોઈ વાર વીતેલા જમાનાને યાદ કરતા ત્યારે કહેતા કે ઠાકરસીભાઈ ભચાઉમાં ન્યાયાધીશ તરીકે હતા ત્યારે પોતે પણ ભચાઉમાં હતા. રાજાશાહીમાં તાલુકા કક્ષાએ અધિકારીઓની સંખ્યા બહુ મર્યાદિત રહેતી હતી અને તાલુકાના અધિકારીઓમાં સૌથી નાની વયના પોતે હતા. ઑફિસનો સમય પૂરો થયા પછી સાંજે મોડેથી બધા અધિકારીઓ ફરવા માટે નીકળતા. પોતે પણ જતા. તે સમયે તાલુકામાં આજના જેવી દીવાબત્તીઓની સગવડ નહોતી. ઠાકરસીભાઈનો પટાવાળો ફાનસ લઈને સાથે રહેતો અને વળતાં અંધારું થતું ત્યારે એ ફાનસના અજવાળે બધા પાછા વળતા. ફરવામાં વહીવટદાર પણ હોય ને ફોજદાર પણ હોય. વારસાગત સંસ્કારબળે જીવનમાં વિકાસ સાધનારા ઠાકરસીભાઈએ એમને મળેલા સંસ્કારોને ઉજાળ્યા હતા. તાલુકા કક્ષાએ ન્યાયાધીશની જગ્યા બહુ પ્રતિષ્ઠિત ગણાતી હતી તેમ છતાં વ્યવહારમાં તેમણે એમને મળેલી શક્તિઓનો ઉપયોગ હંમેશાં માનવતાને નજર સમક્ષ રાખીને કર્યો હતો. એક આદર્શ

ન્યાયાધીશ તરીકેની તેમની છાપ છેવટ સુધી જળવાઈ રહી હોય તેનું કારણ વારસાગત સંસ્કાર હતા અને આ કારણે જ સામાન્ય માણસ સાથે પણ તેમનો વ્યવહાર હંમેશાં આત્મીયતાભર્યો રહેતો હતો. ભાવનગરમાં સહપાઠી તરીકે જેમની સાથે આત્મીયતા કેળવાઈ હતી એ ચારણ મિત્ર પીંગળશીભાઈ પાયકના સહવાસે એમનામાં સાહિત્ય સર્જનના સંસ્કારો વિકસ્યા હતા. **લખવાનું તો એમણે છેક ૧૯૨૫થી શરૂ કરેલ. એમના લેખો સ્વદેશ સાપ્તાહિક તથા શારદા માસિકમાં તેમજ અન્ય સામયિકોમાં નામજોગ કે ઉપનામથી પ્રસિધ્ધ થતા હતા.** કચ્છના લેખકોમાં અભ્યાસી અને સંશોધક તરીકે એમનું નામ જાણીતું રહ્યું છે. કચ્છની સંસ્કૃતિ અને ઇતિહાસ પરત્વેના એમના અભ્યાસના પરિપાકરૂપે તેમનું પુસ્તક **"કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ"** એ સત્ય તરફની શોધનું પરિણામ છે. અને આ કારણે તેમણે કચ્છના ઇતિહાસમાં લખાયેલી કેટલીક હકીકતોને પડકારેલ પણ છે. તે પુસ્તકના પાના ૩૧ પર તેમણે નોંધ્યું છે કે, "ઘણીવાર દંતકથાઓ ઉપજાવી કાઢેલ અથવા ગેરસમજથી પ્રચલિત બનેલી હોય છે. એની યોગ્ય ચકાસણી કર્યા વિના ઇતિહાસ-ગ્રંથોમાં એ નોંધાય ત્યારે ગરબડ ઊભી થાય છે. 'આના સંદર્ભમાં તેમણે કચ્છનું સંસ્કૃતિ દર્શનના પાના ૪૦ પર ઉલ્લેખાયેલ ભુવડ ગામ અને ભુવડ ચાવડાની વાત કહેવાયેલી છે તે અંગે કહે છે કે 'આ બાબતમાં વિચારણા કરતાં વનરાજના વંશનો છેલ્લો રાજા સામતસિંહ યાને ભુયડદેવ ચાવડો હતો; એ કચ્છમાં કોઈ સ્થળે યુધ્ધમાં મરાયો નથી, પણ એના ભાણેજ મુળરાજે એનું ઇ.સ. ૯૪૨માં ખૂન કરીને પાટણમાં પોતાની સત્તા સ્થાપી હતી.' તેવી જ રીતે પુંઅરા વિશેની દંતકથાઓને પણ તેમણે ઉપજાવી કાઢેલી ગણાવી છે. પથિકના માસ મે ૧૯૯૦ના અંકમાં પ્રગટ થયેલ તેમના 'કચ્છનું પાટનગર ભુજ'માં ભુજના સ્થાપના દિવસની ચર્ચા કરતા તે કહે છે કે, 'ભુજનો સ્થાપના દિન માગશર સુદ ૫ હોવાની પ્રચલતિ માન્યતા છે. આના સમર્થનમાં એક કુંડળી રજૂ થયેલ છે અને થોડાં વર્ષો થયા માગશર સુદ ૫ ના રોજ દર વર્ષે સ્થાપના દિનની ઉજવણી થાય છે. રજૂ થયેલ કુંડળીમાં સ્થાપના દિને માગસર સુદ ૫ ના રોજ ચંદ્રમા કર્ક રાશિમાં અને પુષ્ય નક્ષત્રમાં હોવાનું દર્શાવેલ છે. પરંતુ જો નવા શહેરનું તોરણ બાંધવાનું મુહૂર્ત કર્ક રાશિમાં તથા પુષ્ય નક્ષત્રમાં ચંદ્ર હોય ત્યારે સાચવવાનું હોય તો માગસર માસમાં એ દિવસે વદ ૫ હોય, સુદ ૫ કદી ન હોય. સુદ ૫ ના દિવસે ચંદ્રમા મકર રાશિમાં હોય - શાસ્ત્રવિધિ તથા જ્યોતિષ વિદ્યાના વિદ્વાનોએ આ બાબતમાં વિચારણા કરીને ચોક્કસ નિર્ણય લાવવાની આવશ્યક્તા રહે છે.' તેમના આ વિધાન પછી આ બાબતની ચર્ચા શરૂ થયેલ અને કચ્છમિત્રમાં ચર્ચાપત્રમાં પણ આ બાબત લખવામાં આવેલ. જ્યોતિષિ શંકર ગોરે પણ ઠાકરસીભાઈના મતનું સમર્થન કરતું મત દર્શાવેલ. કચ્છના ઇતિહાસના આવા કેટલાક પ્રશ્નો તેમણે તેમના એ પુસ્તકમાં વિસ્તારથી ચર્ચ્યા છે. કચ્છના નવોદિત લેખકોને પણ તેમના તરફથી માર્ગદર્શન મળી રહેતું હતું. હું તથા મારા પુત્ર ધનસુખ અજાણી ઐતિહાસિક સાહિત્યમાં રસ લેતા હતા તેથી અમને બંનેને તે ક્ષેત્રે એમનું માર્ગદર્શન ઘણું જ ઉપયોગી થઈ પડતું હતું. ક્યારેક ધ્યાન દોરવા જેવો કોઈ મુદ્દો હોય તો તે તરત જ પત્ર લખીને ધ્યાન પણ દોરતા. આ કારણે તેમની સાથે આત્મીયતા બંધાયેલી અને તેથી જ આ લખું છું ત્યારે એમનું જાજરમાન વ્યક્તિત્વ મારી નજર સામે તાદ્રશ્ય થાય છે. એમણે કહેલ એક પ્રસંગ આજે પણ મારા સ્મરણ પટ પર જડાઈ રહેલ છે. આ પ્રસંગનો વિસ્તૃત ઉલ્લેખ તેમણે સને ૧૯૮૫ના રંગતરંગના એક અંકમાં પણ કરેલ હોવાનું મને ખ્યાલ છે. વાત સંત ૧૯૯૬ની સાલની. તે વખતે તેઓશ્રી ભચાઉમાં ન્યાયાધીશની જગ્યાએ ફરજ બજાવતા હતા. ફાગણ વદ બીજનો દિવસ અને સાંજનું ટાણું. ભચાઉના વહીવટદાર (મામલતદાર) તથા ફોજદારે તેમને બંગલે આવીને કહ્યું : 'સાહેબ, સીકરા ગામની કેટલીક ગરાસણી બાઈઓએ દરબારી ભોગના ઘઉંના ચાર ગાડાંની લૂંટ કરેલ છે. તેમને સમજાવવાની કોશિષ ઘણી કરી પણ તેઓ કોઈ રીતે માને તેમ નથી. ઉલટું તલવારો લઇને સામે ધસી આવી. આ બાઈઓને અટકમાં લઇને દરબારી મુદ્દામાલ કબજે કરવાનો હોઈ અને તેમ કરવા જતાં સુલેહનો ભંગ થાય તેવું જણાય છે અને આમ થાય તો કદાચ ગોળીબાર પણ કરવું પડે તેવી પરિસ્થિતિ હોતાં આપની હાજરીની જરૂર પડે તેમ છે. આપની હાજરી ત્યાં હશે તો આનો કોઈક રસ્તો પણ કદાચ નીકળી આવશે. તેથી અમો આપ સાહેબને આ માટે વિનંતી કરવા આવ્યા છીએ.'

**કચ્છમાં તે વખતે ખેડૂતો માટે વિઘોટીની પ્રથા ન હતી. ભાગબટાઈની પ્રથા અમલમાં હતી.** તેથી ખેડૂતોએ તેમની પેદાશનો નક્કી કરેલ ભાગ દરબારને આપવો પડતો હતો. જ્યાં ગરાસિયા ભાગદારો પણ હતા ત્યાં આવો ભોગ વસુલ કરવાનો હક્ક ગરાસદારોને હતો. સીકરા ગામ ગરાસિયા ભાગદારોનું ગામ હતું. તેથી નિયમ પ્રમાણે ગરાસિયાઓ ખેડૂતો પાસેથી ભોગ લેવાને હક્કદાર હતા. પણ સીકરા ગામના ગરાસિયાઓ પર દરબારી લેણું હતું. તેથી તેમના ભાગની પેદાશ પણ તજવીજદારે દરબારી ભાગ સાથે ભરાવી લીધી હતી. અવારનવાર પડતા દુકાળના કારણે ગરાસિયાઓની સ્થિતિ ભારે કફોડી હતી અને છનુઆ દુકાળના ઓળા હજી ભાવિના ગર્ભમાં હતા. આ વાત હતી રવિ પાકની એટલે તજવીજદારે કરેલ કાર્ય દરબારી નિયમો પ્રમાણે કાયદેસર હતું અને તેથી તજવીજદારે ખરવાડમાંથી દરબારી ભોગના તથા લેણા પેટે

લેવાના ગરાસિયા ભાગના ઘઉંના ગાડા ભરાવી તે ચાર ગાડા વહેલી સવારે ભચાઉના દરબારી કોઠારમાં મોકલવા રવાના કર્યા હતા. આ ગાડાઓ થોડાક આગળ ચાલ્યા ત્યાં ગામની ચાર ગરાસણી બાઈઓએ આવીને આગળ વધતા ગાડા અટકાવ્યા અને તલવારના બળે તે ચારેય ભરતીયા ગાડાઓ ગામ તરફ પાછા વળાવ્યા. અને પોતાના ઘર તરફ દોરી જઈને ઘઉંની ગુણીઓ ઉતરાવી લીધી હતી. તજવીજદારે બાઈઓને સમજાવવા ઘણા પ્રયત્ન કર્યા પણ બાઈઓએ તેમની સામે તલવાર તાણીને ઊભી રહી. તેથી તેણે આ હકીકતનો અહેવાલ તાલુકે મોકલાવતાં આ પ્રશ્ન ઊભો થયો હતો. વહીવટદારે આ આખાય મામલાનો અહેવાલ દીવાન તરફ મોકલીને ફોજદારનો સંપર્ક સાધ્યો. ફોજદાર તરીકે નારાણજીભાઈ જાડેજા હતા અને તેથી સમજાવટથી કાંઈ રસ્તો નીકળે તો તેમ કરવા વહીવટદારે વાત કરી જોઈ. પણ ગુનાની ગંભીરતા નજરે વહીવટદારે દીવાનને અહેવાલ મોકલી દીધેલ હોવાથી ફોજદારે ગુનો પ્રથમ રજિસ્ટરે લેવો જરૂરી લાગતાં તેમણે તે પ્રમાણે કરીને તપાસ શરૂ કરાવી દીધી હતી. ગુનાની ગંભીરતા તો હતી જ પણ સાથે સાથે પરિસ્થિતિ પણ ગંભીર હતી. કારણકે સામે પક્ષે ગુનેગાર તરીકે ગરાસિયાણી બાઈઓ હતી. તેથી આ બંને અમલદારો ઠાકરસીભાઈ પાસે આવ્યા અને બનેલ હકીકત જણાવી. એ દિવસોમાં તાલુકાના ન્યાયાધીશ સિવિલ જજની સાથે સાથે ફ.ક. મેજિસ્ટ્રેટ અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની ફરજો પણ બજવતા હતા. તેમણે કહ્યું કે આવતીકાલે સવારે આપણે સીકરા ચાલશું.

બીજે દિવસે સવારે વહીવટદાર તથા ફોજદાર સાથે ઠાકરસીભાઈ સીકરા ગામે આવ્યા. તેમણે ગામના બે-ત્રણ પ્રતિષ્ઠિત વેપારીઓને તથા ચાર છ ગરાસિયા ભાગદારોને ધ્રુની કચેરીમાં બોલાવ્યા. તેમની પાસેથી બધી વિગતો જાણી લીધી. ગરાસિયાઓ દરબારી કરજના બોજા હેઠળ હતા. તેઓ ગામના ગરાસિયા ભાગદાર તરીકે પોતાનો ભાગ રવિ પાકના ઉત્પન્નમાંથી મેળવવાને હક્કદાર હતા પણ દરબારી કરજના કારણે તેમના ભાગનો માલ પણ દરબાર કરજ પેટે લઈ જતા હતા. તેઓ દરબારી લેણું ભરપાઈ ન કરે ત્યાં સુધી તે કાંઈ પણ ભોગભાગ મેળવી શકે તેમ નહોતા. બીજીબાજુ ઘરખેડમાં પૂરા વરસાદના અભાવે રામમોલની પેદાશ પણ પૂરી આવેલ નહીં. તેથી તેમની સ્થિતિ ભૂખમરા જેવી હતી. આવી પરિસ્થિતિમાં ગરાસિયાણી બાઈઓએ ઘઉંના ભરતીયા ગાડાં પોતાના ઘર તરફ વાળ્યા હતા.

પૂરી હકીકત જાણી લીધી. ન્યાયની દૃષ્ટિએ બાઈઓનું કૃત્ય લૂંટનું હતું અને એની સજા કાયદામાં આકરી હતી. ગરાસિયાઓના ઘરનું એક કરુણ દશ્ય એમની નજર સામે ઉપસી આવ્યું. નાના નાના બાળકો ભૂખથી ટળવળતા દેખાયાં, અડધા ભૂખ્યા મા-બાપના લાચાર ચહેરા નજર સામે તરવરી ઉઠ્યા અને આ સંવેદનશીલ સર્જકના અંતરમાં હલચલ મચી ગઈ. એમનું દિલ દ્રવી ઉઠ્યું. આંખ સહેજ ભીની થઈ ગઈ. ફોજદાર સામે જોઈને એમણે કહ્યું : 'નારાણજીભાઈ, આ બાઈઓને ગાડા કેમ વાળવા પડ્યા હશે?'

ફોજદારે કાંઈ જવાબ ન આપ્યો. એટલે એમણે જ કહ્યું : 'કાયદાની દૃષ્ટિએ બહેનોનું કૃત્ય ગુનો છે એ આપણે જાણીએ છીએ. કાયદો એમની મજબૂરીને ધ્યાનમાં નહીં લે એ પણ આપણે જાણીએ છીએ. ઘઉંના કોથળા આપણે બળ વાપરીને મેળવવા હોય તો મેળવી પણ શકીશું પણ મને થયા કરે છે કે આ પરિસ્થિતિને આપણે માનવતાની નજરે ન ઉકેલી શકીએ? ચોમાસું હજી આવવું બાકી છે અને તે કેવું હશે તેનું અનુમાન આપણે કરી શકતા નથી. ગયા વરસની તુલવારી આપણે બધા જાણીએ છીએ. થોડોક સહારો એમને આપણે આપી શકીએ તો...' એટલું કહીને એ અટકી ગયા. વિષાદની ઘેરી છાયા એમના ચહેરા પર ઉપસી આવી હતી. એમને થયું કે એમના માટે થોડુંક અનાજ અને થોડીક રોકડ સહાય આપવાની વ્યવસ્થા કરાવી શકાય તો તે ચોમાસા સુધી કદાચ સુખે દુખે નભાવી લે. પછી વેપારીઓ તરફ નજર કરીને કહ્યું કે તમે જો થોડીક ઉદારતા દર્શાવો તો આ બધા ભાગદારો સુખે દુઃખે ચોમાસા સુધી ખેંચી જાય. ગરાસિયાઓએ પણ કહ્યું : 'સાહેબ, બસ આટલું જો કરાવી આપો તો વેપારીઓના લેણા વરસ દહાડે ભરપાઈ કરી દઈશું.'

ઠાકરસીભાઈએ આવેલા વેપારીઓ સામે જોયું. વેપારીઓએ કહ્યું, 'સાહેબ, આપ જેમ કહો તેમ અમે કરીશું.'

વાત પૂરી થઈ. ગરાસદારોએ દરબારી ભોગની ઉતરાવી લીધેલ ઘઉંની ગુણીઓ પાછી ગાડે ચડી. તજવીજદારે પંચનામું કર્યું. ગાડા રવાના થયા. એટલે ઠાકરસીભાઈએ ફોજદાર નારાણજીભાઈને કહ્યું, 'અને તમે હવે એક સમરી રિપોર્ટ મને મોકલી આપો કે એ બહેનોને ઈરાદાપૂર્વક કોઈ લૂંટનો ગુનો કરેલ નહોતો પણ એ ગેરસમજનું કૃત્ય હતું.'

જ્યાં ઘડી પહેલા મરસિયા જેવો મામલો હતો ત્યાં હવે આનંદનું વાતાવરણ સર્જાઇ ગયું હતું.

પાછા વળતા વહીવટદાર અને ફોજદારના ચહેરા પર આવતી વખતે જે અજંપો હતો ત્યાં આ અણધાર્યા સુખદ ઉકેલને કારણે રાજીપો વર્તાતો હતો. ઘરના બંધ બારણા પાછળ ઊભીને આ બધું સાંભળી રહેલી બહેનોની આંખમાં આંસુ ધસી આવ્યા : આ પણ દરબારી અમલદાર જ છે ને! એમના હૈયે આશીર્વાદ વરસી રહ્યા હતા આ ભલા અમલદાર માટે. અને સૌથી વધુ પ્રસન્નતા હતી ઠાકરસીભાઈના સૌમ્ય અને શાંત ચહેરા પર.

(અનુ. : જુઓ પાના નં.-૫૫ ઉપર)

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૫)

હંસરાજ સાંખલા

## સુધીરનાં લગ્ન

સમયને સરકતાં ક્યાં વાર લાગે છે?

જ્યોતિકા અને કિશોરનાં લગ્નને ચાર વર્ષ થવા આવ્યાં.

રતન એક પોત્રાની દાદી થઈ ચૂકી હતી.

આ બાજુ જ્યોતિકાનું ઘર પણ બાર મહિનાની બેબીના કિલકિલાટથી ગુંજતું હતું.

જ્યોતિકા એના સાસરે ખૂબ સુખી છે.

એની રતનમાને (માના જીવનને) રૉલ મૉડલ માની તેના જેવું જ જીવન જીવવાના પ્રયત્ન થકી તેના પરિવારમાં તેનાં વખાણ થતાં હતાં. લોકો એમ કહેતાં હતાં, 'જ્યોતિકાની મા ભલે ઓરમાન હે, છતાં દીકરી કેવી હમજણી હે?'

આ સાંભળીને જ્યોતિકાને થતું 'બધાને કેમ હમજાવવાં કે મારામાં આ હમજણ મારી ઓરમાન માના પ્રતાપે જ છે. મેં તો ખાલી એની દરેક વાત પોઝિટિવ ઍંગલથી વિચારીને સ્વીકારી છે.'

જ્યોતિકાને એની નવી મા આજે પણ બહુ વહાલી લાગતી. જ્યોતિકા પ્રસંગોપાત એનાં વખાણ પણ કરતી. તો લોકો કહેતાં 'એને એની મા બઉ દેર્યાં એટલે જ ઇ વખાણ કરે રી. પણ એની મા ક્યાં એના માવતરેથી લઈ આવી હે? એના બાપુનું જ કમાયેલું હે ને? પછી એને દે'રી એમાં શું નવી રીત કરેરી. નૈં તો ઓરમાન મા, ઓરમાનપણું બતાવ્યા વગર રે ખરી?'

તો જ્યોતિકા સામે આવું વિચારતી, 'બધાને ક્યાં ખબર હતી કે એના માવતરની વળતવેળા એની રતનમાને પગલે જ થઈ હે.'

એક વખત વાત ઉપર વાત આવતાં એના મોટા જેઠાણી (મોટા સસરાની વહુ)એ એની માનાં ઓરમાનપણાની વાત કરી હતી ત્યારે જ્યોતિકાથી સહન ન થતાં, તેને સખત શબ્દોમાં સંભળાવી દીધું 'તું : 'દીદી, આજ પછી મારી માને ઓરમાન ન કેજો. એણે ભલે મને જનમ નથી દીધો પણ ઇ મારી જશોદામા હે. જશોદા માય ઓરમાનમા જ હતાં ને? તો એને કોઈ ઓરમાન કા નથી કે'તાં ને ઉપરથી એના વખાણ કરોર્યાં. ને મારી મા માં એવું શું જોઈને તમે ઓરમાન ઓરમાન કરોર્યાં?'

એનો જવાબ સાંભળી એની જેઠાણી અને સાંભળનાર બધી સ્ત્રીઓને નવાઈ લાગી. એના પછી જ્યોતિકા આગળ આવી વાત કરવાની કોઇ હિંમત ન કરતું.

જ્યોતિકાથી ક્યારેક ત્રણે માની મનોમન સરખામણી થઈ જતી. મૃત્યુ પામનાર જન્મદાતા મા, નવી રતનમા અને તેની સાસુમા. એ ન ઈચ્છતી છતાં એની તુલના થઈ જતી. ને એમાં રતનમા શ્રેષ્ઠ મા તરીકે એના માનસપટ ઉપર ઉપસી આવતાં. આ ત્રણ મા માંતો ઠીક પણ પોતે જાણતી હતી તેવાં સગા-વહાલામાં ને સમાજમાં પણ તે રતનમાનો વિકલ્પ નહોતી જોતી. આવા મુદ્દે તે પોતાને નસીબદાર માનતી.

આ બાજુ જ્યોતિકાની નણંદ શ્લોકાનું સગપણ ગોઠવાઈ ગયું. અને પિયરમાં તેના નાનાભાઈ સુધીરનો પણ સંબંધ ગોઠવાઈ ગયો. સુધીરના સંબંધ બાબતે એક બે જગ્યાએથી હા ના થઈ. 'હામે ઓરમાન મા હૈ' તેથી ઓરમાન સાસુને લઇને એક બે જગ્યાએ હા ના થતાં પોતાના વર્તમાન મોભાથી થોડા નબળા ઘરની દીકરી જયશ્રી સાથે તાત્કાલિક નક્કી કરી દીધું. ઘર ગરીબ હતું છતાં 'દીકરી બહુ ડાઇ હૈ' એવું સૌ કહેતાં હતાં.

ભાઈ સુધીરના લગ્નની તૈયારી બાબતે ક્યારેય બહેન (જ્યોતિકાને) ચિંતા ન થતી. તેની મા ક્યારેક ફોનમાં કહેતી 'અમે હાહુવઉએ હેરેલું (તૈયાર કરેલું) જોઈ તાં જા. ને ઓછું વધું હોય ત હેરાવી જા.' પણ એને ખાતરી હતી મારી મા ના કામમાં કાંઈ ખામી નહીં હોય. એની કાળજી, એની ચીવટને લઇને એનું દરેક કામ ચોક્કસ જ હોય. એની માની કોઈ પણ કામ કરવાની પદ્ધતિ દાદ માંગી લે તેવી હતી.

એ દરેક જગ્યાએ પોતાની જાતને ગોઠવીને બધું વિચારતી ને પછી એનું મન કહે એમ તૈયારી કરતી. એમાં રહી જતી ખામીઓ ગોતતી. પછી ખામી ક્યાંથી રહે?

અહીં પોતાની નણંદના લગ્નની તૈયારી બાબતે આમ તો ઘરમાં એ નાની હોવાથી હજી એની કોઈ જવાબદારી ન'તી.

છતાં બહુ ચિંતા રહેતી ને એનામાં એ એક્ટિવ રહેતી.

લગ્નની તૈયારીના સમયમાં રજાના દિવસે ફરવા જવાની બાબતે ''શ્લોકાબહેનના લગ્નનું હેરવું હે એટલે મારાથી નીં અવાય'' કહી ના પાડતાં તેની કાકાણ જેઠાણીએ કટાક્ષ પણ મારેલો. જ્યોતિકા એની દીકરી પેંણાવે રી એટલે એને ટેમ ક્યાંથી હોય?

જ્યોતિકાને નણંદ શ્લોકા ખરેખર દીકરી જ લાગતી હતી. એની દીકરી ત હજી ઘોડિયામાં હતી. એને થતું 'નાની નણંદને દીકરી ગણવી એમાં શું ખોટું હે? એને લીધે પોતાનું મા તરીકેનું ઘડતર પણ થાયને!'

જ્યોતિકાએ નણંદ શ્લોકાને દીકરી સમજીને સાસરે મોકલાવી.

શ્લોકાને સાસરે મોકલાવ્યે બે દિવસ થયા. એટલે એનો ફોન આવ્યો. મા-દીકરીની વાત ચાલુ હતી. વાત લાંબી ચાલી એટલે ત્યાં જ્યોતિકાએ સાસુ પાસેથી ફોન લઈ રાજીખુશીના સમાચાર પૂછી ''ખામ કામ વગર ઘડી ઘડી ફોન ન કરવા અને ફોનમાં ખાસ જરૂરી ટૂંકી વાત કરવાની'' ભલામણ કરી જ્યોતિકાએ ફોન મૂકી દીધો.

એને એની રતનમાએ એક વખત આવી જ ભલામણ કરી હતી.

શ્લોકાના લગ્ન પછી જ્યોતિકાને નવરાશનો સમય મળવા લાગ્યો. એ હવે નવરી પડી ગઈ. નવરાશના સમયમાં એને ક્યારેક પોતાના લગ્ન વખતના બનેલા બનાવો યાદ આવ્યા.

મામેરાના સામૈયા વખતે એની માને ઢકળ વળી ગઈ હતી. પછી રૂમમાં આરામ વખતે ને એની માની થયેલી ચર્ચા યાદ કરતી. એ વખતની એની માની ઉદાસી આજ પણ એને કોરી ખાતી હતી.

એના મનથી એટલું તો નક્કી થઈ જ ગયું કે 'મારી માની ઉદાસીનું કારણ એનો ભૂતકાળ હે. વળી એ પણ જાણતી હતી કે એને એના ભૂતકાળના પડદા ઉપર કૂંચી વગરનાં મૌનનાં તાળાં મારેલાં હે' જ્યોતિકાએ ઘણી વાર એના ભૂતકાળ ઉપરનો પડદો ઉંચકવા પ્રયત્ન તો કરેલો પણ એ સફળ ન થઈ. એને લાગ્યું જાણે એની મા એનો ભૂતકાળ ખોલવા માગતી જ ન હતી. અને એ સાચું પણ હતું કે રતન એના ભૂતકાળના રહસ્યને રહસ્ય જ રહેવા દેવા માંગતી હતી.

રતન માટે એ સારું હતું કે એનાં આગલ્યાં ઘરનું (પતિનું) ગામ વચલ્યા પાંચાડામાં (વિસ્તારમાં) હતું અને નવા ઘરનું (પતિનું) ગામ ઉગમણા પાંચાડામાં છે. ઇ વચલ્યા પાંચાડાવાળાનાં કોઈનાં સગાં આ ઉગમણા પાંચાડાવાળામાં ન'તાં ને આ ઉગમણા પાંચાડાવાળાનાં કોઈ સગા ઇ વચલ્યા પાંચાડાવાળામાં ન'તાં. તેથી રતનના ભૂતકાળના બનાવો વિશે આ પાંચાડામાં કોઈ જાણતું ન હતું. ને રતને પણ પોતાના પતિ શામજી સિવાય કોઇને પોતાના ભૂતકાળની નાની સરખી કોઈ વાત કહી ન હતી.

એ બધું ઢાંકેલું રાખવા રતને પોતાનાં બાળકોની માહિતી પણ ક્યાંય અને ક્યારેય હૈયાંથી બહાર કાઢી ન હતી અને એનાં બાળકોને મલવાનો કે તેનો વર્તમાન જાણવાની એની ઇચ્છા અને ઝંખનાને દિલ ઉપર કઠોરતાના પથ્થર મૂકીને મહામહેનતે દબાવી રાખી હતી. એ એટલે સુધી કે એણે એ માહિતી એની વહાલી દીકરી જ્યોતિકાથી પણ ગુપ્ત રાખી હતી.

છતાં રતન એક મા છે.

તેથી જ એની બાળકો માટેની લાગણી ક્યારેક વારતહેવાર પ્રસંગે બળવો કરીને પણ આંસુરૂપે બહાર આવી જતી હતી.

એનાં આંસુ અને ઉદાસીનું કારણ એનો ભૂતકાળ જ છે. અનુમાન થકી જ્યોતિકા એવું પાકું માનતી હતી, પરંતુ એની મા પોતાનો ભૂતકાળ શા માટે ખોલવા માંગતી ન હતી એ એને સમજાતું ન હતું. રતન મનથી કબૂલતી હતી. મારા ભૂતકાળમાં એક દાગ ચોક્કસ છે. પોતાની એ ભૂલ કબૂલતી પણ હતી. એને થતું એ ભૂલની ભીતરમાં શું છે? એ જોવાની કેમ કોઈ તસ્દી નથી લેતું?

માણસોને ઉપર ઉપરનો ભભકો કે ઉપર ઉપરના દાગ જોવાની જ આદત છે. જેમાં કોઈને કંઈ લેવાદેવા નથી હોતા તેવા બનાવની ભીતરમાં જવા કોઈ નવરું નથી. આ સ્વાર્થી જમાનામાં ''એમાં મને શું? મને શું લેવાદેવા?''

આવું વિચારી, લેવાદેવા વગરનું બધું પડતું મેલી દેતાં હોય છે અને તે રીતે જ રતનની ભૂલની ભીતરમાં શું છે એ જોવા જ કોઈએ તસ્દી ન લીધી અને જુઓ તો ખરા. ગેઢેરા અને પરિવારના કેવા ન્યાય? આને ન્યાય કેમ કહેવાય?

બિચારી જ્યોતિકા ક્યાં જાણતી હતી કે એની માના સોના જેવા ભૂતકાળમાં એક લોઢાની મેખ હતી. એના ગૌરવશાળી વર્તમાન જેવા જ ઉજ્જવળ ભૂતકાળમાં એક નાનો સરખો કલંકિત કાળો દાગ હતો. એથી જ એ સતત બીતી બીતી જીવતી'તી. એને એમ હતું કે ''જો હું ધ્યાન નીં રાખું'' તો એ ભૂતકાળનો દાગ મારા વર્તમાનને પણ બગાડી નાખશે.

જે ભૂલનું પરિણામ ગગો હતો, તે ગગો એને સ્વીકાર્ય હે તો એ ગગાને જન્મ દેનારી અને સંતાનોના પ્રેમ માટે તડપતી માનો આવડો બધો વિરોધ શા માટે? આવી બાઇમણ ગામમાં રે ઇ ગામનું કલંક કહેવાય. તો ઇ ભૂલ કરાવનાર જગાને કંઇ ઠપકોય નીં. એનો વિરોધે નીં ને દંડે નીં? ભૂલના પરિણામ રૂપ ગગો આપી દેવો હતો ને?

એ ન આપ્યો. ઈયાં બોનુંને ભાઈ ખપતો તો ને?

તો એક માને પોતાના કાળજાના કટકા એવાં બાળકો નીં ખપતા હોય?

એ ન્યાય કરવાવાળાએ એક માના હૃદયની વેદના કેમ ન વાંચી?

એક માની એનાં સંતાનો વગર શું હાલત થશે? એ કોઈએ ન વિચાર્યું?

એ ન્યાય કરનારના ઘરમાં રહેતી એની મા, પત્ની કે બહેનમાંથી આ કરેલા ન્યાય સામે કોઈએ વાંધો નહીં નોંધાવ્યો હોય? ત્યારે રતનને થતું ઈયાં (અહીં) આ ગેઢેરાઓ જે કરેર્યા ઈ ન્યાય નીં પણ નેછેડો (નિકાલ) કહેવાય.

નૈં તો એમાંથી કોયને એમ ન થ્યું? આ કેમ બન્યું? જેને આખું ગામ સતી સાવિત્રી કહીને વખાણતું હતું એ રતનને આ પગલું કાં ભરવું પડ્યું? મને ખાલી આટલું પૂછ્યું હોત તોય મન વળત. ને દુનિયા આગળ હાચી વાત રજૂ કરી હકી હોત ને! તો મારો ગુનો હળવો થ્યો હોત. પણ કોઈએ ઈ પૂછ્યું નીં ને હું થયેલી ભૂલના ભાર તળે દબાઈને હાચી હકીકત (વાત) કોઈના આગળ કૈ ન હકી. એને લીધે મારો ભવ્ય ભૂતકાળ એક ભૂલથી રફેદફે થૈ ગ્યો. હવે ઈ ભૂલવાળા ભૂતકાળને લીધે જિંદગી આખી પિસાવાનું રહ્યું.

રતને વિચાર્યું. મારી એ ભૂલના ભીતરની હકીકત ત્રણ-ચાર જણ જાણતાં હતાં. એક ભગવાન, બીજી પોતે, ત્રીજી નાનબાઈ અને ચોથાં મરઘાંમા. મરઘાંમાની નજરથી કદાચ આ અછાનું નીં જ હોય. તૈયેં જ ગેઢેરા હામે મારા હારૂ બાથ ભીડી બોલ્યાં'તાં.

નાનબાઈ અને મરઘાંમા ગેઢેરાની નાતબહારની ધમકીથી ગભરાઈ ગ્યાં. મરઘાંમા થોડું બોલ્યાં'તાં હતાં પણ રતનને ખરું દુઃખ ભગવાનથી હતું. એને તો હાચી વાત હારું ગેઢેરાની કાંધે બેહવું તું ને પ્રેરણા દેવી'તી.

પણ એમાંય ભગવાનનું કાંક ચોક્કસ ગણિત હશે. એનું ગણિત શું હે ઈ તાં જે જાણતા હોય ઈ જ જાણે. એને થતું આપણી ક્યાં એવી કરણી હે કે ઈ બધી આપુંને ખબર પડે. પારૂકાકી કે'તાં'તાં કે તને દુઃખમાંથી ઉગારીને ભગવાને હુખમાં બેહારી હૈ. અમે જોઈએર્યાં ને ઈયાં તાં રાજાલ લાગી પડી હૈ... રાજાલ.

રાજાલ લાગી પડી હે ઈ હાચું, ઈયાં કાંય દુઃખ નથી મને. પણ હૈયામાં હજી છોરાંને મળવાની ઝંખના, તાલાવેલી ને લાગણીની આગ આટલા વરહે પણ ઠરી (ઠરતી) નથી એનું શું?

રતને નકારમાં માથું હલાવ્યું.

"લાગેર્યું મારા હૈયાની ઈ આગ હવે સોનપરીમાં જ ઠરશે." અને રતને નિસાસો નાખ્યો.

કિશોરનાં લગ્ન પછી ચાર વર્ષે સુધીરના લગ્ન લેવાયાં. રતનની બીજી વહુ આવી. આ વખતે સુધીરના સંબંધ માટે વતન સુધી લાંબું થવું ન પડ્યું. નજીકમાં જ ગોઠવાયું. વેવાઈનું ઘર ઉભું હતું પણ માણસ તરીકે છાપ સારી હતી.

નાની વહુ પણ બહુ ડાહી અને સમજણી હતી.

ત્રણેય સાસુવહુનું સરસ બનતું જાણે મા દીકરીઓ.

હજીયે રતન નવરાશના સમયે ક્યારેક ઉદાસ બની જતી.

*(ક્રમશઃ)*

---

## ઠાકરશીભાઈ કંસારા

(અનુ. : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)

એમના પ્રગટ થયેલા પુસ્તકોમાં **'ક્રાન્તિની જ્યોત'** કચ્છના ઈતિહાસ પર આધારિત અને સને ૧૮૩૯થી ૧૮૪૨ના સમયગાળાને આવરી લેતું ત્રિઅંકી ઐતિહાસિક નાટક છે. આ પુસ્તક તેઓ જ્યારે લાઠીમાં સિવિલ જજ તરીકે હતા ત્યારે પ્રસિધ્ધ થયેલ. પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આ આખું નાટક સને ૧૯૩૮ની શરૂઆતમાં લગભગ પંદર દિવસમાં લખી નાખેલ પણ નાકના કેટલાક પ્રવેશો રંગપૂરણી કરવા જેવા લાગતા હતા. તેથી સમયના અભાવે તે પડી રહેવા પામેલ. **નિવૃત્તિ પછી પણ તેમની સાહિત્ય સેવા ચાલુ રહી હતી.** સંવત ૨૦૩૦, ૨૦૩૪, ૨૦૩૮, ૨૦૪૦, ૨૦૪૨, ૨૦૪૬ના કચ્છમિત્રના દિવાળી અંકોમાં તથા કચ્છમિત્રના અષાઢી બીજના ખાસ અંકોમાં તેમજ કચ્છ શક્તિના દિવાળી અંકોમાં તેમની ઐતિહાસિક વાર્તાઓ પ્રગટ થતી રહેલી. તેવી જ રીતે પથિકના સને ૧૯૯૧, ૧૯૯૨ તથા ૧૯૯૩ના અંકોમાં તેમના ઐતિહાસિક સંબંધ ધરાવતા લેખો પ્રસિધ્ધ થયા છે.

**તેમના પ્રસિધ્ધ થયેલા પુસ્તકોમાં 'કચ્છ ઇતિહાસ અને સંસ્કૃતિ' એ પુસ્તક સને ૧૯૯૦માં પ્રગટ થયેલ છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા, તત્ત્વજ્ઞાન – સારના મોતી' નામની પુસ્તિકા સને ૧૯૮૭માં પ્રસિધ્ધ થયેલ છે. આ ઉપરાંત 'સંધ્યાના રંગ', ગુજરાતને સીમાડે તથા 'તારાનો સંગમ' નામની નવલકથાઓ પણ તેમના નામે છે.** નિવૃત્તિમાં પણ સતત પ્રવૃત્ત એવા વિદ્યાપરાયણ અને ઈતિહાસવિદ્ ઠાકરસીભાઈએ સંખ્યાની દૃષ્ટિએ ભલે ઓછા લાગે પણ કચ્છને ઐતિહાસિક ક્ષેત્રે મહત્ત્વના ગણી શકાય તેવા પુસ્તકો આપ્યા છે. તા. ૨૦-૧-૧૯૯૬ના રોજ ૮૮ વર્ષની પાકટ વયે તેમનું નિધન થતાં કચ્છને એક સંસ્કાર પુરુષની પડેલી ખોટ ક્યારે પણ પુરાય તેમ નથી. ■

સંસ્કાર

# લગ્ન : એક સંસ્કાર

હીરાભાઈ જે. કુબડિયા

નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી વંશીય શ્રી સરસ્વતી કૃપાપાત્ર પૂજ્ય આચાર્ય ભ. શ્રી વર્ધમાનસૂરીશ્વરજી મ.સા. દ્વારા ૧૪૬૮માં કા.સુદ-૧૫ના આલેખિત ગ્રંથ "આચાર દિનકર" નામન એક ગ્રંથમાં મનુષ્ય માતાના ગર્ભમાં આવે, ગર્ભનો વિકાસ થાય, તેનો જન્મ થાય, ગર્ભથી માંડીને મરણ સુધી ૧૬ સંસ્કાર કરવામાં આવતા હતા અને તે દરેક સંસ્કાર દ્વારા આત્માના ગુણોનો વિકાસ થતો હતો.

લગ્ન પણ એક સંસ્કાર છે. તેને આપણે આપણા સમાજમાં કેવી રીતે અસંસ્કારિત કર્યો છે તે વર્તમાન પરિસ્થિતિમાં જોવા મળે છે.

આપણા જૈન ધર્મમાં લગ્નની વિધિ પ્રમાણે લગ્ન થઈ શકે. આવા એક લગ્ન જૈન વિધિ પ્રમાણે હમણા જ થયા.

**જૈન ધર્મ આજ્ઞાપ્રધાન ધર્મ છે અને જૈન ધર્મ અહિંસા પ્રધાન ધર્મ છે.** આપણા લગ્નમાં મહત્તમ હિંસા આચરવામાં આવે છે અને તેનો છોછ કે સંકોચ અનુભવવામાં આવતો નથી. વધારે ને વધારે હિંસાનું પાલન થાય છે અને જાણી જોઈને આચરેલું પાપનું ફળ ગુણાકારમાં મળે છે.

● **સમિષ્ટનું પાપ :**

મને એકવાર વિચાર આવ્યો કે ધરતીકંપ, વાવાઝોડું, પૂર, કુદરતી આફતો કે અકસ્માતમાં એક સાથે ઘણા બધા માનવોના મૃત્યુ સમૂહમાં થાય છે. બધાના કર્મો એક સાથે ઉદયમાં આવે છે. તેનું કારણ શું? તો તે કારણરૂપ આપણા સમાજમાં લગ્ન સમારંભોમાં થતું સમષ્ટિનું પાપ જ એક કારણ હોઈ શકે.

આપણા સમાજમાં લગ્નો હવે વાડીઓ અને હોલના બદલે રિસોર્ટ અને ફાર્મ હાઉસમાં થતા હોય છે. લીલા ઘાસચારા પર બધા જ નર-નારીઓનો માનવ સમૂહ બુટ-ચંપલ સાથે મોટી હિંસા આચરતા મોજથી જોવા મળે છે. આપણા ભોજન સમારંભોમાં પણ દ્વિદળ પણ ફાફળા, મગ, દહીં સાથેનો ઉપયોગ છુટથી કરવામાં આવે છે. માખણ 'મહાવિગઈ' કહેવાય. તેનો ઉપયોગ બ્રેડ - બટર ખાસ વાનગીઓ જાણી જોઈને સવારની સિરામણી (નવકારશી)માં રાખવામાં આવે છે. સાંજના રોટલા સાથે ઘીને બદલે માખણની પીંડો રાખવામાં આવે છે. બરફનો બેફામ ઉપયોગ થાય છે. બીજા બધા ભોજન દ્રવ્યોમાં પણ ઘણી બધી વાનગીઓમાં વાસી - અભક્ષ્ય હોય છે જે નિવારી શકાય એવું હોવા છતાં છૂટથી ઉપયોગ થાય છે. ખાનાર કરતાં ખવડાવનારને આવા સમૂહનાં પાપ વધારે લાગે છે.

● **રાત્રી ભોજન :**

જૈન ધર્મ રાત્રી ભોજનની સદંતર ના પાડે છે. હિંદુ ધર્મ પણ રાત્રી ભોજનની ના પાડે છે. માર્તંડ ઋષિ એમ કહે છે કે રાત્રે જમવું એ માંસ ભક્ષણ છે અને રાત્રે પીવું તે લોહી ભક્ષણ છે.

આજનું આ વિજ્ઞાન જે એટમ બોમ્બ બનાવે છે તે પણ રાત્રે ખાવાની ના પાડે છે. આમદોષ - કફદોષ - પિત્ત દોષ થાય.

૧૦૮ ભવ સુધી ભરેલા તળાવ સૂકવી નાખીએ.

૯૬ ભવ સુધી સતત માછલા મારીએ એમાં જે પાપ લાગે એના કરતા એક દિવસના રાત્રી ભોજનમાં પાપ વધારે લાગે.

મૌન એકાદશી પર્વ - ૧૫૦ કલ્યાણકોનો પવિત્ર પર્યુષણ કરતા પણ મહાકલ્યાણકારી દિવસે પણ લગ્ન નિમિત્તે રિસેપ્શન રાત્રે ૭ થી ૯ રાખવામાં કોઈ છોછ નથી.

*ચત્વારી નર્ક દ્વારાણી - પ્રથમ રાત્રિ ભોજનં*

રાત્રી ભોજન નરકનું દ્વાર છે. જમતાં મોડું થાય તો આંખમાંથી આંસુડા ટપકે, કપાળ કૂટે, ફટ ભુંડા ભ. મહાવીરના શાસનમાં જન્મયો છે. રાત્રે ખાય છો એનો હજુ ક્યાંક છુટકારો છે પણ જાણીબુઝીને રાત્રે ખાય - દિવસે જમનારને વેદિયો ગણે, પાલિતાણા જેવા તીર્થમાં જાય, યાત્રા કર્યા પછી આ.ક.ની પેઢી પાસે રાત્રે ૯ વાગે જૈન પાંઉભાજી ખાય એનો નરક નિશ્ચિત છે.

સમષ્ટિના થતા પાપોના ઉદાહરણો આપણા શાસ્ત્રોના પાને જોવા મળે છે.

આપણા પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન યુગાદિદેવે ખેતરમાં થતા પાકને ચરી જતા અટકાવવા ખેડૂતોને

(અનુ. : જુઓ પાના નં.-૧૭ ઉપર)

આરોગ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર - (૩)

## કેસ સ્ટડી



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


ગયા લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે.

બાહ્ય પ્રસંગ : (૧) સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે, (૨) સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે કે (૩) સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે એ આંતરિક પરિબળ (અ) આનુવંશિકતા, (બ) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના અને એમાંના ન્યુરો ટ્રાન્સમિટર્સ (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ (Personality), (ઇ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ પર ૯૦% આધારિત છે.

- **કેસ સ્ટડી :**

૫૮ વર્ષના કિશોરભાઈને (નામ બદલ્યું છે) દોઢેક વર્ષથી છાતીમાં અવારનવાર દુઃખાવો થતો હતો. હૃદયના ધબકારા વધી જતા હતા. ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. વજન ચારેક કિલો ઓછું થઈ ગયું હતું. રાત્રે ઊંઘ બરોબર આવતી ન હતી.

વૈદ્યકીય પરીક્ષણમાં બધું નોર્મલ આવ્યું. નાડીના ધબકારા, બ્લડ પ્રેશર તથા અન્ય વૈદ્યકીય તપાસ નોર્મલ આવી. લોહી, પેશાબની તપાસ નોર્મલ હતી. થાઈરોઈડ, બ્લડ સુગર નોર્મલ હતું. કાર્ડિયોગ્રામ કરાવ્યું. નજીવા (minor changes) ફેરફારો હતા. દવાઓ ચાલુ કરી. થોડીક રાહત મળી.

એક વખત ધંધા પર એકદમથી છાતીમાં દુઃખાવો ઉપડ્યો. શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. પરસેવાથી રેબઝેબ થઈ ગયા. ઈમરજન્સીમાં હોસ્પિટલમાં દાખલ કરેલ. ફરીથી બધી તપાસ નોર્મલ આવી. સ્ટ્રેસ કાર્ડિયોગ્રામ તથા ટુ-ડી ઈકો નોર્મલ આવ્યા. ચારેક દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળી.

છાતીના દુખાવામાં તથા અન્ય શારીરિક લક્ષણોમાં ઝાઝી રાહત ન મળતાં બીજા સિનિયર કાર્ડિયોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ૨-ડી ઈકો ફરીથી કરાવ્યા. નોર્મલ આવ્યા. કાર્ડિયોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. છાતીના દુઃખાવાને તથા મનને શું સંબંધ? મને સાચે જ દુઃખે છે, હું કાંઈ કલ્પના કરતો નથી. એમ કહી કાર્ડિયોલોજિસ્ટની સલાહ પર ધ્યાન ન આપ્યું.

ચારેક મહિના બીજા નીકળી ગયા. લક્ષણોમાં રાહત ન મળી. એક હિતેચ્છુએ સમજાવ્યું કે મારા નજીકના સંબંધીને પણ અવારનવાર છાતીમાં દુઃખતું હતું તથા શારીરિક તપાસ તેમજ લેબોરેટરી અને અન્ય તપાસ નોર્મલ આવતી હતી. **ત્યારે મનોચિકિત્સકની સારવારથી જ ફાયદો થયેલ. આજે એ સંબંધી તદ્દન નોર્મલ છે તથા ગુણવત્તાભર્યું નોર્મલ જીવન જીવે છે.**

લેખકે ઉંડાણમાં કિશોરભાઈ તથા કુટુંબીજનો પાસેથી માહિતી મેળવી. મનના લક્ષણો, વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે જરૂરી માહિતી મેળવી. મનની વૈદ્યકીય પધ્ધતિથી (Mental Status Examination) તપાસ કરી. જેનું તારવણ નીચે મુજબ છે :

છેલ્લા એકાદ વર્ષથી કિશોરભાઈને સતત વિચારો આવતા હતા. બીમારીના નકારાત્મક વિચારો આવતા હતા. છાતીમાં દુઃખાવો થતો ત્યારે કિશોરભાઈને લાગતું કે એમને હાર્ટ ઍટેક આવ્યો છે. આ વિચાર બાદ શ્વાસ લેવામાં તકલીફ થતી અને ધબકારા વધી જતા. કિશોરભાઈને થતું કે એની બીમારી ગંભીર છે. એમાંથી એ સાજા નહીં થાય. ડૉક્ટરોએ ગંભીર બીમારીનું નિદાન કરી લીધું છે પણ એમને કહેતા નથી.

કિશોરભાઈ નાની નજીવી બાબતોમાં જલ્દીથી ચીડાઈ જતા હતા. કામમાં એકાગ્રતા ઓછી થઈ ગઈ હતી. નાની નાની ભૂલો થવા લાગી હતી, જે પહેલા થતી ન હતી. ચહેરો હંમેશાં ચિંતાગ્રસ્ત રહેતો હતો. પોતાના મોજશોખના વિષયોમાંથી રસ ઉડી ગયો હતો. છેલ્લા છ મહિનામાં એકેય નાટક / સિનેમા થિયેટરમાં જોવા ગયા ન હતા (નોર્મલ સમયમાં ૪-૬ નાટક / સિનેમા કુટુંબ જોડે જઈ જોઈ આવ્યા હોત). ધંધાકીય નિર્ણયો પણ કિશોરભાઈ લેવાનું ટાળતા હતા. ભૂલકણાપણું તથા બેધ્યાનપણું વધી ગયું હતું.

- **નિદાન :**

શારીરિક લક્ષણો સાથે દરેક દર્દીમાં મનના લક્ષણો વિશે

માહિતી મેળવવી અગત્યની છે. વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે નજીકના કુટુંબીજનો (જીવનસાથી, સંતાનો, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે) પાસેથી જરૂરી માહિતી મેળવવી ખૂબ જ મહત્ત્વનું છે.

કિશોરભાઈના કેસમાં (૧) શારીરિક લક્ષણો, (૨) મનના લક્ષણો, (૩) શારીરિક તપાસ, (૪) મનની વૈદ્યકીય તપાસ, (૫) લેબોરેટરી તપાસ પરથી સ્ટ્રેસ ડીસઓર્ડરનું નિદાન કર્યું.

મનની બીમારીના નિદાન માટે લાગણીશીલ નકારાત્મક પ્રસંગો ઘટ્યા હોય એ જરૂરી નથી. લાગણીશીલ નકારાત્મક પ્રસંગો થયા હોય તો મનની બીમારીના નિદાનમાં મદદરૂપ થાય છે. પરંતુ નકારાત્મક પ્રસંગો બન્યા વગર પણ મનની બીમારીઓનું નિદાન થાય છે.

લક્ષણો (બંને શારીરિક તથા મનના), શારીરિક તપાસ, મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination) અને લેબોરેટરી તથા અન્ય તપાસ દ્વારા મનની બીમારીનું નિદાન થાય છે.

● **મનોવિશ્લેષણ :**

૧. કિશોરભાઈને ઉપરોક્ત તકલીફો શરૂ થઈ એના એકાદ મહિના પહેલા કિશોરભાઈના ધંધાકીય ભાગીદારને જોરદાર હાર્ટ ઍટેક આવેલ. એ વખતે હાલત ગંભીર હતી. કિશોરભાઈએ જાતે ઇમરજન્સી વોર્ડમાં મોટી હોસ્પિટલમાં દાખલ કરેલ. સમયસરની યોગ્ય સારવારથી તબિયતમાં સુધારો થતો ગયો. ભાગીદાર જોડે કિશોરભાઈને ઘર જેવો સંબંધ હતો. બંને સગા ભાઈઓ હોય એનાથી વિશેષ સંબંધો જાળવતા હતા. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ હતી. છાતીમાં દુઃખાવો ત્યારબાદ શરૂ થયેલ.

૨. ઉપરોક્ત પ્રસંગના આઠેક મહિના બાદ કિશોરભાઈના એકના એક દીકરાની વહુ ઝઘડો કરીને પોતાના પિયરે ચાલી ગઈ હતી. પતિ-પત્ની વચ્ચે અવારનવાર ચકમક થતી હતી. આ વખતે ઝઘડો લાંબો ચાલ્યો. દીકરાએ ગુસ્સામાં પત્નીને એક લાફો મારી દીધો. ત્યારબાદ વાત વધારે વણસી ગઈ. સમાધાન માટેના ઘણા પ્રયત્નો કર્યા. પરિણામ શૂન્ય આવ્યું. વાત છૂટાછેડા સુધી પહોંચી ગઈ. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ. પોતાના સમાજમાં એમની પ્રતિષ્ઠા પર ઊંડો ધક્કો લાગ્યો હતો. આ પ્રસંગ બાદ કિશોરભાઈના બીમારીના લક્ષણોમાં વધારો થયો હતો.

● **મનોવૈજ્ઞાનિક સમજણ :**

શરીર પરનો એક ઘા રુઝાય એની પહેલા બીજો ઘા એ જ ભાગ પર લાગે તો રૂઝ આવવામાં સમય વધારે લાગે છે તથા તકલીફ પણ વધારે થાય છે.

એવી જ રીતે કિશોરભાઈના મન પરની એક ઘા ની અસર પૂર્ણપણે નીકળી જાય તેની પહેલા બીજો વધારે જોરદાર ઘા મન પર લાગ્યો. બીજો ઘા મન માટે વધારે તીવ્ર હતો. આથી સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારીના લક્ષણોમાં વધારો થયો.

● **સારવાર :**

૧. મનની બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો થાય છે. આ ફેરફારો નોર્મલ કરવા સ્પેસિફિક દવાઓ શરૂ કરી (જેમ ડાયાબિટીસની બીમારીમાં બ્લડ સુગર નોર્મલ કરવા બહારથી યોગ્ય દવાઓ અપાય છે.) આ દવાઓને લીધે કિશોરભાઈને ધીમે ધીમે લક્ષણોમાં રાહત મળી. લક્ષણો કાબૂમાં આવ્યા. દર્દનાશક દવાઓ (Pain killers) આપ્યા વગર છાતીનો દુઃખાવો બંધ થયો. છ અઠવાડિયાની સારવારમાં બધા જ લક્ષણો કાબૂમાં આવ્યા. કિશોરભાઈ નિયમિત ધંધા પર જવા લાગ્યા. ધંધામાં મન પરોવાતું ગયું.

૨. **કાઉન્સેલિંગ તથા કોગ્નિટિવ બિહેવિયર થેરાપી (C.B.T.)** પધ્ધતિઓ સાથે શરૂ કરી. જીવનશૈલી તથા અભિગમમાં (Life style and attitudes) બદલાવ આવ્યો. રજાના દિવસે મનગમતી પ્રવૃત્તિ શરૂ કરી. જેમાં કિશોરભાઈને આનંદ આવતો. રોજ સવારના મોર્નિંગ વૉક શરૂ કર્યું. રજાના દિવસે મિત્રો જોડે આનંદિત રીતે સમય પસાર કરવા લાગ્યા.

૩. **સ્ટ્રેસ મેનેજમેન્ટ (Stress Management) :**

નકારાત્મક પ્રસંગોને સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવાની પધ્ધતિઓ વિશે કાઉન્સેલિંગ કરી એ પધ્ધતિઓ કિશોરભાઈએ અમલમાં મૂકી. જેવી કે ટાઈમ મેનેજમેન્ટ, એસર્ટિવ ટ્રેઈનિંગ, કમ્યુનિકેશન સ્કિલ્સ, એન્ગર મેનેજમેન્ટ, એક્સ્પ્રેશન સ્કિલ્સ (દબાયેલી નકારાત્મક લાગણીઓને વ્યક્ત કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ) ઉપરોક્ત બધી સારવારની પધ્ધતિઓને લીધે કિશોરભાઈમાં ઘણા જ ફેરફારો આવ્યા. છ મહિનામાં પૂર્વવત નોર્મલ જીવન જીવવા લાગ્યા.

માનસિક સ્ટ્રેસ પરના વિવિધ લક્ષણો — શારીરિક લક્ષણો, ભાવનાત્મક લક્ષણો તથા માનસિક લક્ષણો વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

***માણસે ઈશ્વર પર એટલો સંપૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ કે જેથી તેને દુનિયાની સહાનુભૂતિની જરૂર જ ન રહે.***

આરોગ્ય

# "ની (Knee)" આર્થરાઇટિસ (ઘૂંટણનો ઘસારો)



ડૉ. વિવેક ઠક્કર, M.S. (Ortho.)

"ઘૂંટણનો ઘસારો...!!!" સામાન્ય રીતે આ શબ્દો વાંચીએ ત્યારે આપણી સમક્ષ એક ઉંમરલાયક વડીલની તસવીર આંખો સમક્ષ આવે કે જે દર્દ સામે ઝઝુમે, રોજિંદા કાર્ય કરવામાં મુશ્કેલીનો સામનો કરે અને / અથવા ત્રાંસા થઈ ગયેલા પગે લાકડીના સહારે ચાલતી હોય. એનો અર્થ એ છે કે આપણે સહુ જાણીએ છીએ કે આ તકલીફ એ કોઈ રોગ નથી, પરંતુ ઉંમર સાથે થતો ઘસારો છે! જ્યારે આ ઘસારાના દર્દીઓ મુખ્યત્વે મોટી ઉંમરના વ્યક્તિઓ હોય છે. **તો શા માટે પહેલેથી જ એવા પ્રયત્નો ના કરવામાં આવે કે જેથી તેને થતો અટકાવી શકાય!**

## ● આર્થરાઇટિસ શું છે?

જ્યારે શરીરના બે હાડકા વચ્ચેના સાંધામાં આવેલી ગાદી (cartilage) કે જે મુખ્યત્વે શોક એબ્સોર્પ્શન (Shock absorption) અને લુબ્રિકેશન (lubrication)નું કામ કરે છે, તે કોઈ કારણોસર (જેમ કે વધતી જતી ઉંમર, મેદસ્વિતા, જૂની ઈજા, જીવનશૈલી, વ્યવસાય શૈલી, અયોગ્ય આહાર, સ્ત્રી જાત (post menopausal females), આનુવંશિકતા (heredity), અન્ય બીમારીઓ જેવી કે સંધિવા (rheumatoid arthritis gout વગેરે) ઘસાઈ જાય છે ત્યારે બે હાડકાની સપાટીઓ એકબીજા સાથે ઘર્ષણનો સામનો કરે છે અને પરિણામે ઉદ્ભવતા દર્દ, સોજો, લાલાશ, જકડન (સાંધાનું જકડાઈ જવું) જેવી જટીલ પરિસ્થિતિને આર્થરાઇટિસ કહેવામાં આવે છે.

આર્થરાઈટિસ એ એક તબક્કાવાર થતી બીમારી છે. એક્સ-રે ઉપર જોવા મળતા ફેરફારો અનુસાર આ તબક્કાઓ (Stages)નું વર્ગીકરણ સ્ટેજ-૦ થી સ્ટેજ-૪ સુધીમાં કરવામાં આવે છે. જેમ જેમ સ્ટેજ વધતું જાય તેમ તેમ તકલીફોની તીવ્રતા અને પરિસ્થિતિની ગંભીરતા વધતી જાય છે. માટે જ શરૂઆતના તબક્કામાં આ બીમારીને પકડી પાડવી અને તેને વધતી અટકાવવી એ જ આપણો મુખ્ય લક્ષ્ય હોવો જોઈએ. યાદ રાખો : વધતી જતી ઉંમરને અટકાવવી અશક્ય છે પરંતુ વધતા જતા આર્થરાઈટિસ (ઘસારા)ને જરૂર અટકાવી શકાય છે. તેની ગતિ ધીમી કરી શકાય છે!

એક ખૂબ જ મહત્ત્વની વાત, જે સૌએ સમજવાની છે, તે એ છે કે માત્ર સાંધો કે સાંધો બનાવતા હાડકા જ ઘસારામાં ભાગ ભજવે છે એવું નથી. સાંધો અને હાડકાને ગતિ અને હલનચલન પ્રદાન કરનાર માંસપેશી અને સ્નાયુઓ પણ અત્યંત મહત્ત્વના છે. માંસપેશીઓ સાંધાને સબળ (powerful), સ્થાયી (Stable) અને ગતિશીલ (moving) રાખવાનું કામ કરે છે. આથી જ માંસપેશીઓની નબળાઈ એ પણ ઘસારાનું મોટું કારણ બની શકે છે.

આજની ભાગદોડ તથા તણાવ (Stress)થી ભરેલી જિંદગી પોષણક્ષમ આહાર ક્યાંક ભૂલાતો જતો હોય તેમ લાગે છે. હાડકાના ઘસારા સંદર્ભે જણાવવાનું કે પ્રોટીનસભર ખોરાક હાડકાના મજબૂત બંધારણ માટે ખૂબ જ જરૂરી છે. કેલ્શિયમ સભર આહાર જેમકે મેથી, સરગવો, બદામ, દૂધ અને દૂધની બનાવટો, લીલા શાકભાજી (કોબીજ, બ્રોકોલી), અંજીર, તલ, નારંગી, સોયાબીનનું નિયમિત સેવન મોટી ઉંમરે થતી હાડકાની બીમારીઓથી બચાવી શકે છે.

પૂર પહેલા પાળ બાંધવી હિતાવહ છે. પાળ બાંધવા છતાં પૂર આવી જાય તો શું? આપ કોઈ કારણોસર પાળ ના બાંધી શક્યા તો શું? ઘણા દર્દીઓ માથે રહેલી જવાબદારીઓ, પોતાની ફરજો, વ્યવસાયીક વ્યસ્તતા, અપૂરતી કાળજી, વણ નોતરેલી બીમારીઓ અને અન્ય ઘણા કારણોસર આર્થરાઈટિસનો ભોગ બને છે. ૨૧મી સદીમાં જ્યારે મેડિકલ ક્ષેત્રે અદ્ભુત પ્રગતિ થઈ છે ત્યારે આવા દર્દીઓએ પણ ગભરાવાની જરૂર નથી. પણ હા, સાચો અને વૈજ્ઞાનિક અભિગમ ખૂબ જ જરૂરી છે.

આર્થરાઇટિસના ઇલાજને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય :

(૧) દર્દ (Pain) અને અસમર્થતા (disability) નિવારક ઈલાજ.

(૨) નિર્ણાયક (definitive) ઈલાજ.

જ્યારે આર્થરાઇટિસ શરૂઆતના તબક્કામાં (Stage 0, 1, 2) હોય ત્યારથી જ સાંધાની આસપાસના સ્નાયુઓને સશક્ત કરે તેવી ખાસ કસરતો, નિયમિત શારીરિક વ્યાયામ, મેદસ્વિતા ઘટાડવાના પ્રયાસો (Self and weight management programs), જીવનશૈલીમાં પરિવર્તન (જેમ કે પલાંઠી વાળીને

નીચે ના બેસવું, ઊભું (Western) ટોઈલેટ વાપરવું, શક્ય એટલું ઓછું સીડી ચડ-ઉતર કરવી, દિનચર્યામાં જોગિંગને બદલે સ્વિમિંગ અથવા સાઈકલિંગ કરવું, આંતરે આંતરે કસરત વચ્ચે પૂરતો આરામ કરવો વગેરે જેવી તકેદારીઓ રાખવી જોઈએ. યાદ રાખો, દર્દને કારણે કસરત અથવા પ્રવૃત્તિ ના કરવી એ સલાહભર્યું નથી. તેમ કરવાથી દર્દ જે તે સમય પૂરતો કદાચ ઘટશે પણ આગળ જતા પરિસ્થિતિ બેઠાડું જીવનને લીધે એકંદરે વધશે. માટે જ, યોગ્ય મેડિકલ માર્ગદર્શન તરત જ લેવું જોઈએ.

દર્દ ઓછું કરે તેવી દવાઓ (NSAIDS), હાડકા તથા હાડકા બનાવતી પ્રક્રિયાને વધુ સુદ્રઢ કરે તેવી વિશેષ દવાઓ (Calcium, Vitamin D, bisphosphonates and others), બાહ્ય ટેકો આપે તેવા ઉપકરણો (braces / splints / devices / knee cap etc.), ખાસ પ્રકારની ફિઝિકલ થેરાપી (Ultrasonic, TENS etc.), સાંધામાં મૂકવામાં આવતા ઇન્જેક્શન્સ કે જેમાં સ્ટીરોઈડ (steroid), લુબ્રિકેન્ટ્સ (Viscosupplements-hyaluronic acid) અને ગ્રોથ ફેક્ટર્સ (stem cells, platelet rich plasma), દૂરબીનથી સાંધાની સફાઈ (arthroscopic joint lavage / meniscectomy), જૂતામાં મૂકવામાં આવતા સપોર્ટ્સ (lateral shoe raise), સાંધાની અંદરનું લુબ્રિકેશન વધારે તેવી દવાઓ (glucosamine, diaceric etc.) વગેરે જેવા ઘણા ઈલાજના વિકલ્પો આજે આપણી પાસે ઉપલબ્ધ છે. આ વિકલ્પો વત્તે ઓછે અંશે આપને જરૂર ફાયદો આપી શકે. American Academy of Orthopaedic Surgeons (AAOS) ના જણાવ્યા અનુસાર આ તમામ ઈલાજના વિકલ્પો ધાર્યા પ્રમાણેનું પરિણામ આપશે કે નહીં તે કહેવું આજે પણ મુશ્કેલ છે. વળી આમાંના મોટાભાગના વિકલ્પો એ દુઃખાવામાં દર્દીને રાહત મળે તે માટેના છે. એમાંનો કોઈ પણ વિકલ્પ બીમારીની પ્રક્રિયા (Disease process)ને બદલતો (Alter) કે સ્થાયી (Static) રાખતો નથી. મોટેભાગે આ રાહત એ કાયમી નથી હોતી. સંપૂર્ણપણે ઘસાઈ ગયેલી ગાદી (cartilage), ત્રાંસા થઈ ગયેલા પગ અને સંપૂર્ણ ઘસારો પામેલા હાડકા કોઈપણ પ્રકારની દવાઓ, ઇન્જેક્શન કે બાહ્ય ઉપકરણોથી સીધા કે પહેલા જેવા નોર્મલ થઈ શકતા નથી તે ખાસ યાદ રાખો. લાંબો સમય લેવામાં આવતી દર્દ નિવારક (Pain Killer) દવાઓ પણ શરીર ઉપર આડઅસર કરી શકે. આથી જ આ દવાઓનું સેવન ડૉક્ટરની દેખરેખમાં થાય એ વધુ લાભકારક છે. આવી પરિસ્થિતિમાં ઘણાં આગળના તબક્કામાં પહોંચી ગયેલ દર્દીઓએ આજના સમયમાં શું કરી શકાય એ એક ઝળહળતો પ્રશ્ન છે.

આર્થરાઈટિસ ખરેખર જીવનના દિવસોને કપરા બનાવે છે. એવી પરિસ્થિતિ કે જેમાં દર્દીનો આર્થરાઈટિસ ઘણા જ આગળના તબક્કામાં પહોંચી ગયો હોય, દર્દ નિવારક દવાઓ લાંબા સમયથી નિયમિત લેવી જ પડતી હોય, રોજિંદી દિનચર્યા કરવામાં તકલીફ પડતી હોય, રાત્રીની ઊંઘ હરામ થઈ ગઈ હોય, કળતરને લીધે આનંદ પ્રમોદથી આપ વંચિત રહેતા હોવ તેવા સંજોગોમાં માત્ર અને માત્ર નિર્ણાયક સારવાર (definitive treatment) જ આપને ઝડપી, ધાર્યા પ્રમાણેનું, લાંબો સમય જળવાઈ રહે તેવું સફળ પરિણામ આપી શકે. આ નિર્ણાયક સારવાર એટલે TOTAL KNEE REPLACEMENT (TKR) નું ઑપરેશન. આ ઑપરેશન દરમ્યાન દર્દીના સાંધાના ખરાબ થઈ ગયેલા ભાગને આધુનિક ટેકનિક અને ઉપકરણો દ્વારા કાઢી નાખવામાં આવે છે અને કૃત્રિમ સાંધો બેસાડવામાં આવે છે. આ ઑપરેશન માટે ઝીણવટભરી તપાસ કરી, દર્દીને એનાથી કેટલો ફાયદો થશે તે નક્કી કર્યા બાદ જ ઑપરેશન કરવામાં આવે છે. આજના સમયમાં માત્ર TOTAL KNEE REPLACEMENT (TKR) જ એકમાત્ર નિર્ણાયક વિકલ્પ નથી. મેડિકલ ક્ષેત્રે થયેલી પ્રગતિને લીધે Partial (અડધું) Knee Replacement (Unicondylar Knee Replacement) પણ એક અસરકારક ઑપરેશન પુરવાર થયેલ છે. **જેમાં આખો સાંધો બદલવાને બદલે માત્ર ખરાબ થયેલો ભાગ જ બદલવામાં આવે છે.** તદુપરાંત Proximal Fibular Osteotomy (PFO) અને High Tibial Osteotomy (HTO) જેવા પણ ખૂબ જ અસરકારક ઑપરેશનના વિકલ્પો ઉપલબ્ધ છે. આ બંને ઑપરેશન Favourable Load Distribution by realigning Axis ના સિદ્ધાંતો ઉપર કામ કરે છે. જેમાં સાંધાના ખરાબ થઈ ગયેલા ભાગ તરફથી સારા ભાગ તરફ વજન આવે તેવી રીતે હાડકામાં વાઢકાપ કરવામાં આવે છે, જે ઘણી સારી રીતે દર્દ નિવારી શકે છે તથા કેટલાક પસંદગીના દર્દીઓમાં TKR ના ઑપરેશનની સંભાવના નહિંવત્ કરી શકે છે. આ ઑપરેશન કેટલાક ખાસ પ્રકારના દર્દીઓમાં ખૂબ જ સારું પરિણામ આપી શકે છે. વિવિધ પ્રકારના ઑપરેશન માટે દર્દીની પસંદગી એ એક ખૂબ જ ઊંડા અભ્યાસનો વિષય છે. ઑપરેશનની સફળતાનો આધાર તેની ઉપર રહેલો હોય છે.

કહેવાય છે, ચેતતો નર સદા સુખી! માટે જ આપ સૌ આ ઉંમર સાથે વધતી જતી તકલીફો વિશે સજાગ થશો અને સમયાંતરે જરૂરી પગલા અવશ્ય લેશો. દર્દીની આ બીમારી વિશેનો સંપૂર્ણ અને સાચો ચિતાર એક ઓર્થોપેડિક સર્જન જ દર્દીની ઝીણવટભરી તપાસ બાદ આપી શકે. ઘુંટણના ઘસારા અને ઑપરેશનને લઈને અનેક શંકા કુશંકાઓ ઘણીવાર પ્રવર્તે છે. જેનાથી આપે ગભરાવાની જરૂર નથી. તમારા પ્રશ્નોનું સચોટ નિરાકરણ લાવવા માટે આપ આપના ડૉક્ટરને અવશ્ય મળો!

*ઓર્થોપેડિક કન્સલ્ટન્ટ એન્ડ જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન*
*મો. ૯૮૦૫૧ ૪૪૫૫૭*
*E-mail : dr.vivekthakker@gmail.com*

આરોગ્ય

# પલ્મોનરી ફાઇબ્રોસિસ



ડૉ. વૈશલ શેઠ, પલ્મોનોલોજિસ્ટ

આપણા શરીરમાં સૌથી અગત્યના અંગની રીતે બે ફેફસાંની રચના થયેલ છે. ફેફસાની અંદર નાની શ્વાસનળી (બ્રોન્કાઇ) અને અસંખ્ય બ્રોન્કિઓલ આવેલા હોય છે. બંને ફેફસાની બ્રોન્કીઓલના અને ૩૦૦ મિલિયન જેટલા શ્વાસ કોષ (એલ્વોલાઇ) આવેલ હોય છે. જેને વીંટળાઈને રક્તવાહિની આવેલ હોય છે.

આપણે જયારે શ્વાસ લઈએ ત્યારે વાતાવરણની ઑક્સિજનવાળી હવા શ્વાસનળી વાટે એલ્વોલાઈમાં થઈને આપણા રક્તમાં આવે અને આપણા રક્તમાંથી કાર્બન ડાયોક્સાઇડ એ જ રસ્તામાંથી પસાર થઈ બહાર વાતાવરણમાં જાય. આમ, ફેફસા, એ આપણા શરીરના બધા અંગોના રક્ષણ માટેનો ઑક્સિજન પૂરો પાડવાનું અગત્યનું કામ કરે છે.

"પલ્મોનરી ફાઈબ્રોસિસ" એ ફેફસાના એલ્વોલાઇ અને એલ્વોલાઈની દીવાલમાં થતો ભયંકર રોગ છે. જેમાં એલ્વોલાઇની દીવાલ જાડી થઈ જાય અને એલ્વોલાઈમાં કોલાજન તત્ત્વના ભરાવાથી તેની ઑક્સિજનને રક્તમાં લઇ જવાની કાર્યક્ષમતા અટકી જાય છે.

આમ, બધા જ એલ્વોલાઇમાં આવું થતું જાય એટલે "જાળા" પડી જાય એવી રચના ફેફસામાં થાય. તેને જ ફેફસાનું ફાઈબ્રોસિસ કહેવાય. આ ફાઈબ્રોસિસ થાય એટલે દર્દીને સૂકી ઉધરસ અને શ્વાસ ચડવાની તકલીફ થાય છે.

- **પલ્મોનરી ફાઇબ્રોસિસ થવાના કારણો (Etiology)**

★ બીડી - સિગારેટનો ધુમાડો.
★ ધૂળ, ધુમાડામાં કાયમ શ્વાસમાં આવે ત્યારે.
★ કેમિકલ ફેક્ટરીનો ધુમાડો.
★ મિલમાં પીંજાતું રૂ - કાપડની કણો.
★ કોલસાની ખાણમાં કામ કરવાથી.
★ લોખંડ / પિત્તળની ફેક્ટરીમાં લાંબો સમય રહેવાથી.
★ શ્વાસમાં સિમેન્ટની રજ જાય ત્યારે.
★ રેડિયોથેરાપી / કેમોથેરાપીની અસર રૂપે.

ઉપરોક્ત બધા ઉપરાંત ક્યારેક જિનેટિક કારણો અથવા તો કોઈ જ કારણ વગર એટલે કે 'ઇડિયોપેથિક ફાઇબ્રોસિસ' પણ થતું હોય છે.

- **પલ્મોનરી ફાઇબ્રોસિસના લક્ષણો :**

★ લાંબાગાળાની સૂકી ઉધરસ.
★ વારંવાર શ્વાસ ચડવો.
★ શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ ઘટી જવું.
★ છાતીમાં સતત દુ:ખાવો.
★ નખના ટેરવા ફૂલી જવા (Nail Clubbing)
★ ચામડી પર ચાઠા (Skin rash)
★ સાંધામાં દુ:ખાવો (Joint pain / Arthritis)

- **કયા રીપોર્ટ કરવામાં આવે?**

★ ફેફસાનો એક્સ-રે.
★ ફેફસાનો સિટી સ્કેન (HRCT - Chest)
★ પલ્મોનરી ફંકશન ટેસ્ટ.
★ રક્તમાં ઓક્સિજનના પ્રમાણનો ટેસ્ટ.
★ દૂરબીનથી ફેફસાની તપાસ (BRONCHOSCOPY)

બીજા રીપોર્ટ દર્દીની શારીરિક પરિસ્થિતિ મુજબ કરવામાં આવે છે.

- **સારવાર કઈ રીતે થાય?**

★ આ રોગ અસાધ્ય પરિસ્થિતિ પૈકી એક ગણાય. એટલે કાયમી ઈલાજ કહી શકાય નહીં.
★ સામાન્ય રીતે દર્દીઓને પહેલા ફેફસાના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર (Pulmonologist)ની સલાહ મુજબ દવા ચાલુ કરવામાં આવે છે.
★ મુખ્ય દવામાં ઑક્સિજન, Anti Fibrotic ડ્રગ્સ અને બીજી ફેફસાનું પ્રેસર ઓછી કરવાની દવા ક્યારેક આપવામાં આવે છે.
★ Lung Transplant (ફેફસાનું પ્રત્યારોપણ) : જે હવે ભારતભરમાં available છે. તે કરવાથી દર્દીને આ રોગમાંથી નિવારી શકાય.

(અનુ. : જુઓ પાના નં.-૬૨ ઉપર)

લઘુ કથા

# સ્વતંત્રતા અને સંસ્કૃતિ

ડૉ. સુધીર ચી. મોદી

નિકુંજભાઈ એક બેંકમાં સર્વિસ કરે. તેઓ કાયમ વ્યવસ્થિત ઈસ્ત્રીબંધ પેન્ટ અને બુશશર્ટમાં જ હોય. બેંકમાં જાય કે સાંજે ફરવા જાય કે દવાખાને આવે, તેમના કપડા તો સુઘડ અને વ્યવસ્થિત જ હોય. તેમની સોસાયટી અને તે વિસ્તારમાં પણ નિકુંજભાઈની સરસ કપડા પહેરતા સજ્જન તરીકેની છાપ. આપણને ખ્યાલ ના આવે પરંતુ લોકો નોંધ લેતા જ હોય છે.

તેમનો ભાઈ વર્ષોથી અમેરિકા રહેતો હતો. તેણે નિકુંજભાઈને ફેમિલી સાથે અમેરિકા બોલાવી લીધા. અમેરિકામાં સારી રીતે ગોઠવાયા બાદ ૭ વર્ષ પછી નિકુંજભાઈ ભારત આવ્યા. અમેરિકા રહી આવેલા ઘણા ભારતીયો અહીં આવે ત્યારે ત્યાંની ટ્રાફિક સેન્સ, સ્વચ્છતા, સમૃધ્ધિ, સ્વતંત્રતા વગેરેની વાતો કરતા હોય છે. નિકુંજભાઈ પણ તે પ્રમાણે સમૃધ્ધિ, સ્વતંત્રતા જેવી વાતો કરતા હતા. એક વખત દવાખાને સારવાર માટે ગયા ત્યારે ઘરમાં પહેરતા હોય તેવી નાની ચડ્ડી અને બાંય વગરના ગંજીમાં હતા. બીજા પેશન્ટોને પણ થોડી શરમ લાગે તેવો ડ્રેસ હતો. અહિયા પણ નિકુંજભાઈ અમેરિકાની વાતો જેવી કે ત્યાં કોઈને કોઈની પડી નથી, સ્વતંત્રતા ઘણી છે વગેરે વાતો બીજા પેશન્ટો આગળ કરતા હતા. ડૉક્ટર પણ તેમનો ડ્રેસ જોઈ હબક ખાઈ ગયા. ક્યાં ૭ વર્ષ પહેલાનો પહેરવેશ અને ક્યાં આજનો ડ્રેસ!

સારવાર લીધા બાદ એક ભાઈથી બોલ્યા વિના રહેવાયું નહીં. અમેરિકામાં પણ આવા ડ્રેસમાં ફરો છો? નિકુંજભાઈ બોલ્યા, ત્યાં તો કોઈને કોઈની પડી નથી. ફાવે તે પહેરો, ફરો અને રહો. પેલા ભાઈ બોલ્યા, 'હા, અમેરિકામાં બધી રીતની સ્વતંત્રતા ખરી પરંતુ **આપણા ભારતમાં સ્વતંત્રતા સાથે સભ્યતા અને આમન્યાની શરમની સંસ્કૃતિ છે.**' તેટલું કહી નીકળી ગયા.

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.*
*મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫રચન*

## પલ્મોનરી ફાઇબ્રોસિસ

(અનુ. : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)

- **આ રોગથી બચવા શું કરવું?**

★ બીડી - સિગારેટના ધુમાડાથી દૂર રહેવું.

★ વાતાવરણના પ્રદૂષણના સંસર્ગમાં ના રહેવું.

★ લોખંડ, કોલસા, સિમેન્ટ, કેમિકલ વગેરેની રજ શ્વાસમાં ન જાય તેનું ધ્યાન રાખવું.

★ જો શ્વાસ કે લાંબાગાળાની સૂકી ઉધરસ આવે તો બેદરકારી રાખ્યા વગર તમારા ફેફસાના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરની સલાહ લેવી અનિવાર્ય છે.

આમ, ફેફસાનું ફાઈબ્રોસિસ એક ભયંકર અસાધ્ય રોગ છે તો તેની સમયસર સારવાર કરવામાં આવે તો તેનાથી દર્દીનું આયુષ્ય લંબાવી શકવામાં મદદ થાય છે.

'PULMONARY FIBROSIS' ના નવા ઉપચાર અને ફેફસાને લગતા આવા બીજા કોઈપણ રોગ માટે નિ:સંકોચ તમારા ડૉક્ટરનો સંપર્ક સાધો.

*મો. ૯૯૨૫૯ ૬૫૧૩૩*
*E-mail : drvsheth@gmail.com*

## કોયડો

| | |
|---|---|
| એક સંખ્યા ધારો. | (ધારો કે ૭) |
| તેના બમણા કરો. | (૧૪) |
| તેમાં ૫ ઉમેરો | (૧૪ + ૫ = ૧૯) |
| તેને ૫ વડે ગુણો. | (૧૯ **x** ૫ = ૯૫) |
| તેમાં ગમે તે એક આંકડો (૦થી ૯ની વચ્ચે) ઉમેરો. | (૯૫ + ૨ = ૯૭) |
| કેટલા આવ્યા? | (૯૭) |

તો **૭** ધાર્યા હશે અને છેલ્લે
**૨** ઉમેર્યા હશે.

કેમ ખબર પડી?

(છેલ્લે જે જવાબ આવે તેમાંથી ૨૫ બાદ કરો. ૯૭ – ૨૫ = ૭૨. પહેલો અંક ધારેલી સંખ્યા. બીજો અંક છેલ્લે ઉમેરેલી સંખ્યા.)

છે ને નવાઈ?

*ઇન્દ્રવદન અંતાણી - ગાંધીનગર*

# અમદાવાદના પ્રાચીન જિનાલયો

## ઝવેરીવાડના જિનાલયો : ૧

★ **શ્રી શાંતિનાથ જિનાલય, રીલીફ રોડ :** નેમનાથ પ્રભુજીનો વરઘોડો. ચોવીસ તીર્થંકર પરમાત્માની લાકડાની વિશિષ્ટ કોતરણી આદિ અતિ વિશિષ્ટતમ કાષ્ટકલાથી ભરપૂર છે.

★ **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય - નિશા પોળ,**
**શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય - નિશા પોળ,**
**શ્રી શાંતિનાથ જિનાલય - નિશાપોળ :** અતિ ચમત્કારીક, મનવાંછિતને દેનારા, ઝવેરીવાડના મહારાજા મહામહિમ જગવલ્લભ પાર્શ્વનાથ દાદાનું લાકડાની વિશિષ્ટ કોતરણીવાળું જિનાલય આવેલું છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - લહેરિયા પોળ :** સમગ્ર અમદાવાદમાં એકમાત્ર પ્રભુ મહાવીર સ્વામીના પાંચેય કલ્યાણકોની રથયાત્રા આ સ્થળેથી નીકળે છે તથા સમાપ્ત થાય છે. જ્યાં પ્રભુવીરના પાંચેય કલ્યાણકોની દેરી તથા સમગ્ર જીવન ચરિત્રનું વર્ણન કરતા પટ્ટ છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - ઝવેરી પોળ**
**શ્રી પાર્શ્વનાથ ગૃહ જિનાલય - ઝવેરી પોળ :** સ્વયંભુ પ્રગટ થયેલા ક્ષેત્રપાળ દાદા જ્યાં બિરાજે છે તેવું અદ્‌ભુત ચમત્કારિક પાર્શ્વનાથ ગૃહ જિનાલય આવેલ છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય - સોદાગરની પોળ :** રક્ત ચંદનની વિશિષ્ટ અલભ્ય પ્રતિમાજી જ્યાં બિરાજે છે, શત્રુંજયની તળેટી જ્યાં શોભે તેવું ભવ્ય જિનાલય.

★ **શ્રી શાંતિનાથ જિનાલય - ચૌમુખજીની પોળ :** પ્રતિવર્ષ ચોખાનાં દાણાં જેટલા વધતાં ક્ષેત્રપાળ દાદા જ્યાં બિરાજે છે, સમગ્ર અમદાવાદમાં એકમાત્ર સંપ્રતિકાલીન પરિકર સહિત ચૌમુખી શાંતિનાથ દાદા જ્યાં બિરાજે છે, તેવું ભવ્યાતિભવ્ય જિનાલય.

★ **શ્રી અજિતનાથ જિનાલય - ચૌમુખજીની પોળ :** અજિત - શાંતિ સ્તોત્રની આરાધના - ઉપાસના માટે મહિમાવંત સ્થાન શ્રી અજિતનાથજી જિનાલય તથા શ્રી શાંતિનાથજી જિનાલય.

★ **શ્રી સંભવનાથ જિનાલય - સંભવનાથની ખડકી :** મનવાંછિતને પૂરનાર, ચમત્કારીક, પ.પૂ.આ. સેનસૂરીશ્વરજી મહારાજા દ્વારા પ્રતિષ્ઠિત ૭ ફૂટ ૭ ઈંચના



મૂળનાયક સંભવનાથ દાદા તથા ૧૫ ફૂટ ૨ ઈંચનું ભવ્યાતિભવ્ય કોતરણીવાળું પરિકર તથા ૫ ગર્ભગૃહ, ૫ રંગમંડપ ધરાવતું પોળનું એકમાત્ર જિનાલય.

★ **શ્રી અજિતનાથ જિનાલય - વાઘણપોળ :** જન્મથી બહેરા - મુંગા લોકોને સાંભળતા - બોલતા કરનાર સિધ્ધ સરસ્વતી દેવી, પદ્માસનસ્થ પદ્માવતી દેવી, ૮૦૦ વર્ષ પ્રાચીન કાઉસ્સગ્ગ મુદ્રામાં ધાતુના ૪ ફૂટના વિશાળકાય અજિતનાથ પ્રભુ જ્યાં બિરાજે છે તેવું લાકડાની ભવ્ય કોતરણીવાળું જિનાલય.

★ **શ્રી આદેશ્વર જિનાલય - વાઘણપોળ :** ૩-૩ વિશાળકાય આદિનાથ પ્રભુજીની ભવ્ય મનોહરણી પ્રતિમાજી જ્યાં બિરાજે છે. જ્યાં પ્રવેશમાત્રથી સ્પંદન મળે છે તેવું ભવ્ય જિનાલય.

★ **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય - વાઘણપોળ :** શાંતિદાસ ઝવેરીના જિનાલયના મૂળનાયક ચાર ચિંતામણી દાદામાંથી એક ભવ્ય પ્રતિમાજી જ્યાં બિરાજે છે તેવું ભવ્યતમ પથ્થરની કોતરણીવાળું જિનાલય.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - વાઘણપોળ :** મહાવીર જન્મ વાંચનના દિવસે પાંચ મહાવીરના દર્શનાર્થે હજારો ભક્તો પધારે છે તેવું રત્નોના પ્રતિમાજી ધરાવનાર હાથીવાળું જિનાલય.

## દોશીવાડાની પોળ - ફતાસાપોળના જિનાલયો : ૨

★ **શ્રી સીમંધરસ્વામી જિનાલય - સીમંધર સ્વામીની ખડકી :** ગુજરાતનું સૌથી પ્રથમ મૂળનાયક સીમંધર સ્વામી ભગવાનવાળું જિનાલય. જેમાં ૧૦૮ પાર્શ્વનાથમાંથી શ્રી

સુખસાગર પાર્શ્વનાથ ભગવાનની ધાતુની ભવ્યાતિભવ્ય ચમત્કારિક પ્રતિમાજી બિરાજે છે.

★ **શ્રી ભાભાપાર્શ્વનાથ જિનાલય - દોશીવાડાની પોળ :** પારેવા પથ્થરના, રક્તવર્ણના પાંચ ઈંચના ચમત્કારીક મૂળનાયક દાદા બિરાજે છે. તથા અનેક વિશેષતા સાથે અહીં વીંછીના ગોખલામાં ૨૪ તીર્થંકરનો માતા સાથેનો વિશિષ્ટ પ્રાચીન પટ્ટ અહીં જોવા મળે છે.

★ **શ્રી આદિશ્વર જિનાલય - કસુંબાવાડ :** જેસલમેર તથા સંગેમરમરની વિશિષ્ટ કલા ધરાવતું જિનાલય જ્યાં અવારનવાર અનેક ચમત્કારો આજેય જોવા મળે છે. તેવી વિશિષ્ટ ઉર્જાવંત પ્રભુ પ્રતિમાજીનો ભવ્યાતિભવ્ય દરબાર અહીં છે.

★ **શ્રી અષ્ટાપદજી જિનાલય - દોશીવાડાની પોળ :** અમદાવાદનું એકમાત્ર અષ્ટાપદજી તથા નંદીશ્વર દ્વીપની વિશિષ્ટ રચનાવાળું, ખારા પથ્થરની ઝરૂખાબંધ બાંધણીવાળું આદિ વિશેષતા સભર કોતરણીવાળું જિનાલય જ્યાં હીરસૂરીશ્વરજી મહારાજાની ભવ્ય ગુરૂમૂર્તિ બિરાજે છે. અહીં આદિનાથ પ્રભુના પગલા અને રાયણ વૃક્ષ પણ છે.

★ **શ્રી ધર્મનાથ ગૃહ જિનાલય - દોશીવાડાની પોળ :** આ જિનાલયમાં રત્નની પ્રતિમાજી આવેલા છે.

★ **શ્રી પાર્શ્વનાથ જિનાલય વિદ્યાશાળા - દોશીવાડાની પોળ :** પૂ. સિધ્ધિસૂરી બાપજી મહારાજાનું સાધના સ્થાન જ્યાંના ભોંયરામાં ગુરૂદેવે અઠ્ઠમાદિ તપ સાથે સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. જિનાલયના પરિસરમાં અનેક પટ્ટ આદિ કલાનો વિશિષ્ટ નજારો અહીં જોવા મળે છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - ગાંધી રોડ :** ચરમ તીર્થપતિ સાક્ષાત્ પ્રતિકૃતિ - સમગ્ર રાજનગરની મુખ્ય ધરોહર, સાધકોના પ્રાણ આધાર મોટા મહાવીર સ્વામીની દિવ્ય પ્રતિમાજી આ જિનાલયમાં બિરાજે છે. ધાતુનું અષ્ટાપદ જિનાલય પણ અહીં આવેલ છે.

★ **શ્રી શ્રેયાંસનાથ જિનાલય - ફતાસા પોળ :** ખારા પથ્થરની સુંદર કોતરણીવાળું વિશાળ ભવ્ય જિનાલય છે.

★ **શ્રી સુમતિનાથ જિનાલય - ફતાસા પોળ :** પ્રાચીન પ્રભુની વિશિષ્ટતમ દરબાર તથા આત્મ શાંતિનો અહેસાસ કરાવતું ઉત્તમ ધામ છે.

★ **શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય - ફતાસા પોળ :** કાચની, માર્બલની, ગ્રેનાઈટની ભવ્ય કલાકૃતિવાળું જિનાલય જ્યાં તોરણ, થાંભલાની કલા મનમોહક છે.

★ **શ્રી અજિતનાથ જિનાલય, ભઠ્ઠીની બારી, ફતાસા પોળ :** જ્યાં પંડિત વીરવિજયજી મહારાજાએ સાધના દ્વારા પદ્માવતી દેવીનો સાક્ષાત્કાર કરેલ હતો તથા પદ્માવતી દેવીએ વીરવિજયજી મહારાજાને આપેલ પદ્માવતી દેવીની ધાતુ પ્રતિમા આજેય સાધકોના પ્રાણ સમાન છે. પંડિત વીરવિજયજી મહારાજાએ સ્નાત્ર પૂજા સહિત અનેક પૂજા આદિની રચના આ સ્થાનક પર કરી હતી. અહીં વીરવિજયજી મહારાજાની પ્રતિમા પણ છે.

***(ક્રમશઃ)***

***ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ) - અમદાવાદ***

## સુખ

### જેનું આઉટગોઇંગ ફ્રી છે પણ ઇનકમિંગ પૈસા આપવા છતાં ચાલુ કરી શકાતું નથી....

સુખ એટલે જેને કોઈ વ્યાખ્યામાં બાંધી શકાતું નથી, જેને અડી શકાતું નથી, જેને સાંભળી શકાતું નથી, જેને સાદ પાડીને બોલાવી શકાતું નથી, જેને સ્પર્શી શકાતું નથી, જેની આંગળી પકડીને ઘરમાં બેસાડી શકાતું નથી, જે ગમે છે પણ એને ચૂમી શકાતું નથી. આપણું પોતાનું જ હોય, આપણી લગોલગ ઊભું હોય છતાં જેને બાહુપાશમાં જકડી શકાતું નથી. જેનું આઉટગોઈંગ ફ્રી છે પણ ઈનકમિંગ પૈસા આપવા છતાં ચાલુ કરી શકાતું નથી. જેને બીજા પાસેથી ઉછીનું લઈ શકાતું નથી કે છીનવી પણ નથી શકાતું અને છતાં બીજાને સુંડલો ભરીને આપી શકાય છે તે. હા, સુખ એટલે જેને ખરીદી કે વેચી નથી શકાતું પણ વહેંચી જરૂર શકાય છે.

## પરમાણું પ્લાન્ટ અને વિસ્ફોટની અસર

૧૯૮૬ની ૨૬મી એપ્રિલે રશિયાના ઉત્તર ભાગમાં આવેલા ચેર્નોબિલ પાસેના પરમાણું પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો. તેની આડઅસરો હજુય વર્તાઈ રહી છે. જગત સમક્ષ થયેલો એ પહેલો મોટો પરમાણુ અકસ્માત હતો. એ પછી ફુકુશિમાની પરમાણુ ભઠ્ઠીઓ તૂટી પડતાં પરમાણુ ઊર્જા અંગે ફેરવિચારણા શરૂ થઈ છે. દરમિયાન પરમાણુ વિજ્ઞાનીઓએ સંશોધન કરીને અહેવાલ આપ્યો છે કે ૨૦૫૦ સુધીમાં ચેર્નોબિલ જેવો પરમાણુ અકસ્માત થઈ શકે છે. આવા અકસ્માતની શક્યતા ૫૦ ટકા છે. ૧૯૪૬થી લઈને ૨૦૧૪ સુધીમાં પરમાણુ મથકોમાં કુલ ૧૭૪ અકસ્માતો નોંધાયા છે. નાના અકસ્માતોની ખાસ નોંધ નથી લેવાતી પરંતુ જગતવાસીઓએ મોટા ધડાકા માટે તૈયાર રહેવું પડશે.

# ફટાકડા અને પ્રદૂષણ

દિવાળીમાં પહેલા કેવળ દીપ પ્રગટાવવાનો મહિમા હતો. ફટાકડા ફોડવાની પ્રથા હતી નહીં.

૧. ફટાકડા ફોડવાની પરંપરા મોગલ સામ્રાજ્યમાં જરાતરા શરૂ થયેલી. ગુજરાતમાં ક્યાંક ક્યાંક દારૂખાનું ફોડવામાં આવતું. બાકીનું ભારત હજુ ફટાકડાથી અજાણ હતું. ૧૬૬૭માં ઔરંગઝેબે દિવાળીએ દીવા સળગાવવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકેલો. મોગલો બાદ અંગ્રેજોએ એક્સપ્લોઝિવ એક્ટ પસાર કર્યો અને ફટાકડાનો કાચો માલ વેચવા તથા ફટાકડા બનાવવા પર પ્રતિબંધ લગાવી દીધો.

૨. ૧૯૨૩માં તમિલનાડુના અય્યા નાદર અને શનમુગા નાદર નામના બે ભાઈઓ રોજીરોટીની શોધમાં કલકત્તા ગયા અને ત્યાં બાકસની ફેક્ટરીમાં કામ કરવાનો આરંભ કર્યો. થોડા વર્ષો પછી બેય પોતાના વતન શિવાકાશી પરત ફર્યા અને ત્યાં બાકસનું કારખાનું સ્થાપ્યું.

૩. ૧૯૪૦માં એક્સપ્લોઝિવ એક્ટમાં સુધારો થયો. અમુક હદ સુધીની તીવ્રતાવાળા ફટાકડા પરથી પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો. નાદર બંધુઓએ મોકાનો ફાયદો ઉઠાવ્યો. ૧૯૪૦માં ફટાકડાનું પ્રથમ કારખાનું સ્થાપ્યું. તેમણે ફટાકડા અને દિવાળીનું કનેક્શન જોડવાની કોશિશ કરી. તેઓ માચીસનું કારખાનું ધરાવતા હોવાથી એક પ્લેટફોર્મ તેમની પાસે પહેલેથી જ હતું. **દિવાળીમાં દીપ પ્રાગટ્યના મહાત્મ્યને ફટાકડા સુધી લઈ જવાનો પ્રયત્ન** અને તડાફડીની વાટ સળગાવ્યા પછી જેમ ટેટા ધડાધડ ફૂટે તેટલી ઝડપથી તેમનો વિચાર ફેલાયો. ૧૯૮૦ આવતા સુધીમાં શિવાકાસીમાં ફટાકડાના કારખાનાની સંખ્યા ૧૮૯ થઈ ગઈ. આમ ફટાકડા ફોડવાનો કુરિવાજ ૧૦૦ વર્ષ જેટલો પણ જૂનો થયો નથી.

૪. ફટાકડા ફોડવા માટે એક વૈજ્ઞાનિક જુઠ્ઠાણું ચલાવવામાં આવ્યું. ચોમાસા દરમિયાન પેદા થયેલી જીવાતોનો નાશ કરવા માટે ફટાકડા ફોડવા જરૂરી છે. આ વાત સાવ ખોટી છે. મોસમ બદલાય એટલે જે જીવાતો નાશ પામવાની હોય તે આપોઆપ નાશ પામી જ જાય છે અને જે જમીનમાં ઢબુરાઈ જવાની હોય તે સુષુપ્તાવસ્થામાં સરી જાય છે. એના માટે ફટાકડા ફોડવાની કોઈ જરૂર નથી. આ એક માર્કેટિંગ ગિમીક છે. ફટાકડાની તરફેણ કરતા લોકો આજ સુધી આ પ્રકારની દલીલ કરતા આવ્યા છે.

૫. ફટાકડાના સમર્થકો બીજી દલીલ એવી પણ કરે છે કે પ્રદૂષણ તો પેટ્રોલ - ડીઝલથી પણ થાય છે. જો પ્રદૂષણ ના ફેલાવવાના કારણસર ફટાકડા બંધ કરવા હોય તો પેટ્રોલ - ડીઝલનો વપરાશ પણ બંધ કરી દેવો જોઈએ. આમને સમજાવવા એના કરતા બહેતર છે કે તેમને ફટાકડા ફોડવા દેવામાં આવે.

૬. આ બધા વચ્ચે દુઃખની વાત એ છે કે લાલચુ ફેક્ટરી માલિકો સસ્તા ભાવે ફટાકડા બને એ માટે બાળકોને જ કામ પર રાખે છે. શિવાકાશીમાં હજારો બાળકોનું બચપણ ફટાકડાના કારખાનામાં ફૂટી જાય છે. ચાઈલ્ડ લેબર એક બહુ જ મોટો મુદ્દો બની ગયો છે.

૭. જો તમને એમ લાગતું હોય કે **ક્લાઇમેટ બચાવવામાં** આપણે આપણી ક્ષમતા મુજબ નાનું-સરખું યોગદાન આપવું છે તો આપણે બાઈક કે કાર ચલાવવાનું બંધ નથી કરી શકવાના **પણ કમસેકમ ફટાકડા ફોડવાનું બંધ કરી દેવું જોઈએ.** જે લોકો સુપ્રીમ કોર્ટના કેવળ બે કલાક ફટાકડા ફોડવાની મંજૂરીના ચુકાદાનો વિરોધ કરે છે તેમણે દિવાળીએ દિલ્હી જઈ આવવું અને ત્યાંની હવા કેટલી પ્રદૂષિત થાય છે તેનો અંદાજ મેળવી લેવો.

***જો તમને એમ લાગતું હોય કે બાળ શ્રમિકોને કારખાનામાંથી છોડાવવા છે તો ફટાકડા ફોડવાનું બંધ કરવું જોઈએ.***

# નાની બચતના વ્યાજ દર


***NSC, PPF સહિત યોજનાઓના વ્યાજદરમાં ૦.૪ ટકા સુધી વધારો***

| સ્કીમ | હાલના દર | નવા દર | અવધિ |
|---|---|---|---|
| *સેવિંગ્સ ડિપોઝિટ* | *૪* | *૪* | *વાર્ષિક* |
| *૧ વર્ષ ડિપોઝિટ* | *૬.૬* | *૬.૯* | *ત્રિમાસિક* |
| *૨ વર્ષ ડિપોઝિટ* | *૬.૭* | *૭.૦* | *ત્રિમાસિક* |
| *૩ વર્ષ ડિપોઝિટ* | *૬.૯* | *૭.૨* | *ત્રિમાસિક* |
| *૫ વર્ષ ડિપોઝિટ* | *૭.૪* | *૭.૮* | *ત્રિમાસિક* |
| *૫ વર્ષ રિકરિંગ ડિપોઝિટ* | *૬.૯* | *૭.૩* | *ત્રિમાસિક* |
| *૫ વર્ષ સિનિયર સિટીઝન* | *૮.૩* | *૮.૭* | *ત્રિમાસિક ચૂકવણી* |
| *૫ વર્ષ મન્થલી ઈન્કમ એકાઉન્ટ* | *૭.૩* | *૭.૭* | *માસિક ચૂકવણી* |
| *૫ વર્ષ એન.એસ.સી.* | *૭.૬* | *૮* | *વાર્ષિક* |
| *પીપીએફ સ્કીમ* | *૭.૬* | *૮* | *વાર્ષિક* |
| *કિસાન વિકાસપત્ર* | *૭.૩* | *૭.૭* | *વાર્ષિક* |
| *સુકન્યા સમૃદ્ધિ* | *૮.૧* | *૮.૫* | *વાર્ષિક* |

## અમદાવાદ : કયા વિસ્તારમાં ક્યાં પાર્કિંગ ફ્રી છે અને કેટલા વાહનોની ક્ષમતા ધરાવે છે

| | | | |
|---|---|---|---|
| ● ચીમનલાલ ઇન્સ્ટિટ્યૂટ પાસે | જોધપુર | ફોર વ્હીલર્સ : ૧૫૦ | ટુ-વ્હીલર્સ : ૭૦૦ |
| ● પ્રેરણાતીર્થ દેરાસર પાસે | જોધપુર | ફોર વ્હીલર્સ : ૧૩૫ | ટુ-વ્હીલર્સ : ૬૫૦ |
| ● ફોર્મ્યુલા - ૧ હોટલ પાસે | આનંદનગર રોડ | ફોર વ્હીલર્સ : ૩૦૦ | ટુ-વ્હીલર્સ : ૧૦૦૦ |
| ● નોવા વિલેજ ગાર્ડનની પાછળ | બોડકદેવ | ફોર વ્હીલર્સ : ૧૩૦ | ટુ-વ્હીલર્સ : ૬૦૦ |
| ● રાજપથ ક્લબની પાસે | એસ.જી. હાઈવે | ફોર વ્હીલર્સ : ૧૨૫ | ટુ-વ્હીલર્સ : ૬૦૦ |
| ● ગણેશ હાઉસિંગ પાસે | હેબતપુર | ફોર વ્હીલર્સ : ૧૭૫ | ટુ-વ્હીલર્સ : ૮૦૦ |
| ● એ.એમ.સી. પાણીની ટાંકી પાસે | સાયન્સ સિટી રોડ | ફોર વ્હીલર્સ : ૩૫ | ટુ-વ્હીલર્સ : ૨૫૦ |
| ● સિગ્નેચર કોમ્પ્લેક્સની સામે | થલતેજ | ફોર વ્હીલર્સ : ૫૦ | ટુ-વ્હીલર્સ : ૩૦૦ |
| ● આશકા ફ્લેટની પાસે | ગોતા | ફોર વ્હીલર્સ : ૯૦ | ટુ-વ્હીલર્સ : ૩૭૫ |
| ● ગંગોત્રી સર્કલ પાસે-૧ | નિકોલ | ફોર વ્હીલર્સ : ૨૪ | ટુ-વ્હીલર્સ : ૪૬૦ |
| ● ગંગોત્રી સર્કલ પાસે-૨ | નિકોલ | ફોર વ્હીલર્સ : ૫૭ | ટુ-વ્હીલર્સ : ૫૯૦ |
| ● ખોડિયાર મંદિર પાસે | નિકોલ | ફોર વ્હીલર્સ : ૨૩ | ટુ-વ્હીલર્સ : ૧૨૬ |
| ● મનમોહન ચાર રસ્તા પાસે | નિકોલ | ફોર વ્હીલર્સ : ૨૧ | ટુ-વ્હીલર્સ : ૪૩૦ |
| ● શેલ્બી હોસ્પિટલ પાછળ | નિકોલ | ફોર વ્હીલર્સ : ૭૩ | ટુ-વ્હીલર્સ : ૬૨૯ |
| ● ઓઢવ અન્ડરગ્રાઉન્ડ પમ્પિંગ સ્ટેશન પાસે | ઓઢવ | ફોર વ્હીલર્સ : ૪૭ | ટુ-વ્હીલર્સ : ૪૫૦ |
| ● રતનપુર ગામ પાસે | વસ્ત્રાલ | ફોર વ્હીલર્સ : ૭૨ | ટુ-વ્હીલર્સ : ૬૨૮ |
| ● હાટકેશ્વર બસ ટર્મિનસ | હાટકેશ્વર | ફોર વ્હીલર્સ : ૨૧ | ટુ-વ્હીલર્સ : ૪૧૫ |
| ● દરિયાપુર દરવાજાની સામે | દરિયાપુર | ફોર વ્હીલર્સ : ૨૦ | ટુ-વ્હીલર્સ : ૩૦ |
| ● જમાલપુર પુલ નીચે ફાયર સ્ટેશન સામે | જમાલપુર | ફોર વ્હીલર્સ : ૨૫ | ટુ-વ્હીલર્સ : ૫૦ |
| ● ખાડિયા પોલીસ સ્ટેશન પાસે | ખાડિયા | ફોર વ્હીલર્સ : ૦ | ટુ-વ્હીલર્સ : ૧૪૦ |
| ● શિવાલય ફ્લેટ પાસે, ઓરેન્જ મોલની પાછળ | | ફોર વ્હીલર્સ : ૨૩ | ટુ-વ્હીલર્સ : ૧૯૦ |
| ● શુકન એપાર્ટમેન્ટ પાસે | ચાંદખેડા | ફોર વ્હીલર્સ : ૫૮ | ટુ-વ્હીલર્સ : ૪૭૦ |
| ● સુરમ્ય ફ્લેટ | મોટેરા | ફોર વ્હીલર્સ : ૪૦ | ટુ-વ્હીલર્સ : ૩૪૦ |
| ● ટાઈગર ફ્લેટ પાસે, રેલવે લાઈન પાસે | નવા વાડજ | ફોર વ્હીલર્સ : ૩૫ | ટુ-વ્હીલર્સ : ૨૯૦ |
| ● શાસ્ત્રીનગર | નારાણપુરા | ફોર વ્હીલર્સ : ૯૫ | ટુ-વ્હીલર્સ : ૮૨૦ |
| ● મહેસાણા સોસાયટી સામે | વાડજ | ફોર વ્હીલર્સ : ૫૫ | ટુ-વ્હીલર્સ : ૪૮૦ |
| ● રાજહંસ સોસાયટી પાસે | નવરંગપુરા | ફોર વ્હીલર્સ : ૨૫ | ટુ-વ્હીલર્સ : ૧૯૦ |
| ● રાધા ક્રિષ્ના | ચીલોડા રોડ | ફોર વ્હીલર્સ : ૩૫ | ટુ-વ્હીલર્સ : ૨૫૦ |
| ● ડાયમંડ પાર્ક | ચીલોડા રોડ | ફોર વ્હીલર્સ : ૨૦ | ટુ-વ્હીલર્સ : ૧૪૩ |
| ● સારાભાઈ ફાર્મ હાઉસ પાસે | સરદારનગર | ફોર વ્હીલર્સ : ૭૩ | ટુ-વ્હીલર્સ : ૪૨૬ |
| ● એન.એસ. ડેકોરેટર્સ પાસે | નરોડા ગામ તરફ | ફોર વ્હીલર્સ : ૩૫ | ટુ-વ્હીલર્સ : ૨૫૦ |
| ● હરિદર્શન ચાર રસ્તા | કઠવાડા રોડ | ફોર વ્હીલર્સ : ૧૨૩ | ટુ-વ્હીલર્સ : ૮૮૩ |
| ● એસ.બી. વિદ્યાલય | સરદાર ચોકથી આગળ | ફોર વ્હીલર્સ : ૨૭ | ટુ-વ્હીલર્સ : ૧૯૪ |
| ● હોટલ તાજની પાછળ | એરપોર્ટ નજીક | ફોર વ્હીલર્સ : ૧૨૨ | ટુ-વ્હીલર્સ : ૮૭૩ |
| ● આંબેડકર હોલ પાસે | સરસપુર | ફોર વ્હીલર્સ : ૬૭ | ટુ-વ્હીલર્સ : ૪૮૦ |
| ● મુખીની વાડી-૧ પાસે | ખારાવાલા બસ સ્ટેન્ડ | ફોર વ્હીલર્સ : ૪૦ | ટુ-વ્હીલર્સ : ૨૫૦ |
| ● શંખેશ્વર એસ્ટેટની બાજુમાં, મેડિકોની સામે | | ફોર વ્હીલર્સ : ૧૨૫ | ટુ-વ્હીલર્સ : ૯૦૦ |
| ● સિલિકોન કોર્નર | બીબી તળાવ ચાર રસ્તા | ફોર વ્હીલર્સ : ૦ | ટુ-વ્હીલર્સ : ૮૦ |
| ● શ્યામ આઈકોનની પાછળ | | ફોર વ્હીલર્સ : ૧૨૫ | ટુ-વ્હીલર્સ : ૦ |
| ● જોગેશ્વરી સોસાયટી પાસે | | ફોર વ્હીલર્સ : ૧૫૦ | ટુ-વ્હીલર્સ : ૫૫૦ |
| ● ટોપાઝ હોટલ પાસે | | ફોર વ્હીલર્સ : ૧૦૦ | ટુ-વ્હીલર્સ : ૮૦૦ |
| ● એવલોન ફ્લેટની બાજુમાં | ઘોડાસર ચાર રસ્તા | ફોર વ્હીલર્સ : ૧૨૫ | ટુ-વ્હીલર્સ : ૯૦૦ |
| ● તક્ષશિલા સ્કૂલની બાજુમાં | અર્બુદાનગર, ઓઢવ | ફોર વ્હીલર્સ : ૦ | ટુ-વ્હીલર્સ : ૩૦૦ |
| ● સી.ટી.એમ. ચાર રસ્તા | | ફોર વ્હીલર્સ : ૨૦ | ટુ-વ્હીલર્સ : ૧૫૦ |
| ● કાંકરિયા કિડ્સ સિટી પાસે | કાંકરિયા | ફોર વ્હીલર્સ : ૫૦ | ટુ-વ્હીલર્સ : ૪૦૦ |
| ● ઝુલેલાલ ઑપન એર થિયેટરની બાજુમાં | કાંકરિયા | ફોર વ્હીલર્સ : ૪૫ | ટુ-વ્હીલર્સ : ૩૭૫ |

*રજૂઆત : રજનીકાંત પારેખ*



# જોક્સ જંકશન

### ઓછા છે

પત્નીને પૈસા...

તથા

પાકિસ્તાનને પુરાવા....

જેટલા આપો એટલા ઓછા જ પડવાના!

### ખતરનાક ઘટના

એક રાતના ટ્રેનમાં એક મુસાફરે સાતમી વાર એટેન્ડન્ટને ૫૦ની નોટ પકડાવતાં કહ્યું, 'જા, ક્યાંકથી થોડો બરફ લઈ આવ, બસ છેલ્લો પેગ બનાવી લઉં...'

*એટેન્ડન્ટ :* સાહેબ, હવે બરફ નહીં મળે.

*મુસાફર :* કેમ?


*એટેન્ડન્ટ :* કારણકે ટ્રેનમાં જે લાશ હતી એને છેલ્લા સ્ટેશન પર ઉતારી દેવામાં આવી છે...

### આમિર અને હું

*પત્ની :* પેલા આમિર ખાનને જુઓ. એની પત્ની જે બોલે એ બરોબર સાંભળે છે. અને એક તમે છો...

*પતિ :* અરે, એ એની બીજી પત્ની છે. તને છોડીને જ્યારે હું બીજી લાવીશ ત્યારે એનું સાંભળીશ.

(રસોડામાંથી છૂટ્ટી તપેલી આવે છે... ધડામ!)



### ખુલાસો

આમિરખાને સરકારના પર્યટન વિભાગને પૂછ્યું કે મને 'અતુલ્ય ભારત'ના પ્રચારમાંથી શા માટે દૂર કરવામાં આવ્યો?

પર્યટન મંત્રાલયનો જવાબ : શ્રીમાન, જે પોતાની પત્નીને દેશમાં રહેવાના ફાયદા ન સમજાવી શક્યો, તે બીજાને શું સમજાવશે?

### સારું છે

આ તો સારું છે કે ડૉક્ટરો આપણને એમ નથી કહેતા : ભાઈ, છૂટા નથી, બોલો, થોડી દવાઓ વધારે લખી આપું? કે પછી એકાદ ઑપરેશન કરાવી લેશો?


### બિઝી

*પતિ :* ક્યાં ગાયબ હતી ચાર કલાકથી?

*પત્ની :* શોપિંગ કરવા ગઈ હતી મૉલમાં.

*પતિ :* શું લીધું?

*પત્ની :* ૧ માથાની પીન અને ૪૫ સેલ્ફી.



### ઠંડી

'ભાઈ, તમારે ત્યાં ઠંડી કેવી છે?'

'બીએસએનએલ જેવી.'

'એટલે?'

'ઘરની બહાર નીકળીએ તો જ લાગે છે!'

### આશ્ચર્ય


આ દેશમાં પૈસા ના હોવાને કારણે ભણવાનું છોડી દેનારા તમને હજારો મળશે.

પણ પૈસાને અભાવે દારૂ, ગાંજો, ચરસ, તમાકુ કે જુગાર છોડનારો એક પણ નહીં મળે!


### સેલ્ફી

છોકરાવાળા : તમારી છોકરી શું શું બનાવી લે છે?

છોકરીવાળા : હવે એના શું વખાણ કરવા! એ સેલ્ફી લેતી વખતે પાંચ અલગ - અલગ જાતના મોઢા બનાવી લે છે!



# જોક્સ જંકશન



## ભેંસની વ્યથા

ગૌમાતા, ગૌવંશ અને ગૌરક્ષાના આ જમાનામાં બિચારી ભેંસ રીસાઈ ગઈ છે! સાંભળો એની વ્યથા..

જ્યારે બાળક સહેજ મોટું થાય કે તરત અમારું દૂધ પીતું થાય છે. પણ નિબંધ લખવાની વાત આવે ત્યારે 'ગાય અમારી માતા છે...' આવું કેમ?

બાળકને લખતા વાંચતા ના આવડ્યું હોય તો 'કાળો અક્ષર ભેંસ બરાબર...' હા ભાઈ હા, પણ શું બીજા જાનવરોએ પીએચડી કરી રાખી છે?

સ્ત્રી સીધી હોય તો ગાય જેવી અને જાડી હોય તો ભેંસ જેવી! કેમ? બિચારી જાડી સ્ત્રીઓ સીધી સાદી નથી હોતી?

અમને ગાય જેટલું સન્માન આપવાનું ચાલુ કરો નહિતર માવાની મીઠાઈઓ, પનીરની સબ્જીઓ, કેસરીયા દૂધ, પેંડા અને બીજી સેંકડો ચીજો ભૂલી જજો... અમે હડતાલ કરીશું!

**કેજરીવાલ જોડે અમારી વાત થઈ છે. હવે પછી એક દિવસ ગાયનું અને બીજા દિવસે ભેંસનું દૂધ લેવાનું રહેશે...**

પછી ખબર પડશે કે ક્વોલિટી અને ક્વોન્ટિટીમાં 'બેસ્ટ' કોણ છે અને મીડિયામાં ફાલતું 'ટાઈપ' કોની છે...





## વોટ્સએપ સાસુ

સાસુજી વહુના બેડરૂમમાં જાય છે. જુએ છે કે.... વહુના થાકેલા ચહેરા પર ચશ્મા ચડેલા છે. બેડરૂમના રાઈટિંગ ટેબલની સફાઈ કરતાં કરતાં વહુ કદાચ ત્યાં જ માથું રાખીને સૂઈ ગઈ છે... મોબાઈલ પણ બાજુમાં રેઢો પડ્યો છે...

સાસુજી વહુની બાજુમાં બેસી, એની આંખો પરથી ચશ્મા ઉતારે છે, માથા પર હાથ ફેરવે છે અને પછી –

– સટાક કરતી એક ખેંચીને આપતાં કહે છે : 'મને શું મૂરખ સમજે છે? લાસ્ટ સીન ઓન વૉટ્સ ઍપ... વન મિનિટ ઍગો!!'





## પતિઓ માટે જ્ઞાન

પ્રિય પતિઓ, જે દિવસે ઘરમાં કામવાળી ના આવવાની હોય એ દિવસે પત્ની જોડે લમણાકૂટ કરશો નહીં. બાકી ભોગ તમારા...

પતિઓને બીજી સલાહ : ફ્રીજમાંથી પાણીની બોટલ કાઢો તો પાછી ભરીને જ મૂકવી. નહિંતર લેક્ચર પાણીની બોટલથી શરૂ થઈને દારૂની બોટલ આગળ પૂરું થશે.

## ત્રણ પુસ્તકો

નહેરુજીએ જેલમાં એક પુસ્તક લખ્યું હતું : 'ભારત એક ખોજ.'
મોદીજી પ્લેનમાં એક પુસ્તક લખી રહ્યા છે : 'ભ્રમણ એક મોજ.'
અને સોનિયાજી એક પુસ્તક લખવાના છે : 'પપ્પુ એક ખોજ.'


## સુપર શાયરી

ગાયે 'હાથી'ને ઢીંક મારી. હાથી પડી ગયો. એનો પગ ભાંગ્યો. 'માંકડ' ત્યાંથી પસાર થતો હતો. એ હાથીને રીક્ષામાં બેસાડીને 'ઘોડા' પાસે લઈ ગયો. ઘોડાએ સળિયો નાખીને હાડકું ફીટ કરી દીધું...

ભાઈ, આ બનાવ કોઈ જંગલમાં નહીં, માત્ર કોઈ એક જ્ઞાતિમાં આવું થાય...!!

## ખાનગી

એક સાહિત્યકાર એના એક મિત્રને ખાનગીમાં કહેતા હતા, 'યાર કોઈને કહેતા નહિ... પણ મેં મારો ઍવોર્ડ પાછો આપ્યો ત્યારે જ લોકોને ખબર પડી કે મને કોઈ ઍવોર્ડ મળ્યો હતો!'





# જોક્સ જંકશન



### ઇન્ટરવ્યુ

બિલ ગેટ્સની કંપનીમાં એકવાર પ્રોગ્રામરની જોબ માટે ૧૦૦૦ ઉમેદવારો આવ્યા. એમાં એક ગુજરાતી પણ હતો.

બિલ ગેટ્સે આવીને કહ્યું, 'જેમને કોમ્પ્યુટરની જાવા લેંગ્વેજ નથી આવડતી એ મહેરબાની કરીને ચાલ્યા જાય.

લગભગ ૪૦૦ જણા જતા રહ્યા. ગુજરાતીને થયું ઠીક છે, પણ ટ્રાય કરવામાં શું જાય છે?

બિલ ગેટ્સે કહ્યું, 'જેની પાસે કોઈ કંપનીમાં મેનેજમેન્ટ જોબનો મિનિમમ બે વરસનો અનુભવ ન હોય એ જતા રહો.'

બીજા ૩૦૦ જણા જતા રહ્યા. ગુજરાતીને થયું, આપણે તો નવા છીએ. પણ ટ્રાય કરવામાં શું જાય છે?

બિલ ગેટ્સે કહ્યું, 'ભાઈ, મારે તો આરબ કન્ટ્રીઝમાં કામ કરવાનું છે એટલે જેમણે એ દેશો સાથે કામ કરવાનો અનુભવ ન હોય એ પ્લીઝ જતા રહો.'

વધુ ૨૦૦ જણા હોલ છોડીને જતા રહ્યા. ગુજરાતીને થયું આપણે તો ગુજરાતનીયે બહાર નથી ગયા, પણ ટ્રાય કરવામાં શું જાય છે?

છેવટે બિલ ગેટ્સે કીધું, 'મારે ઇઝરાયેલમાં બિઝનેસ માટે પ્રોગ્રામર જોઈએ છે. એટલે જેને હિબ્રુ ભાષા ના આવડતી હોય એ પ્લીઝ જતા રહો...'

બાકી રહેલા ૧૦૦માંથી ૯૮ જણા જતા રહ્યા. બાકી બચ્યા બે. આપણા ગુજ્જુભાઈ અને બીજો એક. બિલ ગેટ્સે કહ્યું, 'ઠીક છે. હવે તમે બંને એકબીજા જોડે હિબ્રુમાં વાત કરો.

ગુજ્જુભાઈને થયું કે બિલ ગેટ્સને પણ ક્યાં હિબ્રુ આવડતું હશે! એટલે એણે બીજા ઉમેદવારને કીધું, 'અલ્યા હું તો ગુજરાતી છું. તમે કેમ છો?'

બીજો બોલ્યો, 'અલ્યા... મજામાં હોં...'

### બેસ્ટ ઓફ ઓલ

ભારતમાં જ્ઞાન વહેંચતી ૭ સૌથી મોટી યુનિવર્સિટીઓ આ મુજબ છે :

૧. સોસાયટીનો બાંકડો
૨. પાનનો ગલ્લો
૩. હેરકટિંગની દુકાન
૪. સિનિયર સિટીઝનની મંડળી
૫. દારૂ પીધેલો માણસ
૬. ટ્રેનનો જનરલ ડબ્બો
૭. વોટ્સ-એપ...

### શાયરી

જલી કો આગ કહતે હૈ
બુઝી કો રાખ કહતે હૈં.
મગર જીસકા મિસ-કોલ
દેખતે હી દારૂ ઉતર જાયે
...ઉસે વાઈફ કહતે હૈ.
આઈવો, આઈવો... પાંચ મિનિટમાં...

### SMS

**In a park, some ladies would always be talking and laughing loudly, everyday.**

**But one day they were all silent. So an old man went and asked, 'what happened? why are you all so silent?'**

**One lady replied, "Everybody is present today!"**

### લોચો

પોલીસ : (રાજુ રોમિયોને) અલ્યા, તારી ગર્લફ્રેન્ડ ખોવાઈ ગઈ છે તો પોલીસમાં કમ્પ્લેઇન કેમ નથી લખાવતો?

રાજુ રોમિયો : આની પહેલાં મારી બાઈક ખોવાઈ ગયેલી ત્યારે પોલીસવાળાઓએ ૧૫ દિવસ ચલાવીને પછી પાછી આપી હતી.



### સવાલ છે

ટીચર : એકને છોડીને બધી છોકરીઓને બહેન માનવી જોઈએ.

ગટુ : જાવ, જાવ, હું ના માનું... એ બધીનું મામેરું કોણ કરશે, તમારો બાપો?

## સુવર્ણ પ્રભાત

*અણચિંતવ્યુ મૃત્યુ આવી ઊભું કહે તું ચાલ મારી સાથ*
*મારે સાંભળવી નથી તારી કોઈ વાત.*

*તૈયારી નથી કરી મેં તારી સાથે ચાલવાની,*
*અડધી વીતી ગઈ છે આ રાત.*

*મૃત્યુ કહે સમય થાય જેનો પૂરો, તેને ઉઠાવી લઉં રાતવરાત,*
*એમાં ન નિરખવી મારે નાત કે કોઈ જાત*

*કહેવાઈ ગયું મારાથી મૃત્યુને કે, મારી સાથે તો છે જગતનો નાથ,*
*તેનો શાને હું છોડું સંગાથ?*

*કહે મૃત્યુ મને, તેણે તો મને મોકલ્યો છે, તારી પ્રતિક્ષા કરે જગનો તાત*

*ચાલ, ચાલ, અત્યારે જ હું આવું છું તારી સાથે*
*છેવટ તેં મને કર્યો મહાત*

*જગતનો નિયંતાજ મૃત્યુને મોકલે, એવું સમજતા જ આજે*
*મારું ઊગ્યું સુવર્ણ પ્રભાત.*

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**
**મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬**

## ભરતકલા

રણ ધરિયાને ડુંગરા કચ્છ સંસ્કૃતિજી કલા
આહીર પંથક અજબજો વખાણીયેં ભલભલા
હસ્તકળાને કલામેં વટ આહીર પટ વલા
ટાંકા લગેં ટેરવેસેં ભરત કમમેં ભલા
ન વખાણ કચ્છજા ઠલા
ડંકો દેશ વિદેશમેં....

ડંકો દેશ વિદેશમેં હસ્તકલા હબાય
જીંકડી ઢોરી ધ્રંગ લોડાઇ કુનરીયે કોટાય
પડધા તોરણ ચાકડા નમૂના નવા ડિસાય
ધરમપરને ધાણેટી ભરતકલા ભરાય
કધર કલાજી આય
ભરતકમજી ભોમકા....

ભરતકમજી ભોમકા મહિલાઉં રેં મામુર
ગ્રામીણકલા ગજે વિઠી રોજગારી ભરપૂર
સહયોગ મિલે સરકારજો મહેનતાણેં જો મુર
રંગ જમે રણોત્સવમેં માર્કેટિંગજી જરૂર
ભાવિ પેઢીજો નૂર
'પ્રભુ' ભરતગુંથણ જા ગામડા

**પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ, કચ્છ**

## અંજળ થઈએ

દીવો થઈને ઝળહળ થઈએ,
અજવાળાનું અંજળ થઈએ.

કુદરતના ધાવણ ધાવીને,
તાજા-માજા હરપળ થઈએ.

વજ્ર જેવી છાતી રાખી;
ફૂલો જેવા કોમળ થઈએ.

એક વચન ગુલાબી આપી,
કેમ કથોરાં બાવળ થઈએ?

ક્યાંક મળે સંતપ્ત હૃદય તો;
ઝરમર ઝરમર વાદળ થઈએ.

હોય પ્રણય ભરપૂર છલોછલ;
એ નયનોનું કાજળ થઈએ.

જીવન એક કવન છે સુંદર;
લખવા કોરો કાગળ થઈએ.

**દક્ષા બી. સંઘવી - ગાંધીધામ**
**મો. ૯૪૨૭૦ ૧૪૬૪૦**

## દીપાવલી

દિવાળી આવી (૨) અમાસના દિવસે રોશની લાવી
નૂતન વર્ષનો પ્રકાશ, ઉત્સાહનો સંદેશો લાવી.

આસોપાલવના હારથી હરિયાળાં તોરણિયાં બંધાવ્યાં,
ઝગમગાટ કરતાં દીપોત્સવીનાં કોડિયાં પ્રગટાવ્યાં
અંધકારમય ચિત્તમાં ઉમંગ ચેતના લાવી.... ૧

નરકાસુરના બંધનમાંથી રાજકન્યાઓને મુક્તિ અપાવી,
જીવનમાં અસુર તત્ત્વોનો નાશ કરી ચેતના જગાવી,
શ્રીકૃષ્ણ કૃપાચિત્માં નવી દિશા ગતિ લાવી. ... ૨

હૃદયનાં દેવાલયને અજવાળે ને ખિલવે એ જ દિવાળી,
અન્યનું જીવન કરે પ્રકાશિત તો જ સાર્થક બને દિવાળી,
સદ્ભાવનાની વાટથી માનવ સેવાની મહાજ્યોત પ્રગટાવી... ૩

**મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ**

## હાઇકુ

મહાસાગર
મસ્તી માણે હવે
ડરે માનવી!

અત્યાચારને
આતંક વિશ્વ મહીં
ને ધરા ધ્રુજે!

## શિકાયત છે?

**(હાસ્ય + ગઝલ = હઝલ)**

અમારાથી અમોને પણ જુઓ કેવી મહોબ્બત છે,
ઉખેડી નાખીને જડમૂળથી એવી શિકાયત છે.

પરાયા વેર લે તે તો અમે ફરિયાદ ના કરતે,
અમારાઓએ લૂંટ્યા છે, અમારી એ શિકાયત છે.

તમે આવો જરા બેસો અને કંઈ વાત તો છેડો,
સુહાની રાત છે, તારા ને ફૂલોનીય રંગત છે.

તમારી નવજુવાની જોઈ હું ચકચૂર થઈ બેઠો,
મદિલી આંખમાં જાણે મદિરા છે કે શરબત છે.

નયન નીચાં જ ઢાળી દો, રહેવા દો બધા નખરા,
તમારા એક ઈશારા પર અહીં જાગી કયામત છે.

મહોબ્બતમાં તડપતા દિલની આહો ને નિસાસા છે,
પ્રણયપંથે જનારાની અનોખી એક હકીકત છે.

વ્યથા ને દર્દે ગમમાં હું રડીને રાત વિતાવું છું,
તમે જોઈ રહ્યા છો ને કહો છો કેવી તબિયત છે.

ખબર નહોતી પ્રણયપંથે અમે વેચાઈ જાવાના,
હવે 'ગોલીબાર'ના દિલ પર તમારી આ હકુમત છે.

*એન. જે. ગોલીબાર*

## જીવન

ઝેરના ઘૂંટ જેવું કડવું જીવન,
ને ભરેલા નાળિયેર જેવું છે જીવન.

સંગ્રહ કરેલું બધું અહીં રહી જશે,
ને કરેલું કાર્ય યાદ સૌ કરતા રહેશે.

તુજ મિલનની આશ રહે સદા
પ્રેમની યાદથી મને તો સારું લાગે જીવન

લાગણીના પુષ્પો ચડાવી યાદ કરશે!
એજ આશાએ જીવી જીવન મહીં હવે.

આમ તો 'દિલકશ' નઠારું છે જીવન,
પણ સૌ મળે પ્રેમથી લાગણી લાવે જીવન.

સ્નેહના સંબંધોને શું નામ આપું હવે,
કેમ કે સદા બંધાયું છે હવે જીવન.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## સર્જન

સર્જન વેદના વિના ક્યાંય થાય છે?
ટાંકણા વિના શું મૂર્તિ ઘડાય છે?
તો પછી જીવ, તું કેમ આટલો મૂંઝાય છે?

એક બીજ જેટલી શ્રદ્ધાથી દટાય છે,
અંધારામાં જાતને ભૂલી જાય છે,
ત્યારે જ લીલી-શી કૂંપળ દેખાય છે.

નાનકડું ઝરણું જ્યારે સપનું જુએ છે,
મોટા પહાડોને જોઈ શું રોવે છે?
એ તો, કલકલ કરતું મસ્તીથી કૂદી જાય છે.

જાગ, આંખો ખોલવાથી ના ઈન્કાર કર,
હકીકતનો શ્રદ્ધાથી સ્વીકાર કર,
જેવો તું ખુદને ભૂલી જાય છે,
તારામાં જ ઈશ્વર પ્રગટ થાય છે.

★

## "...એ વિશ્રામ છે!"

ડરો નહીં! એ વિશ્રામ છે,
થાકેલા આ તનનો આરામ છે.

અહીં રહી જાય છે, એ તો અહીંનું હતું,
જીવને ભારે કરીને આપણે શું કામ છે?

જીવનભર કરેલી ઓળખાણ છોડી દો હવે,
ફરી નવી ગિલ્લી અને નવો દાવ છે.

ખરેખર એના એજથી થાક લાગત,
માટે જ તમને નવા કરવાનો ઈંતજામ છે.

અંતરના અજવાળાં સતત સાથે જ છે,
પછી મોતના અંધારાનો ડર બેકાર છે.

*– બીના પીયૂષ ભણસાળી*

કવિતા એ છે
કવિ દુઃખ વ્યક્ત
કરવા વાત

દિલના ભાવ
કેટલા જીવનમાં
યાદ આવે છે!

## મુક્તક

*કદીક સમય ના મળે રાહમાં, તો ક્યારેક સમયને મોકો ન મળે.*
*સમયને મોકો મળે તો પ્યાર ન મળે, તો મુડ એકમેકનો 'દિલકશ' ન મળે.*

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# અન્ય સંસ્થા સમાચાર

## ‘ચક્રમ’નો ચમત્કાર

**“ચિત્રલેખા” -૬૮ વાર્ષિક વિશેષાંક-૨૦૧૮માં ૫૧ ગૌરવવંતા ગુજરાતીઓના વૃત્તાંતમાં ‘ચક્રમ-ચંદન’ મેગેઝિનના તંત્રી અને નવલકથાકાર શ્રી ભોલાભાઈ ગોલીબારનો ગૌરવપ્રદ સમાવેશ.**

‘ચક્રમ’ શબ્દ સાંભળતાવેંત ભાન વગરનું કે ઓછી અક્કલવાળું પાત્ર યાદ આવે. આમ છતાંય કોઈ વ્યક્તિ ગુજરાતી મેગેઝિનનું નામ ‘ચક્રમ’ રાખે ખરી?

જોકે, એક અમદાવાદીએ હિંમત કરી. એને અપેક્ષાથી અધિક સફળતા પણ મળી. નામ નૂર મોહમ્મદ જુસબ સમાણા. જ્ઞાતિ કચ્છી મેમણ-મુસ્લિમ. એ જીવનગુજારો ચલાવવા અમદાવાદમાં ‘એક આનાની ગોળી (પિપરમિન્ટ) બાર’ બૂમો પાડીને વેચતા. એથી લોકો એમને ‘ગોલીબાર’ કહેતા, જે એમની ચિરંજીવ ઓળખ-અટક બની ગઈ.

એમણે ૧૯૪૩માં ગુજરાતી મેગેઝિન ‘સંગીત’ અને ચાર વર્ષ પછી જોક્સ-ટુચકાનું પ્રથમ ગુજરાતી માસિક મેગેઝિન ‘ચક્રમ’ શરૂ કર્યું. ‘ચક્રમ’ નામ રાખવાનું કારણ એ કે નૂર મોહમ્મદ હોશિયાર ન હોવાથી પિતા એને ‘ચક્રમ’ કહી ઠપકો આપતા. એતી નૂર મોહમ્મદે નક્કી કર્યું, ‘ચક્રમ બનીને જીવીશ... ચક્રમ બનીને કમાઈશ.’ નૂર મોહમ્મદ જુસબ (એન.જે.) ‘ગોલીબાર’ને ‘ચિત્રલેખા’ના સંસ્થાપક વજુ કોટક સાથે સારી મૈત્રી.

ફાતિમા-નૂર મોહમ્મદને પાંચ સંતાનમાં સૌથી નાનો પુત્ર યુનુસ. એ ભોળા સ્વભાવના લીધે છેતરાતો હોવાથી અમ્મા ફાતિમા એને હંમેશાં ‘ભોળો’ કહેતાં. એ પરથી યુનુસને લોકો ‘ભોળાભાઈ’ તરીકે ઓળખતા.

૧૯૬૬માં નૂરભાઈ જન્નતનશીન થયા એટલે મોટા પુત્ર હારુને ‘ચક્રમ’ સંભાળ્યું. એ વખતે ભોળો ભણતો. એણે અમદાવાદમાં એમ.એ. અને મુંબઈની જર્નાલિઝમની ડિગ્રી લીધી. હારૂન જન્નતનશીન થયા બાદ યુનુસ નૂર મોહમ્મદ (વાય.એન.) ગોલીબાર ઉર્ફે ભોળાભાઈ ગોલીબાર ‘ચક્રમ’ના સુકાની બન્યા.

૧૯૭૬માં ભોળાભાઈએ ચોંકાવનારો નિર્ણય લીધો. એમણે ‘ચક્રમ’ના ટાઈટલ પર લખાણ મૂક્યું : ‘એક પણ જાહેરખબર વિનાનું દુનિયાનું એકમાત્ર સાપ્તાહિક.’ અસામાન્ય નામ પછી ‘ચક્રમ’ માટે આ બીજો કસોટી કાળ, જે સફળ થયો અને વિખ્યાત પણ પામ્યો. ‘લિમ્કા બુક ઑફ રેકોર્ડ્ઝે’ પણ એની નોંધ લીધી છે.

‘જાહેરખબરની આવક વિના લાંબા સમય સુધી મેગેઝિન કેવી રીતે ચલાવી શકાય?’


જવાબમાં ‘ચક્રમ’ના સહસ્થાપક અને તંત્રી ૬૯ વર્ષી ભોળાભાઈ ગોલીબાર કહે છે, ‘જર્નાલિઝમના પ્રોફેસર કહેતા હતા કે, ‘જાહેરખબર વિના છાપું-મેગેઝિન ચલાવવું અશક્ય છે.’ મેં એને પડકાર માની લઈને ૧૯૭૬થી ‘ચક્રમ’માં જાહેરાતો લેવાની બંધ કરી. સાથે ‘બચત, બીજો ભાઈ છે’ કહેવત ચરિતાર્થ કરવા માટે મેગેઝિનના લેખન-પ્રકાશનથી વેચાણ સુધીની કામગીરી પરિવારના સભ્યોને સોંપી. એથી પગારખર્ચ બચે છે. કામ વધુ સારી રીતે થાય છે. સમય જતાં ભોળાભાઈએ ‘ચક્રમ’માં નવા વિભાગ ઉમેર્યા. હાસ્ય મેગેઝિનને ફેમિલી મેગિઝિનની ઓળખ અપાવવા નવા વિભાગ ઉમેરીને, ૧૯૮૭માં નવું નામકરણ કર્યું ‘ચક્રમ-ચંદન.’ એમાં વર્ષોથી ચાલતી હાસ્યરસિક સવાલ-જવાબની કોલમ ‘અજબ સવાલોના ગજબ જવાબો’ આજે પણ લોકપ્રિય છે. આ જવાબ ભોળાભાઈ આપે છે તેમજ નિયમિત ધોરણે નવલકથા પણ લખે છે. જાણીને નવાઈ લાગશે કે ભોળાભાઈની ‘ચક્રમ’માં ૪૮ વર્ષમાં ૬૨ હોરર સહિત ૧૭૩ નવલકથા પ્રકાશિત થઈ. જેમાં ક્રાઈમ થ્રિલર, સસ્પેન્સ થ્રિલર, સોશિયલ થ્રિલર નવલકથા હતી. ઉપરાંત ભૂતપ્રેત, ખવીસ, ડાકણ, ચુડેલ, જિન્નાત, અઘોરી વગેરે ઓછા ખેડાયેલા વિષય પર એમની અચ્છી હથોટી.

મિલનસાર સ્વભાવ ધરાવતા ભોળાભાઈ નવાજૂની જાણવા - જણાવવાના શોખીન છે. ‘ગોલીબાર’ અટક છતાંય બોલવામાં મીઠા છે. એમને ‘કચ્છ શક્તિ પત્રકાર ઍવોર્ડ’ તેમજ ‘વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન’નો ‘આઉટસ્ટેન્ડિંગ એચિવમેન્ટ’ વગેરે ઍવોર્ડ મળ્યા છે.

‘ચક્રમ’ પ્રકાશનમાં ગોલીબાર ફેમિલીની ત્રીજી પેઢી એટલે કે ભોળાભાઈના પુત્ર યાસીન, મોહસીન અને રિઝવાન સક્રિય છે. પરિવારભાવનાથી વેપાર સફળ થયો. નામ ‘ચક્રમ’, છતાં એ નામે ગુજરાતી પત્રકારત્વમાં આજે ચમત્કાર સર્જ્યો છે.

‘ચક્રમ-ચંદન’ સાપ્તાહિકને મળેલી સફળતા ‘ચંદન’ના લાખો વાચકોના સાથ-સહકાર અને આશીર્વાદની કમાલ છે... એમ ‘ચક્રમ-ચંદન’ના પરિવારનું કહેવું છે.

*લખનઉની બડા ઈમામવાડા ગુરુત્વાકર્ષણ વિરોધી ઈમારત છે જે કોઈ પણ બીમ કે થાંભલા વગર ઊભી છે. તેને અવધના નવાબ આસફ ઉદ્દૌલાએ ૧૮મી સદીમાં બનાવી હતી.*



## ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેનની ગુજરાત ઇલેકટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)ની સપ્લાય કોડ રીવ્યુ પેનલમાં વરણી

ગુજરાત ઈલેકટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)ની સપ્લાય કોડ રીવ્યુ પેનલની તાજેતરમાં પુનઃ રચના કરવામાં આવેલ છે. જેમાં મૂળ નલિયા - કચ્છના અને હાલે ભાવનગર સ્થિત ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની ઉપરોક્ત કમિટીમાં પાંચમી ટર્મ માટે નિમણૂંક કરવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઈ આ સંસ્થા સાથે છેલ્લા ૩૨ વર્ષથી સક્રિય રીતે સંકળાયેલા છે. ભાવનગર કચ્છ સમાજના તેઓ સ્થાપક પ્રમુખ છે. આ ઉપરાંત તેઓ સ્થાનિકની અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

# આંજો કાગર

### કચ્છના સમાચાર માટે : વલોવતન

વતનથી દૂર રહેતા લોકોને પોતાની માતૃભૂમિની યાદ સતાવતી હોય છે અને ત્યાંના સમાચાર જાણવા ઉત્સુક હોય છે. આ કમી ‘મંગલ મંદિર’માં પ્રકાશિત થતી કોલમ ‘વલોવતન’ દ્વારા દૂર થાય છે. આ વિભાગમાં વિવિધ પ્રકારના સમાચારો નિયમિત પ્રસિદ્ધ થતા રહે છે અને તેથી વાચકો વતનના સંપર્કમાં રહે છે. આ સમાચારોનું સંકલન કરનાર ધન્યવાદને પાત્ર છે અને આ પ્રમાણે નિયમિત સમાચારોનો રસથાળ પીરસતા રહે તેવી અમારી શુભ કામના.

*ખુશમન ગુલાબચંદ શાહ - અમદાવાદ*

★

### સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ‘મંગલ મંદિર’ના ઓક્ટોબર-૨૦૧૮ના અંક અંગેનો પ્રતિભાવ (2 IN ONE!)

ત્રિવેણી સંગમ સમો વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ અંગેનો વિસ્તૃત અહેવાલ ‘મંગલ મંદિર’માં શ્રી દિનેશ આર. મહેતા દ્વારા બહુ સરસ રીતે અપાયેલ છે — Which is self Explanatory! હવે આ ત્રિવેણી સંગમ સાથે ‘મંગલ મંદિર’ના અંકને પણ જોડીએ તો ‘ચતુષ્કોણીય’ પ્રતિભાવ આ પ્રમાણે આપી શકાય!

### સાંસ્કૃતિક પ્રોગ્રામ અંગે

આમ તો બધા કલાકારોએ સુંદર કલા પ્રદર્શિત કરી હતી પરંતુ બધાના નામ અહીં લખવા બેસીએ તો ‘મંગલ મંદિર’નો સ્પેશિયલ અંક બહાર પાડવો પડે! તેથી જેને ‘Once more’ મળ્યો હોય તેવા એકાદ ગીતનો અહીં ઉલ્લેખ કરીએ.

‘રંગીલો મારો ઢોલ...’ ગીતની ખૂબ જ સરસ રીતે રજૂઆત થઈ હતી. સુશ્રી કેતકી મહેતા અને સહકલાકારને અભિનંદન.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખાસ ધ્યાન ખેંચે તેવો એક પોઈન્ટ એ છે કે — આઈટેમ્સ એ રીતે રજૂ થઈ રહી હતી કે બે આઈટમ્સ વચ્ચે એક સેકન્ડ જેટલો ‘માઈક્રો વિરામ’ પણ નો’તો આવતો! નહીં તો ઘણીવાર એવું બનતું હોય છે કે બે આઈટેમ્સ વચ્ચે ‘મિનિટો’નો વિરામ આવી જતો હોય છે અને ત્યારે પ્રેક્ષકોને એક-એક મિનિટ એક-એક કલાક જેટલી લાંબી લાગતી હોય છે!

છેલ્લે ‘એવરગ્રીન એન્કરિંગ’ બદલ શ્રીમતી અલ્પા શાહને પણ ખૂબ ખૂબ અભિનંદન.

ટૂંકમાં સરસ્વતી સન્માન સમિતિ, સાંસ્કૃતિક સમિતિ તેમજ યુવા વિકાસ સમિતિના કન્વીનરશ્રીઓ તેમજ સભ્યશ્રીઓને પણ ખૂબ ખૂબ અભિનંદન. ભવિષ્યમાં પણ આવા સુંદર કાર્યક્રમો આપવા માટે — ‘લગે રહો!’

### મંગલ મંદિર : ઓક્ટોબર-૨૦૧૮

ધ્યાન ખેંચે તેવા અને રસપ્રદ તેમજ માહિતીસભર વાંચન સામગ્રી ધરાવતા લેખો / કૃતિ આ રીતે આપી શકાય :

- ‘શિક્ષણ પદ્ધતિમાં પાયાની ખામી અને વર્તમાન સ્થિતિ’ અંગેનો તંત્રીલેખ.
- ૨૦૧૮ના બાકીના તહેવારોની યાદી ઘણાને ઘણી રીતે ઉપયોગી થશે!
- ગુજરાતી સાહિત્યના અદ્‌ભુત ‘શેર’. (ગુજરાતના ગૌરવ સમાન ‘સિંહ’ જેવા!)
- પર્યટન ક્ષેત્ર — ‘ક્રુઝ ટૂરિઝમ’ અંગેનો શ્રી ભરત‘કુમાર’ ઠાકરનો લેખ. ‘પ્રવાસ’ એ આ પ્રતિભાવ લખનારને ‘First Love’ છે તેથી મને સવિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે!
- ગુજરાત રાજ્યમાં અત્યાર સુધી બનાવવામાં આવેલ વિશેષ વનોની યાદી.
- અભૂતપૂર્વ વારસા સમાન અને ઐતિહાસિક ધરોહર અમદાવાદની પોળોનાં પ્રાચીન જિનાલયો અંગેનો શ્રી દિનેશ મહેતાનો અહેવાલ.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર (મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧)*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કુરો કમ આય અધા?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં રામુદાદા રેંતા સે રોજ બપોર થીયે તેં પુઆ કન સાફ કરેજી કાની ક જેમેં કપ્પા લગેલો વે સે (ઇયર બડ) ખણેને પંઢજે રૂમજી બાર ઊભા ઊભા ભત મથે ઘસેને કીંક સાફ કંઇધા વેંતા પણ હેડો કુલા કંઇયેંતા સે મુંકે સમજાજે નતો. અનીંજો મગજ તા ભરોભર આયન? રોજ સત-અઠ કાનીયું સાફ કરે પુઆ વેનાઇયેંતા. સે જરા તપાસ કેને મુંકે ચોંતા...

બચુડો : (તપાસ કરેને ચેં) રામુદાદાજો મગજ તા ભરાભર આય પણ રામુદાદા સુણ્યા વા કે ભતકે પણ કન આંઇ. અતરે ઇ રોજ ભત સાફ કંઇયેતા.

## ખિલજા મ ભલા

કેશાભાઈ : (ભુલાભાઈને) આજે તો મારું ખિસ્સુ કપાઇ ગયું પણ તારા ભાભીએ મારા પૈસા બચાવી લીધા.

ભુલાભાઈ: લીલાભાભીએ ખિસ્સા કાતરૂને પકડી લીધો?

કેશાભાઈ : ના ભાઈ ના, એ તો મારી સાથે હતી જ નહીં.

ભુલાભાઈ: તો...?

કેશાભાઈ : આજે સવારે હું ઉઠ્યો તે પહેલા જ લીલાએ મારું પાકીટ ખંખેરી લીધું હતું.

ભુલાભાઈ: બિચારા ખિસ્સા કાતરૂને મહેનત માથે પડી.

☺ ☺ ☺ ☺ ☺

રેલવે સ્ટેશન પર પત્ની (પતિને) : તરસ લાગી છે. પાણી લઈ આવો ને...

પતિ : એવું કરીએ, ગુલાબજાંબુ અને રસમલાઇ પણ લઈ આવું.

પત્ની : જલ્દી કરો... સાંભળીને જ મોઢામાં પાણી આવી ગયું.

પતિ : સારું. તો હવે એ પાણીથી જ કામ ચલાવી લે.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : (દર્દીને) શું તમે શરાબ પીવો છો?

દર્દી : હા સાહેબ.

ડૉક્ટર : તો તમારે ખૂબ મહેનત - કસરત કરવી પડશે.

દર્દી : હું શરાબના અડ્ડા સુધી ચાલીને જ જાઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

પોલિંગ ઑફિસર : અરે મતદાર ભાઈ, આમ ક્યારના ઇ.વી.એમ. મશીન પાસે ઊભા ઊભા શું વિચારો છો?

મતદાર : રાત્રે કોણે પીવડાવ્યું હતું તે યાદ નથી આવતું.

☺ ☺ ☺ ☺ ☺

ધનીયો : હું તને સો રૂપિયા આપું તો તું શું કરે?

મનીયો : વિચાર અને તપાસ.

ધનીયો : એટલે?

મનીયો : એટલે પ્રથમ વિચારું કે તારી પાસે ૧૦૦ રૂપિયા ક્યાંથી આવ્યા અને પછી મારું ખિસ્સું તપાસું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મોન્ટુ, કહે તો તારા પપ્પા શું કરે છે?

મોન્ટુ : એ તો મારી મમ્મી કહે તે જ કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : (રેડિમેડ શોપમાં) કોઈ સારું શર્ટ બતાવોને...

સેલ્સમેન : આ લઈ જાવ. પીટર ઇંગ્લેન્ડનું શાનદાર શર્ટ છે.

ગ્રાહક : કેટલાનું છે?

સેલ્સમેન : ૫,૦૦૦ રૂપિયાનું

ગ્રાહક : પીટર અમદાવાદ કે પીટર મહેમદાવાદ બતાવોને... પીટર મહેસાણા પણ ચાલશે... બજેટ ઓછું પડે છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ગ્રીસના એલેકઝાન્ડર ધ ગ્રેટ અને ભારતના અશોક ધ ગ્રેટ વચ્ચે શું સામ્ય છે?

ટીનુ : સાહેબ, સાવ સહેલું છે. બંનેના બાપનું નામ સરખું છે.

☺ ☺ ☺ ☺ ☺

જુહારમલ : આજકાલ તું શું કામ કરે છે?

મોટુમલ : યાર, આજકાલ તો હું એવી જગ્યાએ કામ કરું છું કે જ્યાં મારી નીચે ૨૦૦ માણસો છે.

જુહારમલ : એવી તો કઈ જગ્યાએ કામ કરે છે?

મોટુમલ : કબ્રસ્તાનમાં ઘાસ નાખવાની નોકરી મળી છે.

☺ ☺ ☺ ☺ ☺

મનીયો : લ્યો શેઠ, આ તમારી ટપાલ ભૂલમાં મારા ઘરે આવી ગઈ હતી.

મનુશેઠ : આભાર તારો. બેસ જરા હું હિસાબ લખી લઉં.

મનીયો : બેઠાબેઠા શેઠ તમારી મોટાભાગની સીંગ તો હું જ ખાઈ ગયો. તમારા માટે થોડી જ રહી છે.

મનુશેઠ : કોઈ વાંધો નહીં. આમ પણ આ સીંગ મારે કોઈ કામની નહોતી. મારા દાંત પડાવી નાખ્યા છે. એટલે ઉપરની ચોકલેટ ચુસી ચુસીને મેં સીંગ આ રકાબીમાં મૂકી રાખી હતી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine® શબ્દ રમત-૧૪૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | | ૫ | | ૬ | | |
| ૭ | | | | | | ૮ | | | | | ૯ |
| ૧૦ | | | | | ૧૧ | | | | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | ૧૬ | ૧૭ | | | | ૧૮ | | ૧૯ | |
| | | ૨૦ | | | | ૨૧ | ૨૨ | | ૨૩ | | |
| ૨૪ | ૨૫ | | | | ૨૬ | | | | ૨૭ | ૨૮ | |
| | | | ૨૯ | ૩૦ | | | ૩૧ | ૩૨ | | | |
| ૩૩ | | | | | | ૩૪ | | ૩૫ | ૩૬ | ૩૭ | |
| ૩૮ | | | ૩૯ | | ૪૦ | | ૪૧ | | | | |
| | | ૪૨ | | ૪૩ | | | | | | | ૪૪ |
| ૪૫ | | | ૪૬ | | | | ૪૭ | | | | |
| | | ૪૮ | | | | ૪૯ | | | | ૫૦ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૧૧-૨૦૧૮)*

### આડી ચાવીઓ

૧. શાંત, ધીર, સહિષ્ણુ સ્વભાવનું (૬)
૫. કલ્પના, અનુમાન (૪)
૭. બ્રાહ્મણ, વડવાગ્નિ (૩)
૮. જાડું, કદાવર, પાંચ પાંડવ પૈકી એક (૨)
૧૦. ભાગ્ય, નસીબ (અં) (૨)
૧૧. કપડાનો ગળા માટેનો સીવણનો ભાગ (અં) (૩)
૧૨. ખેલ, ક્રીડા (૩)
૧૩. અભિપ્રાય, વોટ (૨)
૧૪. કર્તવ્યવાળું, ફરજવાળું, જવાબદારીવાળું (૫)
૧૮. પરોઢિયું, મળસકું (૧)
૧૯. ફળનો મુરબ્બો, જામફળ (૨)
૨૦. રાક્ષસ (૩)
૨૧. યાત્રાળુઓનો સમૂહ (૨)
૨૪. સેવક, દાસ (૩)
૨૬. કોલસાવાળો ચૂલો (૩)
૨૭. કીર્તન, નામ સ્મરણ, ભક્તિ (૩)
૨૮. માણસ, જણ (૨)
૨૯. સરળ, સહેલું (૩)
૩૦. ઈશારો, સંકેત (૨)
૩૧. ઓછું, ખરાબ, થોડું (૨)
૩૩. સહચર, એક સાથે યાત્રા કરનાર (૫)
૩૫. યુક્તિ, કરામત (૪)
૩૭. બુધ્ધિ, મતિ, વોટ (૨)
૩૮. રાજાની સ્ત્રી (૨)
૩૯. આફત, ધાક ધમકી (૩)
૪૧. મેળાપ, ભેટો (૪)
૪૩. રજા આપતો કે માગતો કાગળ (૪)
૪૫. ખોદવાનું કામ (૪)
૪૭. ભમરાની માદા, ઘૂમરી, ચકરી (૩)
૪૮. શહેર, પૂર (૩)
૪૯. તસ્કર, ચોરી કરનાર (૨)
૫૦. ભભકો, દેખાવ, છટા (૨)

### ઊભી ચાવીઓ

૧. પ્રશ્નોત્તર, બોલાચાલી (૬)
૨. કૂતરાં - શિયાળવાંને થતો રોગ (૪)
૩. એક સંખ્યા, નવું (૨)
૪. હલકો દેશી દારૂ, આ પીવાથી ઘણા માણસો મરે છે (૨)
૫. મરે નહીં તેવું (૩)
૬. કબુલાત, ઠરાવ (૩)
૮. એક આદિવાસી પ્રજા (૨)
૯. આત્મા (૩)
૧૩. આનંદ, લહેર (૨)
૧૪. ઉત્તર (૩)
૧૫. એક સૂકો મેવો, આ ખાવાથી બુધ્ધિ વધે (૩)
૧૬. પુણ્યાર્થે આપવું તે, દાવ, વારો (૨)
૧૭. અવાજ (૨)
૨૦. પૈસો, ધન, કિંમત, મૂલ્ય (૨)
૨૧. સોબત, સહવાસ (૨)
૨૨. જરા વાર, થોડો વખત (૩)
૨૩. આકાશ (૨)
૨૫. એક છોડ અડકવાથી પાન સંકોચાય (૪)
૨૬. સૂર્ય, પુત્ર (અં) (૨)
૨૮. લોકમત, લોક અભિપ્રાય (૪)
૨૯. સંકટ, મુશ્કેલી (૩)
૩૦. બરદાસ્ત, સેવાચાકરી (૪)
૩૨. સ્ત્રી, વનિતા (૩)
૩૩. કૃતઘ્ની, બદમાશ (૫)
૩૪. રાજા, ____ નવઘણ (૧)
૩૬. કક્કાનો અનુક્રમ (જોડણી છૂટ) (૪)
૪૦. ઠેકો, કોન્ટ્રાક્ટ, કરારથી કરવાનું કામ (૩)
૪૧. થોડું, અલ્પ, મુઠ્ઠીમાં સમાય તેટલું (૪)
૪૨. વસ્તુઓ વેચાય તે જગ્યા (૩)
૪૪. પવિત્ર, શુધ્ધ (૩)
૪૬. એક કઠોળ, ____ લાવે પગ (૨)

*રામેશ્વરના પમ્બન દ્વીપ વિશે કહેવાય છે કે શ્રીરામે લંકા સુધી જવા માટે જે તરતા પથ્થરોનો પુલ બનાવ્યો હતો, એવા પથ્થરો આજે પણ અહીં પ્રાપ્ત થાય છે.*

## NanoNine® શબ્દ રમત-૧૪૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | રિ | મ | લ | ■ | પ | ડ | ઘો | ■ | જ | ન | ની |
| રં | ■ | ઘ | ખા | રો | ■ | ■ | ડ | રી | ■ | ગ | તિ |
| પ | હે | ર | ણ | ■ | બ | રા | સ | ■ | ગો | ■ | મા |
| રા | મ | ■ | ■ | વા | ળ | ■ | વા | રિ | ■ | શા | ન |
| ગ | ■ | ■ | મ | દ | દ | ગા | ર | ■ | અ | ર | ■ |
| ત | લ | સાં | ક | ળી | ■ | ચ | ■ | ■ | ટ | ■ | ચા |
| ■ | શ્ક | ■ | બ | ■ | એ | ક | લ | દો | ક | લ | ■ |
| વ | ર | તા | રો | ■ | ■ | વા | ટ | ■ | ળ | ■ | ■ |
| ન | ■ | વ | ■ | ક | રો | ડ | પ | તિ | ■ | વા | લ |
| વા | વ | ડી | ■ | ર | મ | ■ | ■ | લ | લિ | ત | ■ |
| સ | હી | ■ | ગૌ | દા | ન | ■ | ■ | ■ | ટ | ■ | પા |
| ■ | ■ | સ્થિ | ર | તા | ■ | ■ | સુ | ત | ર | ફે | ણી |

*માસ સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨. મિત મહેતા - અમદાવાદ
૩. સરલા શાહ - અમદાવાદ
૪. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૫. મૂકેશ મૈશેરી - અમદાવાદ
૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૭. સ્મિતા શાહ - અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૯. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૧૦. ચંદુબાઈ કુબડિયા - અમદાવાદ
૧૧. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૨. દમયંતી દંડ - અમદાવાદ
૧૩. નવલ શાહ - અમદાવાદ
૧૪. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૫. રંજન શાહ - અમદાવાદ
૧૬. મહેન્દ્ર પૂજ - અમદાવાદ
૧૭. નિવિતા શાહ - અમદાવાદ
૧૮. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૧૯. અજિત મહેતા - અમદાવાદ
૨૦. સંજય શાહ - અમદાવાદ
૨૧. વિનોદ મહેતા - અમદાવાદ
૨૨. નિખિલ પરીખ - અમદાવાદ
૨૩. ચેતના વોરા - અમદાવાદ
૨૪. જ્યોતિ શાહ - અમદાવાદ
૨૫. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨૬. ચિરાગ ચંદુરા - અમદાવાદ
૨૭. નરેન્દ્ર કોઠારી - અમદાવાદ
૨૮. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૨૯. કંચનબેન મોરબિયા - ભુજ
૩૦. રશ્મિ સાવલા - ભુજ
૩૧. હસ્તી ઠાકર - ભુજ
૩૨. પ્રભા શેઠિયા - વલસાડ
૩૩. હસમુખ દેઢિયા - અડાલજ
૩૪. ચેતના મહેશ્વરી - આદિપુર
૩૫. તારાચંદ મહેતા - ગાંધીધામ
૩૬. નેહલ મહેતા - ગાંધીધામ
૩૭. નિકુંજ મહેતા - ગાંધીધામ
૩૮. ત્રિશા પારેખ - સિકંદ્રાબાદ
૩૯. ગુણવંતી ખંડોર - મુંદ્રા
૪૦. શશીકાંત જેસરાણી - મુંબઈ
૪૧. એન. એચ. શાહ - મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**(૧) તૃપ્તિ સાવલા – અમદાવાદ**
**(૨) નિવિતા શાહ – અમદાવાદ**
**(૩) ત્રિશા પારેખ – સિકંદ્રાબાદ**

## NanoNine *Sudoku*

*સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૪. વિનય સંઘવી - અમદાવાદ
૫. અલ્પા શાહ - અમદાવાદ
૬. જ્યોતિ ગડા - અમદાવાદ
૭. જસ્મીના ગાલા - અમદાવાદ
૮. રોનક શેખ - અમદાવાદ
૯. યશ દંડ - અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૧. સ્મિતા શાહ - અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૩. ખુશ્બુ ધુલ્લા - અમદાવાદ
૧૪. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૫. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ
૧૬. કેવિન શાહ - અમદાવાદ
૧૭. ઈશીતા મારૂ - અમદાવાદ
૧૮. અવંતી દંડ - અમદાવાદ
૧૯. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨૦. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૧. નિવિતા શાહ - અમદાવાદ
૨૨. હર્ષિલ મહેતા - અમદાવાદ
૨૩. ચૈતાલી જૈન - અમદાવાદ
૨૪. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૨૫. અજિત મહેતા - અમદાવાદ
૨૬. ખુશી જૈન - અમદાવાદ
૨૭. ધરા વોરા - અમદાવાદ
૨૮. સંજય શાહ - અમદાવાદ
૨૯. નિખિલ પરીખ - અમદાવાદ
૩૦. વિનોદ મહેતા - અમદાવાદ
૩૧. જ્યોતિ શાહ - અમદાવાદ
૩૨. નયના ગોગરી - અમદાવાદ
૩૩. મિત ગોસર - અમદાવાદ
૩૪. કવિસા ગોસર - અમદાવાદ
૩૫. ચિરાગ ચંદુરા - અમદાવાદ
૩૬. એન.એચ. શાહ - નાગપુર
૩૭. હેમલતા દેઢિયા - અડાલજ
૩૮. કંચનબેન મોરબિયા - ભુજ
૩૯. રશ્મિ સાવલા - ભુજ
૪૦. હસ્તી ઠાકર - ભુજ
૪૧. પ્રભા શેઠિયા - વલસાડ
૪૨. ચેતના મહેશ્વરી - આદિપુર
૪૩. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૪૪. તારાચંદ મહેતા - ગાંધીધામ
૪૫. હર્ષા મહેતા - ગાંધીધામ
૪૬. રિશ્વા મહેતા - ગાંધીધામ
૪૭. ગુણવંતી ખંડોર - મુંદ્રા
૪૮. ચંદ્રિકા શાહ - રાઉરકેલા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર દસ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ : (૧) રોનક શેખ – અમદાવાદ**
**(૨) જ્યોતિ એલ. શાહ – અમદાવાદ**
**(૩) કેવિન શાહ – અમદાવાદ**

## NanoNine® Sudoku

સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૭૯

*સત્તા માટેની કોઈ પણ ખેંચતાણ ન હોવી જોઈએ, શક્તિ માટે અહંકાર કે મહત્વાકાંક્ષા ન હોવાં જોઈએ. કોઈ શક્તિ અથવા શક્તિઓ પ્રાપ્ત થાય તો તેમને પોતાની ન ગણવી, પરંતુ પરમાત્માના હેતુ માટે મળેલી, પરમાત્માની બક્ષિસ તરીકે ગણવી જોઈએ. ખાસ સંભાળ રાખવી કે જે શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેમનો મહાત્વાકાંક્ષા, કુસ્વાર્થ માટે દુરુપયોગ ન થાય. તેમાં ગર્વ કે મિથ્યાભિમાન ન હોવા જોઈએ. પોતે બીજાથી ચઢિયાતો છે એવી ભાવના ન રાખવી. પોતે ફક્ત પ્રકૃતિનું એક સરળ અને શુદ્ધ ચૈતસિક કારણ છે જે કોઈ પણ રીતે પરમાત્માની સેવા માટે જ યોગ્યતા ધરાવે છે, એવી ભાવના રાખવી.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૧૮સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૦૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 9 | 5 | | | | |
| | | 2 | | | 8 | | 6 | |
| 9 | 7 | 8 | | | 1 | | | 3 |
| | | 6 | | | | | 4 | 7 |
| | 9 | 7 | | | | 1 | 8 | |
| 1 | 4 | | | | | 5 | | |
| 8 | | | 1 | | | 6 | 7 | 4 |
| | 1 | | 7 | | | 8 | | |
| | | | | 6 | 5 | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 8 | | | | | | 3 |
| | | | 5 | 6 | | | 1 | 8 |
| | 5 | 9 | | | | | 7 | |
| | 4 | | | | | 7 | | 9 |
| | | 3 | | 4 | | 6 | | |
| 9 | | 2 | | | | | 4 | |
| | 7 | | | | | 9 | 2 | |
| 5 | 9 | | | 3 | 2 | | | |
| 8 | | | | | | 1 | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 3 | | | | | 2 |
| 6 | 9 | | 4 | | | | 3 | |
| | | | | 8 | | 9 | | 7 |
| | | 6 | | | 4 | 7 | 9 | |
| | | 4 | 2 | | 1 | 3 | | |
| | 7 | 3 | 8 | | | 1 | | |
| 4 | | 7 | | 6 | | | | |
| | 3 | | | | 8 | | 5 | 6 |
| 8 | | | | | 3 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 1 | 6 | | | | | |
| | | 8 | 4 | | | 1 | | 3 |
| | 2 | | | | 1 | 9 | | |
| 7 | | | | | | | 3 | |
| | | 3 | 1 | | 9 | 4 | | |
| | 4 | | | | | | | 8 |
| | | 6 | 7 | | | | 9 | |
| 2 | | 7 | | | 4 | 8 | | |
| | | | | | 6 | 2 | | 5 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 9 | 5 | 3 | 6 | 8 | 4 | 2 |
| 2 | 5 | 6 | 4 | 8 | 1 | 3 | 7 | 9 |
| 3 | 4 | 8 | 9 | 7 | 2 | 5 | 6 | 1 |
| 7 | 8 | 3 | 2 | 1 | 9 | 6 | 5 | 4 |
| 4 | 6 | 1 | 8 | 5 | 7 | 2 | 9 | 3 |
| 9 | 2 | 5 | 3 | 6 | 4 | 7 | 1 | 8 |
| 8 | 9 | 7 | 6 | 4 | 3 | 1 | 2 | 5 |
| 6 | 3 | 2 | 1 | 9 | 5 | 4 | 8 | 7 |
| 5 | 1 | 4 | 7 | 2 | 8 | 9 | 3 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 7 | 6 | 3 | 5 | 1 | 4 | 9 |
| 3 | 6 | 4 | 7 | 1 | 9 | 5 | 8 | 2 |
| 5 | 9 | 1 | 2 | 4 | 8 | 7 | 6 | 3 |
| 1 | 7 | 9 | 5 | 6 | 4 | 2 | 3 | 8 |
| 4 | 2 | 5 | 9 | 8 | 3 | 6 | 7 | 1 |
| 6 | 3 | 8 | 1 | 2 | 7 | 4 | 9 | 5 |
| 5 | 1 | 3 | 4 | 7 | 2 | 9 | 5 | 6 |
| 7 | 5 | 2 | 3 | 9 | 6 | 8 | 1 | 4 |
| 9 | 4 | 6 | 8 | 5 | 1 | 3 | 2 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 7 | 5 | 4 | 1 | 8 | 6 | 3 |
| 1 | 6 | 8 | 3 | 7 | 9 | 2 | 4 | 5 |
| 4 | 3 | 5 | 6 | 2 | 8 | 7 | 1 | 9 |
| 2 | 1 | 9 | 8 | 5 | 4 | 6 | 3 | 7 |
| 8 | 7 | 6 | 9 | 3 | 2 | 1 | 5 | 4 |
| 3 | 5 | 4 | 7 | 1 | 6 | 9 | 8 | 2 |
| 6 | 4 | 1 | 2 | 9 | 3 | 5 | 7 | 8 |
| 5 | 9 | 3 | 1 | 8 | 7 | 4 | 2 | 6 |
| 7 | 8 | 2 | 4 | 6 | 5 | 3 | 9 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 7 | 8 | 5 | 9 | 1 | 3 | 2 |
| 5 | 3 | 2 | 7 | 1 | 4 | 6 | 9 | 8 |
| 8 | 9 | 1 | 2 | 3 | 6 | 7 | 4 | 5 |
| 7 | 1 | 8 | 4 | 9 | 3 | 5 | 2 | 6 |
| 9 | 6 | 3 | 1 | 2 | 5 | 8 | 7 | 4 |
| 2 | 5 | 4 | 6 | 7 | 8 | 3 | 1 | 9 |
| 3 | 2 | 9 | 5 | 8 | 7 | 4 | 6 | 1 |
| 4 | 7 | 5 | 9 | 6 | 1 | 2 | 8 | 3 |
| 1 | 8 | 6 | 3 | 4 | 2 | 9 | 5 | 7 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ચાલવાના ફાયદા

- ૨થી ૫ મિનિટ ચાલવાથી અચાનક આવતા મૃત્યુનું ૩૩ ટકા જોખમ ઘટી જાય છે.
- ૫થી ૧૫ મિનિટ ચાલવાથી કાર્ય કરવાની ક્ષમતા ૬૦ ટકા વધી જાય છે.
- ૧૫થી ૨૦ મિનિટ ચાલવાથી બ્લડ સુગર ઘટે છે.
- ૨૦થી ૩૦ મિનિટ ટહેલતા ટહેલતા કુદરતી સૌંદર્ય જોઈને ચાલવાથી નિરાશાજનક વિચારો ઘટી જાય છે.
- ૩૦થી ૩૫ મિનિટ ચાલવાથી હૃદયની બીમારીનું જોખમ ઘટી જાય છે.
- ૪૦થી ૫૦ મિનિટ ચાલવાથી હાઈપર ટેન્શન ઘટે છે.
- ૧૫૦ મિનિટ સ્લો મોશનમાં ચાલવાથી કસરત કે જિમ કરતાં વધુ ફાયદો થાય છે.
- અઠવાડિયામાં ૩ દિવસ ૪૫ મિનિટ ચાલવાથી યાદશક્તિ વધે છે.
- ચાલતી વખતે શાંતિથી અંગુઠાને મુઠ્ઠીની અંદર રાખી, ચારે આંગળી વડે ધીમે ધીમે દબાણ આપીને ચાલવાથી હાઈ બી.પી., લૉ બી.પી. કંટ્રોલમાં રહે છે.

***આમ જો ચાલવાથી જ મફતમાં આટલા બધા ફાયદા મળતા હોય તો શા માટે ના ચાલવું જોઈએ?***

***તો ચાલો, આજથી જ ચાલવાનું ચાલુ કરી દઈએ અને ઘણાબધા રોગમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કરીએ અને બીજાને પણ આ ફાયદા વિશે જણાવીએ.***

★

## મુંબઇનો વિસ્તાર કલ્યાણ અને કલ્યાણજી શિવજી

ઈ.સ. ૧૮૧૯માં કચ્છ અને સિંધની ભૂમિમાં મોટો કુદરતી ફેરફાર થયો. એકબીજાની પૂરક એવી સંસ્કૃતિઓ કુદરતની એક થપાટે અલગ પડી ગઈ. હા! એક જ ધરતીકંપથી કચ્છના રણમાં અલ્લાહબંધ રચાઇ ગયો અને સિંધુનો પ્રવાહ કચ્છ તરફ આવતા અટકી ગયો.

*"આંઉ રે હલઈસ ભેંણ નગર બજાર"*

આ લોકગીત ભાઈ સિંધના નગરઠઠ્ઠાની બજારમાં મહાલતી કચ્છી ભોળી મહિલાનો ભવોભવનો સિંધ સાથેનો સંબંધ જાણે પૂરો થઈ ગયો. કુદરત એક રસ્તો બંધ કરે, તો બીજો ખોલે છે. સિંધનો રસ્તો અને સિંધુનું વહેણ બંધ થતા લખપત જેવા બંદરો સૂના થઈ ગયા કે જેની જકાત જ લાખો કોરીની હતી અને તે સમયે 'લાખોપતિ'ઓનું શહેર હતું. બીજો રસ્તો જોકે ખૂલ્યો દરિયાઇ માર્ગે - માંડવીથી મુંબઈ જવાનો. દરિયાઇ માર્ગે મુંબઈથી વાયા થઇને કચ્છી ભાટિયા, લોહાણા અને જૈનો ઝાંઝીબાર, મોમ્બાસા પહોંચ્યા; તો ગાજર અને મૂળાની ખેતી કરનારા પટેલો તથા ભાનુશાળીઓ (એન.આર.આઈ.) તજનો વેપાર મજૂરી કરવા લાગ્યા. માંડવીના સામાન્ય મજૂરની વાત અહીં કરીશું.

ઈ.સ. ૧૮૩૦-૪૦ના અરસામાં માંડવીનો કલ્યાણ શિવજી નામનો અભણ મજુર મુંબઈ ગયો. તે સમયે હાલના મસ્જિદ બંદર સુધી દરિયાના પાણી આવતા હતા. પેસેન્જરો લઈ આવતી સ્ટીમરો કાંઠાથી મીટર જેટલી દૂર ઊભી રહેતી હતી. ત્યાં ઉતરતા, ખાસ કરીને ગોરા સાહેબોને સ્ટીમરથી કાંઠાની સૂકી જમીન સુધી પહોંચાડવાની મજૂરી 'કલ્યાણજી' કરતો. એક મુસાફરને ખભે બેસાડવાની મજુરી ૧ પૈસો લેતો. કલ્યાણજીની ટેક એ હતી કે જે દિવસે ૧૦ પૈસા મજુરીના મળી જતા, તે દિવસે ૧૧મો પૈસો મજુરી પેટે લેવાનો નહીં પણ મફતમાં, પાણીથી કાંઠા સુધી મુસાફરોને ઉતારતો. એ એનો નિયમ હતો.

એક દિવસની વાત છે. એ વિસ્તારમાં રેલવે લાઇનનું કામ ચાલુ હતું. એન્ડરસન નામે એક અંગ્રેજ કલ્યાણજીના ખભે બેસી સૂકી જમીન પર ઉતર્યા. જે રેલવેના થઈ રહેલા કામનાં નિરીક્ષક હતા. અંગ્રેજે રાજી થઈ, તેમના ચાર આના એટલે પાવલી મજૂરી માટે ધરી. પણ તે દિવસે ૧૦ પૈસા મજૂરી મળી ગઈ હોવાથી કલ્યાણજીએ એ પાવલી લેવાની ના પાડી તથા પોતાની ટેક અંગે વાત કરી. સાહેબે વિઝિટિંગ કાર્ડ આપ્યું અને કામકાજ હોય તો યાદ કરવા કહ્યું. પણ સમય વીતી ગયો.

એક દિવસ કલ્યાણજીને આમ જ ખરાઈ કરવાનું મન થયું. તે વિઝિટિંગ કાર્ડ બતાવતો બતાવતો એન્ડરસન સાહેબની ઑફિસ સુધી પહોંચી ગયો. કચ્છીઓ પૂછવામાં તો પૂરા, પૂછી પૂછીને પોર્ટુગલ પણ પહોંચી જાય. એન્ડરસન સાહેબ રાજી થઈ ગયા. કલ્યાણજીને સારા એવા માનપાન મલ્યા. તેણે ચર્ચગેટમાં કલ્યાણજી કામ કરતો હતો તે સ્થળ સુધીનો રેલવે ટ્રેકનો માટીકામનો કોન્ટ્રાક્ટ આપ્યો. અભણ મજૂર કાનજીએ પહેલા આનાકાની કરી, પછી આ કોન્ટ્રાક્ટ સ્વિકારી લીધો.

ભારતની દેશની સર્વપ્રથમ ટ્રેન એ ટ્રેક ઉપર તા. ૧૬-૪-૧૯૫૩ના દોડી કારણ કલ્યાણજીએ નક્કી કરેલા સમય અગાઉ એ કામ કરી નાખ્યું હતું. એ ટ્રેક પર રેલવે સ્ટેશનોનું લોકાર્પણ થયું ત્યારે એન્ડરસને કલ્યાણજી શિવજીને મંચ પર બેસાડીને તેની પ્રામાણિકતા, ખંત અને ટેક બદલ આનંદ વ્યક્ત કર્યો. એટલું જ નહીં પરંતુ તે રેલવે સ્ટેશનનું નામ 'કલ્યાણ' આપવામાં આવ્યું. તે આજનું મુંબઈ-મહારાષ્ટ્રનું 'કલ્યાણ' સ્ટેશન છે. ■



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **આરોગ્ય કેમ્પનું આયોજન :** કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા અચલગચ્છાધિપતિ જૈનાચાર્ય ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા.ના ૮૭મા જન્મ મહોત્સવ પ્રસંગે કચ્છના ગઢશીશા, કુંદરોડી, લાકડિયામાં આરોગ્ય શિબિરનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૮૨૫ દર્દીઓના અલગ અલગ રોગોની સારવાર કરવામાં આવી હતી.

★ **કચ્છમાં નમક ઉદ્યોગ :** ખાવડાના રણ વિસ્તારમાં થતાં કુદરતી બનેલા નમકના તૈયાર થયેલા થરને ખોદીને મીઠું વગર મહેનત - મંજૂરીએ ઉપાડી, નિકાસ કરવાની છૂટ મળતાં નજીકના નાના ધંધાર્થીઓમાં નારાજગી ફેલાઇ છે. આના લીધે હજારો અગરિયાઓ બેકાર થઈ જવાની ભીતિ સેવાય છે. સરકારને પણ જાણ છે કે ખાવડા પંથકમાં કુદરતી રીતે પાકેલું મીઠું તેના ૪ ફૂટથી ૧૫ ફૂટના થર ૭૦થી ૮૦ કિ.મી.માં પડ્યા છે. જે ઉપડવાની પરવાનગી સોલારિસ કેમટેક ઇન્ડસ્ટ્રી - ખાવડાને મળી છે. મીઠા ઉદ્યોગને બચાવવા ગાંધીધામમાં એસોસિએશનની કચેરી ખાતે એક બેઠકનું આયોજન થયું હતું.

★ **તબીબી ક્ષેત્રે ચાર સુવર્ણ ચંદ્રક :** ભુજની છાત્રા કુ. હેમાંગી ભરતભાઈ કોઠારીને એમ.પી. શાહ મેડિકલ કૉલેજમાં તેના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસમાં અવ્વલ આવવા બદલ ચાર સુવર્ણચંદ્રક એનાયત કરાયા છે. હેમાંગીની અભ્યાસ કારકિર્દી હંમેશાં અવ્વલ રહી છે. ધોરણ-૧૦ માં સમગ્ર રાજ્યમાં પ્રથમ અને ધોરણ-૧૨માં રાજ્યમાં દ્વિતીય અને કચ્છમાં પ્રથમ નંબર મેળવ્યો હતો.

★ **ભુજને મેટ્રો સિટીના વાઘા પહેરાવાશે :** શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસના કામો અંતર્ગત મેટ્રો સિટીની જેમ શહેરના મુખ્ય માર્ગોના ડીવાઇડરને ગ્રીલથી રક્ષિત કરી તેની વચ્ચે ઝાડ ઉછેરી માર્ગોને સુશોભિત કરવા, તેમ નક્કી થયું છે. જેમાં ભુજની વી.ડી. હાઈસ્કૂલથી જ્યુબિલી ગ્રાઉન્ડ સુધીના માર્ગને ગ્રીલથી શણગારેલ છે. આમ ટ્રાફિકથી સતત ધમધમતા માર્ગોને નવું રૂપ આપવાનો પ્રયાસ કરાયો છે.

★ **નર્મદાના નીર કચ્છને ટપ્પર ડેમથી આપવા અંગેની વાત હવામાં :** વરસાદ રીસાતા કચ્છમાં અછતની ભયંકર પરિસ્થિતિ વણસી છે. પીવાના પાણીની પણ રાડ ઉઠી છે. આ બાબતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂદ્રમાતા નજીક રક્ષક વનના ઉદ્‌ઘાટન સમયે જણાવેલ કે અંજારના ટપ્પર ડેમમાં નર્મદાના નીર ઠાલવી, કચ્છના લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે. પરંતુ ચાર મહિના પૂરા થવા આવ્યા, હજુ કોઈ વ્યવસ્થા થઈ નથી. તેમજ ડેમમાં રહેલ પડતર પાણી પણ ખારું થઈ જતું હોવાના સમાચાર છે. જો સરકારશ્રી ડેમને પાણીથી ભરે અને તેના વિતરણની યોગ્ય વ્યવસ્થા નહીં થાય તો પાણીમાં ખારાશ વધી જવાની ભીતિ સેવાય છે. જેથી પાણી ભર્યા બાદ જરૂરિયાત મુજબ પાણી મળે તેવી માંગ ઉઠી છે.

★ **પ્રથમ વખત કચ્છ યુવાન ઇ.યુ. (EU) ચેમ્બર્સમાં ડાયરેક્ટર પદે :** ભારત અને યુરોપિયન યુનિયન (EU) ના ૨૮ દેશો વચ્ચે વેપાર વાણિજ્ય, ઇન્ડસ્ટ્રી તેમજ મૂડી રોકાણ માટે માર્ગદર્શન આપતી સંસ્થા ૨૬ વર્ષથી ભારતમાં કાર્યરત છે. જેની વડી કચેરી મુંબઈમાં છે. જેમાં યુરોપિયન દેશોના કોન્સ્યુલેટ જનરલ તથા સંસ્થાનના સભ્યોની દર ત્રણ વર્ષે ડાયરેક્ટરની નિમણૂક માટે ચૂંટણી થાય છે. જેમાં આ ચૂંટણીમાં પ્રથમ વખત ગાંધીધામના વતની — કચ્છી માડુ હાર્દિકભાઈ ચંદુભાઈ ખત્રી ડાયરેક્ટર પદે ચૂંટાઈ આવ્યા છે.

★ **એલ.એન.જી. ટર્મિનલનો વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવ્યો શુભારંભ :** કચ્છના સતાપર ગામેથી રૂપિયા છ હજાર કરોડના એલ.એન.જી. ટર્મિનલ તથા અન્ય વિકાસના કામોનું લોકાર્પણ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૩૦-૯-૨૦૧૮ના કરવામાં આવ્યું. જેમાં રૂા. ૫૦૪૨ કરોડના ખર્ચે એલ.એન.જી.નું ટર્મિનલ, રૂા. ૩૭૬ કરોડના ખર્ચે મુંદ્રા - અંજાર નેચરલ ગેસ ટ્રાન્સમિશનની ૬૭ કિ.મી.ની પાઈપ લાઈનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

★ **માધાપરના સમોસાની સોડમ સાત સમંદર પર :** કચ્છના ચટપટા સ્વાદ રસીયાને ખાવાની સ્પર્ધામાં કોઈ પણ ન પહોંચે! અને તેમના આ ચટપટા સ્વાદમાં ઉમેરો કરે છે માધાપરના શામજીભાઈના સમોસા. શામજીભાઈના સમોસાની જ્યાફત ઉઠાવવા સાંજે માધાપરના બસ સ્ટોપના નાકા પાસે પહોંચી જાવ. તેમના પરિવાર દ્વારા આ સમોસા બનાવવા અને તેનું વેચાણ કરવામાં આવે છે.

★ **કચ્છની પાંજરાપોળ ગૌશાળાને રૂા. ૨૫/-ની સહાય :** કચ્છમાં વરસાદ નહીં થવાથી પશુધન માટે કપરો સમય આવ્યો છે. વરસાદ ન થવાથી કચ્છમાં ઘાસનું તણખલું પણ ઉગ્યું નથી. પશુના ખોરાક ઘાસ માટે સરકારે ઘાસ ખરીદી માટે કચ્છમાં

પાંજરાપોળ - ગૌશાળામાં નોંધાયેલ ઢોર દીઠ રૂા. ૨૫/-ની સબસિડી, અછત પૂર્ણ થાય ત્યાં સુધી ચૂકવવાનો નિર્ણય કરેલ છે. તેમજ ખાનગી પશુ માલિકોએ ઘાસ કાર્ડ મેળવવાના રહેશે અને તેમને રૂા. ૨/- પ્રતિ કિલોના ભાવે ઘાસ રાહતદરે મળી શકશે. પરંતુ માલધારીઓના ઢોરવાડા અંગેની ઘાસ અંગેની જાહેરાત કરવામાં આવી નથી.

★ **કચ્છ યુનિવર્સિટીનો ૮મો પદવીદાન સમારોહ :** તા. ૪-૧૦-૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટીના પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના અધ્યક્ષપદે યોજાઈ ગયો. જેમાં ૧૭ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

★ **રાપર પાંજરાપોળ મુશ્કેલીમાં :** રાજ્યની સૌથી મોટી પાંજરાપોળમાં સ્થાન ધરાવતી રાપર પાંજરાપોળ જી.એસ.ટી. અને નોટબંધીના કારણે આર્થિક મુશ્કેલીમાં મૂકાઈ ગઈ છે. આ વખતે કચ્છમાં નહિવત્ વરસાદ થતાં પાંજરાપોળોમાં અબોલ જીવોનો ધસારો થઈ રહ્યો છે. રાપરની પાંજરાપોળમાં દસ હજાર જેટલા ઢોર આશરો લે છે. એક ઢોર દીઠ ખર્ચ રૂા. ૮૦થી ૮૫ જેટલો છે. રોજના લગભગ ચારેક લાખનો ખર્ચ થાય છે. સરકારી ઘાસ રાહતદરે મળતું નથી. ડીસા, રાજસ્થાન, બિકાનેરથી ઘાસ મંગાવાય છે પરંતુ તે ખૂબ જ મોંઘુ પડે છે.

★ **એસ.ટી. વોલ્વો બસ સેવા :** ભુજથી સુરત - અમદાવાદ માટે ગુજરાત રાજ્ય એસ.ટી. વિભાગે વોલ્વો બસ સેવા શરૂ કરેલ છે. જે માટે ભુજથી સુરત જવા વોલ્વો બસ સવારે ૮ વાગે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે વળતા સુરતથી સવારે ૮ વાગે ભુજ માટેની વોલ્વો બસ સર્વિસ મળશે. આ રૂટનું ભાડું રૂા. ૧૧૯૩/- રાખવામાં આવ્યું છે તથા ભુજથી અમદાવાદ જવા માટેનો સમય બપોરના ૧ વાગ્યાનો રાખવામાં આવ્યો છે તેમજ અમદાવાદથી ભુજ માટેનો બસનો સમય રાત્રે ૧૧ વાગ્યાનો છે.

★ **કચ્છમાં અછતના સ્વતંત્ર માળખાની માંગ :** કચ્છમાં સત્તાવાર રીતે અછતની સ્થિતિ જાહેર થઈ ચૂકી છે. કચ્છના ૧૦ તાલુકામાં અછતની ઘાસચારાની, સબસિડી, પાણીની વ્યવસ્થા, કેશડોલ્સ, રાહત કામો તથા ઢોરવાડાની — આવી તમામ કામગીરીઓ માટે એક અલગ વ્યવસ્થા જરૂરી હોવાની માંગણી કચ્છ કલેક્ટરશ્રી દ્વારા ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી છે.

★ **કચ્છનું નર્મદા જળ ધોરિયા સ્વરૂપે બનાસકાંઠામાં :** કચ્છના કરમે અવારનવાર દુષ્કાળની કથા જ લખાઈ હોય તેમ આ વર્ષે નહિંવત વરસાદ કચ્છમાં થવાથી ઘાસ તથા પાણીની ભયંકર અછત થઈ છે. ગુજરાત સરકારે પીવાના પાણીની જોગવાઈ માટે નર્મદા નીરને ટપ્પર ડેમમાં ઠાલવવાનું નક્કી કર્યું. જેથી કચ્છના લોકોની તરસ મટે. પરંતુ તે નીર કચ્છમાં પહોંચે તે પહેલા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ રણમાં પીપરાળા - રોઝુ હાઈવે પર ડગાયચા મંદિર પાસે ત્રણ મોટા ધોરિયા બનાવી, રાપરના મંજુવાસના પમ્પિંગ સ્ટેશને પહોંચતા પાણીને અટકાવેલ છે. આ ધોરિયાના પાણીને રણના સપાટ પ્રદેશમાં ખેડૂતોએ વાવેલ જુવારની ખેતી માટે ઉપયોગમાં લેવાયું છે. આ આગોતરા ધોરિયા કોઈ મોટી રાજકીય વગથી ખોદાયા હોય તેવું જણાય છે.

★ **ભચાઉમાં જૈન સાધ્વી પર ગંભીર હુમલો :** કચ્છમાં સંભવતઃ સૌપ્રથમ વખત જૈન સાધ્વી પર હુમલાનો બનાવ બન્યો છે. તા. ૭-૧૦-૨૦૧૮ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યાના સમયે સ્થાનકવાસી છ કોટી સંઘના સાધ્વી નમસ્કૃતિશ્રી ઉપર બાઈક પર આવેલ અજ્ઞાત શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેઓને સારવાર અર્થે ભચાઉની વાગડ વેલફેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અજ્ઞાત હુમલાખોરો સામે પોલીસ ફરિયાદ છ કોટી જૈન સંઘે નોંધાવેલ છે.

★ **કપાસનું વાવેતર કરનારા ખેડૂતોને રોવાના દિવસો આવ્યા :** કચ્છમાં વરસાદ નહીં થવાથી ભુજ તાલુકાના ગામોમાં કપાસનું વાવેતર સૂકાઈ ગયું છે. વાવેતર નબળું થતાં એકરે ૨૫ ટકા જેટલો જ ઉતારો મળે છે. કપાસ વીણવાની મજૂરી, બિયારણ, દવા - રસાયણનું ખાતર વગેરેના ભાવો વધવાની સાથે ખેડૂતો નાદાર થઈ ગયેલ છે.

★ **બાળરોગ નિષ્ણાતોના આંતરરાષ્ટ્રીય સંગઠનમાં ગાંધીધામના તબીબ :** ૧૦૮ વર્ષ જૂનું ઇન્ટરનેશનલ પીડિયાટ્રિક એસોસિએશન ૧૪૦ દેશોના બાળરોગ નિષ્ણાત તબીબોનું સંગઠન છે. આ એસોસિએશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરના પદે ગાંધીધામના બાળરોગ નિષ્ણાત તબીબ ડૉ. નવીન ઠક્કરની પ્રથમ વખત વર્ષ ૨૦૧૯-૨૦૨૧ માટે નિયુક્તિ થઈ છે.

★ **દાતા પરિવારનું એક કરોડનું દાન લેવા પટેલ હોસ્પિટલને :** ભુજ સ્થિત લેવા પટેલ હોસ્પિટલમાં આઈ.સી.યુ. વિભાગ માટે તથા વિસ્તૃતિકરણની અન્ય કામગીરી માટે નારાણપરના, આફ્રિકા સ્થિત કરશન રામજી એન્ડ સન્સ કંપનીના સ્થાપક ધનજીભાઈ કરશન વરસાણીએ રૂપિયા એક કરોડની સખાવત કરી હતી.

★ **ગર્ભવતી મહિલાઓની તકલીફ અંગે :** જામનગર ખાતે તાજેતરમાં ગુજરાત સ્ટેટ ઓબ્સ્ટ્રેટીશિયન અને ગાયનેકોલોજી સોસાયટી દ્વારા આયોજિત કોન્ફરન્સમાં ભુજની અદાણી મેડિકલ કૉલેજના પી.જી.માં દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા ડૉ. ધ્વનિ મહેતાએ ગુજરાતની શ્રેષ્ઠ નિષ્ણાતોની પેનલ સમક્ષ કચ્છમાં ગર્ભવતી મહિલાઓમાં જોવા મળતા પ્રેશરના લક્ષણો, નિદાન

અને સારવાર અંગે પ્રેઝન્ટેશન આપતાં તેમને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

★ **માંડવી શહેરમાં છાત્રાઓ માટે સાયન્સ લેબ બનશે :** માંડવી શહેરમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રસ્થાન ધરાવતી શેઠ ખીમજી રામદાસ ટ્રસ્ટ દ્વારા ધોરણ ૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે રૂા. ૨ કરોડના ખર્ચે એક અત્યાધુનિક લેબ બનાવવાનું નક્કી થયું છે.

★ **મા આશાપુરાના 'પતરી'ના ભરપૂર આશીર્વાદ :** નવરાત્રીની આઠમના દિવસે રાજવી પરિવારના મોભી પ્રાગમલજી ત્રીજાના આદેશ અનુસાર માતાના મઢમાં નલિયાના ઈન્દ્રજિતસિંહ જુવાનસિંહજી જાડેજાના હસ્તે પતરી વિધિ કરવામાં આવી હતી. આ વખતે પતરીનો આખેઆખો પ્રસાદ ૪થી ૫ મિનિટમાં જ મળ્યો હતો. આથી માઈ ભક્તોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. (પતરી એટલે એક પ્રકારની વનસ્પતિનો ગુચ્છો)

★ **સરકારી નોકરી માટે ૧.૭૫ લાખ ઉમેદવારોનો રાફડો :** કચ્છ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્ર હેઠળ ૧૩૭ જેટલી ખાલી જગ્યાઓ છે. જેમાં તલાટી કમ મંત્રીની હાલ ૭૮ જેટલી જગ્યા ખાલી છે. આ માટે રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી ૯૬,૨૧૩ અને જુનિયર ક્લાર્કની ૫૯ જગ્યા માટે ૭૯,૬૭૫ જેટલા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરી અરજી કરેલ છે. આમ કુલ ૧૩૭ જગ્યા માટે ૧.૭૫ લાખ જેટલા ઉમેદવારોએ અરજી કરેલ છે.

★ **નલિયા - જામનગર બસ ખુદા ભરોસે :** જામનગર - નલિયા બસ જ્યારે નલિયા આવતી હતી ત્યારે ચાલુ બસમાં પાછળનું મડગાર્ડ નીકળી જવાનો બનાવ બન્યો હતો. જે અંગેનો વીડિયો વાઈરલ થતાં કચ્છ એસ.ટી. વિભાગના નિયામકશ્રીએ આ બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

★ **ઘરમાં જ વીજળી પેદા કરો :** મૂળ કચ્છ મુંદ્રાના વતની અને મુંબઈ રહેતા કિરીટભાઈ ભટ્ટે કોમ્પ્રેસ્ડ એર ટેકનોલોજીની મદદથી નાના ટેબલ ફેન જેવડી પવનચક્કી તૈયાર કરી છે. તેના દ્વારા જરૂરિયાત મુજબની વીજળી પેદા થઈ શકે છે. તેમણે નાની પોર્ટેબલ તથા મધ્યમ સાઈઝની એમ બે પ્રકારની પવનચક્કી હાલે તૈયાર કરી છે. ■

**પક્ષીઓની જેમ હવામાં ઉડવાનું અને માછલાની જેમ પાણીમાં તરવાનું શીખ્યા પછી, હવે આપણે માણસની જેમ જમીન પર ચાલતા શીખવાનું છે.**

*– ડૉ. રાધાકૃષ્ણન*

મનુષ્ય પૃથ્વી પર ડગલાં માંડતા શીખ્યો અને એણે આકાશમાં પક્ષીઓને ઊડતાં જોયા. એને મન થયું - ખુલ્લા આકાશમાં ઉડવાનું. પાંખો નહોતી. પાંખોવાળું વિમાન બનાવ્યું. હવામાં ઊડવા લાગ્યો.

મનુષ્યે દરિયામાં તરતી માછલીઓ જોઈ : રંગબેરંગી, પાણીમાં સહજ રીતે સરકતી. થોડીવારે પાણી ઉપર આવી ફેફસાંમાં તાજી હવા ભરતી જાય અને જાતજાતના ખેલ કરતી જાય. મનુષ્યને પાણીમાં તરવાનું મન થયું. હાથ-પગ હલાવીએ તો દુષ્કર કામો પણ સહેલાં થઈ જાય છે. મનુષ્ય તરતાં શીખી ગયો.

પરંતુ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને ચિંતક ડૉ. રાધાકૃષ્ણન્ ના હૃદયમાં વ્યથા છે. મનુષ્ય જમીન પર ચાલતાં શીખ્યો નથી. માણસની જેમ ચાલતાં શીખ્યો નથી.

અહીં 'માણસ' બનવાની વાત છે. "હું માનવી માનવ થાઉં તો ઘણું" એ કવિ સુંદરમ્ ની ઉક્તિ યાદ આવે છે.

માણસની જેમ ચાલવું - એટલે જીવનમાં તમામ વ્યવહારો પ્રામાણિકપૂર્વક કરવા. માણસની જેમ ચાલવું એટલે જીવનમાં સર્વ પ્રત્યે સ્નેહ અને આદરની લાગણી રાખવી. હૃદયની સંવેદનાને બુઠ્ઠી ન થવા દેવી.

હવામાં ઊડવાનો અર્થ જાતજાતના તુક્કા કરવા એવો થઈ શકે. એ આપણને આવડે છે. પાણીમાં તરવું એટલે ઝડપથી સરકી જવું. આપણે જવાબદારીમાંથી સરકી જતાં શીખી ગયા છીએ; પરંતુ જમીન પર ચાલવું એટલે આપણી ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવી, એ આપણે શીખવાનું બાકી છે.

પરંતુ અહીં એ વાત કહેવાઈ છે કે માણસની જેમ જમીન પર ચાલવાનું છે. માણસ બનવાનું કામ સહેલું નથી. એ તપશ્ચર્યા માંગે છે. એ સતત અભ્યાસ માંગે છે. જીવનમાં ઉમદા ગુણો ખીલવવા એ કળા છે. એ કળા ખીલવવા જીવનભર સાધના કરવી પડે છે. આવી સાધના કરીએ તો માણસની જેમ જમીન પર ચાલતાં આવડી જાય.

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# ઊડતી નજરે....

**માસ સપ્ટેમ્બર-૨૦૧૮ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.............................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............................................................ | **૧૩,૫૬૪** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................**૫૦૩** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............................................ **૩૦** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ................................ **૭** | |
| | ● | સોનોગ્રાફી .................................................................. **૧,૨૪૦** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી)........................................ **૭** | |
| | ● | બોડી ચેક-અપ .............................................................**૪૦૦** | |
| | ● | અન્ય .......................................................................**૧૧,૩૭૭** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........................................................**૫૪૪** | **૫૪૪** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૧,૯૦૫** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...............................**૨૭૪** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૩૨** | **૨,૬૧૧** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...........................................................**૨૮૦** | **૨૮૦** |
| | | *માસ સપ્ટેમ્બર-૨૦૧૮ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | **૧૬,૯૯૯** |

*સાવ સરળ શબ્દ 'સમજણ'ને કાનો માત્ર ક્યાં છે? છતાં તે બધામાં નથી હોતી.*

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## VISION 360°

**Developing Your Business by 360 Degree**

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું આ એક સ્વપ્ન છે જેનાથી કચ્છી જૈન ફેમિલીમાં કમાતા પુરુષ - સ્ત્રીને તે જ્યાં છે ત્યાંથી એક લેવલ ઉપર લઈ જવાનો પ્રયાસ છે. જેથી તેનું આર્થિક સ્તર ચોક્કસપણે ઉપર જાય!*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – વિઝન ૩૬૦ના ત્રણ મુખ્ય આધારસ્તંભો છે.*

| NETWORKING | DEVELOPMENT | SUPPORT |
|---|---|---|
| કચ્છી જૈનોને આંતરરાષ્ટ્રીય લેવલ ઉપર સાંકળ | ઝડપથી બદલાતા સમયમાં વ્યાપારમાં આવતી તકો-પડકારો માટે તૈયાર કરવા | દરેક પોતે નક્કી કરેલા નવા ધ્યેય પર પહોંચે તેને માટે જોઇતું માર્ગદર્શન આપવું. |

પોતાના આ બીજા વર્ષમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વિઝન ૩૬૦ લઇને આવે છે.

## BUSINESS SUMMIT-2 @ BHUJ

**તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવાર**

**નોંધ : આ સમિટ કચ્છમાં વસતા કચ્છી જૈનો માટે જ છે.**

**આ સમિટમાં નીચે મુજબના વિષયો આવરી લેવાયેલા છે...**

- ★ કચ્છમાં વ્યાપારની ઉપલબ્ધ તથા નવી તકો.
- ★ નાના ધંધા / વ્યાપારને મળતી સરકારી સવલતો.
- ★ ઓનલાઇન બિઝનેસ એ મારા ધંધા માટે મદદરૂપ છે?
- ★ ઝડપથી બદલાતી દુનિયામાં હું કેમ કરીને મારી જાતને તૈયાર કરૂં?
- ★ સોશિયલ મીડિયામાં કેવી રીતે મારા પ્રોફેશનમાં, ધંધામાં, નોકરીમાં વધુને વધુ ઉપયોગ કરીને આગળ વધી શકું?
- ★ જો આ બદલાતી ધારામાં મારી જાતને બદલવા તૈયાર નહીં થાઉં તો શું થશે?

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વિઝન ૩૬૦ એ ઉપરના સવાલોના જવાબ આપવા માટે દેશ-વિદેશમાં ભ્રમણ કરતાં તજજ્ઞોને આમંત્રણ આપેલ છે. આ સેમિનારમાં સચોટ દાખલાઓ રજૂ કરીને આપ પણ આપના રોજગારમાં કે ધંધામાં કેવી રીતે તેનો અમલ કરી શકો તેનું તાદૃશ્ય ચિત્રણ આપશે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હંમેશાં એવું માનતું આવ્યું છે કે ફેમિલીના અર્થોપાર્જન કરનાર વ્યક્તિને જો આધાર આપી સફળ બનાવી શકાય તો એક વિકસિત સમાજનું નિર્માણ થઈ શકે. અહીં સુધી પહોંચવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તત્પર છે અને સમિટ પછી પણ વિવિધ તજજ્ઞો દ્વારા આપની મદદ માટે આતુર રહેશે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એ એક **Mobile App & Website** વિકસાવી છે. જેને **Google Playstore**માંથી **Download - Install** કરીને મેળવી શકો છો.*

## ૭૦ વર્ષમાં ભારતે સાધેલ પ્રગતિની ઝલક

***વસતિની દૃષ્ટિએ દુનિયાનો બીજા નંબરનો દેશ એટલે ભારત. ભારતે પ્રગતિ સાધવી એટલે સવાસો કરોડની જનતાને સાથે લઈને પ્રગતિ તરફ ડગ માંડવા. ખૂબ જ દુષ્કર કામ! ૧૯૪૭માં આઝાદી મળી. અંગ્રેજોની ૩૦૦ વર્ષની ગુલામી પછી દેશ આઝાદ બન્યો. અનેક રાજ-રજવાડામાં અટવાયેલો દેશ.***

*એ સમયે સમગ્ર ભારતમાં સોઈ પણ બનતી ન હતી.*
*સારાયે દેશમાં માત્ર ૫૦ ગામડાંમાં વીજળી હતી.*
*કોઈ પણ ગામમાં પાણી માટેના નળ ન હતા.*
*આખાયે દેશમાં માત્ર ૧૦ મોટા બંધ (ડૅમ) હતા.*
*પૂરા રાજસ્થાન જેવા રાજ્યમાં માત્ર ૨૦ રજવાડાને ત્યાં ફોન હતા.*
*આવી જ પરિસ્થિતિ અન્ય રાજ્યોની હતી.*
*સીમાઓ પર માત્ર થોડા સૈનિકો હતા.*
*દેશ પાસે ૪ વિમાન હતા અને ૨૦ ટેન્ક હતી.*
*દેશના સીમાડા ચારે તરફથી ખુલ્લા હતા.*
*દેશનો ખજાનો સંપૂર્ણપણે ખાલી હતો. અંગ્રેજો બધું જ લૂંટીને લઈ ગયા હતા.*
*આ પરિસ્થિતિમાં દેશે પ્રગતિ તરફ ડગ ભર્યાં.*

### અને આજે ૭૦ વર્ષ પછી –

*દુનિયાની સૌથી વધુ તાકાતવાળી સૈન્ય શક્તિ ઊભી થઈ ગઈ.*
*હજારો વિમાનો, હજારો ટેંક અને લાખો ફેક્ટરીઓ આજે સારાયે દેશમાં ધમધમી રહેલ છે.*
*લાખો ગામોમાં વીજળી આવી ગઈ.*
*વિવિધ નદીઓ પર સેંકડો બંધ બંધાઈ ગયા.*
*લાખો કિલોમીટરની સડકો બની ગઈ.*
*પરમાણું બોંબ બનાવવામાં આવ્યા.*
*દરેકના હાથમાં ફોન, દરેક ઘરમાં કાર આવી ગઈ.*
*સાઈકલ ચલાવવાવાળો દેશ મજબૂતીની રાહે ચાલવા લાગ્યો.*
*આજે ભારત એશિયાની બીજી મજબૂત તાકાત બની ગયો.*
*દુનિયાના સર્વશ્રેષ્ઠ બંધારણમાંનો એક એટલે ભારત દેશનું બંધારણ.*
*એશિયાઈ રમતોનું યજમાન બની ચૂક્યું છે.*
*ભાખરા-નાંગલ જેવા બંધ બંધાઈ ચૂક્યા છે.*
*ભાભા ન્યુક્લિયર રિસર્ચ સેન્ટર સ્થાપિત કરી શક્યું છે.*
*તારાપુરમાં પરમાણું વીજળી પેદા કરી શક્યો છે.*
*AIMS, IIT, IIMS જેવા સેંકડો વિશ્વ વિદ્યાલયો ઊભા કરી શક્યો છે.*
*અનેક સરકારી સાહસો કાર્યરત થઈ શક્યા છે.*
*એક સમયે ભારતીય સેના પાકિસ્તાની સૈન્યને હરાવીને લાહોર સુધી પહોંચી ગઈ હતી.*
*પોર્ટુગલ સેનાને હરાવી, ગોવાને ભારત સાથે જોડી દેવામાં આવેલ છે.*
*ISROની રચના કરી દેવામાં આવેલ છે અને તેનો વિકાસ અદ્વિતીય રહેલ છે.*
*ભારતમાં શ્વેત ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી હતી.*
*ચારેબાજુ ઉદ્યોગો ધમધમવા લાગેલ છે.*
*ભારતીય સેના પાકિસ્તાનના બે ટુકડા કરી ચૂકી છે. બાંગ્લાદેશનું સર્જન કરી શકેલ છે.*
*એક સમયે પાકિસ્તાનની એક લાખ જેટલી સૈન્ય શક્તિ ભારતના કબજામાં આવી ચૂકેલ હતી.*
*બેંકોનું રાષ્ટ્રીયકરણ થઈ શકેલ છે.*
*સિક્કીમને દેશ સાથે જોડી દેવામાં આવેલ છે.*
*અનાજમાં દેશ આત્મનિર્ભર બની ચૂકેલ છે.*
*વિમાનો અને હેલિકોપ્ટરો ભારતમાં બનવા લાગેલ છે.*
*આજે સારાયે દેશમાં ઘરે ઘરે ટી.વી. પહોંચી ચૂકેલ છે.*
*સુપર કોમ્પ્યુટર, ટેલીવિઝન તથા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દેશભરમાં સ્થાપિત થઈ શકેલ છે.*
*વિદેશી મુદ્રાના ભંડોળમાં દુનિયાના અગ્રીમ ૧૦ દેશોમાં ભારતની ગણના થવા લાગેલ છે.*
*ચંદ્ર યાન, મંગળ મિશન અને GSLV નો આરંભ થઈ ચૂકેલ છે.*
*મેટ્રો ટ્રેઈન અને મોનો રેઈલને કાર્યરત કરી દેવામાં આવેલ છે.*
*બુલેટ ટ્રેઈનના પગરણ સંભળાઈ રહ્યા છએ.*
*આંતરરાષ્ટ્રીય વિમાન મથકો, ન્યુક્લિયર વેપન સહિતની સબમરીનો આકાર લઈ ચૂકી છે.*
*પૃથ્વી, અગ્નિ, નાગ જેવી મિસાઈલો બની ચૂકી છે.*
*પરમાણુ પાવર સ્ટેશનો કાર્યરત કરી દેવામાં આવ્યા છે.*
*અનેક હેલિકોપ્ટરો તથા મિગ વિમાનો વસાવી લેવામાં આવ્યા છે.*
*તેજસ, ડ્રોન વિમાનો, અર્જુન ટેંક તથા ધનુષ તોપો વસાવી લેવામાં આવેલ છે.*
*મિસાઈલ યુક્ત વિમાનો મેળવી લેવામાં આવેલ છે.*
*આઈ.એન.એસ. વિક્રાંતને નૌસેનામાં સામેલ કરી લેવામાં આવેલ છે.*
*દેશમાં સાક્ષરતા સારા એવા પ્રમાણમાં વધી જવા પામેલ છે.*
*પ્રાથમિક અભ્યાસ દેશભરમાં વિનામૂલ્યે કરાવવામાં આવે છે.*
*આરોગ્ય ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધી શકાયેલ છે.*
*સરેરાશ ઉંમરમાં ૨૦ વર્ષ કરતાથી પણ વધુ વધારો પ્રાપ્ત કરી શકાયેલ છે.*
*કન્યાને દૂધ પીતી કરવી, ઘુંઘટ પ્રથા જેવા અનેક રિવાજોને કાઢી શકાયા છે.*
*મહિલાઓ પુરુષ સમોવડી બનવા લાગેલ છે.*
*બાળ કેળવણી, મહિલા શિક્ષણ વગેરે ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધી શકાયેલ છે.*
*ભારતીય બુદ્ધિપ્રતિભા અનેક દેશોમાં સ્થાપિત થઈ ચૂકેલ છે.*
*આ અને આ પ્રકારની અનેક સિધ્ધિઓ હાંસલ કરી શકાયેલ છે.*
*આ બધો જ યશ ભારતને સાંપડેલ નેતાગીરીને ફાળે જાય છે.*
*આવતા દિવસોમાં આપણે વધુ સારા ભારત દેશના દર્શન પામી શકીશું.*

***જય હિંદ... જય ભારત...***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૧૮ ★ તેજસ્વી તારલાઓ


**અદિતી નીરવ વસા**
Std. - 10
95.20%


**નવ્યા ધીરેન શાહ**
Std. - 10
94.20%


**શ્રેયા સુનીલ છેડા**
Std. - 10
89.66%


**વૃષ્ટિ અનિલ મહેતા**
Std. - 10
89.50%


**ખુશ્બુ પરેશ શાહ**
Std. - 10
89.33%


**હર્ષ પંકજ સંઘવી**
Std. - 10
88.63%


**નીલય દેવેશ દંડ**
Std. - 10
84.50%



**સ્મિત પૂનમભાઈ મહેતા**
Std. - 10
82.50%


**ભક્તિ ગૌતમ દૌલત**
Std. - 10
81.10%


**બીનોય જય ગોગરી**
Std. - 10
80.50%



**ધ્રુવી જયેશ મહેતા**
Std. - 10
80.16%


**ચાર્મિ સ્મિત શાહ**
Std. 12 (Com.)
94.60%


**વંશ વીરેનકુમાર મહેતા**
Std. 12 (Com.)
85.71%


**કિંજલ અનિલ વોરા**
Std. 12 (Com.)
81.00%


**દેવાંશી મૂલચંદ મારૂ**
Std. 12 (Sc.)
89.80%


**સ્નેહ મેહુલ શાહ**
Std. 12 (Sc.)
87.60%


**પ્રથમ કેતન શાહ**
Std. 12 (Sc.)
82.00%


**પ્રશીલ ભાવેશ પારેખ**
F.Y.B.Tech.
85.40%


**કેશ્રી કિરીટ નંદુ**
BBA - 1st Yr.
94.00%


**ધારા વિજય છેડા**
MBA (Sem. : IV)
80.42%


**રાહુલ દિલીપકુમાર શાહ**
B.Com.
77.00%


**દિવ્ય દીપક મહેતા**
B.Com.
74.80%


**દેવાંગ ગિરીશ છેડા**
Sem. 6
81.40%


**તેજસ પંકજ શાહ**
B.Tech.
88.40%

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૧૮ ★ તેજસ્વી તારલાઓ



**ફોરમ જિતેન્દ્ર મહેતા**
MBBS -Final Year
63.00%



**સિધ્ધાંત વિજય કોરડિયા**
BMS
78.00%



**સુપન સેવંતીલાલ વોરા**
B.Tech. (Civil)
83.90%



**ડૉ. કેતુલ સુરેશ પૂજ**
M.Ch. (Cancer)



**જૈશીલ અનિષ દોશી**
ME (USA)
91.75%



**વિશાલ હિતેશ દેઢિયા**
C.S.
56.78%




**ભાગ્યેશ રાજુભાઈ દોશી**
CA (FAFD)
76.00%



**વિધિ રમેશભાઈ પૂજ**
CA



**મલય અતુલ ધરોડ**
MBA
71.40%



**સ્મિત રાજેન્દ્ર દોશી**
MBA
70.40%



**વત્સલ સુનીલ શાહ**
MBA
78.12%



**નિધિ મનોજ વોરા**
MBA
61.20%



**આનંદ રાજેશ મોરબિયા**
MBA
62.50%



**મોક્ષા નવીન લાલકા**
MBA



**મૈત્રી અનિસ દોશી**
LL.B.
64.60%



**નીલમ જિતેન્દ્ર રાંભિયા**
LL.B.
61.20%



**સ્વરા વસંત શાહ**
LL.B.
60.60%



**પૂજા મહેન્દ્ર ગડા**
LL.B.
63.40%



**વિરાગ હરેશ કુબડિયા**
LLB
54.00%



**હેમાંગી પરેશકુમાર સંઘવી**
MAST Adv.
68.00%





**સ્વેની રોહિત સંઘવી**
M.Com.
65.59%



**દર્શન હરીશ શાહ**
M.A.
76.83%

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## યુવા વિકાસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ આયોજિત રાસ-ગરબાના કાર્યક્રમની તસવીરી ઝલક






















## શૈક્ષણિક ક્ષેત્રે આગવી કારકિર્દી હાંસલ કરનાર ડૉ. કેતન ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)નું વિદ્યા અભ્યાસના એક તજજ્ઞ તરીકે અનોખું પ્રદાન



ઉચ્ચ શિક્ષણના પદવી ધારક **ડૉ. કેતન ચંદ્રકાંત દામજી શાહ** (કે.ડી. શાહ) હાલે અમદાવાદ ખાતે લાંબા સમયથી કોમર્સ કૉલેજમાં મદદનીશ અધ્યાપક તરીકે સફળતાપૂર્વક પોતાની કામગીરી કરી રહ્યા છે.

વિશિષ્ટ બાબત એ છે કે, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરના પ્રખ્યાત સામયિકો, જર્નલમાં અત્યાર સુધી તેમણે તૈયાર કરેલા ૧૫થી વધારે વિવિધ વિષયોના સંશોધન પેપર્સ પ્રસિધ્ધ થયા છે. તે ઉપરાંત, રાષ્ટ્રના સુપ્રસિધ્ધ સમાચાર પત્રોમાં તેમણે ૮૦થી વધારે સંશોધન પત્રો લખ્યા છે. બીજી વિશિષ્ટ બાબત એ છે કે, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)ની ક્લાસ-1 ના ઑફિસરની પરીક્ષા, જે ચાલુ વર્ષ દરમિયાન થવાની છે – **તેના ૨૫૦થી વધારે યુવાવર્ગને હાલે તેઓ સર્વાંગી રીતે તૈયાર કરી રહ્યા છે.** જે પ્રશંસાપાત્ર છે. તે સાથે અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં અર્થશાસ્ત્ર અને રાજ્યનીતિ શાસ્ત્રના સાંપ્રત વિષયો પર એક તજજ્ઞ તરીકે પોતાના અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપીને **યુવાવર્ગને તેમની કારકિર્દીના** ઘડતર માટે ખૂબ જ મદદકર્તા બને છે.

યુવાવર્ગની કારકિર્દીનું ઘડતર એટલે સમાજનું ભાવિધન. આઈ.ટી., સાયન્સ અને ટેકનોલોજીના ઉમદા જ્ઞાન થકી યુવાધન સમાજને આજના માહોલમાં અનેક ક્ષેત્રે ઉપયોગી થઈ શકે તેમ છે. આ પ્રકારના યુવાધનને જરૂરી માર્ગદર્શન આપીને વિશિષ્ટ રીતે તૈયાર કરનાર પ્રતિભાશાળી ડૉ. કેતનને અભિનંદન સાથે સલામ! પોતાના પરિવાર, જ્ઞાતિ તથા સમગ્ર સમાજ માટે ગૌરવપ્રદ કહી શકાય તેવી કામગીરી કરનાર અને શૈક્ષણિક - વિદ્યા - અભ્યાસ ક્ષેત્રે અનોખું પ્રદાન કરનાર ડૉ. કેતન ચંદ્રકાંત દામજી શાહની તારીફ કરીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. કેતને M.A. Economics ની પદવી ગોલ્ડ મેડલ સાથે હાંસલ કરી છે. **આગળ વધીને UGCNET માંથી Ph.D. ડોક્ટરેટ કર્યું છે.** છેલ્લા ૧૮ વર્ષથી B.Com. / CA / CS / CFA / CFP & CMA ના યુવાવર્ગને ક્લાસમાં નિયમિત રીતે ભણાવે છે.

***કોઈપણ યુવાવર્ગને શૈક્ષણિક ક્ષેત્રની અથવા પોતાની કારકિર્દી ઘડતર માટે જ્યારે કોઈ માર્ગદર્શનની જરૂર જણાય ત્યારે તેઓ ડૉ. કેતન શાહનો મો. નંબર ૯૪૨૬૩ ૯૬૩૪૭ અથવા ફોન : (૦૭૯) ૨૬૬૦૫૨૨૫ પર સંપર્ક કરી શકે છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ VISION 360°** *(અહેવાલ : જુઓ : પાના નં. ૮૩)*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટર ખાતે માસ ઓક્ટોબર-૨૦૧૮ દરમિયાન નીચે મુજબ દાતાશ્રી / દાતાશ્રીઓ તરફથી કાયમી / દૈનિક તિથિનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.*

| ક્રમ | દાતાશ્રીનું નામ | કાયમી તિથિ | દૈનિક તિથિ |
|---|---|---|---|
| ૧. | શ્રી વિશનજીભાઈ પ્રેમજીભાઈ સોની (લુણી) મુંબઈ | — | રૂા. ૧૧,૧૧૧/- |

*સંસ્થાની આ યોજનામાં આપના ઘરે આવતા પ્રસંગો જેવા કે – જન્મ તિથિ, લગ્ન તિથિ, પુણ્ય તિથિ વગેરેમાં આપના તરફથી આર્થિક યોગદાન આપી આપનું નામ નોંધાવવા નમ્ર વિનંતી છે. કાયમી તિથિનો નકરો રૂા. ૧,૧૧,૦૦૦/- છે. જે નામ કાયમી ધોરણે ડાયાલિસિસ સેન્ટરમાં લખવામાં આવશે. દૈનિક તિથિનો નકરો રૂા. ૧૧,૧૧૧/- છે જે નામ દાતાશ્રી તરફથી જણાવેલ તિથિના દિવસે ડાયાલિસિસ સેન્ટરમાં લખવામાં આવશે.*

**સંસ્થા ઉપરોક્ત દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.**

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૫,૦૦૦/- મૂલચંદભાઈ એન્ડ સન્સ — વિરમગામ/અમદાવાદ

રૂા. ૧૧,૦૦૦/- કમલ કોટન ટ્રેડર્સ પ્રા.લિ. - અમદાવાદ

રૂા. ૫૦૦/- શ્રી રૂપેશ વિજયભાઈ મહેતા - અમદાવાદ

રૂા. ૫૦૦/- શ્રી તારાચંદ વિશનજી શાહ - અમદાવાદ

રૂા. ૫૦૦/- શ્રી અશ્વિન ગાલા - મુંબઈ

રૂા. ૫૦૦/- શ્રી નયન ચંપકલાલ મહેતા - ભુજ

## તબીબી સહાય ખાતે

રૂા. ૨,૫૦૦/- તારાબેન મેઘજી ભાણજી પોલડિયા - નાગપુર

રૂા. ૫૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી

## જનરલ ડોનેશન ખાતે

રૂા. ૨૧,૦૦૦/- શ્રીમતી અનિલાબેન અશ્વિનભાઈ પરીખ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

### ક્ષતિ સુધાર

*માસ સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકમાં પાના નંબર-૯૯ ઉપર 'સાભાર સ્વીકાર'ની કોલમમાં રૂા. ૧૧,૧૧૧/- જનરલ ડોનેશન ખાતાના સ્થાને "ડાયાલિસિસ ખાતે" તેમજ તે કોલમમાં બે સ્થળે દાતાશ્રીનું નામ સુધારીને શ્રી ઝુમખલાલ શીવરાજભાઈ શાહ વાંચવું.*

# યુવા વિકાસ સમિતિ

## નવરાત્રી રાસ ગરબા

યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા પરિવારના સૌજન્યથી તા. ૧૪-૧૦-૨૦૧૮ને રવિવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં નવરાત્રી રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાસ ગરબાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના સભ્ય પરિવારો હર્ષ ઉલ્લાસભેર ગરબા, ત્યારબાદ રાસ, સનેડો, કાકાબાપાના પોરિયા, ભાંગડા તથા નાગીનના તાલ ઉપર ઝુમી ઉઠ્યા હતા. રાત્રીના ૧૨ વાગ્યા સુધીની પરમિશન મળી હોવાથી સમય અનુસાર રાસ-ગરબાનો કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ વય જુથ પ્રમાણે કોમ્પિટીશન રાખવામાં આવેલ હતી જેના વિજેતાઓના નામ નીચે મુજબ છે :

- **ઉંમર : ૦ થી ૭**

  (૧) પંક્તિ મહેતા (૨) આરવી લોડાયા

- **ઉંમર : ૮થી ૧૫**

  બાળકો (૧) નમન વોરા (૨) જયમીન શાહ

  બાલિકાઓ (૧) મહેક લોડાયા (૨) દેવાંશી કુબડિયા

- **ઉંમર : ૧૬થી ૩૫ વર્ષ**

  Male (૧) જૈનમ શાહ (૨) ચિંતન શાહ

  Female (૧) દેવાંશી કેતન શાહ

- **ઉંમર : ૩૬થી ૫૫ વર્ષ**

  Male (૧) દીપેશ શાહ (૨) તેજસ લોડાયા

  Female (૧) ભાવિની જૈન (૨) અવની શાહ

- **ઉંમર : ૫૬ વર્ષ અને તેથી વધુ**

  (૧) વિજયભાઈ દેઢિયા

  (૨) સરોજબેન વીસરિયા

  *કપલ* ઈલા મનીષ છાડવા, મનીષ વી. છાડવા

- **બેસ્ટ ડ્રેસ**

  (૧) ક્રિશી મહેતા (૨) પ્રજ્ઞેશ શાહ

- **ઓલ-ઇન-વન :** કૃપા છાડવા (ગંગર)

પ્રથમ ૫૦ ટ્રેડિશનલ ડ્રેસમાં આવનાર લક્કી ડ્રોના વિજેતાઓ નીચે મુજબ છે :

(૧) હસ્તી શાહનંદ, (૨) રૂષભ ગંગર, (૩) શ્વેતલ વોરા

આ પ્રોગ્રામના દાતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા, મંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા, ટ્રસ્ટી શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી પીયૂષ પારેખ, શ્રી પદમશીભાઈ ડાઘા, શ્રીમતી શિલ્પીબેન શાહ, સમિતિના કન્વીનર ડૉ. કેતન આઈ. શાહના હસ્તે વિજેતાઓને ઇનામો અર્પણ કરવામાં આવ્યા.

આ રાસ-ગરબાના કાર્યક્રમ દરમિયાન સભ્ય પરિવાર મિત્રો, વડીલોએ સાથે મળીને અલ્પાહાર તથા આઈસ્ક્રીમ કેન્ડીની મજા માણી, સમાજના આગામી આવા જ કોઈ કાર્યક્રમમાં મળવાની આશા સાથે છૂટા પડ્યા.

***ડૉ. કેતન શાહ***
***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ — પાના નં. : ૮૭-૮૮)*

**"ઉડતી નજરે...."**
**જુઓ પાના નં.-૮૨ ઉપર**

# ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

સમાજની ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિએ ફરી એકવાર મૌલિક વિચાર સાથે નવીન કાર્યક્રમ શરૂ કર્યો છે :

## "રૂબરૂ"

જેમાં વિભિન્ન ક્ષેત્રના નિષ્ણાતો અને ખ્યાત વ્યક્તિઓ સાથે **'રૂબરૂ'** થવાનો, તેમના અનુભવો - વિચારો જાણવાનો, તેમની સાથે મુક્ત મને અને ખુલ્લા દિલે ચર્ચા કરી આપણો જ્ઞાનભંડાર વિસ્તારવાનો અને એમની કુશળતા અને ક્ષમતાને, સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગ કરવાનો ઉદ્દેશ્ય છે.

સાથે સાથે સમાજની જ એવી વ્યક્તિઓ, જેમણે પોતપોતાના ક્ષેત્રમાં નામના મેળવી છે, સિદ્ધિ હાંસલ કરી છે એમની પ્રતિભાને સમાજની સમક્ષ મૂકવાનો "રૂબરૂ" કરાવવાનો પણ ઉપલક્ષ્ય છે.

આ આશય સાથે સમિતિ જે તે ક્ષેત્રની અનેક પ્રતિભાઓને આમંત્રણ આપવાની છે. આ શ્રેણીની શરૂઆત તા. ૨૧-૧૦-૨૦૧૮ના રોજ થઈ. જેમાં આપણા સમાજનાં એક નારી રત્ન શ્રીમતી લીલાબહેન વીસરિયાને આમંત્રિત કરાયા હતા. પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી Ph.D.ની પદવી મેળવનાર લીલાબહેનનો પરિવાર ડૉક્ટરેટ પરિવાર છે. એમના પતિ સ્વ. પ્રવીણભાઈ પણ Ph.D. હતા અને બંને બાળકો પણ ડૉક્ટરેટની ડિગ્રી ધરાવે છે.

શ્રી કચ્છી જૈન ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં લીલાબહેને પોતાના અનુભવો વર્ણવ્યા. Sociology ના નિષ્ણાત લીલાબહેને એમના વસ્તી વિષયક કાર્ય અંગે ઘણી જાણકારી આપી હતી. એમના કામ વિશે, પડકારો વિશે અને સફળતા વિશે વાત કરી. ઉપસ્થિત ટ્રસ્ટીગણ, અનેક સમિતિના કન્વીનર્સ અને રસ ધરાવતા સભ્યોએ પણ પોતાના સવાલોથી આ વાર્તાલાપને રસપ્રદ બનાવ્યો.

લીલાબહેનની ક્ષમતા, અનુભવ અને જ્ઞાનનો લાભ લઈને સમાજના વધુ સારા ભવિષ્ય માટે શું કરવું જોઈએ? આ અંગે પણ ચર્ચા થઈ. એ કામ માટે એમણે પૂર્ણ સહયોગ અને માર્ગદર્શન આપવા તૈયારી પણ દર્શાવી હતી.

ખૂબ જલ્દી, સમાજનો એક બહુ ઉપયોગી Data base તૈયાર કરવાના સંકલ્પ સાથે આ મુલાકાત સંપન્ન થઈ હતી.

***નોંધ* : 'રૂબરૂ' શ્રેણી અંતર્ગત હવે પછીના નિષ્ણાતની મુલાકાતની જાહેરાત ટૂંકમાં થશે.**

★

## એપ્ટિટ્યૂડ ટેસ્ટ

તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ "એપ્ટિટ્યૂડ ટેસ્ટ" રાખવામાં આવેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ પોતાનું નામ નોંધાવી શકે છે. આ ટેસ્ટ "માર્ગ કાઉન્સેલિંગ સેન્ટર", એમ.એસ. યુનિવર્સિટી - વડોદરાની સંલગ્ન સંસ્થા દ્વારા સંચાલિત રહેશે. આ ટેસ્ટની રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦/- (ફક્ત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે) રહેશે.

કેરિયર બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલા વહેલા પોતાનામાં રહેલી શક્તિને પીછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતાં ભવિષ્યમાં શું બનવું છે? જેટલું વહેલું જાણી શકશે તો સારી રીતે આગળ વધી શકશે. આથી બાળક ધોરણ-૮ થી જ પોતાના ગમતા ફિલ્ડને નક્કી કરી શકે તે માટે આ ટેસ્ટ ખૂબ મદદરૂપ બની શકે છે.

જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮થી ૧૨ના બાળકોના વાલી છો, તો ખાસ ધ્યાન રાખીને આપના પાલ્યને અત્રે મોકલશો. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૧૮ છે.

***સંપર્ક :***

*ગુંજલ શાહ : ૯૦૯૯૯ ૮૧૩૭૩*
*નેહા શાહ : ૯૪૨૮૧ ૦૪૮૪૪*
*નમ્રતા દોશી : ૯૮૭૯૪ ૪૧૪૮૮*
*દેવેશ દંડ : ૮૯૮૦૪ ૬૦૮૨૦*

***કન્વીનર - ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

***'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.***

## બાળ કલ્યાણ સમિતિ

*પ્રિય બાળ દોસ્તો,*

શુભ દીપોત્સવ તથા નૂતન વર્ષના પાવન પ્રસંગે આપણા સમાજની આપની જ બાળ કલ્યાણ સમિતિ આપ સૌ માટે એક નવલું નજરાણું લઈને ઉપસ્થિત થઈ છે.

આપ સૌ માટે એક ઈનામી નિબંધ સ્પર્ધાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નિબંધ તૈયાર કરવા માટેના વિષયો નીચે મુજબ છે :

★ **લોખંડી પુરુષ - સરદાર વલ્લભભાઈ પટેલ : ભારત સ્વતંત્ર થયું ત્યારે નાના-મોટા દરેક રાજ્યોને એક કરવાના સંદર્ભમાં.**
★ **મોબાઈલ વિના એક દિવસ.**
★ **સાહિત્ય વાંચન એ એક સારી ટેવ છે.**
★ **ઈન્ટરનેટ**
★ **માનવ જીવન માટે રોબોટના લાભ-ગેરલાભ.**
★ **પંડિત જવાહરલાલ નેહરુ અને 'બાલ દિન'**
★ **અમેરિકન સ્પેસ સંસ્થા 'નાસા'**
★ **અગર હું સમાજનો પ્રમુખ થાઉં તો...**
★ **યુવાવર્ગ અને સમાજનો વિકાસ**
★ **સર્કસમાં જોકરનું પાત્ર**

### *ઇનામી નિબંધ સ્પર્ધા માટે આ રહ્યા નિયમો....*

- ઉપરોક્ત સ્પર્ધા બે શ્રેણી માટે છે : (૧) ઉંમર વર્ષ ૮ થી ૧૩ સુધી. (૨) ઉંમર વર્ષ ૧૪થી ૨૦ સુધી.
- કોઈપણ શ્રેણીના બાળકો ઉપર જણાવેલ વિષયો પૈકી કોઈપણ એક વિષયે નિબંધ તૈયાર કરીને મોકલાવી શકે છે.
- નિબંધ સ્વહસ્તે એ-૪ સાઇઝ પેપરની એક બાજુ સુંદર રીતે લખવાનું છે.
- નિબંધ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં લખી શકાશે.
- કોઈપણ નિબંધ અન્ય કોઈની મદદ સાથે અથવા મીડિયાના માધ્યમનો ઉપયોગ કરીને તૈયાર કરી શકાશે.
- નિબંધ તૈયાર કરવા માટે કુલ શબ્દોની કોઈ મર્યાદા નથી.
- સમાજ સિવાયના આ સંબંધી કોઈપણ બે તજજ્ઞોને નિર્ણાયક તરીકે નક્કી કરવામાં આવશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. તેમના નિર્ણય અંગે કોઈ દલીલ માન્ય રહેશે નહીં.
- બંને શ્રેણીના પ્રથમ આવેલ નિબંધો 'મંગલ મંદિર'માં તેની અનુકૂળતાએ પ્રકાશિત કરવામાં આવશે.
- નિબંધ સાથે સ્પર્ધકોએ પોતાનું નામ, સરનામું, જન્મ તારીખ, ફોન નંબર, વાલી/વડીલનું નામ અવશ્ય જણાવવા.
- સ્પર્ધામાં ભાગ લેનારે પોતાની પોસપાર્ટ સાઇઝ તસ્વીર નિબંધ સાથે મોકલાવવાની રહેશે.
- ઉંમર - વર્ષ પ્રમાણે કઈ શ્રેણીમાં ભાગ લીધેલ છે તે જણાવવું (A કે B).
- આ સ્પર્ધા સમાજના સભ્ય પરિવારના બાળકો માટે જ છે.
- નિબંધ મોકલાવવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૧૮ છે.
- તૈયાર કરેલ નિબંધ એક કવરમાં પેક કરીને – કવર ઉપર બાળ કલ્યાણ સમિતિ – "નિબંધ સ્પર્ધા" લખીને સમાજના કાર્યાલયમાં આપી શકાશે. ઈનામોનું વિતરણ સમાજના કોઈ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે.

*આ એક ઈનામી સ્પર્ધા છે. ઈનામ નીચે પ્રમાણે આપવામાં આવશે... (૧) બંને શ્રેણીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સ્પર્ધકોને રોકડ ઈનામ રૂા. ૧૫૦૦, રૂા. ૧૦૦૦ અને રૂા. ૫૦૦ અનુક્રમે અપાશે. (૨) જ્યારે બંને શ્રેણીમાં પાંચ-પાંચ પ્રોત્સાહન ઈનામ - વસ્તુ સ્વરૂપમાં.*

*બાળ દોસ્તો, થઈ જાવ તૈયાર અને ઉઠાવો તમારી કલમ/પેન....*
*આશા છે કે અમારો આ નૂતન અભિગમ આપ સૌને પસંદ પડશે.*

***કન્વીનર, બાળ કલ્યાણ સમિતિ***

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***



# દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ સાથે

## આપના માટે વિરલ વિભૂતિઓનાં જીવનચરિત્રનાં પુસ્તકો










### આત્મકથાઓ

| | | |
|---|---|---|
| જીવનપંથ | ધૂમકેતુ | 120 |
| મારા અનુભવો (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| मेरे अनुभव | स्वामी सच्चिदानंद | 400 |
| કડવામીઠા અનુભવો | સ્વામી સચ્ચિદાનંદ | 120 |
| મારી બાયપાસ સર્જરી | સ્વામી સચ્ચિદાનંદ | 30 |
| મારા ઉપકારકો | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| એવા રે અમે એવા | વિનોદ ભટ્ટ | 200 |
| મ.ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 130 |
| સ્મરણમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 175 |
| સત્સંગમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| અંગત-બિનઅંગત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| મારા સાધુજીવનનાં સંસ્મરણો | મુનિશ્રી કલ્યાણચંદ્રજી | 45 |
| અમાસના તારા | કિશનસિંહ ચાવડા | 175 |
| મારી લોકયાત્રા | ભગવાનદાસ પટેલ | 125 |
| મારી આનંદયાત્રા | ભગવાનદાસ પટેલ | 300 |
| જીવન – સ્મરણોના સથવારે | નાનુભાઈ સુરતી | 140 |
| મારી કરમકથની (પુરસ્કૃત) | નાગજીભાઈ દેસાઈ | 120 |
| મેરા જીવન સંગીત | ડૉ. કમલેશ અવસ્થી | 200 |
| હું સંભારણા અને સફર | દલપત ચૌહાણ | 120 |
| ફૂટનોટ | યશવંત મહેતા | 150 |

### જીવનચરિત્રો

| | | |
|---|---|---|
| વસ્તુપાળ અને તેજપાળ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સાચા મહાપુરુષો | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| સંતચરિત્રો અને ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| શિવાજીની શૌર્યગાથા | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 180 |
| મહાયોગી આનંદઘન | કુમારપાળ દેસાઈ | 150 |
| સોરઠી સંતો | ઝવેરચંદ મેઘાણી | 200 |
| પપાસ્વામી રામદાસ (ખંડ 1થી4 સંયુક્ત) | રમણલાલ સોની | 600 |
| પંડિત સુખલાલજી | ડૉ. રમણલાલ ચી. શાહ | 90 |
| ગુરુ ગૌતમસ્વામી | રતિલાલ દીપચંદ દેસાઈ | 56 |
| હૈયે પગલાં તાજાં (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 170 |
| તુલસીક્યારાના દીવા (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 130 |
| ત્રણ વિરલ ઇસાઈ નારીઓ | યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય | 35 |
| હિન્દ સ્વરાજના શિલ્પી મહાત્મા ગાંધી | પ્રવીણ ક. લહેરી | 200 |
| મેનેજમેન્ટના મસીહા : મહાત્મા ગાંધી | ઉષા અરુણ ચતુર્વેદી | 125 |
| ભારતરત્ન સચીન તેંડુલકર | જગદીશ શાહ | 300 |
| ભારતરત્ન અટલ બિહારી વાજપેયી | કિશોર મકવાણા | 325 |
| રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ | સ્મિતા ભાગવત | 130 |
| સમાજના શ્રેષ્ઠીઓ (પુરસ્કૃત) | દોલત ભટ્ટ | 180 |
| સ્વામી ચિન્મયાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| સ્વામી વિવેકાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| નગરશેઠ શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | 250 |
| વો જબ યાદ આયે | ડંકેશ ઓઝા | 140 |
| હઝરત મોહમ્મદ પયંગબર | નાનાભાઈ ભટ્ટ | 50 |
| જ્ઞાનવિજ્ઞાનના મહાન પાશ્ચાત્ય ચિંતકો | ભરત દવે | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| જીવનસફરનાં સંભારણા | રસિક મહેતા (પારેખ) | 170 |
| સ્ત્રીઓ મારી આસપાસ જીવનના વિવિધ પડાવે | બકુલા ઘાસવાલા | 180 |
| શ્રી અરવિંદ અને માતાજી | કિરીટ જોશી | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
V-TRANS
Driving Excellence
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્ત્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

**નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી**

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre

Shree Orthocare — Strength in Togetherness

SAL HOSPITAL — Healthcare With Human Touch

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

